સાપ્તાહિક
મધ્ય ગુજરાત આવૃત્તિ
૨૦૫ વર્ષ
# મુંબઈ સમાચાર
R.N.I. No. GUJ GUJ/2013/58486
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 28 ■ વિક્રમ સંવત ૨૦૮૨
નિજ જ્યેષ્ઠ વદ - ૧૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/058/2018-20
રવિવાર, ૧૨ જુલાઈ ૨૦૨૬, (૧૫ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
ઉત્સવ પૂર્તિ ૫ થી ૧૧
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# વિયેટનામમાં બૉટ ઊંધી વળતા ૧૫ ભારતીયનાં મોત

હૅનોઈઃ વિયેટનામમાં એક હોડી ઊંધી વળતા ભારતના પંદર સહેલાણી મરણ પામ્યાં હતાં, એવો અહેવાલ સ્થાનિક માધ્યમોએ આપ્યો હતો. આ સ્પીડબોટમાં ૩૨ ભારતીય સહેલાણી અને હોડીના ચાર કર્મચારી હતા.

વિયેટનામના સૌથી મોટા ટાપુ ફૂ ક્વોકના સમુદ્રતટથી દૂરના થોઈ આર્ચીપેલાગોના ટાપૂ મે રુટ નગોઈથી ૪૦૦ મીટર દૂર હોડી ઊંધી વળી હતી. આંધ્ર પ્રદેશના બે જણ માર્યાં ગયાં છે અને બીજા ત્રણને હૉસ્પિટલમાં દાખલ કર્યા હતા. તેલંગણાના મછલીપટનમના બે જણ મરણ પામ્યાં છે.

હકીકતમાં વિટેટનામસ્થિત થ્રીલૅન્ડ ટ્રાવેલએ સ્થાનિક વેન્ડર સાઈ વિયેટનામની મદદથી તેલંગણાના એક મોટા ગ્રૂપને માટે પ્રવાસનું આયોજન કર્યું હતું. બોટ ખુલ્લી નહીં બંધ હતી અને આને લીધે મોટી ખુવારી થઈ હતી. દક્ષિણ ભારતના ૧૦૫ મોબાઈલ ડિસ્ટ્રિબ્યુટર વિયેટનામની મુલાકાતે છે.

ફૂ ક્વોક સ્પેશ્યલ ઈકોનોમિક ઝોનના સત્તાવાળાઓએ કહ્યું હતું કે બોર્ડર ગાર્ડ, નૌકાદળ અને કોસ્ટ ગાડ શોધ અને બચાવ કાર્યમાં લાગી ગયા એ પહેલાં નજીક રહેલી ટુરિસ્ટ બોટ ઘટનાસ્થળે મોકલવામાં આવી હતી. હાલમાં


વિયેટનામમાં એક બોટ ઊંધી વળતા ભારતના પંદર સહેલાણીઓના મોત

મૃતકોની ઓળખાણ થઈ રહી છે.

ફૂ ક્વોક સહેલાણીનું માનીતું ટુરિસ્ટ સ્થળ છે. તે સફદે રેતીના કાંઠા, પ્રવાલ અને આયલૅન્ડ હોપિંગ એડવેન્ચર માટે જાણીતું છે.

અહેવાલ પ્રમાણે ૨૧ જણને બચાવી લેવામાં આવ્યા હતા. આ દુર્ઘટનામાં ૧૫ જણ મરણ પામ્યાં હતાં. બચાવામાં આવેલા બે જણ ગંભીર છે. જોરદાર પવન અને મોટાં મોજાંને લીધે હોડી ઊંધી વળી હતી. ભારતની એલચી કચેરી હાનોઈમાં એક નિવેદન બહાર પાડીને કહ્યું હતું કે હો ચી મિન્હ સિટીના ભારતના કોનસ્યુલેટ જનરલ અને હૅનોઈની એલચીકચેરીમાં કંટ્રોલ રૂમ ઊભો કરવામાં આવ્યો હતો જેથી ભારતીયોને મદદ અને માહિતી આપી શકાય.

જોકે ભારતીય મિશને મરણ અંગે કોઈ ખાસ માહિતી આપી નથી.

દરમિયાન ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ હોડી દુર્ઘટનામાં માર્યા જનાર ભારતીયો અંગે ખેદ વ્યકત કર્યો હતો. તેમણે એક્સ પર લખ્યું હતું કે બોટ અકસ્માતના દુઃખદ સમાચાર મળતાં મને ખેદ થયો છે. ભારતની એલચી કચેરી અને કોન્સ્યુલેટ બધી મદદ કરી રહ્યા છે.

## વિકાસનું નવું મૉડલ વિશ્વને આપ્યું છે ભારતેઃ મોદી

ઓકલેન્ડઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે કહ્યું હતું કે વૈશ્વિક પડકારો છતાં ભારતની વિકાસની ગતિ અભૂતપૂર્વ છે અને તે વિશ્વને વિકાસનું એક નવું મોડલ આપી રહ્યું છે. ઓકલેન્ડમાં પ્રવાસી ભારતીય સમુદાયના ''કિયા ઓરા મોદી'' કાર્યક્રમને સંબોધતા મોદીએ કહ્યું હતું કે ભારત અને ન્યૂ ઝીલૅન્ડ વચ્ચેનો સંબંધ પ્રિય યાદો, સ્થાયી મિત્રતા, સહિયારા મૂલ્યો અને પરસ્પર પ્રતિબદ્ધતા પર આધારિત છે. આ કાર્યક્રમમાં ન્યૂ ઝીલૅન્ડના વડા પ્રધાન ક્રિસ્ટોફર લક્સન પણ હાજર હતા. ભીડ તરફથી તાળીઓના ગડગડાટ અને ઉત્સાહ વચ્ચે મોદીએ કહ્યું હતું કે, ''વૈશ્વિક પડકારો છતાં ભારત જે ગતિએ વિકાસ કરી રહ્યું છે તે અભૂતપૂર્વ છે. આજે ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મુખ્ય અર્થવ્યવસ્થા છે.'' વડા પ્રધાને કહ્યું કે ભારત વિશ્વને વિકાસનું એક નવું મોડલ આપી

(જુઓ પાનું ૨) ▸▸


સંબોધનઃ ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ન્યૂ ઝીલૅન્ડના ઑકલેન્ડમાં ત્યાં રહેતા મૂળ ભારતીયોને સંબોધન કર્યું હતું. (પીટીઆઈ)

## મારી હત્યા થઈ તો ઈરાનને તબાહ કરવા ૧,૦૦૦ મિસાઈલ તૈયાર છેઃ ટ્રમ્પ

### હોર્મુઝની ખાડી તમામ જહાજો માટે ખુલ્લી છે એવી ઈરાન જાહેરાત કરે એવો આગ્રહ

નવી દિલ્હીઃ અમેરિકાના પ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પે શનિવારે ઇરાનને ધમકી આપતાં અખાતના દેશોમાં ફરી તણાવ વધે તેવી શક્યતા છે. ટ્રમ્પે પોતાના ટ્રૂથ સોશ્યલ મીડિયા પર આ નિવેદન આપ્યું હતું. જો મારી હત્યા કરાશે તો ૧,૦૦૦ મિસાઇલ ઇરાનનાં નિશાન સાથે તેને તબાહ કરવા તૈયાર છે, એમ ટ્રમ્પે કહ્યું હતું.

ઇરાનના સુપ્રીમ લીડર આયાતોલ્લાહ ખામનેઈની દફનવિધિ બાદ ટ્રમ્પની હત્યા કરવાની ખુલ્લેઆમ કરવામાં આવેલી માગણી તેમ જ અખાતના દેશોમાં વારંવાર થતા હુમલાને કારણે બંને દેશ વચ્ચેના યુદ્ધ સમાપ્ત કરવાના કરાર પણ સંકટમાં મુકાયા છે.

હોર્મુઝની ખાડી તમામ જહાજો માટે ખુલ્લી રહેશે અને આ જળમાર્ગમાંથી પસાર થતાં જહાજો પર હવે હુમલા કરવામાં નહીં આવે એવી ઇરાન દ્વારા જાહેરાત કરવામાં આવે એવી માગણી અમેરિકાએ કરી હતી. જોકે ઇરાને અત્યાર સુધી આવી કોઈ જાહેરાત કરી નથી અને આગ્રહ રાખ્યો છે કે આ જળમાર્ગ ઇરાનના નિયંત્રણ હેઠળ જ રહે અને ત્યાંથી પસાર થતાં જહાજો પાસે શૂલ્ક વસૂલવાની તેને પરવાનગી આપવામાં આવે.

અગાઉ અમેરિકા દ્વારા ઇરાન પર અનેક દિવસો સુધી હુમલા કરવામાં આવ્યા હતા જેના જવાબમાં ઇરાને પણ અખાતના વિવિધ દેશોને નિશાન બનાવી હુમલા કર્યા હતા. હુમલાઓની શરૂઆત આ અઠવાડિયાના આરંભમાં હોર્મુઝ સામુદ્રધુનીમાં ત્રણ જહાજ પર થયેલા હુમલા બાદ થઈ હતી. (એજન્સી)

### વાટાઘાટ નિષ્ફળ જાય તો અમેરિકા પાસે અનેક વિકલ્પ

વૉશિંગ્ટનઃ હોર્મુઝ સામુદ્રધુની તમામ જહાજોની અવરજવર માટે ખુલ્લી રહેશે અને આ મહત્ત્વના જળમાર્ગમાંથી પસાર થતાં જહાજો પર હવે હુમલા કરવામાં નહીં આવે એવી બાંયધરી આપતી જાહેરાત ઇરાન કરે એવી માગણી અમેરિકાએ કરી હોવાનું વરિષ્ઠ અધિકારીઓએ શુક્રવારે કહ્યું હતું.

ઈરાનમાં સત્તા માટે ચાલી રહેલી આંતરિક લડાઈને કારણે વાટાઘાટ માટે કોઈ સુધી પહોંચવું અને બંને દેશ વચ્ચે યુદ્ધ સમાપ્ત કરવા કરવામાં આવેલા કરારને આગળ વધારવાનું મુશ્કેલ બન્યું છે, એમ તેમણે કહ્યું હતું. બંને દેશ વચ્ચેના યુદ્ધવિરામના કરારનો અંત આવ્યો હોવાનું જણાઈ રહ્યું છે, પરંત અમેરિકા યુદ્ધનો કાયમી અંત લાવવા માટે વાટાઘાટ ચાલુ રાખશે એ પ્રકારનાં ટ્રમ્પે કરેલા નિવેદન બાદ પત્રકારોને આપેલી મુલાકાતમાં વરિષ્ઠ અધિકારીઓએ કહ્યું હતું કે ઇરાનનું ચોક્કસ કટ્ટરવાદી જૂથ બંને દેશ વચ્ચેના યુદ્ધવિરામના કરારને નિષ્ફળ બનાવવાનો પ્રયાસ કરી રહ્યું છે. બંને દેશ વચ્ચે યુદ્ધ સમાપ્ત કરવાના કરાર માટે ટ્રમ્પ વાટાઘાટકારોને મર્યાદિત સમય આપી રહ્યા છે, પરંતુ જો વાટાઘાટ નિષ્ફળ જાય તો અમેરિકા પાસે અનેક વિકલ્પો હોવાની બાબતને ઇરાન અવગણી રહ્યું છે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)

## અમદાવાદ મનપાનું ૧૫૧ બાંધકામ સાઈટ પર ચેકિંગ, ૧૫ સામે કાર્યવાહી

અમદાવાદઃ મ્યુનિસિપલ કોર્પોરેશન (મનપા) દ્વારા શહેરમાં બાંધકામ સાઇટોને કેન્દ્રમાં રાખીને વિશેષ ચેકિંગ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. ખાસ કરીને શહેરના પૂર્વ ઝોનમાં હેલ્થ અને મલેરિયા વિભાગે બાંધકામ સાઇટોને કેન્દ્રમાં રાખીને વિશેષ ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. જેમાં મચ્છરની ઉત્પત્તિના સ્થળો શોધી તાત્કાલિક નાબૂદ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ અંગે અમદાવાદ મનપાના સુત્રોએ જણાવ્યું હતું કે, ઝુંબેશ દરમિયાન પૂર્વ ઝોનમાં કુલ ૧૫૧ બાંધકામ સાઇટનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. તપાસ દરમિયાન ૧૫ બાંધકામ સાઇટ પર મચ્છરની ઉત્પત્તિ જોવા મળતાં સંબંધિત સંચાલકોને નોટિસ ફટકારવામાં આવી હતી. આ સાથે જ નિયમોના ભંગ બદલ રૂ. ૪૨,૮૦૦નો વહીવટી ચાર્જ પણ વસૂલવામાં આવ્યો હતો. મચ્છરની ઉત્પત્તિના તમામ સ્થળોનો તાત્કાલિક નાશ કરીને નિયંત્રણાત્મક કામગીરી હાથ ધરવામાં આવી હતી. કોર્પોરેશને નાગરિકો, બિલ્ડરો અને બાંધકામ સાઇટના સંચાલકોને પોતાના રહેણાંક, કાર્યસ્થળ અને બાંધકામ સ્થળોની આસપાસ પાણી ભરાઈ ન રહે તેની ખાસ કાળજી રાખવા, નિયમિત સફાઈ જાળવે અને મચ્છરની ઉત્પત્તિ અટકાવવાની અપીલ કરી હતી.

## ૧૨.૫ ટકા સૂચિત ટૅરિફઃ એકતરફી નિર્ણય નહીં લેવા ભારતે અમેરિકાને કહ્યું

વોશિંગ્ટન : ભારતે અમેરિકાના પ્રસ્તાવિત ૧૨.૫ ટકા વધારાની ટૅરિફ સામે સખત વાંધો ઉઠાવ્યો છે. ભારતનું કહેવું છે કે બંને દેશો વચ્ચેનો કોઈપણ વેપાર વિવાદ દ્વિપક્ષી વાટાઘાટો દ્વારા ઉકેલવો જોઈએ, એકપક્ષી નિર્ણયો દ્વારા નહીં. તે મુજબ, ભારતે યુએસ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ (યુએસટીઆર)ને પ્રસ્તાવિત ટૅરિફ પર ફરીથી વિચાર કરવા અપીલ કરી છે.

ભારતે ભારપૂર્વક જણાવ્યું છે કે અમેરિકા સાથેના વેપાર મુદ્દાઓ એકપક્ષી પગલાંને બદલે દ્વિપક્ષી વેપાર વાટાઘાટો દ્વારા ઉકેલવા જોઈએ. બળજબરીથી કામ કરાવવા સંબંધિત ચિંતાઓ પર તેની કલમ ૩૦૧ તપાસમાં અસંગતતાઓને ટાંકવામાં આવ્યા છે.

જાહેર સુનાવણીમાં ભાગ લેતા વાણિજ્ય વિભાગના સંયુક્ત સચિવ બ્રિજ મોહન મિશ્રાએ કહ્યું હતું કે બળજબરીથી કામ કરાવવાના મુદ્દાઓ પર ભારતની ગંભીર ભાગીદારીને જોતા ભારત યુએસટીઆરના નિર્ણય પર તેની ચિંતાઓ વ્યક્ત કરે છે. ભારત બળજબરીપૂર્વક કામ કરવાની પ્રથાને સમાપ્ત કરવાને એક બંધારણીય જવાબદારી અને આંતરરાષ્ટ્રીય કાયદા અને સિદ્ધાંતના મુદ્દા તરીકે ગંભીરતાથી લે છે. તેમણે કહ્યું કે ભારત અને યુએસટીઆરના અહેવાલ અને ભારત વિરુદ્ધના તારણો સાથે તેની ચિંતાઓ પ્રકાશિત કરવા માંગે છે.

યુએસટીઆરએ ટ્રેડ એક્ટના સેક્શન ૩૦૧(ડી) હેઠળ સંબંધિત કાનૂની ધોરણોને પૂર્ણ કર્યા નથી. તેમણે કહ્યું કે ફક્ત બળજબરીપૂર્વક કામ કરાવવા સંબંધિત આયાત પર પ્રતિબંધની ગેરહાજરીમાં કોઈ પણ કાયદાકીય આધાર અથવા પુરાવાના સેક્શન ૩૦૧ હેઠળ ગેરવાજબી ગણી શકાય નહીં.

આઠમી જુલાઈના રોજ યોજાયેલી અને યુએસટીઆર વેબસાઇટ પર

(જુઓ પાનું ૨) ▸▸

## ગુજરાત રાજ્ય કર વિભાગે ૪૧ સ્થળોએ દરોડા પાડ્યા, ₹૬.૫૪ કરોડની જીએસટી ચોરી પકડી પાડી

અમદાવાદઃ ગુજરાત રાજ્ય કર વિભાગે ઉત્તર અને મધ્ય ગુજરાતમાં ૨૭ વેપારી સાથે જોડાયેલા ૪૧ સ્થળે દરોડા પાડીને લગભગ ₹૬.૫૪ કરોડની કથિત જીએસટી ચોરી શોધી કાઢી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. અમદાવાદ, ડીસા, પાલનપુર, પાટણ, બેચરાજી, રાધનપુર, વિસનગર, ઊંઝા, મહેસાણા અને બાવળામાં જગ્યાઓ પર દરોડા પાડવામાં આવ્યા હતા. ૮ જુલાઈના રોજ વિભાગને ગુપ્ત માહિતી મળી હતી કે કેટલાક વેપારીઓ કથિત રીતે જીએસટી ઇન્વોઇસ જારી કર્યા વિના છૂટક વેચાણ કરી રહ્યા છે અને કરપાત્ર ટર્નઓવર છુપાવવા માટે અનૌપચારિક કચ્ચી ચીઠ્ઠી સ્લિપનો ઉપયોગ કરીને વ્યવહારો રેકોર્ડ કરી રહ્યા હોવાનું કહેવાય છે. મોટાભાગના વેપારી પાન-મસાલા, બિડી, સિગારેટ, તમાકું અને કરિયાણાની વસ્તુઓના હોવાનું બહાર આવ્યું છે. જણાવ્યા અનુસાર, પ્રારંભિક તારણોમાં ભૌતિક સ્ટોક અને પુસ્તકોમાં નોંધાયેલી ઇન્વેન્ટરી વચ્ચે નોંધપાત્ર વિસંગતતાઓ બહાર આવી છે, જે બિનહિસાબી વેચાણ, ટેક્સ ઇન્વોઇસ જારી ન કરવા અને કરપાત્ર ટર્નઓવરને છુપાવવામાં આવી રહ્યા હોવાનું માનવામાં આવે છે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું. વિભાગે કથિત કર બાકી રકમ વસૂલવા માટે કાર્યવાહી શરૂ કરી છે.

## સુપર ટાયફૂન 'બાવી'થી જાપાન, તાઈવાનમાં તારાજીઃ ચીનમાં દસ લાખ લોકોનું સ્થળાંતર

તાઈપેઈ (તાઈવાન): પૂર્વ એશિયામાં સુપર ટાયફૂન બાવીનો ખતરો સતત વધી રહ્યો છે. જાપાન અને તાઇવાનમાંથી પસાર થયા પછી આ વાવાઝોડું હવે ચીનના પૂર્વ કિનારા તરફ આગળ વધી રહ્યું છે. ચીને અત્યાર સુધીમાં ૧૦ લાખ લોકોનું સુરક્ષિત સ્થળે સ્થળાંતર કર્યું હતું.

ચીનના અધિકારીઓએ શનિવારે ૧૦ લાખથી વધુ લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડ્યા હતા અને પૂર્વી ચીનમાં વાવાઝોડા બાવી માટે અલર્ટ જાહેર કર્યું છે. આ વાવાઝોડાના કારણે જાપાનના દક્ષિણ ટાપુઓ અને તાઇવાનમાં ભારે પવન સાથે વરસાદ પડ્યો હતો.

ફિલિપાઇન્સના અધિકારીઓએ શનિવારે જણાવ્યું હતું કે, દક્ષિણ ફિલિપાઇન્સમાં ઓછામાં ઓછા ૧૭ લોકો માર્યા ગયા હતા. તેમાંથી મોટાભાગના મોત ભૂસ્ખલનને કારણે થયા હતા. તાઈવાનના સેન્ટ્રલ વેધર એડમિનિસ્ટ્રેશન અનુસાર, બાવી શનિવારે તેના કેન્દ્રની નજીક ૧૪૪ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે. ચીનના રાષ્ટ્રીય હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, મધ્યરાત્રિ પહેલા અથવા રવિવારના વહેલી સવારે જમીન પર ટકરાશે અને પછી અંદરની તરફ જવાની અપેક્ષા છે.

શિન્હુઆ ન્યૂઝ એજન્સીએ જણાવ્યું હતું કે, ઝેજિયાંગ પ્રાંતના અધિકારીઓએ શનિવારે સવાર સુધીમાં ૧૭ લાખથી વધુ લોકોને સ્થળાંતર કરાવ્યા છે. ચીનના પૂર્વ કિનારા પર આવેલા શાંઘાઈમાં શનિવારે બપોર સુધીમાં ઉચ્ચ જોખમી વિસ્તારોમાંથી લગભગ ૩૪,૦૦૦ રહેવાસીઓને સ્થળાંતરિત કરવામાં આવ્યા છે.

દક્ષિણપૂર્વ ચીનમાં દરિયાકાંઠાની નજીકના શહેરો વાવાઝોડા બાવીની

(જુઓ પાનું ૨) ▸▸

## ભાવિ યુદ્ધો ફક્ત એઆઇ નહીં, દૃઢ સંકલ્પ અને બળૂકી સૈન્ય શક્તિથી જીતાશેઃ રાજનાથ

વિશાખાપટ્ટનમઃ સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે શનિવારે કહ્યું કે ભવિષ્યના યુદ્ધો આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઇ) ની મદદથી લડવામાં આવી શકે છે પરંતુ તેમાં વિજય હજુ પણ રાષ્ટ્રીય સંકલ્પ, સૈનિકો અને મજબૂત સૈન્ય શક્તિના દમ પર હાંસલ કરવામાં આવશે. અહીં આઈએનએસ મહેન્દ્રગિરીને નૌકાદળને સોંપવાના સમારોહને સંબોધિત કરતા સિંહે એમ પણ કહ્યું કે આંધ્ર પ્રદેશ ભારતના સંરક્ષણ અને એરોસ્પેસ ઉત્પાદનના નવા પાવરહાઉસ તરીકે ઊભરી આવ્યું છે.

તેમણે કહ્યું હતું કે, ભવિષ્યના યુદ્ધો એઆઇની મદદથી લડવામાં આવી શકે છે પરંતુ તેમાં જીત રાષ્ટ્રીય સંકલ્પ, પ્રશિક્ષિત સૈનિકો અને સક્ષમ લશ્કરી શક્તિથી પ્રાપ્ત થશે. તેથી હું કહીશ કે નવી ટેકનોલોજી અને પરંપરાગત સંરક્ષણ પ્રણાલીઓ એકબીજાના વિરોધી નથી, પરંતુ એકબીજાના પૂરક છે અને એકબીજાને પૂર્ણ બનાવે છે. પરંપરાગત પ્રણાલીઓ વિના નવી ટેકનોલોજીઓ અધૂરી છે.

રાજનાથ સિંહે કહ્યું કે તેમાં કોઈ શંકા નથી કે નવી ટેકનોલોજીએ યુદ્ધનું સ્વરૂપ બદલી દીધું છે પરંતુ તેમણે યુદ્ધના પરંપરાગત સાધનોની ભૂમિકાને ઓછી કરી નથી. યુદ્ધના મૂળભૂત સિદ્ધાંતોને પૂર્ણ કરવા માટે આજે પણ મજબૂત પરંપરાગત લશ્કરી ક્ષમતાઓ જરૂરી છે અને તેમનું મહત્વ પહેલા જેટલું જ છે.

આઇએનએસ મહેન્દ્રગિરીને 'પ્રોજેક્ટ ૧૭એ' નીલગિરિ-ક્લાસના સ્ટીલ્થ ફ્રિગેટ કાર્યક્રમનો ભાગ ગણાવતા સિંહે કહ્યું કે આ પ્રોજેક્ટ ૧૭એનું છઠ્ઠું યુદ્ધ જહાજ છે અને આ કાર્યક્રમ હેઠળ માઝગાંવ

(જુઓ પાનું ૨) ▸▸

## સડેલા - એક્સપાયર્ડ ખાદ્યપદાર્થોઃ સ્વિગી, ઇન્સ્ટામાર્ટને નવ નૉટિસ

નવી દિલ્હીઃ ફૂડ રેગ્યુલેટર એફએસએસએઆઇએ સ્વિગી ઇન્સ્ટામાર્ટને સડેલા અને એક્સપાયર થયેલા ખાદ્ય ઉત્પાદનોની ડિલિવરી કરવા બદલ નવ નોટિસ ફટકારી છે. આ કાર્યવાહી કેટલાક ગ્રાહકોની ફરિયાદોને પગલે હાથ ધરવામાં આવી હોવાનું એફએસએસએઆઇ શનિવારે જણાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે ઇન્સ્ટામાર્ટ એ સ્વિગીનું ક્વિક-કોમર્સ પ્લેટફોર્મ છે. સોશ્યલ મીડિયા પર એક પોસ્ટમાં ફૂડ સેફ્ટી સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઇન્ડિયા(એફએસએસએઆઇ)એ જણાવ્યું કે તેણે એફએસએસ એક્ટ ૨૦૦૬ હેઠળ નિયમોના ઉલ્લંઘનનો આરોપ મૂકતી અનેક ગ્રાહકોની ફરિયાદો બાદ સ્વિગી ઇન્સ્ટામાર્ટને નવ નોટિસ જારી કરી છે.

રેગ્યુલેટરે જણાવ્યું કે ગ્રાહકોની ફરિયાદોમાં સ્વિગી ઇન્સ્ટામાર્ટ દ્વારા એક્સપાયર થયેલા, બગડેલા, સડેલા, દૂષિત અને અસુરક્ષિત ખાદ્ય ઉત્પાદનોની સપ્લાય કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. રેગ્યુલેટરે પ્લેટફોર્મને વિગતવાર સ્પષ્ટીકરણ અને અનુપાલન અહેવાલ જમા કરવાનો નિર્દેશ આપ્યો છે અને આમ ન કરવા પર યોગ્ય કાનૂની કાર્યવાહી કરવામાં

(જુઓ પાનું ૨) ▸▸

## ચાઈલ્ડ પોર્નોગ્રાફીઃ અમેરિકામાં ભારતીયને ૧૦ વર્ષથી વધુની કેદની સજા

વોશિંગ્ટનઃ બાળ જાતીય શોષણ સામગ્રીના પરિવહન અને સંગ્રહ માટે દોષિત ઠેરવવામાં આવ્યા બાદ એક ભારતીયને અમેરિકામાં ૧૦ વર્ષથી વધુની જેલની સજા ફટકારવામાં આવી છે. આશિષ કપૂર (૨૮) ઉર્ફે રોમી કપૂરને ૮ જુલાઈના રોજ લ્યુઇસિયાનાની એક યુએસ ડિસ્ટ્રિક્ટ કોર્ટે સજા ફટકારી હતી. યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસ અનુસાર, બાળ પોર્નોગ્રાફીનું પરિવહન અને બાળ પોર્નોગ્રાફી રાખવા બદલ દોષિત ઠેરવ્યા બાદ કોર્ટે તેને ૧૨૧ મહિના (૧૦ વર્ષ અને એક મહિના) જેલની સજા ફટકારી હતી. ન્યાય વિભાગના જણાવ્યા અનુસાર, કપૂર ૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ મુંબઈથી ન્યૂ ઓર્લિયન્સ ગયો હતો, જેમાં એની પાસે એક મોબાઇલ ફોન હતો જેમાં સગીરોને જાતીય રીતે સ્પષ્ટ વર્તન કરતા દર્શાવતા વીડિયો અને ફોટા હતા. કોર્ટના દસ્તાવેજોમાં વધુમાં જણાવાયું હતું કે ૧૧ એપ્રિલ, ૨૦૨૪ના રોજ,

(જુઓ પાનું ૨) ▸▸

## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૧૨-૭-૨૦૨૬ થી તા. ૧૮-૭-૨૦૨૬

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ વૃષભમાંથી મિથુનમાં તા. ૧૬મીએ પ્રવેશે છે. મંગળ વૃષભ રાશિમાં સમગતિએ માર્ગીભ્રમણ કરે છે. બુધ વક્રી ગતિએ મિથુન રાશિમાં ભ્રમણ કરે છે. ગુરુ કર્ક રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. શુક્ર સિંહ રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. શનિ મીન રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. રાહુ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર પ્રારંભે તા. ૧૨મીએ મિથુન રાશિમાં તા. ૧૪મીએ કર્ક રાશિમાં, તા. ૧૬મીએ સિંહ રાશિમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારના સપ્તાહના વાયદાના વેપારમાં સાવધાની દાખવવી જરૂરી છે. નોકરી માટે તા. ૧૩, ૧૪, ૧૮ શુભ જણાય છે. નોકરીમાં ધાર્યા મુજબના નિર્ણયો લઈ શકશો. વાહન સંબંધિત સકારાત્મકત નિર્ણયો પણ લઈ શકશો. મુસાફરી દ્વારા પરિવારનાં કામકાજો પૂર્ણ કરવા માટે મહિલાઓને સફળતા જણાશે. નિજી પ્રવૃત્તિઓમાં પણ મહિલાઓને સફળતાનો અનુભવ થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં શૈક્ષણિક પ્રવાસો સફળ થતાં જણાશે.

વૃષભ (બ, વ, ઉ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવીન કાર્યપદ્ધતિ અપનાવશો. નોકરી માટે તા. ૧૪, ૧૫, ૧૮ સાનુકૂળ જણાય છે. નોકરીના આ સપ્તાહના નિર્ણયો એકંદરે શુભ પુરવાર થશે. મુસાફરી આ સપ્તાહમાં સફળ બની રહેશે. સ્થાવર મિલકત, વાહનના નિર્ણયો પણ સફળ પુરવાર થશે. નોકરીમાં મહિલાઓને અધિકારીનો સહયોગ પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસના પ્રારંભ માટે અનુકૂળતાઓ જણાશે.

મિથુન (ક, છ, ઘ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં ધાર્યા મુજબના દૈનિક લે-વેંચના કામકાજ સફળ પુરવાર થશે. નોકરીના કામકાજ અર્થે પ્રવાસ શક્ય જણાય છે. વેપાર એકંદરે અનુકૂળ બની રહેશે. મુસાફરી આ સપ્તાહમાં સફળ પુરવાર થશે. નાણાવ્યવહાર સક્ષમ બની રહેશે. મહિલાઓના પરિવારના પ્રાસંગિક જવાબદારીના કામકાજ સફળ બની રહેશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં અભ્યાસના નિર્ણયો લેવામાં અનુકૂળતાઓ જણાશે.

કર્ક (ડ, હ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના સપ્તાહના લે-વેંચના વેપારમાં સફળતા મેળવશો. નોકરીમાં જૂનાં કામકાજ પૂર્ણ કરી શકશો. તા. ૧૪, ૧૫, ૧૬, ૧૮ શુભ જણાય છે. ભાગીદાર સાથેના મતભેદોનો ઉકેલ આવશે. વારસાગત મિલકતના પ્રશ્નોનો ઉકેલ આવશે. વેપારમાં પ્રગતિ જળવાઈ રહે. મહિલાઓને પતિનો સહયોગ પરિવારની જવાબદારીમાં પ્રાપ્ત થાય. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં નવા અભ્યાસક્રમનો પ્રારંભ કરી શકશે.

સિંહ (મ, ટ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપાર અનુકૂળ બની રહેશે. નોકરી માટે તા. ૧૨, ૧૪, ૧૫ શુભ જણાય છે. નોકરીના સહકાર્યકરોમાં સુમેળ અને એકવાક્યતા જાળવી શકશો. રાજકારણ, સામાજિક પ્રવૃત્તિઓ, નેતૃત્વપણું ઈત્યાદિમાં સફળતા મેળવશો. આત્મવિશ્વાસ દૃઢ બનશે. તા. ૧૩, ૧૫, ૧૬ મહિલાઓને માટે કાર્યક્ષેત્રે સફળતાસૂચક જણાય છે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં સફળતા જણાશે.

કન્યા (પ, ઠ, ણ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણાં રોકાણની તક મેળવશો. નોકરી માટે તા. ૧૩, ૧૪, ૧૫ શુભ જણાય છે. નોકરીના મિત્રોમાં યશસ્વીપણું અનુભવશો. વેપાર લાભદાયી પુરવાર થશે તથા વેપારનો વિકાસ સાધી શકશો. મહિલાઓને પરિવારના પ્રસંગોમાં સફળતા જણાશે. ધાર્મિક કાર્યો સફળ બની રહેશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં નવા અભ્યાસ માટેની સફળ તક મેળવશે.

તુલા (ર, ત): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં અપેક્ષા મુજબ લે-વેંચનો સપ્તાહનો વેપાર સફળ બની રહેશે. નોકરી માટે તા. ૧૩, ૧૫, ૧૬ શુભ જણાય છે. કારોબાર માટે જરૂરી સાધનો મેળવી શકશો. વાહન-મિલકત સંબંધી નિર્ણય લઈ શકશો. સંતાન પરિવારના કારોબારમાં જોડાશે. ઉપયોગી થશે. કોર્ટ-કાનૂની સવાલોનો ઉકેલ આવશે. મહિલાઓને આ સપ્તાહમાં તા. ૧૩, ૧૪, ૧૭મીએ સહપરિવાર પ્રસંગો માટે અનુકૂળતાઓ જણાશે.

વૃશ્ચિક (ન, ય): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા પ્રકારની કાર્યપદ્ધતિ અપનાવી શકશો છતાં નવું નાણાં રોકાણ પણ સફળ બની રહેશે. નોકરી માટે સપ્તાહમાં તા. ૧૨, ૧૫, ૧૬, ૧૭ શુભ જણાય છે. મિલકતના નિર્ણયો ઉતાવળે લેવા નહિ, પરંતુ વાહન, સ્થાવર મિલકત સંબંધી કામકાજનો પ્રારંભ થઈ શકશે. ભાગીદાર સાથેના મતભેદોનો ઉકેલ આવશે. વ્યવસાયમાં મહિલાઓને સફળતા જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અધ્યયન માટે અનુકૂળતાઓ પ્રાપ્ત થતી જણાશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના સપ્તાહના વાયદાના વેપારમાં સાવધાની રાખવી જરૂરી છે. સાહસિકતાથી નોકરીના જૂના અધૂરા કાર્યો પૂર્ણ કરવામાં સફળતા મેળવશો. નવા વેપારનો પ્રારંભ પણ થાય. મિલકતના નિર્ણયો સરળતાથી લઈ શકશો. પ્રવાસ દ્વારા વેપારના કામકાજ સફળ પુરવાર થશે. મુસાફરીઓ દ્વારા મહિલાઓના પરિવારના પ્રાસંગિક જવાબદારીના કામકાજ પૂર્ણ થઈ શકશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસ માટે અપેક્ષિત તકો પ્રાપ્ત થતી જણાશે.

મકર (ખ.જ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના વાયદાના વેપારમાં બેધ્યાનપણું આવી જાય તેમ છે. નોકરી માટે તા. ૧૩, ૧૪, ૧૫ શુભ જણાય છે. નોકરીના સહકાર્યકરો તા. ૧૩, ૧૫મીએ ઉપયોગી થશે. વાહન ખરીદવાના નિર્ણય માટે ઉતાવળ કરવી નહીં જન્મકુંડળીના આધારે નિર્ણય લેવા જરૂરી છે. નવા કારોબારનો પ્રારંભ પણ શક્ય જણાય છે. મહિલાઓને કુટુંબીજનોનો સહયોગ પ્રાપ્ત થતો જણાશે. વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્સાસમાં નિયમિતતા દાખવી શકશે.

કુંભ (ગ, શ, સ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણાં રોકાણ માટેના સફળ પ્રયત્નો થઈ શકશે. નોકરીમાં ઉપરી અધિકારીનો સહયોગ મેળવશો. તા. ૧૪, ૧૫, ૧૬ ધાર્યા મુજબની સફળતા કાર્યક્ષેત્રે દર્શાવે છે. આ સપ્તાહમાં નાણાં વ્યવહાર અનુકૂળ પુરવાર થશે. અર્થવ્યવસ્થા જાળવવા માટેના પ્રયત્નો સફળ પુરવાર થશે. મહિલાઓને આ સપ્તાહમાં નોકરી ક્ષેત્રે અનુકૂળતાઓ જણાશે. વિદ્યાર્થીઓના આ સપ્તાહના અધ્યયનના કામકાજ નિયમિત બનતા જણાશે.

મીન (દ, ચ, ઝ, થ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં ધાર્યા મુજબનો દૈનિક સાપ્તાહિક વેપારનું કામકાજ સફળ પુરવાર થશે. નોકરી માટે તા. ૧૩, ૧૪, ૧૫ શુભ જણાય છે. નોકરીના નિર્ણયો સ્વપ્રયત્ને લઈ શકશો. સાહસિકતાથી નવા કામકાજનો પ્રારંભ થઈ શકશે. નાણાં ખર્ચ તથા કાર્યક્ષેત્રે નાણાં રોકાણ શક્ય જણાય છે. મહિલાઓને પોતાના કામકાજમાં પતિનો સહયોગ પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસ માટે અનુકૂળ તકો પ્રાપ્ત થતી જણાશે. ■

## આજનું પંચાંગ

**દક્ષિણાયન - સૌર વર્ષાઋતુ, રવિવાર, તા. ૧૨-૭-૨૦૨૬, શિવરાત્રિ, ભદ્રા પ્રારંભ**

ભારતીય દિનાંક ૨૧, માહે અષાઢ, શકે ૧૯૪૮
વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, નિજ જયેષ્ઠ વદ-૧૩
જૈન વીર સંવત ૨૫૫૨, માહે નિજ જયેષ્ઠ, તિથિ વદ-૧૩
પારસી શહેનશાહી રોજ ૨જો બેહમન, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૫
પારસી કદમી ગાથા-૨ ઉશ્તવદ, સને ૧૩૯૫
પારસી ફસલી રોજ ૨૪મો દીન, માહે ૪થો તીર, સને ૧૩૯૫
મુસ્લિમ રોજ ૨૬મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૮
મીસરી રોજ ૨૮મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૮
નક્ષત્ર રોહિણી સવારે ક. ૦૮-૨૮ સુધી, પછી મૃગશીર્ષ મધ્યરાત્રિ પછી ક. ૨૯-૪૧ સુધી (તા. ૧૨), પછી આર્દ્રા
ચંદ્ર વૃષભમાં રાત્રે ક. ૧૯-૦૬ સુધી, પછી મિથુનમાં
ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃષભ (બ, વ, ઉ), મિથુન (ક, છ, ઘ)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૯, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૩, સ્ટા.ટા.,
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૮, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૭, સ્ટા. ટા.
-: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
ભરતી : સવારે ક. ૧૦-૨૭, રાત્રે ક. ૨૧-૫૧
ઓટઃ સાંજે ક. ૧૬-૨૪, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૧૭ (તા. ૧૩)
વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, ‘પિંગલ’ નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, ‘પરાભવ’નામ સંવત્સર, નિજ જયેષ્ઠ કૃષ્ણ-ત્રયોદશી. પ્રદોષ, શિવરાત્રિ, ભદ્રા પ્રારંભ રાત્રે ક. ૨૨-૩૦, સૂર્ય મહાનક્ષત્ર પુનર્વસુ, વાહન અશ્વ,
શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
મુહૂર્ત વિશેષઃ ભગવાન સૂર્યનારાયણનું પૂજન, વિશેષરૂપે ચંદ્રદેવતાનું પૂજન, ધ્રુવદેવતાનું પૂજન, ખેરનું, જાંબુનું વૃક્ષ વાવવું, પ્રદોષ અને શિવરાત્રિ વ્રત ઉપવાસ, રાત્રિ જાગરણ, શિવભક્તિ, જાપ, કીર્તન, રાત્રિ જાગરણ, સંધ્યા સમયે શિવમંદિરોમાં દીપ પ્રગટાવવો, શિવ-પાર્વતીની પૂજા કરવી. ગાયત્રી જાપ, હવન, રાજ્યાભિષેક, પાટ-અભિષેક પૂજા, ધજા-કળશ પતાકા ચઢાવવી, બી વાવવું, ધાન્ય ભરવું, ધાન્ય વેંચવું, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, વિનાયક પૂજા, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર વાંચન, હજામત, નવા વાસણ, બાળકને અન્નપ્રાશન, નામકરણ, દેવદર્શન, નૌકા બાંધવી, પ્રથમ વાહન, બી વાવવું, પ્રયાણ શુભ.
આચમનઃ ચંદ્ર-ગુરુ અર્ધચતુષ્કોણ સ્વતંત્ર કારોબારમાં સફળતા
ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-ગુરુ અર્ધચતુષ્કોણ
ગ્રહગોચરઃ સૂર્ય-મિથુન, મંગળ-વૃષભ, વક્રી બુધ-મિથુન, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-સિંહ, માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૧૨-૭-૨૦૨૬ થી તા. ૧૮-૭-૨૦૨૬

રવિવાર, નિજ જયેષ્ઠ વદ-૧૩, વિ. સં. ૨૦૮૨, તા. ૧૨મી જૂન, ઈ. સ. ૨૦૨૬, નક્ષત્ર રોહિણી સવારે ક. ૦૮-૨૮ સુધી, પછી મૃગશીર્ષ મધ્યરાત્રિ પછી ક. ૨૯-૪૧ સુધી (તા. ૧૨), પછી આર્દ્રા. ચંદ્ર વૃષભમાં રાત્રે ક. ૧૯-૦૬ સુધી, પછી મિથુન રાશિ પર જન્માક્ષર. ત્રયોદશી. પ્રદોષ, શિવરાત્રિ, ભદ્રા પ્રારંભ રાત્રે ક. ૨૨-૩૦. (અગત્યનું તા. ૧૦ ઓગસ્ટ સુધી ગુરુનો અસ્ત હોઈ લગ્નાદિ, માંગલિક મુહૂર્તો ગ્રાહ્ય નથી.) શુભ દિવસ.

સોમવાર, નિજ જયેષ્ઠ વદ-૧૪, તા. ૧૩મી. નક્ષત્ર આર્દ્રા મધ્યરાત્રિ પછી ક. ૨૬-૫૧ સુધી (તા. ૧૪), પછી પુનર્વસુ. ચંદ્ર મિથુન રાશિ પર જન્માક્ષર. મત્યર ડે (કાશ્મીર), ભદ્રા સમાપ્તિ સવારે ક. ૦૮-૪૦. શુભ કાર્ય વર્જ્ય છે.

મંગળવાર, નિજ જયેષ્ઠ વદ-૩૦, તા. ૧૪મી, નક્ષત્ર પુનર્વસુ મધ્યરાત્રિ પછી ક. ૨૪-૦૯ સુધી (તા. ૧૫), પછી પુષ્ય. ચંદ્ર મિથુનમાં સાંજે ક. ૧૮-૪૮ સુધી, પછી કર્ક રાશિ પર જન્માક્ષર. દર્શ અમાવસ્યા, અન્વાધાન. શુભ કાર્ય વર્જ્ય છે.

બુધવાર, આષાઢ સુદ-૧, તા. ૧૫મી જુલાઈ, નક્ષત્ર પુષ્ય રાત્રે ક. ૨૧-૪૬ સુધી, પછી આશ્લેષા. ચંદ્ર કર્ક રાશિ પર જન્માક્ષર. કચ્છી હાલારી સંવત ૨૦૮૩ (આષાઢી વર્ષારંભ), ચંદ્રદર્શન ઉત્તર શૃંગોન્નતિ, મું. ૩૦. સામ્યાર્ઘ, ઈષ્ટિ, મનોરથ દ્વિતિયા (બંગાળ), શુભ દિવસ.

ગુરુવાર, આષાઢ સુદ-૨, તા. ૧૬મી, ૨૦૨૬, નક્ષત્ર આશ્લેષા રાત્રે ક. ૧૯-૫૧ સુધી, પછી મઘા. ચંદ્ર કર્કમાં રાત્રે ક. ૧૯-૫૧ સુધી, પછી સિંહ રાશિ પર જન્માક્ષર. રથયાત્રા, મુસ્લિમ ૨જો સફર માસારંભ, નિરયન સૂર્ય કર્ક રાશિમાં ૨૩-૩૮, મું. ૩૦, સામ્યાર્ઘ, સંક્રાંતિ-પુણ્યકાળ સૂર્યોદયથી સૂર્યાસ્ત, માનસપૂજા (બંગાળ), ગુરુ પશ્ચિમમાં લોપ થાય છે. શુભ કાર્ય વર્જ્ય છે.

શુક્રવાર, આષાઢ સુદ-૩, તા. ૧૭મી, નક્ષત્ર મઘા સાંજે ક. ૧૮-૩૪ સુધી, પછી પૂર્વાફાલ્ગુની. ચંદ્ર સિંહ રાશિ પર જન્માક્ષર. વિનાયક ચતુર્થી, ચતુર્થી ક્ષય તિથિ છે. કરિદીન, ભદ્રા સાંજે ક. ૧૭-૩૦ થી ૨૮-૪૨ (તા. ૧૮) શુભ કાર્ય વર્જ્ય છે.

શનિવાર, આષાઢ સુદ-૫, તા. ૧૮મી, નક્ષત્ર પૂર્વાફાલ્ગુની સાંજે ક. ૧૭-૫૯ પછી, ઉત્તરા ફાલ્ગુની. ચંદ્ર સિંહમાં રાત્રે ક. ૨૩-૫૮ સુધી, પછી કન્યા રાશિ પર જન્માક્ષર. સ્કંદ પંચમી, દ્વારકાધીશનો પાટોત્સવ (કાંકરોલી), વલ્લભાચાર્ય વૈકુંઠગમન. હેરાપંચમી (ઓરિસ્સા) સામાન્ય દિવસ. ■

# અનિલ અંબાણી ગ્રૂપની વધુ ૧,૦૦૦ કરોડની મિલકત ટાંચમાં લેવાનો ઈડીનો આદેશ

નવી દિલ્હીઃ રિલાયન્સ અનિલ ધીરુભાઈ અંબાણી (એડીએ) ગ્રૂપ વિરુદ્ધ મની લૉન્ડરિંગને મામલે ચાલી રહેલી તપાસને મામલે ઍન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઈડી)એ નએડીએથની વધુ ૧,૦૦૦ કરોડની સંપત્તિ ટાંચમાં લેવાનો આદેશ આપ્યો હતો.

પ્રિવેન્શન ઑફ મની લૉન્ડરિંગ ઍક્ટ અંતર્ગત રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ટર પાસેના રિલાયન્સ પાવરના શૅર ટાંચમાં લેવાનો અને સાસન પાવર તેમ જ રિલાયન્સ પાવર પાસે બાકી નીકળતી લૉનની રકમ વસૂલવાનો વચગાળાનો આદેશ ઈડી દ્વારા શનિવારે બહાર પાડવામાં આવ્યો હતો. રિલાયન્સ હોમ ફાઈનાન્સ લિ. (આરએચએફએલ) અને રિલાયન્સ કમર્શિયલ ફાઈનાન્સ લિ. (આરસીએફએલ) વિરુદ્ધ સીબીઆઈ દ્વારા દાખલ કરવામાં આવેલા ગુના સંબંધિત આ તપાસ છે. ઈડીના જણાવ્યા અનુસાર આરએચએફએલ અને આરસીએફએલ દ્વારા ઊભું કરવામાં આવેલું ૧૫,૫૪૮ કરોડનું જાહેર ભંડોળ એડીએજી ગ્રૂપ દ્વારા બનાવટી કંપનીઓનાં નૅટવર્ક મારફતે સુવ્યવસ્થિત રીતે અન્યત્ર વાળવામાં આવ્યું હતું. (એજન્સી)

# વિદેશી નાગરિકની જામીન અરજીનો વિરોધઃ સુપ્રીમ કોર્ટે મહારાષ્ટ્રને ઝાટક્યું

નવી દિલ્હીઃ મહારાષ્ટ્ર સરકાર પોતાને જાહેરમાં ખુલ્લી પાડી રહી હોવાની ચેતવણી આપતાં સુપ્રીમ કોર્ટે વિદેશી નાગરિકની જામીન અરજીનો વિરોધ કરવા બદલ મહારાષ્ટ્ર સરકારને ફટકારી હતી. કેસનો ઝડપી નિકાલ લાવવાને બદલે વિદેશી નાગરિકની જામીન અરજીનો વિરોધ કરવાને મામલે સુપ્રીમ કોર્ટે મહારાષ્ટ્ર સરકારને આડે હાથ લીધી હતી. ન્યાયાધીશ અહસાનુદ્દીન અમાનુલ્લાહ અને શીલ નાગુની બનેલી ખંડપીઠ વિદેશી નાગરિક દ્વારા દાખલ કરવામાં આવેલી જામીનની અરજીની સુનાવણી કરી રહી હતી. મહારાષ્ટ્રમાંથી દરરોજ અમારી પાસે આ પ્રકારના કેસ આવે છે. તમે જામીનની અરજીનો વિરોધ કરો છો અને તેને અટકાવી દો છો, પરંતુ કેસની સુનાવણી ઝડપી થાય અને તેનો વહેલો નિકાલ આવે તે માટે તમે કશું નથી કરતાં એમ જણાવતાં ખંડપીઠે કહ્યું હતું કે જ્યારે અમે ચકાસણી કરીએ છીએ ત્યારે જણાઈ આવે છે કે પુરાવા નબળા છે. મહારાષ્ટ્ર સરકાર અમે તમને જાહેરમાં ખુલ્લી પાડીશું, એમ ખંડપીઠે કહ્યું હતું.

બળાત્કાર અને હત્યાના કેસને મામલે ધરપકડ કરાયેલા આરોપીએ કોર્ટ સમક્ષ દલીલ કરી હતી કે હું ચાર વર્ષથી જેલમાં છું અને જુદી જુદી ૮૬ વાર તારીખ આપ્યા બાદ ટ્રાયલ કોર્ટમાં મારા કેસનું લિસ્ટિંગ થયું હતું. ૫૩ વાર મને કોર્ટમાં હાજર કરવામાં નહોતો આવ્યો, એમ તેણે કહ્યું હતું. આરોપીને ટ્રાયલ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં મહારાષ્ટ્ર સરકાર દ્વારા ગંભીર ચૂક થઈ હોવાનું ખંડપીઠે કહ્યું હતું. (એજન્સી)

# અમેરિકા - ઈરાનને મંત્રણાની મેજ પર લાવવા શાહબાઝ શરીફની કતારના નેતાઓ સાથે ચર્ચા

ઈસ્લામાબાદઃ અટકેલી યુએસ-ઇરાન વાટાઘાટોને ફરી શરૂ કરવાના પ્રયાસરૂપે વડા પ્રધાન શાહબાઝ શરીફે ઇરાન અને કતારના નેતાઓ સાથે અલગ અલગ વાતચીત કરી હતી. તાજેતરમાં થયેલાં હરીફ લક્ષ્યો પરના હુમલાઓ પછી યુદ્ધરત પક્ષો વચ્ચે તૂટેલી શાંતિ વાર્તાને સુધારવાના પ્રયાસો વેગ પકડતા શુક્રવારે રાત્રે આ વાટાઘાટો યોજાઈ હતી.

ઇરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાન સાથેની વાતચીતમાં, શરીફે પ્રદેશમાં તાજેતરના તણાવમાં વધારો પર ઊંડી ચિંતા વ્યક્ત કરી હતી અને પ્રાદેશિક શાંતિ અને સ્થિરતા પુનઃસ્થાપિત કરવાની તાત્કાલિક જરૂરિયાત પર ભાર મૂક્યો હતો, તેવું પીએમ ઓફિસ દ્વારા એક નિવેદનમાં જણાવાયું હતું. તેમણે પક્ષોને સંયમ રાખવા અને છેલ્લા કેટલાક મહિનામાં પ્રાપ્ત કરેલા શાંતિ લાભોને જોખમમાં મૂકી શકે તેવા કોઈપણ પગલાથી દૂર રહેવા વિનંતી કરી હતી.

શરીફે ઇસ્લામાબાદ સમજૂતી મેમોરેન્ડમ (એમઓયુ) હેઠળ હાથ ધરવામાં આવેલી પ્રતિબદ્ધતાઓને જાળવી રાખવાના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો, તેને પ્રદેશ અને તેનાથી આગળ પરસ્પર સમજણ, આદર અને વહેંચાયેલ સમૃદ્ધિને પ્રોત્સાહન આપવા માટે એક કાયમી માળખા તરીકે વર્ણવ્યું હતું. પ્રાદેશિક શાંતિ પ્રત્યે પાકિસ્તાનની અડગ પ્રતિબદ્ધતાને પુનરાવર્તિત કરતા, શરીફે પેઝેશ્કિયાનને ખાતરી આપી હતી કે ઇસ્લામાબાદ શાંતિ અને સ્થિરતા જાળવવાના હેતુથી સંવાદને સરળ બનાવવા અને તમામ પ્રયાસોને સમર્થન આપવા માટે પ્રામાણિક અને નિષ્ઠાવાન ભૂમિકા ભજવવાનું ચાલુ રાખવા માટે તૈયાર છે.

પ્રમુખ પેઝેશ્કિયાને દિવંગત સુપ્રીમ લીડર આયાતોલ્લાહ અલી સમારોહમાં ખામનેઇના દફનવિધિ હાજરી આપવા બદલ વડા પ્રધાન, નાયબ વડા પ્રધાન અને વિદેશ પ્રધાન ઇશાક દાર, ફિલ્ડ માર્શલ અસીમ મુનીર અને અન્ય વરિષ્ઠ પાકિસ્તાની નેતાઓનો આભાર માન્યો હતો. તેમણે શાંતિ પ્રત્યે ઈરાનની પ્રતિબદ્ધતાને પણ પુનરાવર્તિત કરી હતી અને પ્રાદેશિક સ્થિરતા માટે પાકિસ્તાનના રચનાત્મક સમર્થન અને નિષ્ઠાવાન પ્રયાસોની પ્રશંસા કરી હતી. બંને નેતાએ ગયા મહિને પ્રમુખ પેઝેશ્કિયાનની ઇસ્લામાબાદની મુલાકાત દરમિયાન લેવામાં આવેલા નિર્ણયોના અમલની પણ સમીક્ષા કરી હતી અને વિવિધ ક્ષેત્રોમાં દ્વિપક્ષી સહયોગને વધુ મજબૂત બનાવવા માટે ફોલો-અપ પગલાં ઝડપી બનાવવા સંમત થયા હતા.

બંને નેતા નજીકના સંપર્કમાં રહેવા અને પરસ્પર હિત અને પ્રાદેશિક શાંતિના મુદ્દાઓ પર પરામર્શ ચાલુ રાખવા સંમત થયા હતા. કતારના અમીર શેખ તમીમ બિન હમાદ અલ થાની સાથે એક અલગ ટેલિફોન વાતચીતમાં, શરીફે આ ક્ષેત્રમાં તાજેતરના તણાવમાં વધારા અંગે પોતાની ઊંડી ચિંતાનો પુનરોચ્ચાર કર્યો હતો.

# ૨૦૩૦ સુધીમાં ૩૫,૦૦૦ કરોડ રૂપિયાના વેપારનું ભારત-ન્યૂ ઝીલેન્ડનું લક્ષ્ય

ઑકલૅન્ડઃ ભારત અને ન્યૂ ઝીલૅન્ડે શનિવારે તેમના સંબંધોને વ્યૂહાત્મક ભાગીદારી સુધી પહોંચાડ્યા અને ૨૦૩૦ સુધીમાં માલ અને સેવાઓમાં તેમના વાર્ષિક દ્વિપક્ષી વેપારને બમણો કરીને ૩૫,૦૦૦ કરોડ રૂપિયા કરવાનો પાંચ વર્ષનો લક્ષ્યાંક નક્કી કર્યો હતો. આ બેઠકમાં ૧૦ કરાર સહિત ૧૮ નક્કર પરિણામો મળ્યાં. તેમાંના મુખ્યમાં આગામી ચાર વર્ષમાં સંબંધોને વિસ્તૃત કરવાનો રોડમેપ, ઇન્ડો-પેસિફિક દરિયાઈ સહયોગ વધારવા માટેનું માળખું અને ભારતીય નૌકાદળ અને ન્યૂ ઝીલૅન્ડ સંરક્ષણ દળ વચ્ચે પારસ્પરિક લોજિસ્ટિક્સ સપોર્ટ કરારનો સમાવેશ થાય છે. વાતચીત પછી વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે અમે અમારા સંબંધોને વ્યૂહાત્મક ભાગીદારી સુધી પહોંચાડવાનો નિર્ણય લીધો છે. અમે સ્પષ્ટ લક્ષ્યો અને નક્કર પરિણામો સાથે દરેક ક્ષેત્રમાં આગળ વધીશું. એક સંયુક્ત નિવેદનમાં નોંધવામાં આવ્યું છે કે મોદી અને લક્સને ઈન્ડો-પેસિફિક પર વિચારોનું આદાન-પ્રદાન કર્યું, મુક્ત, ખુલ્લા અને સમૃદ્ધ ક્ષેત્ર માટે તેમની સહિયારી પ્રતિબદ્ધતાને ફરીથી પુષ્ટિ આપી. તેમણે સાર્વભૌમત્વ, પ્રાદેશિક અખંડતા અને નિયમો-આધારિત આંતરરાષ્ટ્રીય વ્યવસ્થાના રક્ષણના મહત્ત્વ પર પણ ભાર મૂક્યો હતો. બંને વડા પ્રધાને આંતરરાષ્ટ્રીય કાયદા, ખાસ કરીને ૧૯૮૨ના સમુદ્રના કાયદા પરના સંયુક્ત રાષ્ટ્ર સંમેલન અનુસાર નેવિગેશન અને ઓવરફ્લાઇટની સ્વતંત્રતા અને સમુદ્રના અન્ય કાયદેસર ઉપયોગ માટે હાકલ કરી હતી, એમ તેમાં જણાવાયું છે. ઇન્ડો-પ્રશાંત ક્ષેત્રમાં સહયોગ વધારવા પરના તેમના ધ્યાનને અનુરૂપ, બંને પક્ષો સહયોગ, સંકલન અને માહિતીના આદાન-પ્રદાનને મજબૂત બનાવવા માટે દરિયાઇ સુરક્ષા સંવાદ સ્થાપિત કરવા માટે પણ સંમત થયા હતા. મોદી શુક્રવારે રાત્રે ઑકલેન્ડમાં ઉતર્યા હતા, જે તેમના ત્રણ દેશના પ્રવાસના ત્રીજા અને અંતિમ તબક્કામાં હતા, જે મુખ્યત્વે આ ક્ષેત્રમાં ચીનની વધતી જતી આક્રમકતાની પૃષ્ઠભૂમિ સામે ઇન્ડો-પ્રશાંત ક્ષેત્રમાં સહયોગ વધારવા પર કેન્દ્રિત હતું. આ મુલાકાત તાજેતરમાં ભારત-ન્યૂ ઝીલૅન્ડ મુક્ત વેપાર કરાર (એફટીએ) પર હસ્તાક્ષર થયા બાદ આવી હતી. વાર્તાલાપમાં પોતાના ભાષણમાં, મોદીએ હિન્દીમાં કહ્યું કે બે દરિયાઈ રાષ્ટ્ર તરીકે, આપણો ગાઢ સહયોગ, ઇન્ડો-પેસિફિકને નવી તાકાત આપે છે, અને આપણા સંબંધો શાંતિનાં આપણાં સહિયારા લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે નવી ઊર્જાનો સંચાર કરી શકે છે.

પહેલા પાનાનું ચાલુ

### ૧૨.૫ ટકા

પ્રકાશિત થયેલી સુનાવણીના લેખિત ટ્રાન્સક્રીપ્ટ મુજબ, યુએસટીઆર નિર્ણય દેશવ્યાપી ટૅરિફ માટે કોઈ તર્ક પૂરો પાડતો નથી અને ૪૬ અર્થતંત્રો (ભારત સહિત) ને એક જ શ્રેણીમાં ખોટી રીતે એક જ કેટેગરીમાં રાખે છે. ભારતે જણાવ્યું છે કે અપનાવવામાં આવેલી પદ્ધતિ ખાસ કરીને ખામીયુક્ત છે કારણ કે આ નિર્ણય કેટલાક અર્થતંત્રોના કેસ સ્ટડી પર આધારિત છે અને વ્યાપક વેપાર પેટર્ન પર આધારિત છે.

ભારતે એવી પણ દલીલ કરી હતી કે યુએસટીઆરના અહેવાલમાં ભારત સહિત ૪૬ દેશોને એક જ શ્રેણીમાં મૂકવામાં આવ્યા છે, દરેક દેશના અનન્ય સંજોગો હોવા છતાં. ભારતે દલીલ કરી હતી કે અહેવાલમાં સમજાવવામાં આવ્યું નથી કે સમગ્ર દેશ માટે વધારાના ટેરિફ શા માટે જરૂરી છે.

### વિકાસનું નવું

રહ્યું છે. તેમણે કહ્યું હતું કે, ‘‘આજે ભારતમાં યુનિફાઇડ પેમેન્ટ્સ ઇન્ટરફેસ (યુપીઆઇ) દ્વારા દર મહિને અબજો ડિજિટલ ટ્રાજેક્શન થઈ રહ્યા છે. ભારત ડ્રોન ટેકનોલોજી અને સ્પેસ અર્થવ્યવસ્થામાં નવી ઊંચાઈઓ હાંસલ કરી રહ્યુ છે.’’ દરમિયાન લોકોએ ‘‘મોદી, મોદી!’’ ના નારા લગાવ્યા હતા.

મોદીએ કહ્યું કે ભારત અને ન્યૂ ઝીલૅન્ડનું ભવિષ્ય એકબીજા સાથે જોડાયેલું છે અને બંને દેશો વચ્ચેનો વેપાર કરાર ભારતને વિકસિત રાષ્ટ્ર બનવાની યાત્રાને વેગ આપશે. આનાથી ભારત અને ન્યૂ ઝીલૅન્ડ બંનેમાં વ્યવસાયો માટે નવી તકો ઊભી થશે. મોદી શુક્રવારે તેમના ત્રણ દેશોના પ્રવાસના અંતિમ તબક્કામાં ઓકલેન્ડ પહોંચ્યા હતા.

૪૦ વર્ષમાં ન્યૂ ઝીલૅન્ડની મુલાકાત લેનારા પ્રથમ ભારતીય વડાપ્રધાન મોદીએ ભીડને એક મફલર બતાવ્યું અને કહ્યું કે જાહેર જીવનમાં પ્રવેશતા પહેલા લગભગ ૨૫-૩૦ વર્ષ પહેલાં જ્યારે તેમણે ન્યૂ ઝીલૅન્ડની મુલાકાત લીધી હતી તે વખતે તેમને આ ભેટમાં આપવામાં આવ્યું હતું.

### સડેલા - એકસપાયર્ડ

આવશે. ગ્રાહકોની ફરિયાદો અંગે વિગતવાર જણાવતા એફએસએસએઆઇએ જણાવ્યું કે એક શિશુ આહાર બહુ ખરાબ અને અસુરક્ષિત સ્થિતિમાં મળી આવ્યો હતો. એ જ પ્રોડક્ટને પરત કર્યા પછી પણ કથિત રીતે તેની ફરીથી સપ્લાય કરવામાં આવી હતી. ફરિયાદોમાં સ્વિગી ઇન્સ્ટામાર્ટ દ્વારા દૂષિત ઇંડા અને દૂધ તેમજ ખરાબ પેકેજ્ડ ખાદ્ય પદાર્થોની ડિલિવરી કરવાનો પણ આરોપ મૂકવામાં આવ્યો હતો.

એફએસએસએઆઇએ કહ્યું કે કેટલીક ફરિયાદોમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે ફરિયાદો આગળ વધારવા અથવા ઉચ્ચ સ્તરે લઇ જવા છતાં કોઇ સંતોષકારક જવાબ, ફરિયાદનું સમાધાન કે સુધારાત્મક પગલાં લેવામાં આવ્યા નહીં. જ્યારે એક ફરિયાદમાં કહેવામાં આવ્યું છે કે ખાદ્ય સુરક્ષાની ચિંતાઓનું સમાધાન કર્યા વિના માત્ર રિફન્ડની વાત કરવામાં આવી હતી. તાજેતરમાં એફએસએસએઆઇએ અનેક એનર્જી ડ્રિંક બનાવતી કંપનીઓ, દારૂ બનાવતી કંપનીઓ, ખાદ્ય કંપનીઓ અને ક્વિક-કોમર્સ પ્લેટફોર્મને નોટિસ ફટકારી છે. (એજન્સી)

### ભાવિ યુદ્ધો

ડોક શિપબિલ્ડર્સ લિમિટેડ દ્વારા બનાવવામાં આવેલા ચાર યુદ્ધજહાજોમાંથી છેલ્લું છે. શિપયાર્ડ ભવિષ્યમાં આવા અદ્યતન યુદ્ધજહાજોનું નિર્માણ કરવાનું ચાલુ રાખશે.

પ્રોજેક્ટ ૧૭એ હેઠળ અગાઉ સામેલ કરાયેલા યુદ્ધજહાજોનો ઉલ્લેખ કરતા સિંહે કહ્યું કે આઈએનએસ નીલગિરી જાન્યુઆરી ૨૦૨૫માં, આઇએનએસ ઉદયગિરી અને આઇએનએસ હિમગિરી ઓગસ્ટ ૨૦૨૫માં, આઇએનએસ તારાગિરી એપ્રિલ ૨૦૨૬માં અને આઇએનએસ દુનાગિરી જૂન ૨૦૨૬માં નૌકાદળમાં કાર્યરત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ આઇએનએસ મહેન્દ્રગિરી શનિવારે ભારતીય નૌકાદળમાં સામેલ કરાયું હતું. દરિયાઈ સુરક્ષા અને આર્થિક સુરક્ષા એકબીજા સાથે ગાઢ રીતે જોડાયેલા છે તેના પર ભાર મૂકતા સિંહે કહ્યું કે વેપાર, સપ્લાય ચેઈન, ઊર્જા સુરક્ષા અને આર્થિક વિકાસ માટે સમુદ્ર મહત્ત્વપૂર્ણ રહે છે. ભારતને સુરક્ષા પ્રદાતા અને વિશ્વસનીય પ્રાદેશિક ભાગીદાર ગણાવતા સિંહે કહ્યું કે ભારતીય નૌકાદળે માનવતાવાદી સહાય અને આપત્તિ રાહત કામગીરી, ચાંચિયાગીરી વિરોધી મિશન અને સંઘર્ષગ્રસ્ત પ્રદેશોમાંથી ભારતીય અને વિદેશી નાગરિકોને બહાર કાઢવા દ્વારા સતત તેની પ્રતિબદ્ધતા દર્શાવી છે, જેનાથી પ્રથમ પ્રતિભાવ આપનાર અને પસંદગીના સુરક્ષા ભાગીદાર બંને તરીકે ઓળખ મળી છે.

### અમેરિકામાં બાળ

કપૂરે ન્યૂ ઓર્લિયન્સમાં તેના નિવાસસ્થાન સાથે જોડાયેલા ઇન્ટરનેટ કનેક્શનનો ઉપયોગ કરીને એક બાળકના જાતીય શોષણનું ચિત્રણ કરતો વિડિઓ ડાઉનલોડ કર્યો હતો. કપૂરની ૨૦ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ યુનાઇટેડ સ્ટેટ્સ ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી - હોમલેન્ડ સિક્યુરિટી ઇન્વેસ્ટિગેશનના ખાસ એજન્ટો દ્વારા, ન્યૂ ઓર્લિયન્સ પોલીસ વિભાગના અધિકારીઓની મદદથી ધરપકડ કરવામાં આવી હતી. ધરપકડ બાદ રેકોર્ડ કરાયેલા નિવેદન દરમિયાન, કપૂરે સ્વીકાર્યું હતું કે તેણે તેના મોબાઇલ ફોન પર વોટ્સએપ દ્વારા બાળ જાતીય શોષણની સામગ્રી જોઈ અને પ્રાપ્ત કરી હતી.

તપાસકર્તાઓને જાણવા મળ્યું હતું કે કપૂર પાસે સગીરોના જાતીય શોષણ દર્શાવતા ૬૦૦થી વધુ ફોટા હતા.

કોર્ટના દસ્તાવેજો અનુસાર, તેણે વધુમાં સ્વીકાર્યું હતું કે સામગ્રીમાં શિશુઓ અને નાના બાળકોના ફોટા તેમજ સેડિસ્ટિક અથવા મેચોસ્ટિક વર્તન સાથે સંકળાયેલ સામગ્રીનો સમાવેશ થાય છે.

જેલની સજા ઉપરાંત, કોર્ટે પાંચ વર્ષની દેખરેખ હેઠળ મુક્તિનો આદેશ આપ્યો હતો, જે દરમિયાન કપૂર તેની જેલની સજા પૂર્ણ કર્યા પછી કોર્ટના આદેશ હેઠળની દેખરેખ હેઠળ રહેશે. તેને પીડિતને વળતર તરીકે ૨૦૦ ડોલરની ફરજિયાત ખાસ આકારણી ફી અને ૩૦૦૦ ડોલર ચૂકવવાનો પણ આદેશ આપવામાં આવ્યો હતો. કોર્ટે વધુમાં નિર્દેશ આપ્યો હતો કે કપૂર જેલમાંથી મુક્ત થયા પછી સેક્સ ઓફેન્ડર રજીસ્ટ્રેશન અને નોટિફિકેશન એક્ટ હેઠળ નોંધણી કરાવે.

### સુપર ટાયફૂન

અસરોનો સામનો કરવાની તૈયારી કરી રહ્યા છે. શિન્હુઆએ જણાવ્યું હતું કે, ફુજિયાન પ્રાંતના નિંગડે શહેરમાં શુક્રવાર સાંજ સુધીમાં ૩,૭૦૦થી વધુ લોકોને દરિયાકાંઠાના વિસ્તારોમાંથી સ્થળાંતર કરવામાં આવ્યા છે. ફુજિયાન પ્રાંતના અધિકારીઓએ ૧૭,૦૦૦થી વધુ કટોકટી બચાવ કાર્યકરોને સ્ટેન્ડબાય પર રાખ્યા છે. ચીનના રાષ્ટ્રીય હવામાન કેન્દ્રે વાવાઝોડાને લઈને ઓરેન્જ અલર્ટ જાહેર કર્યું છે. જેમાં ઘણી શાળાઓ અને ફેરી સેવાઓ સ્થગિત કરવામાં આવી છે. સેંકડો ફ્લાઇટ્સ રદ કરવામાં આવી છે, અને કેટલીક હાઇ-સ્પીડ રેલ્વે સેવાઓ સ્થગિત કરવામાં આવી છે.

# અબડાસાના ગરડા પંથકની શિક્ષણ વ્યવસ્થા રામભરોસે વાયોર હાઇસ્કૂલની તાળાબંધીની ગ્રામજનોની ચીમકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: પશ્ચિમ કચ્છના અબડાસા તાલુકાના ગરડા પંથકના મુખ્ય મથક એવા વાયોર ગામની ઉચ્ચતર માધ્યમિક શાળામાં શિક્ષણની સ્થિતિ અત્યંત દયનીય અને ચિંતાજનક સ્તરે પહોંચી ગઈ છે.

આસપાસના આશરે ૪૦ જેટલા ગામોના વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ શિક્ષણ મેળવવાનું એકમાત્ર કેન્દ્ર ગણાતી આ શાળા હાલમાં માત્ર એક જ મહિલા શિક્ષકના ભરોસે ચાલી રહી હોવાથી વાલીઓ અને ગ્રામજનોમાં ભારે રોષ વ્યાપ્યો હતો. રોષે ભરાયેલા સ્થાનિકોએ તંત્રને ચીમકી આપી છે કે જો યુદ્ધના ધોરણે શિક્ષકોની નિમણૂક નહીં કરાય, તો શાળાને તાળાબંધી કરી ઉગ્ર આંદોલન છેડવામાં આવશે.

પ્રાપ્ત વિગતો મુજબ, વાયોરની આસપાસ આવેલા ઉકીર, વાગોઠ, ફુલાય, ભોવા, વાગાપધર, સારાવાના, અકરી મોટી, બેર મોટી-નાની, થુમડી, નવાવાસ, ખારઇ, કરમટા, મોહાડી, સુખપર, છસરા અને કેરવાઢ સહિતના ૪૦ જેટલા ગામોના ધોરણ ૧૧ અને ૧૨ના આશરે ૫૦થી વધુ વિદ્યાર્થીઓ આ શાળામાં અભ્યાસ અર્થે આવે છે. આ સરકારી શાળામાં નિયમ મુજબ કુલ ૫ શિક્ષકોનું મહેકમ મંજૂર થયેલું છે. આમ છતાં, લાંબા સમયથી અહીં માત્ર એક જ શિક્ષિકા બહેન આખી શાળાનો વહીવટી અને શૈક્ષણિક કાર્યભાર એકલા હાથે સંભાળી રહ્યા છે. આ પરિસ્થિતિ વચ્ચે વળી તંત્ર દ્વારા શાળાના અન્ય એક શિક્ષકને પણ વ્યવસ્થાના ભાગરૂપે બુટા ગામે ડેપ્યુટેશન પર મોકલી દેવાતા વાયોર શાળાની શિક્ષણ વ્યવસ્થા સાવ પડી ભાંગી છે. આ ગંભીર સમસ્યા અંગે વાયોર જૂથ ગ્રામ પંચાયતના સરપંચ પ્રભાતસિંહ સતુભા જાડેજા દ્વારા જિલ્લા શિક્ષણ અધિકારી, તાલુકા શિક્ષણ અધિકારી, અબડાસાના ધારાસભ્ય તેમજ ઉચ્ચ વહીવટી અધિકારીઓને અનેકવાર લેખિત તથા મૌખિક રજૂઆતો કરવામાં આવી છે, પરંતુ તંત્રના બહેરા કાને હજુ સુધી કોઈ જ જૂં સરકી નથી.

અકરી મોટી ગામના પૂર્વ સરપંચ અને કરમટાના અગ્રણી રાજાભાઈ રબારીએ ઉગ્ર આક્રોશ ઠાલવતા જણાવ્યું હતું કે, સરકારી તંત્ર અને સ્થાનિક રાજકીય નેતાઓની ઘોર ઉપેક્ષાના કારણે ગરીબ અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓનું ભવિષ્ય અંધકારમય બની રહ્યું છે. જો આગામી દિવસોમાં તાકીદે શિક્ષકોની ભરતી નહીં થાય તો વાલીઓ અને વિદ્યાર્થીઓ સ્વયંભૂ શાળા બંધ કરાવી વિરોધ પ્રદર્શન કરશે, જેની તમામ જવાબદારી શિક્ષણ વિભાગ અને વહીવટી તંત્રની રહેશે.

સ્થાનિક રહીશોએ ગંભીર આક્ષેપ કરતા જણાવ્યું છે કે, વાયોર અને તેની આસપાસના ગરડા વિસ્તારમાં અલ્ટ્રાટેક સિમેન્ટ, નિરમા સિમેન્ટ, અદાણી સિમેન્ટ અને સુઝલોન પવનચક્કી જેવા દેશના અગ્રણી અને અબજો રૂપિયાના ઔદ્યોગિક એકમો કાર્યરત છે. આ કંપનીઓએ સ્થાનિક સ્તરે પાણીના ભાવે કિંમતી જમીનો મેળવીને પોતાનો આર્થિક વિકાસ તો ખૂબ ઝડપથી સાધ્યો છે, પરંતુ સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવવામાં તેઓ સદંતર નિષ્ફળ નીવડ્યા છે.

બિલકુલ નજીક આવેલી અલ્ટ્રાટેક સિમેન્ટ કંપની દ્વારા પણ આ વિસ્તારના શિક્ષણ ક્ષેત્રના ઉત્થાન માટે કોઈ જ પ્રશંસનીય સહયોગ આપવામાં આવતો નથી. સ્થાનિક ઉદ્યોગોની એ નૈતિક ફરજ બને છે કે તેઓ આસપાસના અંતરિયાળ ગામોમાં રોજગાર, આરોગ્ય અને શિક્ષણની સુવિધાઓ વિકસાવે, પરંતુ કંપનીઓ માત્ર નફો કમાઈને પોતાની સામાજિક જવાબદારીઓમાંથી છટકબારી શોધી રહી છે. ગ્રામજનોએ એકસૂરે વાયોર હાઇસ્કૂલમાં તાત્કાલિક ધોરણે પૂરતો સ્ટાફ ફાળવવામાં આવે તેવી માંગ કરી હતી. ■

# આકાશી આફતની રેલવે પર વ્યાપક અસર ચોથા દિવસે પણ મુંબઈથી કચ્છ એક્સપ્રેસ રદ, મુસાફરો મુશ્કેલીમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: મહારાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના સુરત પંથકમાં સર્જાયેલી ભારે વરસાદની પરિસ્થિતિના કારણે કચ્છ-મુંબઈ વચ્ચેનો રેલ વ્યવહાર હજુ પણ સંપૂર્ણ થાળે પડ્યો નથી. સતત ચોથા દિવસે પણ ટ્રેનોના શિડ્યુલ ખોરવાયેલા રહેતાં મુંબઈથી ભુજ આવતી એક મુખ્ય ટ્રેનને રદ કરવાની નોબત આવી હતી. જોકે, રાહતના સમાચાર એ છે કે શુક્રવારે ભુજથી મુંબઈ તરફ જતી બંને મુખ્ય ટ્રેનો નિયત સમયપત્રક મુજબ રવાના થઈ હતી.

રેલવેના સત્તાવાર સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, સુરતમાં ટ્રેક પર પાણી ભરાઈ જવાના કારણે મુંબઈથી કચ્છ આવતી કચ્છ એક્સપ્રેસ, સયાજીનગરી એક્સપ્રેસ અને બાંદ્રા-ભુજ સામાહિક ટ્રેન કલાકો સુધી અટવાઈ પડી હતી અને બુધવારે ભારે વિલંબ સાથે ભુજ પહોંચી હતી. અગાઉ મંગળવારે સયાજીનગરી એક્સપ્રેસને ગાંધીધામ ખાતે જ આંશિક રદ કરાઈ હતી, જ્યારે ગઈકાલે ભુજથી ઉપડતી અપ કચ્છ એક્સપ્રેસને રદ કરવામાં આવી હતી.

આ ખોરવાયેલા શિડ્યુલના કારણે પેરીંગ રેક (ટ્રેનના ખાલી ડબ્બા) સમયસર મુંબઈ ન પહોંચી શકતાં, આજે બાંદ્રા ટર્મિનસથી ભુજ આવતી ડાઉન કચ્છ એક્સપ્રેસ (ટ્રેન નંબર ૨૨૯૫૫) ને સંપૂર્ણપણે રદ જાહેર કરવામાં આવી હતી. સતત ચોથા દિવસે પણ ટ્રેનો રદ થવાની અને વિલંબની સ્થિતિ ચાલુ રહેતાં સેંકડો પ્રવાસીઓ ભારે હાલાકીમાં મુકાયા છે અને મુસાફરોના આગોતરા આયોજનો ખોરવાઈ ગયા છે. ■

# ભુજમાં કરોડોનું સાયબર કૌભાંડ 'કેડીસીસી' બેંકના મ્યુલ એકાઉન્ટમાં દેશભરની ઠગાઈના ૧.૧૨ કરોડ જમા થતાં ફરિયાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ડિજિટલ ઠગબાજો દ્વારા આચરવામાં આવતી ઓનલાઇન છેતરપિંડીના નેટવર્કનો વધુ એક મોટો રેલો ભુજ સુધી લંબાયો હતો. ગુજરાત સરકાર દ્વારા સાયબર ક્રાઇમ અટકાવવા માટે શરૂ કરાયેલા ઓપરેશન મ્યુલ હન્ટ અંતર્ગત ભુજની એક પ્રતિષ્ઠિત બેંકનું શંકાસ્પદ ખાતું રડારમાં આવ્યું છે. ભારતના અલગ-અલગ રાજ્યોમાં થયેલી કુલ ૨૧૬ ઓનલાઇન છેતરપિંડીના આશરે રૂ. ૧,૧૧,૭૬,૭૯૫ (૧.૧૨ કરોડ) આ એક જ બેંક ખાતામાં ટ્રાન્સફર થયા હોવાનું ખૂલતાં ભુજ બી-ડિવિઝન પોલીસ મથકે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.પશ્ચિમ કચ્છએલ.સી.બી. શાખાના સાયબર સેલ દ્વારા સમન્વય પોર્ટલ પર મ્યુલ એકાઉન્ટ્સ (ભાડે આપેલા કે ગેરકાયદે નાણાકીય વ્યવહારો માટે વપરાતા ખાતા) ની છાનબીન કરવામાં આવી રહી હતી. આ તપાસ દરમિયાન કચ્છ ડિસ્ટ્રિક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેંક (કે.ડી.સી.સી.)-ભુજ શાખાનું ખાતા નંબર ૧૯૭૦૦૧૧૮૬૭૩૬ શંકાસ્પદ જણાયું હતું. બેંકિંગ વ્યવહારોની ઊંડી તપાસ કરતાં માલૂમ પડ્યું હતું કે, ગત ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૫થી લઈને અત્યાર સુધીના સમયગાળામાં દેશભરમાં આચરાયેલી ૨૧૬ જેટલી ડિજિટલ છેતરપિંડીના નાણાં આ ખાતામાં જમા થયા હતા. સાયબર સેલની ફરિયાદના આધારે ભુજ બી-ડિવિઝન પોલીસે સંબંધિત ખાતાધારક તેમજ તપાસમાં જેમના નામ ખૂલે તેમની વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ ચકચારી પ્રકરણ અંગે કે.ડી.સી.સી. બેંકના ચેરમેન દેવરાજ ગઢવીનો સંપર્ક કરાતાં તેમણે જણાવ્યું હતું કે, આ ખાતું આર.બી.આઈ.ના નિયમોનુસાર જ ખોલવામાં આવ્યું છે. બેંક દ્વારા અગાઉ પણ પોલીસને જરૂરી વિગતો પૂરી પાડવામાં આવી હતી અને આગામી સમયમાં જો સત્તાવાર લેખિત માગણી કરાશે તો વધુ વિગતો પણ અપાશે. નિયમ મુજબ ખાતાધારકની અંગત માહિતી અન્ય કોઈને આપી શકાય નહીં. બીજી તરફ, સામાન્ય રીતે આવા કિસ્સાઓમાં ખાતાધારકના નામજોગ ફરિયાદ થતી હોય છે અથવા શંકાસ્પદ વ્યક્તિઓની અટકાયત બાદ આગળની કડીઓ જોડીને ગુનો નોંધાતો હોય છે. પરંતુ, આ કેસમાં માત્ર બેંક ખાતા નંબરના આધારે નામ વગર જ ફરિયાદ દાખલ થતાં સ્થાનિક સ્તરે અનેક તર્ક-વિતર્કો શરૂ થયા છે.

હાલ આ સમગ્ર પ્રકરણની સઘન તપાસ ચાલુ છે અને બેંક પાસેથી સત્તાવાર રીતે ખાતાની તમામ આંતરિક માહિતી મેળવવાની પ્રક્રિયા બાકી છે તેમ ભુજ બી-ડિવિઝનના પોલીસ ઇન્સ્પેક્ટર એ.એમ. હેરમાએ જણાવ્યું હતું.

## ભાવનગર રથયાત્રા સંદર્ભે

# પોલીસનું ૨૯ ટીમો દ્વારા કોમ્બિંગ ઓપરેશન, ૪ લોકોને છરી સાથે ઝડપ્યા,૧૫૬ સામે કાર્યવાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: શહેરમાં અષાઢી બીજના રોજ ભગવાન શ્રી જગન્નાથજીની ભવ્ય રથયાત્રા રથયાત્રા નીકળે છે જે ભારતમાં ત્રીજા ક્રમની અને ગુજરાતમાં અમદાવાદ પછી બીજા ક્રમની રથયાત્રા છે. આ રથયાત્રા ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે નીકળે છે.આખા રૂટનું જાત નિરીક્ષણ રેન્જ ડીઆઇજી રાજેન્દ્ર અસારી અને એસપી નિતેશ પાંડે દ્વારા થયું હતુ. તેમ ભાવનગર એસપી નિતેશ પાંડેએ જણાવ્યું હતું. ભાવનગરમાં ભગવાન જગન્નાથજીની ૪૧મી રથયાત્રા નિકળનાર છે. રથયાત્રા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે પોલીસતંત્ર કવાયત કરી રહ્યું છે. રથયાત્રાને અનુલક્ષીને ગત મોડી રાત્રિના શહેરના સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસ દ્વારા મેગા કોમ્બિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં રેન્જ આઈજી, એસપી સહિતના ઉચ્ચ અધિકારીઓ જોડાયા હતા. પોલીસના આ મેગા કોમ્બિંગ દરમિયાન ૧૧૪ સમન્સ બજવણી, ૩૭ સામે નોન બેલેબલ વોરંટ, ૫૧ સામે બેલેબલ વોરંટ, ૧૩ નોટિસની બજવણી, ૪૧ વાહન ડિટેઇન કરી રૂ.૪૭,૫૦૦નો દંડ ફટકારવામાં આવ્યો હતો. આ ઉપરાંત પ્રોહિબિશનના ૩૬ કેસ, ડ્રિંક એન્ડ ડ્રાઇવના ૧૧ કેસ, છરી સાથે ૧૪ શખ્સને ઝડપી ગુનો નોંધવામાં આવ્યો છે. તેમજ નાસતા-ફરતા ૮ શખ્સને ઝડપી લેવામાં આવ્યા છે. જેમાં ૯૧ અટકાયતી પગલા ભરવામાં આવ્યા છે. આમ, કુલ ૧૫૬ શખ્સ સામે કાર્યવાહી કરવામાં આવી હોવાનું સીટી ડિવાયએસપી સિંઘાલે જણાવ્યું હતું. રથયાત્રા દરમિયાન કાયદો વ્યવસ્થા જળવાય અને કાંકરીચાળો કરી શકે તેવા તત્વોને અંકુશમાં લેવા માટે છેલ્લા ૧૦ દિવસથી સીટી ડિવિઝનના પાંચે પોલીસ મથક તથા એલસીબી, એસઓજીની કુલ ૨૯ ટીમો દ્વારા ચેકિંગ થઈ રહ્યું છે. જેમાં ગુનાહિત ઈતિહાસ ધરાવતા શખ્સનું ચેકિંગ, ફરાર શખ્સને ઝડપવાની કામગીરી કરવામાં આવશે. તેમજ શહેરની આજુબાજુમાં ૮ જેટલી ચેકપોસ્ટ ઉભી કરવામાં આવશે. ■

# ખેતરમાં વાવેતરને લઈને ખેડૂતોએ પસંદગી બદલી ચોમાસાને ધ્યાને લેતા હવે સોયાબિનનું વાવેતર

રાજકોટ: ચોમાસાની સિઝન શરૂ થતાં જ ખેડૂતો ખેતરની તૈયારીમાં લાગી ગયા છે.

ખેતરમાં ખેતીને લગતું કામ પુર જોશમાં ચાલી રહ્યું છે. વરસાદની સ્થિતિને ધ્યાનમાં રાખીને હવે ખેડૂતો વિવિધ પાકોના બિયારણની ખરીદી કરી રહ્યા છે. સૌરાષ્ટ્રમાં રાજકોટ સહિત અનેક વિસ્તારોમાં આ વર્ષે સોયાબીનના બિયારણની માગ આ વર્ષે સૌથી વધુ હોવાનું સામે આવ્યું છે. તેની સાથે ગીરનાર-૪ મગફળીના બિયારણની ખરીદી પણ વિપુલ પ્રમાણમાં થઈ રહી હોવાનું સૂત્રોમાંથી જાણવા મળે છે. ખેડૂતો સોયાબીન થકી કણમાં વાવીને મણમાં લણવાની ઈચ્છા ધરાવે છે.

છેલ્લા કેટલાક વર્ષોની સરખામણીએ જ્યારે કપાસના વાવેતરમાં ઘટાડો થતો રહ્યો એને ધ્યાને લઈને ખેડૂતોએ આ વખતે સોયાબીન પર પસંદગી ઉતારી છે. એવું હાલમાં વેપારીઓ જણાવી રહ્યા છે. ચોમાસાની શરૂઆત સાથે જ કૃષિ બજારમાં ફરી એકવાર મોટી તેજી જોવા મળી રહી છે. હાલમાં ખેડૂતો પોતાના વિસ્તારના વરસાદ અને જમીનની સ્થિતિને ધ્યાનમાં રાખીને જુદા-જુદા બિયારણની ખરીદી કરી રહ્યા છે. ખાસ કરીને સૌરાષ્ટ્રમાં ખેડૂતો સોયાબીન તથા મગફળી પર પસંદગી ઉતારી રહ્યા છે. ખેડૂતોનું વલણ આ વખતે થોડું પરિવર્તનશીલ જોવા મળી રહ્યું છે. બીજી તરફ જંતુનાશક દવા, બિયારણ અને રસાયણ ખાતરના વ્યવસાય સાથે ઘણા વર્ષોથી જોડાયેલા નિષ્ણાતે પોતાનો મત વ્યક્ત કર્યો છે.

વેલજીભાઈએ જણાવ્યું હતું કે, સૌથી વધુ માંગ હાલ તેમની દુકાન પર સોયાબીનના બિયારણની છે. સોયાબીનના પાકને પ્રાધાન્ય ખેડૂતો ખાસ કરીને આ વર્ષે આપી રહ્યા છે. સોયાબીનની બે મુખ્ય જાતો ઉપલબ્ધ છે, જેમાં ઉભળી અને આડી જાતનો સમાવેશ થાય છે. આ બંને જાતનું વાવેતર મોટા પ્રમાણમાં થઈ રહ્યું છે અને ખેડૂતો તેની ખરીદી માટે સતત આવી રહ્યા છે. ■



જુવાગઢમાં ગિરનારની પવિત્ર તળેટી અને ભવનાથ ક્ષેત્રમાં જેઠ વદી અગિયારસ ના રોજ ૩૬ કિ.મીની દૂધધારા પરિક્રમા યોજાઈ હતી. છેલ્લા અંદાજે ૭૫ વર્ષથી આ પરંપરાગત પરિક્રમા સારા વરસાદ અને ગૌરક્ષાની કામના સાથે યોજાય છે... (તસવીર- હરેશ સોની, જૂનાગઢ)

# સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ હેડ ક્વાર્ટરની ઐતિહાસિક બિલ્ડિંગના પુનઃનિર્માણનું ભૂમિપૂજન

(અમારા પ્રતિનિધિ તરફથી)

સુરેન્દ્રનગર: જિલ્લા પોલીસ હેડ ક્વાર્ટર ખાતે આવેલી ઇ.સ. ૧૮૮૦-૮૧ના સમયની ઐતિહાસિક બિલ્ડિંગના પુનઃનિર્માણ કાર્ય માટે ભૂમિપૂજન વિધિનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજકોટ રેન્જના નિર્લિપ્ત રાય તથા સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુના હસ્તે વિધિવત ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. 'તીર્થ એગ્રો' કંપનીના (કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી) અંતર્ગત આ જર્જરીત ઐતિહાસિક બિલ્ડિંગનું આધુનિક સુવિધાઓ સાથે ભવ્ય પુનઃનિર્માણ કરવામાં આવશે. આ પ્રકલ્પ દ્વારા ઐતિહાસિક વારસાનું જતન થવા સાથે પોલીસ વિભાગને વધુ સુવિધાસભર માળખું પણ ઉપલબ્ધ થશે. ભૂમિપૂજન પ્રસંગે જિલ્લા પોલીસ તંત્રના ડીવાયએસપી, એએસપી, વિવિધ પોલીસ મથકોના પીઆઈ, પીએસઆઈ સહિત મોટી સંખ્યામાં પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ■



# કંડલા કસ્ટમ વિભાગમાં મોટો વહીવટી ફેરફાર સુપરિટેન્ડેન્ટ કક્ષાના ૫૪ અધિકારીઓની બદલી

ભુજ: કંડલા સ્થિત ઓફિસ ઓફ ધ કમિશનર ઓફ કસ્ટમ્સ દ્વારા વાર્ષિક સામાન્ય બદલી અંતર્ગત એક મોટો વહીવટી નિર્ણય લેવામાં આવ્યો હતો. કસ્ટમ્સ ગુજરાત ઝોન અમદાવાદના અધિક કમિશનરના આદેશ અનુસાર, કંડલા કસ્ટમ હાઉસ હેઠળ ફરજ બજાવતા સુપરિટેન્ડેન્ટ કક્ષાના ૫૪ જેટલા અધિકારીઓની તાત્કાલિક અસરથી બદલી અને નવી નિમણૂકના આદેશો જાહેર કરવામાં આવ્યા હતા.

આ સામૂહિક બદલીઓમાં કંડલા કસ્ટમ્સના વિવિધ વહીવટી અને ફિલ્ડ વિભાગો જેવા કે સેઝ, ઇન્વેસ્ટિગેશન (તપાસ), બોન્ડ, એડજ્યુડિકેશન, લીગલ, એસ.આઇ.આઇ.બી., ઓડિટ, વિજિલન્સ, કોન્ફિડેન્શિયલ અને એક્સપોર્ટ એસેસમેન્ટનો સમાવેશ થાય છે. આ ઉપરાંત મુંદ્રા અને ભુજ કસ્ટમ સર્કલમાં કાર્યરત અધિકારીઓની પણ કંડલા ખાતે જુદા જુદા વિભાગોમાં આંતરિક બદલી કરવામાં આવી છે.

બદલીના આદેશ સાથે કસ્ટમ વિભાગ દ્વારા વહીવટી કડકાઈના સંકેત આપીને તમામ ડેપ્યુટી અને આસિસ્ટન્ટ કમિશનરોને સૂચના આપી છે કે, બદલી પામેલા અધિકારીઓના છૂટા થવાના (રીલીવિંગ) અને હાજર થવાના (જોઈનિંગ) રિપોર્ટ મુખ્ય ક્વેરીને સત્વરે મોકલી આપવાના રહેશે. આ ઉપરાંત, જે-તે વિભાગમાં બાકી રહેલા મહત્ત્વના કેસોની અંતિમ યાદી બનાવીને નવા આવનાર અધિકારીને ચાર્જ સોંપવાનો રહેશે. વહીવટી પારદર્શિતા જાળવી રાખવા માટે તુણા પોર્ટ ખાતે ફરજ બજાવતા સુપરિટેન્ડેન્ટ અને ઇન્સ્પેક્ટર કક્ષાના અધિકારીઓનું માસિક ધોરણે રોટેશન (અદલા-બદલી) કરવાનો પણ ખાસ આદેશ કરાયો હોવાનું જાણવા મળ્યું હતું. ■

# રાજકોટ ગેમઝોન અગ્નિકાંડ: ૬ અધિકારીઓ ઘરભેગા

રાજકોટ: વર્ષ ૨૦૨૪માં રાજકોટમાં થયેલા ગેમઝોન અગ્નિકાંડના કેસમાં ૬ અધિકારીઓને ઘરે બેસવાનો વારો આવ્યો છે. આ કેસ સંબંધીત સુનાવણીમાં હાઈકોર્ટે એક મોટો અને મહત્ત્વનો ચૂકાદો આપ્યો છે. ગુજરાત હાઈકોર્ટે આ કેસને લઈને સુનાવણી કરી હતી. આ સુનાવણીમાં રાજકોટ મહાનગર પાલિકા દ્વારા એક મોટો ખુલાસો કરવામાં આવ્યો હતો. મહાનગર પાલિકાએ પોતાની વાત મૂકતા કહ્યું હતું કે, સમગ્ર કેસની તપાસ મહાનગર પાલિકા જવાબદાર અધિકારીઓ સામે જે તે વિભાગીય કાર્યવાહી અંતર્ગત કરવામાં આવી છે. જે તપાસ કરવામાં આવી, એમાં જે તે અધિકારીઓ સામે વિભાગીય કાર્યવાહી પણ થઈ છે. સિવિલ સર્વિસ નિયમ અંતર્ગત સજા ફટકારવામાં આવી છે.

રાજકોટ બાર એસોસિએશનના પૂર્વ ઉપપ્રમુખ અને મૃતકના પરિવાર વતી હાઈકોર્ટમાં લડત આપતા સિનિયર એડવોકેટ સુરેશ ફળદુએ જણાવ્યું હતું કે, મનપા કમિશનર દ્વારા ગેમઝોન અગ્નિકાંડ કેસમાં જવાબદાર અધિકારીઓને ડિસમિસ કરી દેવામાં આવ્યા છે. કડક કાર્યવાહી થતા હવે તેમને એક પણ પ્રકારના સરકારી લાભો મળવા પાત્ર થતા નથી. કોઈ રકમ મળવાની પણ નથી. જે અધિકારીઓને મળવા પાત્ર રકમ છે એ જે તે મૃતકના પરિવારજનોને આપી દેવામાં આવશે. આ પણ એક પ્રકારના સજા જ છે. તારીખ ૨૫ મે ૨૦૨૪ની સાંજે રાજકોટના નાના મવા રોડ પર આવેલા ગેમઝોનમાં આગ લાગતાં ૨૭ લોકોનાં મોત થયાં હતાં.

૩ વ્યક્તિઓને ઇજા પહોંચી હતી. જે અંગે પોલીસે ફરિયાદી બની તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.આ કેસમાં હાઈકોર્ટે સુઓમોટો કેસમાં એક મહત્ત્વનો ચૂકાદો આપ્યો હતો.આ ચૂકાદા બાદ રાજકોટ મનપાના ફાયર ઓફિસર રોહિત વિગોરા, મુકેશ મકવાણા, ટીપી વિભાગના અધિકારી ગૌતમ જોશી, ઇલેશ ખેર, જયદીપ ચૌધરી, અને રાજેશ મકવાણાને ડિસમિસ કરવામાં આવ્યા છે.મુખ્ય સૂત્રધાર મનાતા મનસુખ સાગઠિયા અગાઉથી જ વય મર્યાદાના કારણે નિવૃત્ત છે.

પાંચ અધિકારીઓને ભવિષ્યમાં સરકારી નોકરી માટે સામાન્ય રીતે ગેરલાયક રહે એવી પ્રક્રિયા કરવામાં આવી છે. આ પાંચેય વ્યક્તિઓમાં ઈલેશ ખેર, રોહિત વિગોરા, ગૌતમ જોશી, મુકેશ મકવાણા, જયદીપ ચૌધરીનો સમાવેશ થાય છે. અગ્નિકાંડના મુખ્ય આરોપી અને ટીપીઓ સાગઠિયાને ધરપકડ બાદ યુદ્ધના ધોરણે સસ્પેન્ડ કરાયા હતા. તેઓ સસ્પેન્શન દરમિયાન જ ૩૦ જૂન ૨૦૨૬ ના રોજ વયનિવૃત્ત થયા છે અને મનપા દ્વારા તેમના તમામ આર્થિક લાભો અને પેન્શન અટકાવી દેવાયા છે. તેમની સામે આવક કરતાં વધુ સંપત્તિનો કેસ પણ ચાલી રહ્યો છે.મોટાભાગના આરોપીઓને ગત વર્ષે જામીન મળી ગયા હતા. આ ઘટના બાદ ફરીવાર આ કેસને લઈને મોટો ચૂકાદો મળ્યો છે.

# હળવદમાં પ્રેમી યુગલે ઝેરી દવા પીતા યુવતીનું મોત, યુવક સારવાર હેઠળ

(અમારા પ્રતિનિધિ તરફથી)

સુરેન્દ્રનગર: હળવદ તાલુકામાં પ્રેમી યુગલે ઝેરી દવા પી આત્મહત્યાનો પ્રયાસ કરતાં યુવતીનું મોત નિપજ્યું હતું, જ્યારે યુવકની સારવાર ચાલી રહી છે. ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી.

પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, હળવદના કવાડિયા ગામના રહેવાસી માલદે ભગતભાઈ સલાટ (ઉં. ૨૮)એ બે દિવસ અગાઉ રણમલપુર ગામની સીમમાં સાંજના સમયે પોતાની પ્રેમિકા શોભનાબેન સાથે ઝેરી દવા પી લીધી હતી. બંનેની તબિયત લથડતાં તેમને પ્રથમ હળવદ અને ત્યારબાદ વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે માલદે સલાટ ચાર ભાઈ અને બે બહેનમાં સૌથી નાનો છે તથા તેને બે પુત્રો છે. રાપરની રહેવાસી શોભનાબેન સાથે તેનો પ્રેમસંબંધ હતો. બંનેએ આશરે બે મહિના અગાઉ મૈત્રી કરાર કર્યો હતો અને છેલ્લા ૨૦ દિવસથી ભાડાના રૂમમાં સાથે રહેતા હતા.

પોલીસના જણાવ્યા મુજબ, ઝેરી દવા પીધા બાદ માલદેએ પોતાના કૌટુંબિક ભાઈ રમેશભાઈને ફોન કરીને ''મારા દીકરાનું ધ્યાન રાખજો'' તેમ જણાવ્યું હતું. ત્યારબાદ પરિવારજનો બંનેને સારવાર માટે હોસ્પિટલમાં લઈ ગયા હતા, જ્યાં શોભનાબેનનું સારવાર દરમિયાન મોત થયું હતું, જ્યારે માલદેની સારવાર ચાલુ છે. આ બનાવ અંગે હળવદ પોલીસે અકસ્માત મોતની નોંધ કરી સમગ્ર ઘટનાની વધુ તપાસ હાથ ધરી છે.■

# સુરેન્દ્રનગરના માલણીયાદ ગામની સીમમાં પતિએ પત્નીનું કાશળ કાઢી નાખ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

સુરેન્દ્રનગર: હળવદ તાલુકાના નવા માલણીયાદ ગામની સીમમાં બનેલી હત્યાની ઘટનાએ ચકચાર મચાવી છે. મૂળ છોટાઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકાના રહેવાસી વરસીભાઈ નાયકા, જે મગનભાઈની વાડીએ પરિવાર સાથે રહીને મજૂરી કામ કરતા હતા, તેમણે પત્ની માસુડીબેન નાયકાની દાતરડાના ઘાથી હત્યા કરી હોવાનું બહાર આવ્યું હતું. પ્રાથમિક માહિતી મુજબ, કોઈ કારણોસર પતિ-પત્ની વચ્ચે બોલાચાલી થતાં ઉશ્કેરાયેલા વરસીભાઈએ પત્ની માસુડીબેન (ઉં. ૫૫)ના છાતીના ભાગે દાતરડાનો ઘા માર્યો હતો. ગંભીર ઈજાના કારણે માસુડીબેનનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. ઘટનાની વધુ ચોંકાવનારી બાબત એ છે કે પત્નીની હત્યા કર્યા બાદ આરોપી ભાગી ગયો નહોતો, પરંતુ આખી રાત પત્નીની લાશ પાસે જ બેઠો રહ્યો હતો. બીજા દિવસે સવારે વાડીએ અન્ય શ્રમિકો પહોંચતા ઘટનાની જાણ થઈ હતી અને પોલીસને જાણ કરવામાં આવી હતી.

બાદમાં મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હળવદની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. હળવદ તાલુકા પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે. હાલ મૃતકના પરિવારજનોની ફરિયાદના આધારે ગુનો નોંધવાની અને સમગ્ર મામલે વધુ તપાસ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ■

# ગીર સોમનાથ પોલીસ પર હુમલાના કેસમાં ૩૩ આરોપીઓની ધરપકડ

ગીર સોમનાથ: સૌરાષ્ટ્રના ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ સિટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં જ્યારે સ્ટેટ મોનિટરિંગ સેલ ટીમ દ્વારા જુગારના અડ્ડા પર દરોડા પાડવામાં આવ્યા હતા, પકડાયેલા જુગારીઓને છોડાવવા માટે કેટલાક સ્થાનિકો તથા અસામાજિક તત્વો એકઠા થઈ ગયા હતા. આ ટોળાએ પોલીસ પર હુમલો કરી દીધો હતો. આ હુમલાનો લાભ લઈને પત્તાપ્રેમીઓ ફરાર થવામાં ફાવી ગયા હતા. આ કેસમાં હવે પોલીસે આ કેસ સંબંધીત કુલ ૩૩ આરોપીઓની ધરપકડ કરી છે. આ સમગ્ર કેસ અંગે સોમનાથ ડીવાયએસપી ચેતન ખટાણાએ જણાવ્યું હતું કે, પકડાયેલા આરોપીઓમાંથી ૧૩ આરોપી જુગારના છે, જ્યારે બાકીના ૨૦ની ધરપકડ હુમલા અંતર્ગત કરવામાં આવી છે. સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમના એક પોલીસને ચોક્કસ બાતમી જુગારના અડ્ડાને લઈને મળી હતી. પોલીસે ટીમ બનાવીને આ જુગારીઓને પકડવા માટે દરોડા પાડ્યા હતા. આ દરમિયાન કેટલાક તત્વો અને સ્થાનિકોએ એકઠા થઈ પોલીસ પર હુમલો કરી દીધો હતો. આ ઘટનાને પગલે પોલીસ અધિકારીઓ સહિતનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો.■

# અસલી વાઘ અમારી શિવસેનામાં: ભાસ્કર જાધવ

મુંબઈ: ઓપરેશન ટાઈગર અંગે દરરોજ ચર્ચાઓ અને સમાચાર વહેતા કરવામાં આવી રહ્યા છે. તેના પર વારંવાર બોલવામાં આવી રહ્યું છે. આના પરથી એ સાબિત થઈ ગયું છે કે અસલી ટાઈગર અમારી શિવસેનામાં છે, અને તેમના જૂથમાં કૂતરા છે. એવું કહીને શિવસેના ઠાકરે જૂથના વરિષ્ઠ ધારાસભ્ય ભાસ્કર જાધવે 'ઓપરેશન ટાઈગર' મુદ્દે ઉપમુખ્ય પ્રધાન એકનાથ શિંદેની શિવસેના પર આકરા પ્રહારો કર્યા હતા. ધારાસભ્ય ભાસ્કર જાધવે વધુમાં જણાવ્યું કે, પંઢરપુર યાત્રા તરફ જોવાનો દ્રષ્ટિકોણ હંમેશાં ભાવનાત્મક રહ્યો છે, પરંતુ સરકારે આ માટે પૈસા આપી રહ્યા હોવાનું કહીને બધા સાથે છેતરપિંડી કરી અને આ સત્તા હસ્તગત કરી લીધી.

# ઓડિટ રિપોર્ટઃ વર્ષ ૨૦૨૪-૨૫માં મહારાષ્ટ્રની 'ઓફ-બજેટ' લોન વધીને ₹ ૨૮,૩૨૫ કરોડ થઈ

મુંબઈ : મહારાષ્ટ્રના બજેટ બહારની લોન વધીને રૂ. ૨૮,૩૨૫ કરોડ થઇ છે, રાજ્યના બજેટ દસ્તાવેજો અથવા હિસાબોમાં લોન પારદર્શક રીતે પ્રતિબિંબિત થતી નથી, જેના પરિણામે દેવાના બોજને ઓછું આંકવામાં આવ્યો છે અને કાયદાકીય દેખરેખ મર્યાદિત થઈ છે, એમ રાજ્યના નાણાકીય ઓડિટ રિપોર્ટ ૨૦૨૪-૨૫માં જણાવાયું છે.

હાલમાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ નાણાં વિભાગ પણ સંભાળે છે.'ઓફ-બજેટ' લોન એ એક નાણાકીય પદ્ધતિ છે જ્યાં સરકાર સીધા ઉધાર લેવાને બદલે જાહેર સંસ્થાઓ અથવા સ્પેશિયલ પર્પઝ વ્હીકલ્સ દ્વારા ભંડોળ પૂરું પાડે છે. ઓડિટ રિપોર્ટમાં જણાવાયું છે કે મહારાષ્ટ્ર રાજ્ય માર્ગ વિકાસ નિગમે રાજ્ય સરકારની ગેરંટી સામે હાઉસિંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ પાસેથી ૨૦૨૪-૨૫માં ૧૮,૪૪૦ કરોડ રૂપિયા, ૨૦૨૩-૨૪માં ૭,૭૦૦ કરોડ રૂપિયા અને ૨૦૨૨-૨૩માં ૨,૫૦૦ કરોડ રૂપિયાની લોન લીધી હતી.

નાણાં વિભાગની મંજૂરી મુજબ, રાજ્ય સરકારે લોનના સમગ્ર ગાળા દરમિયાન મુદ્દલ, વ્યાજ અને અન્ય શુલ્કની ચુકવણી માટે વાર્ષિક અંદાજપત્રીય જોગવાઈઓ કરવી આવશ્યક છે; આને લીધે આ લોન રાજ્યની તિજોરી પર સીધી અસર કરે છે. અહેવાલમાં વધુમાં જણાવાયું છે કે મહારાષ્ટ્રનો ખર્ચ પગાર, પેન્શન, વ્યાજ ચુકવણી અને સબસિડી સહિતના પ્રતિબદ્ધ ખર્ચ પર થાય છે, જે મહેસૂલ આવકના ૬૩.૪૫ ટકા છે.

## સંસ્થા સમાચાર

### અમેરિકામાં દીક્ષાર્થીઓના સન્માન સાથે જિનશાસનનો જયકાર ગૂંજ્યો



રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના ચરણ-શરણમાં દીક્ષા અંગિકાર કરવા તત્પર બનેલી બે મુમુક્ષુ દીકરીઓએ યંગ જૈન્સ ઓફ અમેરિકા કન્વેન્શનના યુવાનો અને અમેરિકાના ભાવિકોની ભાવભીની વિનંતીનો સ્વીકાર કરીને તા. ૩૦ જૂનથી ૮ જુલાઈ, ૨૦૨૬ દરમિયાન નવ દિવસીય અમેરિકા યાત્રા દ્વારા અદ્ભુત શાસન પ્રભાવના કરી હતી.

૨૨ વર્ષીય મુમુક્ષુ શ્રી યશ્વીબેન મહેતા અને ૨૧ વર્ષીય મુમુક્ષુ શ્રી જાનવીબેન શાહે વોશિંગ્ટન ડી.સી. સ્થિત જૈન સોસાયટી ઓફ મેટ્રોપોલિટન વોશિંગ્ટન(જે. એસ. એમ. ડબ્લ્યુ.) તેમજ ડલ્લાસના જૈન સોસાયટી ઓફ નોર્થ ટેક્સાસ (જે.એસ.એન.ટી.)માં યોજાયેલા કાર્યક્રમમાં સંયમ ભાવયાત્રા, જિજ્ઞાસુઓના મનમાં ઊઠતા પ્રશ્નોનું જ્ઞાનવર્ધક સમાધાન આપતા ટોક શો, એટેચમેન્ટથી ડિટેચ થવાની પ્રેરણા આપતા અનોખા પ્રયોગ દ્વારા ઉપસ્થિત ભાવિકોને સંયમમાર્ગે પ્રેરિત કર્યા હતા.

આયોજિત ત્રણ વિશેષ સત્રોમાં મુમુક્ષુઓએ ''ધ અનકોમન ચોઈસ'' વિષય પર પ્રવચન ફરમાવી પોતાના સંયમજીવનની પ્રેરણાદાયી સફર રજૂ કરી હતી અને પીપીટી પ્રેઝન્ટેશન, ટોક શો અને વિવિધ પ્રયોગોના માધ્યમે ઉપસ્થિત યુવાનોને જીવનની નવી દિશાનો બોધ કરાવ્યો હતો.

વિદેશની ધરતી પર સંયમ, સત્યધર્મ અને ગુરુભક્તિનો દિવ્ય સંદેશ પ્રસરાવી જિનશાસનની સુંદર પ્રભાવના કરવાનો આત્મસંતોષ સાથે મુમુક્ષુઓ ભારત પરત ફર્યા હતા. ■

### ડુંગળી ઉત્પાદકોની મહારાષ્ટ્ર સરકારને રજૂઆત

# વરસાદથી અસરગ્રસ્ત ખેડૂતો માટે ટ્રાફિક જેમ જેટલી જ અનુકંપા બતાવો

નાશિકઃ ડુંગળી ઉત્પાદકોના એક સંગઠને શનિવારે મહારાષ્ટ્ર સરકારને વિનંતી કરી છે કે તાજેતરમાં મુંબઈ-પુણે એક્સપ્રેસ વે પર ભૂસ્ખલનને કારણે થયેલી ટ્રાફિક સમસ્યા વખતે સરકારે અનુકંપા દેખાડી હતી એટલી જ અનુકંપા વરસાદથી અસરગ્રસ્ત ખેડૂતો માટે પણ દર્શાવે.

મહારાષ્ટ્ર રાજ્ય ડુંગળી ઉત્પાદક સંગઠનના પ્રમુખ ભરત દિઘોલે જણાવ્યું હતું કે ધોધમાર વરસાદ દરમિયાન મુસાફરોને થતી અસુવિધા પર તાત્કાલિક ધ્યાન આપવામાં આવ્યું હતું, પરંતુ વારંવાર આવતી કુદરતી આફતો અને પાકના ભાવમાં થતા તીવ્ર ઘટાડાને કારણે ખેડૂતોને થતા નાણાકીય નુકસાન પ્રત્યે ભાગ્યે જ એટલી અનુકંપા દર્શાવવામાં આવે છે.

દિઘોલે ધ્યાન દોરતા જણાવ્યું હતું કે શહેરોમાં થોડા કલાકો માટે ટ્રાફિક ઠપ્પ થઈ જાય ત્યારે આખા રાજ્યનું ધ્યાન તેના તરફ ખેંચાય છે. પરંતુ જ્યારે અતિશય વરસાદ, કરા, કમોસમી વરસાદ, પૂર અથવા દુષ્કાળ ખેડૂતોના પાકનો નાશ કરે છે, ત્યારે આટલી જ ચિંતા ભાગ્યે જ જોવા મળે છે. ખેડૂતો પાકના રોગો, અનિયમિત હવામાન, ભાવમાં ઘટાડો અને પરિવહન અવરોધોનો સામનો કરે છે, ઘણીવાર એક જ દિવસમાં લાખો રૂપિયાનું નુકસાન સહન કરે છે, છતાં તેઓ મનોબળ જાળવી ખેતી ચાલુ રાખે છે. (પીટીઆઈ)■

# લાતુરની મહિલા ખેડૂતને 'જીજામાતા કૃષિ ભૂષણ' પુરસ્કાર

લાતુરઃ લાતુર જિલ્લાની એક મહિલા ખેડૂતને સેન્દ્રિય પદ્ધતિ, આધુનિક ટેકનોલોજી અને સંલગ્ન કૃષિ પ્રવૃત્તિઓને સંકલિત કરીને ખેતી પ્રત્યેના તેમના નવીન અભિગમ બદલ મહારાષ્ટ્ર સરકારના પ્રતિષ્ઠિત 'જીજામાતા કૃષિ ભૂષણ પુરસ્કાર ૨૦૨૪'થી સન્માનિત કરવામાં આવી હોવાનું અધિકારીઓએ શુક્રવારે જણાવ્યું હતું.મુંબઈના સરદાર વલ્લભભાઈ પટેલ સ્ટેડિયમ ખાતે તાજેતરમાં યોજાયેલા અવોર્ડ સમારોહમાં રાજ્યપાલ જિષ્ણુ દેવ વર્મા દ્વારા ચિંચોલીરાવ વાડી ગામની સંજીવની અંગદ નાગમોડેને અવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. આ સમારોહમાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્ય પ્રધાન સુનેત્રા પવાર, કૃષિ પ્રધાન દત્તાત્રય ભરણે અને અન્ય પ્રધાનો તેમજ વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા.■

બારમાં પાનાનું ચાલુ

## મહારાષ્ટ્રમાં બદલાશે

સાચી પડી નથી. તેમણે કયા જ્યોતિષી પાસે હાથ જોવડાવ્યો છે, તેની ખબર નથી. તેથી તેમની વાતનો કોઈ અર્થ રહેતો નથી'.

પરંતુ એકંદરે ચિત્ર આવું જ દેખાઈ રહ્યું છે. આગામી કેટલાક મહિનામાં આ ફેરફાર જોવા મળી શકે છે. મહારાષ્ટ્રની જવાબદારી એકનાથ શિંદેને સોંપવી વધુ યોગ્ય રહેશે. એકનાથ શિંદેના કારણે જ ભાજપની સરકાર આવી છે, તેથી ભાજપે તેમની આ ભાવનાનો આદર કરવો જોઈએ, તેમણે વધુમાં જણાવ્યું હતું.

સંજય રાઉતે આ બાબતે ટિપ્પણી કરતાં જણાવ્યું હતું કે, 'કેન્દ્રમાં દેવેન્દ્ર ફડણવીસ જઈ શકે છે, જ્યારે મહારાષ્ટ્રમાં ચંદ્રશેખર બાવનકુળે જોવા મળી શકે છે. તેઓ દરેક સાથે યોગ્ય સંવાદ સાધીને સૌને સાથે લઈને ચાલનારા નેતા છે. પરંતુ એકનાથ શિંદે ફરીથી મુખ્યપ્રધાન બનશે નહીં. ■

## એસઆઈટી

શકાય?' તેમણે વધુમાં જણાવ્યું હતું કે 'ભાજપ અને આરએસએસ રાજકીય હેતુઓ માટે ધર્મનો ઉપયોગ કરી રહ્યા છે, પરંતુ કોંગ્રેસ એમના જેવો અભિગમ અપનાવીને જવાબ નહીં આપે. અમે ધાર્મિક મુદ્દાઓ પર નહીં, પણ જનતાને લગતા મુદ્દાઓ પર લોકોને એકત્ર કરીશું.'

કોંગ્રેસ નેતાએ શાસક સરકાર પર રાજકીય લાભ માટે ધાર્મિક સંસ્થાઓને નિયંત્રિત કરવાનો પ્રયાસ કરવાનો આરોપ કરી ઉમેર્યું હતું કે કોંગ્રેસ ધર્મ પર રાજકારણ કરશે નહીં પરંતુ ભક્તો દ્વારા આપવામાં આવતા પ્રસાદના કથિત દુરુપયોગ પર પ્રશ્નો ઉઠાવશે. મંદિરનું સંચાલન કરતા ટ્રસ્ટને તાત્કાલિક વિસર્જન કરવું જોઈએ. સુપ્રીમ કોર્ટના ચુકાદા પછી મંદિરનું નિર્માણ થયું હતું અને તપાસ સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળ થવી જોઈએ. તપાસ નાના કાર્યકરો સુધી અટકવી ન જોઈએ. અયોધ્યાથી દિલ્હી સુધી સંડોવાયેલા દરેકને જવાબદાર ઠેરવવા જોઈએ. રામ મંદિરમાં દાનમાં ગેરરીતિના આરોપો લાગ્યા બાદ ૭ જૂને વિવાદ થયો હતો. ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા રચાયેલી એસઆઈટી દ્વારા રજૂ કરાયેલા પ્રાથમિક અહેવાલના આધારે રામ મંદિરમાં દાનમાં મળેલી રોકડ અને કિંમતી વસ્તુઓની ગણતરી સાથે સંકળાયેલા આઠ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. (પીટીઆઈ) ■

## ટ્રેનો રદ થવાને

પરિસ્થિતિમાં મુસાફરોને સુરક્ષિત, ઝડપી અને કોઈપણ અડચણ વગર તેમના ગંતવ્ય સ્થાન સુધી પહોંચાડવા માટે એસટી વહીવટીતંત્ર કાર્યરત બન્યું છે. પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈક દ્વારા આ આકસ્મિક વ્યવસ્થાની પુષ્ટિ કરતા કહ્યું કે રેલ સેવાઓ ખોરવાયેલી છે ત્યાં સુધી પ્રવાસીઓની સુવિધા સર્વોપરી છે અને જરૂર પડ્યે બસોની સંખ્યામાં પણ વધારો કરવામાં આવશે. મુંબઈ-પુણે વચ્ચે દૈનિક મુસાફરી કરતા લાખો નોકરિયાત વર્ગ અને સામાન્ય પ્રવાસીઓ માટે એસટી નિગમના આ તાત્કાલિક નિર્ણય મોટી રાહત આપશે. ■

## ૫.૨૬ કરોડની

છે, જ્યારે બાકીના બે અંગે તપાસ કરવામાં આવી રહી છે.

જપ્ત કરાયેલી કારતૂસોમાં ૧૨ બોરની ૬૩૨, ૭.૬૫ બોરની ૧,૮૭૮ અને ૦.૨૨ બોરની ૩,૮૪૦ કારતૂસોનો સમાવેશ છે. એ સિવાય તલવાર અને ગુપ્તી જેવા શસ્ત્રો પણ ત્યાંથી મળી આવ્યાં હતાં, એમ સાતવે કહ્યું હતું. બિનહિસાબી રોકડ ૧૦,૨૦,૫૦ અને ૨૦૦ના દરની નોટોના બંડલમાં હતી, જેની ગણવતી કરવા માટે પાંચ મશીનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. બિનહિસાબી રોકડ ઉપરાંત સોનું-ચાંદી અંગે આવકવેરા વિભાગને માહિતી આપવામાં આવી છે. બાબા ફરઝાનની બીજી પત્નીને આ પ્રકરણે પૂછપરછ માટે તાબામાં લેવામાં આવી હોવાનું સાતવે જણાવ્યું હતું. (પીટીઆઇ) ■

## કેતનના પિતાએ

અપાવવાની માગણી તેમણે કરી છે.

પત્રમાં વિશાલ અગરવાલે નોંધ્યું છે કે કોઈ ઉદ્યોગપતિ કે પ્રાભાવશાળી વ્યક્તિ તરીકે નહીં, પણ એક એવા પિતા તરીકે ન્યાયની માગણી કરી રહ્યા છે, જેમણે પોતાનો દીકરો હંમેશ માટે ખોઈ દીધો છે. દીકરાની હત્યા પછી તેમનો પરિવાર વિખેરાઈ ગયો છે અને કેતનને ન્યાય ક્યારે મળશે, એ આશામાં દિવસો વિતાવી રહ્યો છે.

વિશાલે પત્રમાં એવું પણ લખ્યું છે કે દીકરાના મૃત્યુના માત્ર ૨૦ દિવસમાં જ તેમણે પિતાનું છત્રછાયા પણ ગુમાવ્યું. પૌત્રના મૃત્યુનો આઘાત જીરવી ન શકવાને કારણે દાદા સતત તાણમાં હતા, જેને કારણે તેમનું પણ નિધન થયું. ૨૦ દિવસમાં પિતા-પુત્ર ગુમાવવાને કારણે તેમનો પરિવાર ભાંગી પડ્યો છે.

પત્રમાં છેલ્લે તેમણે ભાવનાત્મક અપીલ કરી છે કે તેમનો પુત્ર હવે પાછો નથી આવવાનો, પણ કસૂરવારને કઠોર સજા થવી જોઈએ. આવા જઘન્ય અપરાધને કોઈ પણ કિંમતે સાંખી નહીં લેવાય, એવો સંદેશ સમાજને મળે તે માટે કઠોર સજા આવશ્યક છે. ■

## સિદ્ધિવિનાયક મંદિર

અને હનુમાન ચાલીસા બોલવા પર જેલમાં પૂરનારા લોકો હવે રામરક્ષાના પાઠ કરે છે.

સિદ્ધિવિનાયક મંદિરમાં ભ્રષ્ટાચારના આરોપો પર એકનાથ શિંદેએ જણાવ્યું હતું કે, ''મનસેના નેતા યશવંત કિલ્લેદારે પત્રકાર પરિષદ યોજી હતી. મેં તેનો જવાબ આપ્યો છે. જ્યારે સિદ્ધિવિનાયક મંદિરમાં ગેરરીતિ થઈ, ત્યારે તે સમયે મુખ્ય પ્રધાન પદ પર રહેલા ઉદ્ધવ ઠાકરેએ તપાસના આદેશ કેમ ન આપ્યા? સિદ્ધિવિનાયક મંદિરમાં દાનની ચોરીના મામલામાં જે પણ કંઈ થયું છે, તેના માટે જે લોકો જવાબદાર છે તેમની સામે ચોક્કસપણે કાર્યવાહી કરવામાં આવશે. તેમને જેલમાં ધકેલી દેવામાં આવશે, તેવો મને પૂરો વિશ્વાસ છે,'' તેમણે કહ્યું. ■

## મધ્ય રેલવે

પર રોકાશે.

આ રીતે જ ઘાટકોપરથી ઉપડતી અપ સ્લો સેવાઓને વિદ્યાવિહાર અને સીએસએમટી સ્ટેશનો વચ્ચે અપ ફાસ્ટ લાઈન પર ડાઇવર્ટ કરવામાં આવશે. જે કુર્લા, સાયન, માટુંગા, દાદર, પરેલ અને ભાયખલા જેવા સ્ટેશનો પર નિર્ધારિત સ્ટોપ લેશે.

હાર્બર લાઈન પર સીએસએમટી અને ચુનાભટ્ટી/બાંદ્રા સ્ટેશનો વચ્ચેનો ડાઉન કોરિડોર સવારે ૧૧.૪૦ થી સાંજે ૪.૪૦ વાગ્યા સુધી પર બંધ રહેશે. જયારે ચુનાભટ્ટી/બાંદ્રા અને સીએસએમટી સ્ટેશનો વચ્ચે અપ કોરિડોર સવારે ૧૧.૧૦ થી સાંજે ૪.૧૦ વાગ્યા સુધી બંધ રહેશે.

પરિણામે સીએસએમટીથી વાશી,બેલાપુર અને પનવેલ સ્ટેશનો પરની હાર્બર લાઈન સેવાઓ સવારે ૧૧.૧૬ થી સાંજે ૪.૪૭ વાગ્યા સુધી બંધ રહેશે. સીએસએમટીથી બાંદ્રા અને ગોરેગાંવ તરફની સેવાઓ સવારે ૧૦.૪૮થી સાંજે ૪.૪૩ વાગ્યા સુધી બંધ રહેશે.

આ સાથે જ સીએસએમટીથી પનવેલ, બેલાપુર અને વાશી વચ્ચેની અપ લાઈન સવારે ૯.૫૩ વાગ્યાથી બપોરે ૩.૨૦ સુધી અને સીએસએમટીથી ગોરેગાંવ અને બાંદ્રા વચ્ચેની ટ્રેન સેવાઓ સવારે ૧૦.૪૫ થી સાંજે ૫.૧૩ વાગ્યા સુધી રદ્દ રહેશે.

સેન્ટ્રલ રેલવે દ્વારા બ્લોક સમયગાળા દરમિયાન પ્રવાસીઓને હાલાકીનો સામનો ન કરવો પડે તે માટે પનવેલ અને કુર્લા સ્ટેશનો વચ્ચેની સ્પેશ્યલ ટ્રેનની ૨૦ મિનિટના અંતરે વિશેષ સેવાઓ ચાલુ રાખવામાં આવશે.

હાર્બર લાઈન પર મુસાફરી કરનારા પ્રવાસીઓને સવારે ૧૦ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા વચ્ચે મેઈન લાઈન અને વેસ્ટર્ન લાઈન પર મુસાફરી કરવાની મંજૂરી આપવામાં આવી છે. ■

## માનખુર્દ

પર પણ ભારે ટ્રાફિક થતો હોય છે. તેના પર પરિણામકારક ઉપાય તરીકે પાલિકાએ ઘાટકોપર-માનખુર્દ ફ્લાયઓવરથી સીધો વાશી જનારો આર્મ (ફ્લાયઓવર) અને સાયન-પનવેલ હાઈવે પરના માનખુર્દ ફ્લાયઓવરથી ઘાટકોપર તરફ જનારો સ્વતંત્ર આર્મ (ફ્લાયઓવર) બનાવી રહી છે.

પ્રસ્તાવિત પ્લાન મુજબ ઘાટકોપર-માનખુર્દ લિંક રોડ ફ્લાયઓવર પરથી વાશી જનારા સ્વતંત્ર બે લેન ૧,૪૨૦ મીટર લંબાઈની અને ૮.૫ મીટર પહોળો આર્મ બનાવવામાં આવવાનો છે. તો વાશીથી આવતા વાહનોને ઘાટકોપર-માનખુર્દ લિંક રોડ ફ્લાયઓવર પર જવા માટે બીજા સ્તર પર સ્વતંત્ર બે લેનનો ૧,૯૫૧ મીટર લંબાઈનો અને ૮.૫ મીટર પહોળાઈનો ફ્લાયઓવર બાંધવામાં આવવાનો છે. આ બંને ફ્લાયઓવરને કારણે સાયન-પનવેલ હાઈવે પરના ટી જંકશન પરની ટ્રાફિકની સમસ્યાનો ઉકેલ આવશે. આ બંને આર્મનું કામ ૧૫ ઑક્ટોબર ૨૦૨૪થી ચાલુ કર્યું હતું અને હવે ૨૧મે, ૨૦૨૭ સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય રાખ્યું છે. આ પ્રોજેક્ટમાં મહાવિતરણ અને ટાટા પાવરના ઈલેક્ટ્રિક કેબલનું સ્થળાંતરનું કામ પણ મહત્ત્વનું છે, તેને પણ પાવર કંપની સાથે સંયુક્ત રીતે તમામ સુરક્ષાના ઉપાય કરીને કામ ઝડપથી પૂર્ણ કરવાનો પ્રયાસ રહેશે.

માનખુર્દની સાથે જ વર્ષોથી વિલંબમાં મુકાયેલો લાલબહાદુર શાસ્ત્રી રોડ અને રામચંદ્ર ચેંબુરકર માર્ગને જોડનારા ૬૫૦ મીટર લંબાઈના વિદ્યાવિહારના પુલનું કામ લાંબા સમયથી અટવાઈ ગયું છે. વિદ્યાવિહાર પશ્ચિમમાં અમુક બાંધકામને કારણે કામ સતત લંબાઈ રહ્યું હતું. હવે પુલનું લગભગ ૮૦ ટકા કામ થઈ ગયું હોવાનું જણાવતા બાંગરે કહ્યું હતું કે આ બ્રિજને ૩૧ ઑગસ્ટ, ૨૦૨૬ સુધીમાં ખુલ્લો મૂકવાનું આયોજન છે.

વિદ્યાવિહાર પૂર્વ અને પશ્ચિમમાં પુલ ખુલ્લો મુકાયા બાદ ટ્રાફિકની સમસ્યા નિર્માણ થાય નહીં તે માટે બાંગરે બંને તરફના અપ્રોચ રોડના ઠેકાણે ટ્રાફિકનું મેનેજમેન્ટ કરવા માટે પાલિકાના અધિકારી અને ટ્રાફિક પોલીસને આપસમાં સમન્વય રાખવાનો નિર્દેશ આપ્યો હતો. ■

## શ્રી રામ જન્મભૂમિ

કે ૨૦૨૦માં એક ચાર્ટર્ડ એકાઉન્ટન્સી ફર્મ અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ ટ્રસ્ટના નાણાકીય વ્યવસ્થાપનને લગતા મુદ્દાઓ ઉઠાવ્યા હતા, પરંતુ કોઈ અસરકારક પગલાં નહોતા લેવામાં આવ્યા. સિંધી સમુદાયના સભ્યો દ્વારા દાનમાં આપવામાં આવેલી ૨૦૦ ચાંદીની ઈંટો અને દાનમાં મળેલા ભંડોળનો કોઈ સ્પષ્ટ હિસાબ નથી. પ્રારંભિક તપાસ અહેવાલમાં સમાવિષ્ટ કેટલાક નામો અંતિમ અહેવાલમાંથી બાકાત રાખવામાં આવતા તપાસની નિષ્પક્ષતા પર પ્રશ્નો ઉભા થાય છે.'

ઉત્તર પ્રદેશમાં ભાજપ સરકાર દ્વારા રચાયેલી સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમની નિષ્પક્ષતા પર પ્રશ્ન ઉઠાવી પાટીલે કહ્યું કે 'કોંગ્રેસને તપાસમાં જરાય વિશ્વાસ નથી. કેન્દ્રએ શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટની રચના અને સભ્યોની પસંદગીમાં ભૂમિકા ભજવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ અને ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે આ મુદ્દા પર બોલવું જોઈએ.' (પીટીઆઈ) ■

## ભ્રષ્ટાચારના આરોપોની

આવી હતી.

દરમિયાન સુપ્રિયા સુળેએ ભાજપ પર ભ્રષ્ટાચારના આરોપોમાં વિપક્ષી નેતાઓને વીણી વીણીને નિશાન બનાવવાનો અને બાદમાં તેમાંથી ઘણાને પક્ષમાં સામેલ કરવાનો આરોપ મૂકી જણાવ્યું હતું કે જો તે નેતાઓ ભ્રષ્ટ હતા તો કાર્યવાહી થવી જોઈતી હતી. જો નહોતા તો ખોટા આરોપ બદલ માફી માગવી જોઈએ. ભાજપ પાસે હવે ભ્રષ્ટાચાર પર બોલવાનો નૈતિક અધિકાર રહ્યો નથી. ■

## હિન્દુ મરણ

**કચ્છી લોહાણા**

નરેન્દ્ર વેલજી મેવાવાલા (ઉ. વ. ૮૦) અંજાર કચ્છ હાલે મુંબઇ લોઅર પરેલ વાસંતીબેનના પતિ. સ્વ. બચુબેન ભવાનજી, સ્વ. વનિતાબેન વેલજીના સુપુત્ર. ખટાઉ રામાણીના જમાઇ. સ્વ. વિજયભાઇ, સ્વ. રેખાબેન, પ્રતિમા નંદલાલ, વર્ષા વિજયના મોટાભાઇ. સ્વ. મહેશ, રાજેશ, સોનલબેન શાહના પિતા. સંજય શાહ, રાખી રાજેશના સસરા. તા.૯-૭-૨૬ના ગુરુવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર સદંતર બંધ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

કરાચીવાળા હાલ મુંબઇ નિતિન સચદે (ઉ. વ. ૬૭) તા. ૧૦-૭-૨૬ના શ્રીજીશરણ પામ્યા છે. તે અનસુયાબેન રમણીકલાલ સચદેના પુત્ર. તે મહેશ, સુધા, સ્નેહલના ભાઇ. ઇલા મહેશ તથા રચના સ્નેહલના દીયર. અમી માલવ શાહ અને શિખાના કાકા. દિવિતના નાનું. પ્રાર્થનાસભા તા. ૧૩-૭-૨૬ સોમવારના ૫થી ૭. ઠે. કેવલબાગ, ફ્લાય ઓવર બ્રિજ અને નમહ હવેલી પાસે, કાંદિવલી (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે, ચક્ષુદાન કરેલ છે.

**દશનામ ગોસ્વામી**

ગામ દેશલપર વાંઢાય હાલ ઘાટકોપર ગં.સ્વ. રૂક્મણીબેન મહેશગીરી ગોસ્વામી તા. ૧૦-૭-૨૬ના રોજ કૈલાસવાસ પામેલ છે. તે કૈ. મહેશગિરી દયાલગિરી ગોસ્વામીના ધર્મપત્ની. ગં. સ્વ. કૈ ગોદાવરીબેન દયાલગિરીના પુત્રવધૂ. મણીબેન પ્રેમપૂરી પરષોતમપૂરી ગામ નૂંધાતડવાળના પુત્રી. કવિતાબેન ધર્મેન્દ્રગીરી કૈ સમીરગિરીના માતુશ્રી. લક્ષ્મીબેનના સાસુ. જેનીલના દાદીમા. પ્રાર્થનાસભા ઘાટકોપર તા. ૧૨-૭-૨૬ના સાંજે ૪થી ૬. ઠે. શિવાજી હોલ કામાલેન, એસ.એન.ડી.ટી. કોલેજની બાજુમાં, ઘાટકોપર (વેસ્ટ).

**ઘોઘારી દશા શ્રીમાળી વણિક વૈષ્ણવ**

ભાવનગર નિવાસી હાલ વસઇ સ્વ. સરલાબેન કનૈયાલાલ નગીનદાસ મોદીના પુત્ર મુકેશ (ઉ.વ. ૬૮) તા. ૮-૭-૨૬ના સ્વર્ગવાસ થયેલ છે. તે રેખાબેનના પતિ. મિનોલી, રીમા, ભૂમિના પિતાશ્રી. તથા માંડવધાર ગઢડા નિવાસી સ્વ. કંચનબેન મણિલાલ ગોસલીયાના જમાઇ. તે વર્ષાબેન કિરિટ સરવૈયા, નીતા મિલન રાજગુરુ, પારુલ ધીરેન દાણી પ્રજ્ઞા પિનાકીન ગજ્જરના ભાઇ. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

મહુવાવાળા હાલ બોરીવલી સ્વ. અનંતરાય ચુનીલાલ મહેતાનાં ધર્મપત્ની ભારતીબેન મહેતા (ઉ. વ. ૮૮) શનિવાર, તા. ૧૧-૭-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે સંજયભાઇ, કમલેશભાઇ તથા જરણાં કીરીટકુમાર વોરાના માતુશ્રી. રેખાબેન અને વર્ષાબેનના સાસુ. તે સ્વ. સવીતાબેન ધનજીભાઇ મહેતા (કેરીયા નાગેશવાળાના) સુપુત્રી. તે ઇન્દુબેન જવાહરભાઇ વોરાના વેવાણ. દમયંતીબેન વસંતરાય મોદી અને લલિતાબેન રસીકલાલ જાંગલાના ભાભી. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૧૨-૭-૨૬ના સાંજે ૪થી ૬.ઠે. પાવનધામ, ગ્રાઉન્ડ ફ્લોર, સચીન તેન્ડુલકર જીમખાનાની પાસે, મહાવીર નગર, કાંદિવલી (વેસ્ટ).

**શિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારસે બ્રાહ્મણ**

માટુંગા નિવાસી અ. સૌ. દર્શના ભરત ભટ્ટ (ઉ. વ. ૭૨) તે સ્વ. પ્રભાબેન બળવંતરાય ભટ્ટના પુત્રવધૂ. દેવેન અને સૌ. કવિતા સંદિપ જેઠવાના માતુશ્રી. સ્વ. શાન્તાબેન માધવલાલ ભટ્ટના સુપુત્રી. સૌ. જલ્પા તથા ચિ. સંદિપના સાસુ. તથા સૌ. જયાબેન, રમાબેન, જ્યોતિબેન, દક્ષાબેન, સ્વ. ઉપેન્દ્ર, સ્વ. મનોજ અને ચિ. કિરણના ભાભી. ચિ. અનુષ્કા, મિષ્કિકાના દાદી તા. ૧૧-૭-૨૬ના સ્વર્ગવાસી થયેલ છે. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**હાલાઈ ભાટિયા**

બોરીવલી, શેખરભાઈ તુલસીદાસ ભાટિયા (ઉ. વ. ૬૨) તા. ૧૦/૦૭/૨૬, શુક્રવારના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. તારાબેન તુલસીદાસ ભાટિયાના પુત્ર. છાયાબેનના પતિ. ગૌરવ તથા સ્વપ્નીલના પિતા. સ્મીતાબેન સતીશભાઈ વેદના ભાઈ. હસમુખભાઈ નેગાંધીના જમાઈ. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૧૨/૦૭/૨૬ સાંજે ૪ થી ૬. સ્થળઃ ૩૦/૨૨૧, સી.સી.આઈ. કોલોની, રાજેન્દ્રનગર, બોરીવલી ઈસ્ટ.

**કપોળ**

શિહોર નિવાસી હાલ કાંદિવલી, ગં.સ્વ. ભદ્રાબેન રમણીકલાલ પરષોત્તમદાસ મુની (ઉ. વ. ૯૦) ૯/૭/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે અજય-અ.સૌ. કવિતા, સ્મિતા જનકકુમાર મહેતા, જયશ્રી પ્રદીપકુમાર સંઘવીના માતુશ્રી. હેતવ, ધ્વનિ, હેમલ, અવની, દીપ્તિ, ભૂમિના બા. સ્વ. કરસનદાસ, સ્વ. મંગળાબેન પ્રતાપરાય મહેતા. સ્વ. હસુમતિબેન પ્રતાપરાય ચિતલીયાના ભાઈના પત્ની. પિયરપક્ષે ડુંગર નિવાસી સ્વ. ત્રિવેણીબેન વસંતરાય મહેતાના દીકરી. રમાકાંતભાઈ, રવીન્દ્રભાઈ, નલિનીબેન શૈલેષભાઇ મહેતાના બહેન. તેમની સર્વપક્ષની પ્રાર્થનાસભા ૧૨/૭/૨૬ના રોજ ૫ થી ૭. આંગન ક્લાસિક હોલ, ફેક્ટરી લેન કોર્નર, કેન્ટગાર્ડન ટી પી એસ બોરીવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**નાથળિયા ઉનેવાળ બ્રાહ્મણ**

મુળગામ ડુંગર હાલ અમેરીકા, છોટાલાલ નારણજી વોરા (ઉ. વ. ૭૮) અમેરિકા મુકામે કૈલાસવાસી થયા છે. તે રમાગૌરી છોટાલાલ વોરાના પતિ. ધર્મેશ છોટાલાલ વોરા તથા પીયુષ છોટાલાલ વોરાના પિતા, તુલસી ધર્મેશ વોરા, અર્ચના પીયુષ વોરાના સસરા. મેધાંશ, અવ્યાનના દાદાજી. સ્વ. ઓધવજી નારણજી, સ્વ. રામશંકર નારણજી વોરા, સ્વ. હરગોવિંદ નારણજી વોરાના ભાઇ. સ્વ. ગૌરીશંકર ચુનીલાલ જોષી સિમરના જમાઇ. તેમની પ્રાર્થનાસભા તા.૧૨થી ૦૭, ૨૦૨૬ રવિવારના રોજ બપોરના ૫ થી ૭ ક. સ્થળઃ લુહાણા બાલાશ્રમ હોલ, મથુરાદાસ એક્સચેન્જ રોડ, નિયર અતુલ ટાવર કાંદિવલી વેસ્ટ.

**વિસલનગરા નાગર**

મીનાબેન મહેતા (ઉ. વ. ૬૯) તે ત્રાસવાડાના વતની હાલ મલાડ ભરતકુમારના ધર્મપત્ની, વિમલ-આસ્પીના માતુશ્રી, સ્વ. જયંતીલાલ કાંતાબેનના પુત્રવધૂ. સુમિત્રાબેન નટવરલાલ ભટ્ટના દીકરી, શોભના, પ્રજ્ઞા, નીતા તથા દીપિકાના મોટાબેન. ૧૦/૭/૨૬ના રોજ હાટકેશશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા ૧૨/૭/૨૬ના રોજ ૪ થી ૬ ક. ડી ૧૦૧, ભારત એપાર્ટમેન્ટ, માર્વે રોડ, મલાડ જીમખાના બાજુમાં, મલાડ વેસ્ટ.

## પારસી મરણ

મીનુ બેરામશા શ્રોફ તે નરગિસ મીનુ શ્રોફના ધણી. તે મરહુમ બેરામશા અને મરહુમ મહેરબાઇ શ્રોફના દીકરા. તે મેરનોશ સરફના વડીલ. તે સેશી બીલિમોરિયા શ્રોફના સસરાજી. તે મરહુમ હોમી બેમમશા શ્રોફના ભાઇ. તે ખુશનુમા ઝુબીન દાવર અને વીરાફ તાવાડીયાના માસા. (ઉ. વ. ૮૯) રે. ઠે. ૪૧૩, બ્લોક નં-યુ, ખુશરૂબાગ, (કોલાબા) કોઝવે, કોલાબા મુંબઇ-૪૦૦૦૦૧. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૨-૭-૨૬ના સાંજે ૩.૪૫ વાગે હોડીવાલા બંગલીમાં છેજી.

## જૈન મરણ

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ટાણા નિવાસી હાલ ભાવનગર (ગાંધીધામ) સ્વ. મંજુલાબેન ચીમનલાલ માવજીભાઇ શાહના સુપુત્ર હિતેશભાઇ (ઉ. વ. ૬૨) ગુરુવાર તા. ૨ જુલાઇના રોજ અવસાન પામેલ છે. તે પારુલબેનના પતિ. કેયુર તથા શ્રુતિના પિતા. ભાવેશભાઇ, ચેતના ચંદ્રકાંત, મનીષા સંજયકુમાર, હર્ષીકા જીતેન્દ્રકુમાર, જાગૃતિ (જયોતિ) અજયકુમાર, જીજ્ઞાસા વિક્રમકુમારના મોટભાઇ. વિનુકાકા (ભગત) જયુકાકા, ભૂપતભાઇ, સ્વ. પુષ્પાબેન, ગુણવંતીબેન, ચારુબેન, જશવંતીબેન પરમાણંદભાઇ, પ્રભાબેન રસિકભાઇના ભત્રીજા. તથા હેમાલીના જેઠ તથા બળવંતભાઇ વ્રજલાલ ઠારના જમાઇ. પ્રાર્થનાસભા તા. ૧૯-૭-૨૬ રવિવારના સવારે ૯.૩૦થી ૧૧.૩૦. ઠે. મોતીબાગ ટાઉન હોલ, ભાવનગર ખાતે. ઠે. બી-૧૦૦૧, અમરતરુ ૭બી, જૂના નાગરદાસ રોડ, અંધેરી (ઇસ્ટ).

**વિશા ઓસવાલ જૈન**

જામનગર નિવાસી હાલ બોરીવલી, સ્વ. રાઘવજી કેશવજી શાહના પુત્ર મનહરલાલ (ઉ. વ. ૮૩) તે સ્વ. લાભુબેન નરભેરામ સંઘવીના જમાઈ, સ્વ. લતાબેન (લક્ષ્મીબેન) ના પતિ. પ. પૂ પન્યાસ શ્રી જ્ઞાનબોધીવિજયજી મ. સા, પ્રિતી તથા વૈભવના પિતા. ભરતભાઈ પ્રવિણચંદ્ર દોશીના સસરા. ૧૦/૭/૨૬ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. સી/૨/૨ પ્રેમજીનગર દોલતનગર રોડ નં ૧૦ બોરીવલી ઈસ્ટ.

**ઝાલાવાડી સ્થાનકવાસી વીશા શ્રીમાળી જૈન**

બોટાદ નિવાસી હાલ બોરીવલી, સ્વ. પ્રભાબેન છબીલદાસ દોશીના સુપુત્ર જીતેન્દ્ર (ઉ. વ. ૭૧) તે જયશ્રીના પતિ. શ્રદ્ધા, સંકેત-નિધિના પિતાશ્રી. તે પ્રવિણાબેન, કૈલાશબેન, સુધાબેન, હરેશ અને રાજેશના ભાઈ, સ્વ. ધીરજલાલ ચુનીલાલ ગોપાણી (હાલ પાર્લા) ના જમાઈ. શુક્રવાર તા. ૧૦/૭/૨૬ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

**સ્થાનકવાસી જૈન**

ટંકારા નિવાસી હાલ ભાયંદર, સ્વ. ચંપાબેન ચીમનલાલ મહેતાના સુપુત્ર દિલીપભાઈ (ઉ. વ. ૬૮) ૧૦/૭/૨૬ને અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. વૈશાલીબેનના પતિ, સ્વ. રમાબેન, સ્વ. નીમુબેન, સ્વ. ઇલાબેન અને ગં.સ્વ. મંજુબેનના ભાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

મોટા લાયજાના અ.સૌ. રેખા વસંત ગડા (ઉ. વ. ૬૪) તા.૯-૭-૨૬ ના અવસાન પામેલ છે. માતુશ્રી ગુણવંતીબેન કલ્યાણજી પાસુના પુત્રવધૂ. વસંત કલ્યાણજી ના પત્ની. મૈત્રી, ઉમંગના માતુશ્રી. વાંઢના સ્વ. રતનબેન પ્રેમજી ગાંગજી નંદુના સુપુત્રી. મહેન્દ્ર, હંસા, મધુરી, જ્યોતિ, વંદનાના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઘરે આવવાની તસ્દી લેવી નહિ. નિ. વસંત ગડા, ૬૦૪, ત્રિપાદ, પ્રાતપુષ્પ સોસા., ઘોડબંદર રોડ, થાણા (વે)-૬૧૫.

ડેપાના અ.સૌ. મીનાબેન દામજી ફુરીયા (ઉ. વ. ૬૦) તા. ૯-૭-૨૬નાં અવસાન પામેલ છે. દામજીના પત્ની. કુંવરબાઇ ભવાનજીના પુત્રવધૂ. ઉદયના માતુશ્રી. સુંદરબેન લાલજી (બાબુ)ના પુત્રી. નવીનાળના લીલાવંતી હરખચંદ, લાખાપરના યશવંતી નાનજી, અરૂણા રાજેશ, કોટડા રોહાના ભારતી રમેશના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઘરે આવવાની તસ્દી લેવી નહીં. ફોન આવકાર્ય. નિ. દામજી ફુરીયા, ૩૦૨, સુદર્શન હાઇટસ, દૌલતનગર રોડ નં. ૮, બોરીવલી (ઇ.), મું. ૬૬.

બિદડા ઓતરા ફરીયાનાં મહેન્દ્ર હીરજી ગંગર (ઉ. વ. ૭૩) તા. ૧૦-૦૭-૨૬ના અરિહંત શરણ પામેલ છે. રતનબેન હીરજીના પુત્ર. કુસુમના પતિ. અનિષ, કુનાલના પિતા. અશ્વિન, વિજય, સમાઘોઘાના રેખા રમણીક, ફરાદીના હર્ષા કીરણના ભાઇ. રતનબેન લીલાધરના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : મહેન્દ્ર હીરજી ગંગર, ૨, આનંદ નિવાસ, આનંદ રોડ, મલાડ (વેસ્ટ). મુંબઇ-૪૦૦૦૬૪. ફોન રૂબરૂ તુલ્ય.

મોટા લાયજાના કુસુમબેન રાજેન્દ્ર ગાલા (ઉ. વ. ૬૪) તા. ૯-૭-૨૬નાં અવસાન પામેલ છે. રાજેન્દ્રના પત્ની. સ્વ. લક્ષ્મીબેન ટોકરશી લાલજી ગાલાના પુત્રવધૂ. રાહુલ, ઝંખનાના માતુશ્રી. મોટી ખાખરના સ્વ. મણીબેન ઉમરશી ખેતશી સંગોઇના સુપુત્રી. હેમલતા, બીપીન, જ્યોતિ, વર્ષા, સ્વ. નીતાના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઘરે આવવાની તસ્દી લેવી નહીં. રાહુલ ગાલા, સી/૧૭/૫૨૫, સેક્ટર-૫, ચારકોપ, કાંદીવલી-૪૦૦૦૬૭.

ભોજાયના શ્રી ભાઈલાલ દામજી હંસરાજ પાસડ (ઉ. વ. ૭૯) તા. ૦૯-૦૭-૨૦૨૬ના રોજ અરિહંત શરણ પામેલ છે. માતુશ્રી ગંગાબાઈ દામજી હંસરાજના પુત્ર. નરેડીના માતુશ્રી સુંદરબેન વેલજી સામતના જમાઈ. ઝવેરબેનના પતિ. નીરવ, શ્વેતાના પિતા. એલ. ડી. શાહ, રાજેન્દ્ર, રમેશ, વલ્લભજી, ધનજી, રમણીક, મણીલાલના ભાઈ. પ્રાર્થના : યોગી સભાગૃહ, ગ્રાઉન્ડ ફ્લોર, દાદર (ઈ). ટા.૧.૩૦ થી ૩.૦૦.

તલવાણાના કાંતિલાલ રતનશી દેઢિયા (ઉ. વ. ૭૦) તા. ૯-૭-૨૬ના અવસાન પામેલ છે. સ્વ. વેજબાઈ રતનશીના સુપુત્ર. રસીલાબેનના પતિ. પ્રિતેશ, પલ્લવીના પિતાશ્રી. પ્રેમજી, મણિલાલ, નેમચંદ, અશોક, કોડાય શોભના હેમચંદના ભાઈ. પ્રાગપુર રૂક્ષ્મણીબેન પ્રેમજીના જમાઈ. પ્રા. શ્રી ક.વિ.ઓ.દે.મ. સંચાલીત શ્રી જીરાવલ્લા દેરાસર વાડી, દેરાસર લેન, ઘાટકોપર (ઈ.) ટા. ૩.૩૦ થી ૫.૦૦. નિ. પ્રિતેશ દેઢિયા, લીલા એપાર્ટમેન્ટ, બ્લોક નં. ૧૪, વિલેજ રોડ, ચંદન હોસ્પિટલની પાસે, ભાંડુપ (વે.), મુંબઈ-૪૦૦ ૦૭૮.

નાગલપુરના ભવાનજી શીવજી નાગલપુરવાલા /છાડવા (તંત્રી : કચ્છ વિકાસ) (ઉ. વ. ૯૦) તા. ૯-૭-૨૦૨૬ ના અવસાન પામ્યા છે. માણીબેન શીવજી માલસીના સુપુત્ર. મંજુલાબેનના પતિ. સુજાતા, નીપાના પિતાશ્રી. કલ્યાણજીભાઈ, મગનભાઈ, લક્ષ્મીબેનના ભાઈ. કાંડાગરાના રતનબેન, વિજપાર હધુના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. ભવાનજી શીવજી : ૧૧૦૭, પ્રભાત રેસીડેન્સી, સાઉથ બ્લોક, રોડ નં.૧૧, ગોલીબાર, સાંતાક્રુઝ (ઈસ્ટ), મું-૫૫.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|





# અમેરિકા-ઈરાનઃ યુદ્ધવિરામ ટકતો કેમ નથી?

**આ યુદ્ધે એવી અંધાધૂંધી સર્જી છે કે સમસ્ત વિશ્વની આર્થિક દશા-દિશા બદતર થઈ રહી છે. યુદ્ધબંધીના કરાર દર બીજે દિવસે જે રીતે ફોક થઈ જાય છે એ એક માત્ર અકસ્માત નથી, પણ ઈરાનને એ નેસ્તનાબૂદ કરવા જંગે ચઢેલા અમેરિકા- ઈઝરાયલ અને આરબ દેશોનું એક સશકત સંયુકત ષડ્યંત્ર છે...**

કવર સ્ટોરી
વિજય વ્યાસ
feedback@bombaysamachar.com

અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલા યુદ્ધવિરામનું સુરસુરિયું થઈ ગયું ને પાછા સામસામા હુમલા શરૂ થઈ ગયા છે. અમેરિકા અને ઈઝરાયલ ઈરાનનાં ઠેકાણાં પર હુમલા કરી રહ્યાં છે તો ઈરાન પણ ઈઝરાયલ ઉપરાંત અમેરિકાના સાથી એવા આરબ દેશોને નિશાન બનાવી રહ્યું છે તેના કારણે મિડલ ઈસ્ટમાં પાછી અશાંતિ ઊભી થઈ ગઈ છે. આ અશાંતિ ક્યારે મટશે એ ખબર નથી પણ અત્યારે તો સૌથી વધારે ચર્ચા એ વાતની થઈ રહી છે કે, આખરે ઈરાન અને અમેરિકા વારંવાર યુદ્ધવિરામ કર્યા પછી કેમ પાછાં યુદ્ધ શરૂ કરી દે છે ?


આ સવાલ વ્યાજબી છે કેમ કે અમેરિકા અને ઈઝરાયલે ઈરાન પર હુમલા શરૂ કર્યા પછી વારંવાર એવું બન્યું છે કે, બંને દેશે યુદ્ધવિરામની જાહેરાત કરી હોય પણ થોડાક દિવસોમાં પાછાં બંને યુદ્ધ કરવા મંડી પડ્યાં હોય. છેલ્લે તો બંને દેશ ૬૦ દિવસના યુદ્ધવિરામ માટે તૈયાર થયેલાં પણ છ દિવસમાં તો તેનું પણ સુરસુરિયું થઈ ગયું તેથી આ સવાલ યોગ્ય છે.

આ સવાલનો જવાબ આરબ દેશો અને ઈઝરાયલ છે.

આરબ દેશો ઈચ્છે છે કે અમેરિકા જ ઈરાનનો ખાતમો કરી નાંખે, તેથી ઈઝરાયલને સાધીને યુદ્ધવિરામ થવા દેતાં નથી.

બીજી તરફ, ઈરાન દુનિયામાં શિયાઓનો એક માત્ર દેશ છે. મુસ્લિમોમાં શિયા અને સુન્નીઓએ વચ્ચે બાપે માર્યા વેર છે તેથી સુન્ની આરબ દેશોને ઈરાન તાકાતવર બને એ પસંદ નથી. યુદ્ધવિરામના કારણે ઈરાને અમેરિકા અને ઈઝરાયલને નમાવ્યું એવો મેસેજ જાય તેના કારણે દુનિયાભારના મુસ્લિમો ઈરાનને મુસ્લિમો માટે લડનારો દેશ માને તેથી આરબોનું મુસ્લિમો પર વર્ચસ્વ ઘટે તેથી આરબો ઈરાનમાં શાંતિ નથી ઈચ્છતા.

બીજી તરફ, ઈરાન અને અમેરિકા વચ્ચે યુદ્ધવિરામ થાય, બંને દેશો વચ્ચે મિત્રતા વધે ને આર્થિક સંબંધો ગાઢ બને તો ઈરાનનો વટ વધી જાય એ પણ એક કારણ છે. આરબ દેશો વરસો લગી અમેરિકાના પીઠ્ઠુ બનીને રહ્યા પછી હવે ચીનના પડખામાં ભરાયા છે. અમેરિકા અને ચીન વચ્ચે કોલ્ડ વોર ચાલે છે તેથી અમેરિકા અને ઈરાન વચ્ચે દોસ્તી થાય તો ભવિષ્યમાં મિડલ ઈસ્ટમાં ઈરાન સૌથી શક્તિશાળી દેશ તરીકે ઊભરે. ઈરાનનું વર્ચસ્વ વધે એવું આરબો કોઈ કાળે ના ઈચ્છે તેથી યુદ્ધવિરામમાં ફાચર મરાવી દે છે.



ઈરાન સાથે ઈઝરાયલ યુદ્ધવિરામ નથી ઈચ્છતું કેમ કે અત્યારે ઇઝરાયલનો સૌથી મોટો દુશ્મન ઈરાન છે અને ઈઝરાયલમાં આતંકવાદને ભડકાવે છે. એક જમાનામાં સાઉદી અરેબિયા સહિતનાં તમામ આરબ દેશો ઈઝરાયલ સામે એક થઈને લડેલા. આ યુદ્ધોમાં કારમી હાર પછી આરબ દેશોએ પ્રોક્સી વોર શરૂ કરીને મુસ્લિમ આતંકવાદીઓની લડાઈને પોષીને નવો જંગ શરૂ કર્યો. યાસર અરાફત અને અબુ નિઢાલ સહિતના આતંકવાદીઓને આરબ દેશોએ તન-મન-ધનથી મદદ કરીને ઈઝરાયલને વરસો લગી પરેશાન કર્યું પણ બધા મુસ્લિમો ભેગા થઈને પણ ઈઝરાયલને નમાવી ના શક્યા.

શાસકોના આક્રમક મિજાજ, યહૂદીઓની લડાયકતા અને અમેરિકાના સંપૂર્ણ પીઠબળના જોરે ઈઝરાયલે મુસ્લિમ આતંકવાદીઓનો સફાયો કરવા માંડ્યો પછી યાસર અરાફત સહિતના આતંકવાદી હાંફી ગયા ને ઈઝરાયલ સાથે સમાધાન કરી લીધું. આ સમાધાનના ભાગરૂપે વેસ્ટ બેંકમાં અરાફતના ફતહની અને ગાઝા પટ્ટીમાં હમાસનું શાસન છે. અરાફત તો બહુ પહેલાં ગુજરી ગયા, પણ અત્યારે તેમના ચેલકા રાજ ચલાવે છે.

આરબ દેશોએ ઈઝરાયલ સામે બહુ પહેલાં જ હથિયાર હેઠાં મૂકી દીધાં છે. યુએઈ, બહેરીન સહિતના આરબ દેશોએ તો ઈઝરાયલ સાથેની દુશ્મનીને ભૂલાવીને હાથ મિલાવી લીધા છે. સાઉદી અરેબિયા પણ ઈઝરાયલ સાથે સહકાર વધારી રહ્યું છે તેથી ઈઝરાયલ સામે લડતાં હમાસ સહિતનાં કટ્ટરવાદી સંગઠનોને આરબ દેશો પાસેથી પહેલાં જેવી મદદ મળતી નથી. ઈરાને આ તકનો લાભ લઈને ઈઝરાયલ સામે લડતાં આતંકવાદી સંગઠનોને પોષવા માંડ્યાં છે. ઈરાન શિયાઓનો દેશ છે પણ મુસ્લિમ એકતાના નામે સુન્ની કટ્ટરવાદી સંગઠનને પણ મદદ કરે છે.

શિયા કટ્ટરવાદીઓનું આતંકવાદી સંગઠન હિઝબોલ્લાહ તો ઈરાનનું જ બગલબચ્ચું છે. હુથી આતંકીઓ પણ ઈરાને ઊભા કરેલા છે. આ બધાનો ઉપયોગ કરીને ઈરાન દુશ્મન ઈઝરાયલની મેથી માર્યા કરે છે.

ઈઝરાયલ પોતાની રીતે આતંકીઓનો સફાયો કર્યા કરે છે પણ ઈરાનના કારણે એ ટકી રહ્યાં છે તેથી ઈઝરાયલે મૂળ પર ઘા કરીને આતંકવાદીઓને સાવ નોંધારા કરી દેવાની વ્યૂહરચના અપનાવી છે. અમેરિકાએ તેમાં સાથ આપ્યો પણ હવે અમેરિકા પાણીમાં બેસી જાય તો આતંકવાદીઓને પોરો ખાવા મળી જાય તેથી ઈઝરાયલને ધોળે ધરમેય યુદ્ધવિરામ ખપતો નથી. ઈરાનની પીઠ્ઠુ આતંકીઓનો સફાયો કરીને કાયમ માટે શાંતિ કરી દેવાનો તેનો ઈરાદો છે તેથી અમેરિકા ના કહે તો પણ હુમલા ચાલુ રાખ્યા છે.

ઈઝરાયલનો ઈરાદો ઈરાનના પરમાણુ કાર્યક્રમનાં પાટિયાં કાયમ માટે પાડી દેવાનો પણ છે. ઈરાન લાંબા સમયથી પરમાણુ શસ્ત્રો બનાવવા મથી રહ્યું છે. પાકિસ્તાની વિજ્ઞાની ડૉ. અબ્દુ કાદિર ખાનની મદદથી શરૂ કરી પરમાણુ કાર્યક્રમમાં ઈરાન ખાસ્સુ આગળ વધી ગયું છે પણ હજુ ઈરાન પાસે પરમાણુ શસ્ત્રો નથી. ઈરાન પાસે કદીય પરમાણુ શસ્ત્રો ના હોય એવી સ્થિતિ ઈઝરાયલ પેદા કરવા માગે છે કે જેથી ઈઝરાયલ સલામત રહે.

જોકે ઈરાન પાસે પરમાણુ શસ્ત્રો આવી ગયાં એ દિવસે ઈઝરાયલ પર પરમાણુ બોમ્બ ઝીંકીને તેનું અસ્તિત્વ મટાડી દેવામાં ઈરાન પળનો વિચાર નહીં કરે એ નક્કી છે તેથી ઈઝરાયલ ખોટું નથી. ઈઝરાયલ બાવીસ હજાર ચોરસ કિલોમીટર વિસ્તારમાં ફેલાયેલો નાનકડો દેશ છે. ગુજરાતનો વિસ્તાર ૧.૯ લાખ ચોરસ કિલોમીટર છે એ જોતાં ઈઝરાયલ ગુજરાત કરતાં નવના ભાગનો વિસ્તાર ધરાવે છે. આવડા નાના દેશને ખતમ કરવા માટે બે પરમાણુ બૉમ્બ તો બહુ થઈ ગયા.

ઈઝરાયલ દુનિયામાં યહૂદીઓનો એક માત્ર દેશ છે તેથી ઈરાન ઈઝરાયલ પર પરમાણુ બૉમ્બ ફેંકે તો મોટા ભાગના યહૂદીઓ સાફ થઈ જાય. આ સ્થિતિ કદી ના આવે એવું ઈચ્છીએ પણ ના કરે નારાયણ ને એવું થાય તો દુનિયાનો કોઈ દેશ ઈઝરાયલની મદદે ના આવે. ઈરાન પોતાના પર પરમાણુ બૉમ્બ ફેંકી દેશે એ ડરે બધા દેશ વેગળા થઈ જાય. ઈઝરાયલ આ વાત સારી રીતે જાણે છે તેથી ઈરાનના પરમાણુ કાર્યક્રમને સાવ રફેદફે કરી નાંખવા માગે છે. આ માટે એ સતત બૉમ્બમારો કરી રહ્યું છે કે જેથી ઈરાને વરસોની મહેનત પછી ઊભી કરેલી પરમાણુ બૉમ્બ લેબોરેટરી સાફ થઈ જાય.

અમેરિકા યુદ્ધવિરામ સ્વીકારી લે તો ઈરાનના પરમાણુ કાર્યક્રમનો સફાયો કરી નાખવાનું અભિયાન પણ બંધ કરી દેવું પડે તેથી ઈઝરાયલ હુમલા રોકવા તૈયાર નથી. હાથ પર લીધું છે તો પૂરું કરીને જ જંપવાનું એવું નક્કી કરીને ઈરાનના પરમાણુ કાર્યક્રમ માટેના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને ખતમ કરી નાંખવા જ ઈઝરાયલ માગે છે.

આમ જુવો તો ઈઝરાયલની આ વરસો જૂની નીતિ છે. એક જમાનામાં ઈઝરાયલે ભારતને પણ પાકિસ્તાનના પરમાણુ કાર્યક્રમના કેન્દ્ર એવા કાહુટાને ઉડાવી દેવા માટે તમામ મદદની તૈયારી બતાવી કેમ કે મુસ્લિમ રાષ્ટ્રો પાસે પરમાણુ બૉમ્બ આવી જાય તો કોઈના ન ગાઠે એ ઈઝરાયલ સારી રીતે જાણે છે. આ કારણે એ પાકિસ્તાનના પરમાણુ કાર્યક્રમના ભુક્કા બોલાવી દેવા માંગતું હતું ને અત્યારે ઈરાનના પરમાણુ કાર્યક્રમને પતાવી દેવા માગે છે તેથી અમેરિકા યુદ્ધવિરામ કરે તો પણ ઈઝરાયલ માન્ય નથી રાખતું.

ઈઝરાયલનું આંતરિક રાજકારણ પણ યુદ્ધવિરામના અસ્વીકાર માટે જવાબદાર છે. ભ્રષ્ટાચારના કેસમાં ફસાયેલા બેન્જામિન નેત્યાનાહુ હુમલા બંધ કરી દે ને શાંતિ કરી દે તો તેમની સામેનો કેસ પાછો ખૂલી જાય એટલે નેતાન્યાહુ પોતાની દુકાન ચલાવવા માટે પણ યુદ્ધવિરામ થવા જ નથી દેતા.

આરબ દેશો, અમેરિકા અને ઈઝરાયલ પોતપોતાના સ્વાર્થને કારણે યુદ્ધવિરામ નથી થવા દેતા તેમાં દુનિયાની પત્તર ખંડાઈ ગઈ છે. એક તરફ ક્રૂડનો કકળાટ મચ્યો છે તો બીજી તરફ યુદ્ધ ઉગ્ર સ્વરૂપ ધારણ કરે તો આખું એશિયા તેની લપેટમાં આવી જાય એવો ખતરો પણ છે. આ ખતરાને ટાળવા યુદ્ધવિરામ જરૂરી છે પણ યુદ્ધની મમતે ચડેલા આ હિંસક નમૂના માને તો ને ? ■

મોર્નિંગ મ્યૂસિંગ
રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

## અમેરિકાની અઢી સદી

# અહીં વ્યક્તિની ઓળખ નહીં, પ્રતિભા પૂછવામાં આવે છે

દુનિયાનો સૌથી શક્તિશાળી દેશ અમેરિકા તેની સ્થાપનાનાં ૨૫૦ વર્ષ પૂરાં કર્યાનો ઉત્સવ મનાવી રહ્યો છે. અઢી સદી પહેલાં, ૪ જુલાઈ ૧૭૭૬ના રોજ અમેરિકાના સ્વાતંત્ર્યની ઘોષણા કરવામાં આવી હતી. આટલા ટૂંકા ઇતિહાસ છતાં પણ આ દેશ આજે દુનિયાનો સૌથી તાકાતવર, સમૃદ્ધ અને સૌથી આઝાદ દેશ કેવી રીતે બની ગયો તે આખી દુનિયા માટે અભ્યાસનો અને પ્રેરણાનો વિષય રહ્યો છે.

અમેરિકા કેમ મહાન છે તેની આ ચર્ચામાં એક અગત્યનો સૂર ઊઠ્યો છે તેની મલ્ટિનૅશનલ કંપની પેપ્સિકોની ભૂતપૂર્વ સીઈઓ ઈન્દ્રા નૂઈનો. ભારતીય મૂળની આ પહેલી અમેરિકન મહિલા સીઈઆએ કહ્યું છે, 'હું દુનિયાના બીજા કોઈ દેશમાં સીઈઓ બની શકી નહોત - ભારતમાં પણ નહીં. અમેરિકામાં આ સંભવ બન્યું, કારણ કે ત્યાંની વ્યવસ્થા વ્યક્તિની યોગ્યતાને મહત્ત્વ આપે છે. ત્યાંના લોકોને એ ફરક નથી પડતો કે તમે પુરુષ છો કે મહિલા, તમે કયા દેશમાંથી આવો છો અથવા તમારો રંગ કેવો છે. તેમને કેવળ ઉત્તમ પ્રતિભાથી મતલબ છે.'

સ્વાભાવિક રીતે જ આ બયાન પર મતભેદ થવાનો જ હતો. અમુક લોકોએ તેને અમેરિકાનું મહિમામંડન ગણાવ્યું,

અમુક લોકોએ કહ્યું કે અમેરિકામાં પણ નકસલવાદ, અસમાનતા અને ભેદભાવ મોજૂદછે. અમુકે કહ્યું કે અમેરિકા કોઈ આદર્શ સમાજ નથી, ત્યાં પણ અનેક સમસ્યાઓ છે.

આ વાત સાચી છે, પરંતુ આ દલીલોથી એક બીજો પ્રશ્ન ખતમ થઈ જતો નથી. જો અમેરિકા દોષપૂર્ણ દેશ હોય તો દુનિયાના સૌથી પ્રતિભાશાળી લોકો આજે પણ ત્યાં જવા કેમ ઇચ્છે છે? કેમ દર વર્ષે લાખો લોકો ઘર-બાર, દેશ, ભાષા અને સંસ્કૃતિ છોડીને અમેરિકામાં વસવાનું સપનું જુવે છે? કેમ લોકો જીવ અને જીવનના જોખમે ગેરકાનૂની રીતે અમેરિકાની સરહદોમાં ઘૂસે છે?

તેનો ઉત્તર કેવળ વેતન કે ડૉલર નથી. કેવળ પૈસાની જ વાત હોત તો દુનિયાના અન્ય અનેક દેશ પણ એટલા જ આકર્ષક છે.

અમેરિકાની અસલી તાકાત એ વ્યવસ્થા છે, જે કમ-સે-કમ એટલો વિશ્વાસ તો આપે છે કે જો તમારી પાસે પ્રતિભા હોય, તમારામાં મહેનત કરવાની વૃત્તિ હોય અને તમારામાં નવું કરવાનું સાહસ હોય તો તમારી સામે આગળ વધવાનો રસ્તો ખુલ્લો છે.

દુનિયાના મોટા ભાગના દેશોમાં વ્યક્તિના જન્મની સાથે જ તેનું ભવિષ્ય નક્કી થઈ જાય છે. તમારો પરિવાર કોણ છે, તમારી અટક શું છે, તમારો ધર્મ, તમારી જાત, તમારું સામાજિક સ્થાન શું છે અને તમારા સંબંધો કેટલા તાકાતવર છે તેના પર તમારો આગળનો રસ્તો નક્કી થાય છે, નહીં કે પ્રતિભા કે લાયકાતથી. અમેરિકા અહીં અલગ પડે છે.

અમેરિકાએ તેની સ્થાપનાના સમયથી જ એ વિચારનો સ્વીકાર કર્યો હતો કે વ્યક્તિનું મૂલ્ય તેના જન્મથી નહીં પણ તેની ક્ષમતાથી નક્કી થવું જોઈએ. વ્યવહારમાં આ આદર્શ ભલે પૂરેપૂરો લાગુ નથી થઈ શક્યો, પણ



એટલું જરૂર છે કે આ વિચારે લાખો લોકોને એવો વિશ્વાસ જરૂર અપાવ્યો છે કે તેઓ તેમનું તકદીર ખુદ બદલી શકે છે.

એટલા માટે જ અમેરિકાને પ્રવાસીઓનો દેશ કહેવામાં આવે છે. ઓગણીસમી અને વીસમી સદી વચ્ચે કરોડો લોકો યુરોપ અને વિભિન્ન દેશોમાંથી અમેરિકા પહોંચ્યા હતા. આયર્લૅન્ડમાં દુકાળ પડ્યો તો લાખો લોકો ત્યાંથી નીકળી પડ્યા. ઇટલી, જર્મની, પૉલેન્ડ અને રશિયાના ગરીબ લોકો બહેતર જીવનની તલાશમાં અમેરિકા આવ્યા હતા.

ન્યૂયોર્કના એલિસ આઇલૅન્ડ પર ઉતરનારા આ લાખો લોકો માટે (એમાં એક પરિવાર ડોનલ્ડ ટ્રમ્પના પૂર્વજોનો પણ હતો) અમેરિકા એક ભૌગોલિક સ્થાન નહીં, એક સંભાવના હતું.

વીસમી સદીના ઉત્તરાર્ધમાં આ જ કહાની એશિયા સાથે દોહરાવાઈ. ભારત, ચીન, તાઇવાન, દક્ષિણ કોરિયા અને બીજા અનેક દેશોના વૈજ્ઞાનિકો, ઇજનેરો, ડૉક્ટરો અને શોધકર્તાઓ અમેરિકા પહોંચ્યા હતા. આજની મોટી ટેક્નૉલૉજિકલ કંપનીઓમાં આ વાત વધુ સ્પષ્ટ છે. ગૂગલનું નેતૃત્વ ભારતીય મૂળના સુંદર પિચાઈએ કર્યું છે,

માઇક્રોસૉફ્ટની કમાન ભારતના સત્ય નડેલાએ સંભાળી છે, એનવીડિયાના સંસ્થાપક અને સીઈઓ જેન્સેન હુઆંગ તાઇવાનથી આવેલા પ્રવાસી પરિવારનું સંતાન છે, એડોબના શાંતનુ નારાયણ ભારતથી ગયેલા છે અને ઈન્દ્રા નૂઈની વાત તો આપણે અહીં શરૂઆતમાં કરી જ છે.

ઇતિહાસમાં પાછળ જઈએ તો પણ આવી કહાનીઓ મળે છે. આલ્બર્ટ આઇન્સ્ટાઇનને સૌથી મોટો અવસર અમેરિકાએ આપ્યો હતો. ઇટલીના વૈજ્ઞાનિક એનરિકો ફર્મી, હંગેરીના મહાન ગણિતજ્ઞ જોન વોન ન્યૂમેન અને સર્બિયાના નિકોલ ટેસ્લા જેવાં અસંખ્ય નામો બતાવે છે કે આધુનિક વિજ્ઞાન અને આંત્રપ્રેન્યોરશિપના ઇતિહાસમાં કેવળ અમેરિકન લોકોનું જ યોગદાન નથી. ત્યાં લાખો પ્રવાસીઓનાં સપનાંને જગ્યા મળી છે અને તેમણે તેને મહાન બનાવ્યો છે.

સિલિકોન વૅલીની ઑફિસોમાં આજે પણ ભારતીયો, ચીની, ઈરાની, ઇઝરાયેલી, રશિયન, યુરોપિયન અને લેટિન અમેરિકન મૂળના લોકો એક સાથે કામ કરી રહ્યા છે. આ દેશમાં વિચારોની હરીફાઈ થાય છે, પાસપોર્ટની નહીં. એ સંયોગ નથી કે ઇન્ટરનેટ, કૃત્રિમ બુદ્ધિમત્તા, સેમીકંડક્ટર, બાયોટેક્નૉલૉજી અને અંતરીક્ષ વિજ્ઞાનમાં અમેરિકા લગાતાર નેતૃત્વ કરતું આવ્યું છે. તેની સૌથી મોટી મૂડી તેલના કૂવા કે પ્રાકૃતિક સંસધાન નથી. તેની સૌથી મોટી મૂડી એ વૈશ્વિક પ્રતિભાઓ છે જેને તે બે હાથ ખુલ્લા કરીને આવકારે છે.

વાસ્તવમાં પ્રતિભા કોઈ એક દેશની સંપત્તિ નથી હોતી. તે પૂરી દુનિયામાં સમાન રૂપે જન્મે છે. ફરક કેવળ એટલો જ હોય છે કે કયો સમાજ તેને ઓળખે છે અને કયો સમાજ તેને ઓળખતાં પહેલાં તેનાં નામ, જાતિ, ધર્મ, લિંગ કે સામાજિક પદનો હિસાબ લગાવે છે.

જ્યાં અવસર સીમિત હોય ત્યાં પ્રતિભા ધીમે-ધીમે નિરાશ થઈ જાય છે અને બીજે નજર દોડાવે છે. આ જ કારણ છે કે 'બ્રેન ડ્રેન' કેવળ આર્થિક ઘટના નથી. તે વિશ્વાસનું સંકટ છે. લોકો પોતાનો દેશ એટલા માટે નથી છોડતા કે તેમની ધરતી માટે તેમને પ્રેમ નથી. તેઓ એટલા માટે જાય છે, કારણ કે તેમને લાગે છે કે બીજે ક્યાંક તેમની યોગ્યતાને વધુ સન્માન મળશે.

એ વાત પણ સાચી છે કે અમેરિકાની યાત્રા આસાન નથી રહી. અશ્વેતોના અધિકારો માટે લાંબો સંઘર્ષ થયો છે, મહિલાઓને બરાબરીનો દરજ્જો મળતાં દાયકાઓ લાગ્યા છે અને પ્રવાસીઓ પ્રત્યે સમય-સમય પર સંદેહ અને વિરોધ ઊભરતા રહ્યા છે, પરંતુ એ કમજોરીઓ છતાં અમેરિકાએ ખુદમાં સુધાર કરવાની ક્ષમતા બતાવી છે. એટલા માટે આજે પણ તેની શ્રેષ્ઠ યુનિવર્સિટીઓમાં મોટી સંખ્યામાં વિદેશી વિદ્યાર્થીઓ ભણે છે અને સિલિકોન વૅલીની અનેક સફળ કંપનીઓમાં એવા લોકો કામ કરે છે જેમનો જન્મ અમેરિકામાં થયો નથી.

અમેરિકાની આર્થિક અને વૈજ્ઞાનિક શક્તિ પાછળ જો કોઈ વિચાર સૌથી વધુ મહત્ત્વનો હોય તો તે એ છે કે પ્રતિભા દુનિયાના કોઈ પણ ખૂણેથી આવે, તેનું સ્વાગત કરવું જોઈએ. તેની અસલી તાકાત એ વિશ્વાસમાં છે જે તેના નાગરિકો અને દુનિયાના પ્રતિભાશાળી લોકોની અંદર પેદા થાય છે. જે સમાજ એમ પૂછે કે 'તમે કોણ છો?' તે ધીમે-ધીમે સીમિત થતો જાય છે. જે સમાજ એવું પૂછે કે 'તમે શું કરી શકો તેમ છો?' તે ભવિષ્યનું નેતૃત્વ કરે છે. ■



# ગુજરાતી ભાષાના કોહિનૂર હસમુખ ગાંધી (૨)

આજે આટલું જ
શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com





હસમુખ ગાંધી

એક તો માંડ માંડ હજી આ નવાસવા ‘સમકાલીન’થી ટેવાવાનું શરૂ થયું હતું ૧૯૮૪માં, એમાં ૩૧ જાન્યુઆરીએ વડાં પ્રધાન ઈન્દિરા ગાંધીની હત્યા અને ગણતરીના કલાકોમાં બિનઅનુભવી સુપુત્ર રાજીવ ગાંધીને વડા પ્રધાન નિમી દેવાયાં અને બીજા દિવસે હસમુખ ગાંધીએ છાપાના અક્ષરોની મોટામાં મોટી ફોન્ટ સાઈઝમાં પહેલે પાને મથાળું બાંધ્યું ‘બે ગોઝારી ઘટના’...લોકો હબક જરૂર ખાઈ ગયા પણ ગાંધીની દૂરંદેશી કોઈએ ન પકડી. આજે એમનાં વિશે લખતાં એમનાં કેટલાંય મથાળાં યાદ આવે છે. ‘તનખૈયાં અને ભગતડાં’ કે ‘શંકર દયાળ શર્મા ભપ્પ થઈ ગયાં’ કે એમના નૌતમલાલ જેવાં પાત્રો કે...કે...કે...

એમની પત્રકાર વિલાપ યાત્રાની વાત આગળ વધારીએ આજે

* * *

તંત્રી કોઇને પ્રસિદ્ધિ આપવાની ના પાડે તો એ કોઇ પછીથી પાછલે બારણેથી, એટલે કે એકાદ કટાર દ્વારા અખબારમાં ડોકાય છે. કોમર્સના પાનાં બહુ છેતરામણાં હોઇ શકે છે. કંપની સમાચાર છાપવા એટલે અલીબાબાનો કે કુબેર ભંડારીનો ખજાનો ઉઘાડો મૂકવો. તમે અમુક કંપનીના શેરની હિમાયત કરો તો તમને પ્રેફરન્શિયલ શેરની કૂંચી મળી જાય.

કંપનીના ડિરેક્ટર વાર્ષિક જે સભાનું જે ભાષણ એક જાહેરખબર તરીકે છપાવવા માગતા હોય એ જ ભાષણ બેઠું જો કોમર્સ પેજ ઉપર આવે તો સમજવું કે જાહેરખબર ખાતાને તેની લેજિટિમેટ આવકથી વંચિત રાખવામાં આવ્યું છે. સામાજિક સમાચારોને નામે એક મોટું ધતિંગ ચાલે છે. પરીક્ષામાં ત્રીજે ચોથે નંબરે પાસ થનારની છબી ફલાણી જ્ઞાતિનું ગૌરવ એવા મથાળા સાથે છપાય છે અને પીએચડી કરનાર દરેક વ્યક્તિ પોતાનો ફોટો છપાવડાવી જાય છે.

પત્રકારત્વ એક નાજુક વ્યવસાય છે. પત્રકારત્વ એટલે ઉતાવળમાં લખાયેલું સાહિત્ય, પત્રકારત્વમાં પ્રવેશનાર વ્યક્તિ એક ક્રાફ્ટસમેન હોવી જોઇએ. ગુજરાતી પત્રકારત્વ ઊંચું નથી આવતું તેનું કારણ એ છે કે લોકો પાસે આ વ્યવસાયની કોઇ સજ્જતા નથી હોતી. જરૂર પણ નથી જણાતી. મેટ્રિક કે તેથીય ઓછું ભણેલા માણસો અહીં તંત્રી, મદદનીશ તંત્રી, ન્યૂઝ એડિટર, ચીફ રિપોર્ટર કે કોમર્સ તંત્રી બની જાય છે. દરેક તસવીરની કિંમત હોય છે. ક્યારેક કેશ મળે તો ક્યારેક કાઇન્ડમાં એની કિંમતની ચુકવણી થાય.

ન્યૂઝની વાત મૂકીને વ્યૂઝ કે વિવરણ ઉપર આવીએ તો અગ્રલેખો કાં તો મૂર્ખાઇભર્યા હોય છે અને કાં તો અંગ્રેજી અખબારોમાંથી તફડાવેલા હોય છે. ગુજરાતી અખબારોની કટારો પણ એવી જ વાહિયાત હોય છે. આ કટારોની ફાળવણી સગાસ્નેહીઓને ઉપકૃત કરવા માટે થતી લહાણી (લાર્જેસ) જેવી હોય છે. એમાં પાછું કન્સિડરેશન (ગણતરી, વળતર, સાટાદોઢા) હોય છે. વિવરણનું કે વ્યૂઝનું પાનું જેમ તેમ ભરવા માટે જે કટાર લેખકો રાખવા પડે છે તેમાંના કેટલાક તો પોતાના ધંધાને લાભાર્થે એ કટારને બોડી બામણીનું ખેતર માનીને એનો ઉપયોગ કરે છે. ઘણીવાર જર્નલિઝમની કોલેજમાંથી આવેલી વ્યક્તિઓ પણ ફલોપ જાય છે. મૂળભૂત ટૂલ્સ છે ભાષા, જનરલ નોલેજ, સૌંદર્યદૃષ્ટિ, રોબસ્ટ તબિયત, વ્યવસાયી ડેડિકેશન અને લગન તથા હોમવર્ક કરવાની તૈયારી. પત્રકારત્વ એક રાઉન્ડ ધ કલોક વ્યવસાય છે.

કમનસીબે, ઘણાખરા ગુજરાતી પત્રકારોની સ્થિતિ ભાષાને શું વળગે ભૂર, જે રણમાં જીતે તે શૂર (કર્ટસી અખેરામ સોની) જેવી છે. જેઓ સ્વચ્છ અને શુદ્ધ ગુજરાતી લખે તેમની ગુજરાતી પત્રકારો ઠેકડી ઉડાડે છે. ગુજરાતી લખતા ન આવડવું એ ગુજરાતી પત્રકારત્વમાં એક મોટું ક્વોલિફિકેશન ગણાય છે. એક અખબારમાં તો એક જોક બહુ પ્રચલિત છે. તમને ગુજરાતી આવડતું હોય તો તમારી નિમણૂક પ્રૂફરીડિંગ ડિપાર્ટમેન્ટમાં થશે અને જો ગુજરાતી નહીં આવડતું હોય તો તમારી નિમણૂક તંત્રી વિભાગમાં થશે.

દરેક ગુજરાતી અખબાર અને સામાયિકમાં (કવર પેજ ઉપર પણ) જોડણીની, વ્યાકરણની અને અનુસ્વારની અસંખ્ય ભૂલો હોય છે. રાજીવ ગાંધી આવ્યાં હતાં એમ તેઓ કહે છે અને વ્યાકરણના ગ્રાઉન્ડ રૂલનો ભંગ થવાને લીધે રાજીવ ગાંધી બાપડા એકાએક માર્ગરેટ થેચરની જાતિમાં મુકાઇ જાય છે.

આજે શાળાઓમાં માસ્તરો અને માસ્તરાણીઓને ગ્રામરના પિરિયડમાં ટાઢનું લખલખું આવી જાય છે. તેઓ વ્યાકરણને બદલે ગદ્યપદ્યસંગ્રહની ચોપડી મગાવે છે.

ગુજરાતી પત્રકારો, કટારલેખકો, તંત્રીઓ કે રિપોર્ટરો પોતાને જે કહેવું હોય તેનું નિઃશેષપણે ભાવસંક્રમણ (કોમ્યુનિકેશન) વાચકના ચિત્તમાં કરી શકતા નથી. સુજ્ઞ વાચક ! અનુભવ કરી જોજે. તું જે કહીશ તે ગુજરાતી પત્રકાર સમજી નહીં શકે અને એ પત્રકાર જે કહેવા માગતો હોય (કદાચિત કશુંક કહેવાનું પણ હોય છે એમ ધારી લઇએ) તો તે તને સમજાવી (કોમ્યુનિકેટ) નહીં શકે. અંધે અંધ આધારે મળ્યા, જેમ તલમાહી કોદરા ભળ્યા- જ્ઞાની કવિ અખાએ કહ્યું છે.

બેક ગ્રાઉન્ડ ન હોય પણ હોશ ઘણી હોય ત્યારે ગુજરાતી પત્રકારો ઇન્ટરવ્યૂ લેવા જાય છે. તેઓ અમરસિંહ ચૌધરી કે માધવસિંહ સોલંકી જેવા મુખ્ય પ્રધાનોને પૂછે છે : તમને ધોતિયું પહેરવું ગમે કે પાટલૂન? તમને શીરો ભાવે કે જલેબી? પછી એ પત્રકાર (એની ગટ્સ જુઓ) કહેશે. તમારે માથે પણ અમારા માથા જેટલી જ નવી નવી જવાબદારી છે. આવા પ્રશ્નો પૂછવા માટે કશું હોમવર્ક કરવાની જરૂર નથી રહેતી. કોર્પોરેટ હાઉસના નરીમાન પોઇન્ટ ખાતેના મકાન ઉપર દરોડો પડે ત્યારે કહેવાતા સંશોધનાત્મક વૃતાંતનિવેદકો દરોડા વિશે કે એન્ફોર્સમેન્ટ વિશે કે રેવન્યૂ ઇન્ટેલિજન્સ વિશે સવાલો પૂછવાને બદલે લિફ્ટ પાસે પડેલી પેટીઓ અને કાચમાંથી દેખાતા સમુદ્ર વિશે સવાલો પૂછશે.

છીછરાં જળમાં છબછબિયાં કરીને અને ફોટોગ્રાફર પાસે આડેધડ તસવીરો પડાવીને ગુજરાતી ઇન્વેસ્ટિગેટિવ રિપોર્ટર ભાગી જાય છે. આ ગામમાં દસ અભણો એવા હોય છે જેઓ રોજ સવારે દરેક તંત્રીને અને રિપોર્ટરને ફોન કરીને કોટિ કોટિ અભિનંદનો આપે છે. કબૂતરો ગળા ફૂલાવે છે અને કૂકડાઓ છાપરે ચઢીને કૂકડે કૂક કરે છે. તેમને લાગે છે કે કોકટેઇલ પાર્ટીમાં એક હાથમાં ફાઇવફાઇવફાઇવ અને બીજામાં વિહસ્કીનો ગ્લાસ રાખીને ફર્યા એટલે જેક એન્ડરસન આપણી પાસે બેડું લઇને પાણી ભરે.

ગુજરાતી પત્રકારોનો શબ્દકોશ કંગાળ હોય છે. એક જણે બાગડોર શબ્દને જોરે ૩૫ વર્ષ ખેંચી કાઢ્યાં હતાં તો બીજાએ દસ લાખ વખત આક્રોશ શબ્દને ખાંડ્યો હતો. એક જણ કાયમ દાદ માગતો અને અભિનયના અજવાળાં પાથરતો. બીજો વળી દરેક મરનાર વીઆઇપીને ચિરવિદાય આપતો હતો અને કોઇપણ માણસ આગમાં મરી જાય ત્યારે તેનું ભડથું બનાવી દેતો હતો. ગુજરાતી પત્રકાર હજી હાકલા, અનુરોધ, નનૈયો, અપીલ અને રદિયામાંથી બહાર નીકળી શક્યો નથી. સરિયામ અનપઢપણું એ તેનો વોચવર્ડ છે. ગુજરાતી પત્રકારને ચાલાક માણસો બ્રેકફાસ્ટ કે લંચ ઉપર બોલાવીને જે બ્રીફિંગ આપે છે એ તેઓ સ્વીકારી લે છે. અણિયાળા પ્રશ્નો પૂછવા એ પત્રકારનો પ્રથમ ધર્મ છે, એ વિસરેય વહાણા વાઈ ગયાં.

એસએનડીટીની નિર્દોષ છોડીઓ સમક્ષ પીઢ (ઉંમરમાય નહીં અને જ્ઞાનમાં તો નહીં જ) પત્રકારો પત્રકારત્વના સુવર્ણયુગની વાતો કરે છે. વાસ્તવમાં ગુજરાતી પત્રકારત્વમાં ચાર યુગ હતા. કથીર યુગ, કથીર કથીર યુગ, કથીર કથીર કથીર યુગ અને ચોથો? તમે સમજી ગયા છો.

* * * *

આજના, સાવ ટીવી ન્યૂઝ ચેનલો (૨૪ કલાકની ન્યૂઝ ચેનલોએ દેશ અને બ્રહ્માંડનો દાટ વાળી દીધો છે. સમગ્ર બ્રહ્માંડમાંય ૨૪ કલાક ભરાય એટલા ન્યૂઝ બનતા જ નથી)ના ૨૪ કલાક વેચાઉ પ્રવક્તાઓએ કાળો કેર વર્તાવ્યો છે ત્યારે ગાંધીભાઈ! તમને યાદ કરું છું તો **ફૈઝ એહમદ ફૈઝ**નો એક શેર બહુ પજવી રહ્યો છે...

**કર રહા થા ગમ-એ-જહાં કા હિસાબ**
**આજ તુમ યાદ બેહિસાબ આયે**
**આજે આટલું જ...** ■

# દેશ વટે પણ વટ ન વટે

## સાત સમંદર પાર ધબકતું કચ્છી નવું વર્ષ એટલે અષાઢી બીજ

વલો કચ્છ
ગિરિરાજ
feedback@bombaysamachar.com




ચૈત્ર-વૈશાખના ઓતરા-ચિતરાના તાપથી ધરતી ધખી રહી હોય ત્યાં જેઠ માસના ધોમધખતા બપોર જામે. અષાઢ માસની શરૂઆત થતાં લોકજીવન ઉત્કટ તાપ-ઉકળાટ-હારાથી વલવલાટ કરતું વરસાદની કાગડોળે રાહ જોઈ રહે છે, પરંતુ ઊની લૂ-અને ગયરા વહી રહે અને વરસાદ વરસે નહિ એવા સમયમાં કચ્છ પાણી- પાણી થઈ જાય. આ વખતે તો અધિક જેઠે નફામાં અકળાવ્યા. અલ નીનો ઇફેક્ટથી ગભરાયેલા કચ્છને મન એક જ મુખ્ય ચિંતા હોય અને તે છે, મેહુલિયો. અને તો રંગ રાખી જાય તો તો કચ્છી માડુ મ્હાલે; વરસ્યા વરસ્યા અષાઢીલા મેઘ, ખેડુએ હળોતરા જોતર્યા, મોરા રાજ!

કચ્છે સદીઓની કુદરતી આપત્તિઓની પીડા ભોગવી છે અને તેથી જ મોટી સંખ્યાના કચ્છી રોજીરોટીની ખોજમાં બેવતન બન્યા છે, પરંતુ બેવતન કચ્છીઓની માદરે વતનની ઝંખના-ઝૂરાપો કદાચ તેમને આષાઢી બીજે ભેગા મળી પોતાના શહેર, ગામ, ફળિયા, ગલીની સ્મૃતિ વાગોળવા મજબૂર કરતા હશે. સૂકી ધરાના હેતાળ હૈયા કચ્છ પર મેઘકૃપા થાય’ની મીટ માંડીને બેઠા હોય છે. અહીંના વરસાદને જ્યારે મંઢો મીં કહેવાતો હોય ત્યારે વિથોણ ગામની જળોત્સવ પરંપરા વિશે વિગતો પણ અગાઉ માણી ચૂક્યા છીએ.

અષાઢી બીજનો ઈતિવાયકા છે કે કચ્છના કેરામાં રાજધાની સ્થાપનાર લાખા ફૂલાણી પૃથ્વીનો છેડો ગોતવા નીકળી પડ્યા હતા, પરંતુ તેમને પૃથ્વીનો છેડો તો ના મળ્યો. તેઓ જ્યારે પાછા કચ્છ આવ્યા ત્યારે તેમણે કચ્છમાં જે હરિયાળીનાં દશ્યો જોયાં તે જોઈને તેમને કચ્છી નવા વર્ષ અષાઢી બીજની શરૂઆત કરી હતી. રાજાશાહી સમયમાં કચ્છી પંચાગ બહાર પાડવામાં આવતાં હતાં અને નવા સિક્કાઓનું પણ છાપકામ શરૂ કરવામાં આવતું હતું. રાજવી પરિવાર ભુજને રાજધાની તરીકે ખસેડી ત્યારે ખોડેલી ખીંટીને પ્રતિવર્ષ ખીંટી પૂજન કરીને દરબારગઢમાં પૂજન કરીને નવા વર્ષની ઉજવણી કરે છે.

કચ્છી કવિ તેજે તો લખ્યું છે કે ‘સજન શીરો ગુંટબો, આવઈ અષાઢી બીજ, કરબો પ્રભુ કે વિનંતી, કે વર વરે વસધો બીજ’ કચ્છી માણસ હંમેશાં વરસાદ અને પાણી માટે તલસતો રહ્યો છે ત્યારે આ તલપ કાવ્ય પંક્તિમાં દેખાય છે. અષાઢી બીજના દિવસે જો મેઘરાજા વરસે અને શુકન થાય તો કચ્છી નવા વર્ષની ઉજવણીમાં ચાર ચાંદ લાગી જાય છે. કચ્છીઓ દેશભરમાં વ્યાપ્ત છે, પરંતુ જ્યારે ‘આપાઢી બીજ’ આવે ત્યારે આખો દેશ જાણે કચ્છ ભણી વાટ પકડે, પરંતુ આ આવનજાવન પણ જરા ઓછી થઈ ગઈ હોય એવું લાગે છે. ઘેરઘેર લાપસીનાં જમણ થતાં, પરંતુ સમય જતાં ઉજવણીમાં ફરક આવ્યો છે, નવા સમયે આ ઉજવણી સોશ્યલ મીડિયામાં વધુ જોવા મળે છે. લોકો એક બીજાને કચ્છી નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવે છે અને પ્રાર્થના કરે છે કે કચ્છડો બારે માસ રહે અને કુદરતની મહેર કચ્છ પર કાયમ રહે તેવી પ્રાર્થના કરવામાં આવતી હોય છે. નવી પેઢીને વતનની યાદનો ઝુરાપો સોંપવો જોઈએ, દુનિયાના કોઈ પણ છેડે વસતો કચ્છી ભલે ઉજવણી કરવા ન આવે પરંતુ જ્યાં છે ત્યાં કચ્છને યાદ કરે તો ઉત્સવપ્રિય નવી પેઢી આ અમૂલ્ય સંસ્કૃતિના જીવંત સંપર્કમાં રહેશે. આપણે વતન છોડ્યું છે, પણ વતનનો જીવ આપણી ભીતર ધબકે છે. ભૌતિક પ્રગતિની દોડમાં આપણે ગ્લોબલ ભલે બનીએ, પણ આપણા મૂળિયાં (લોકલ) સાથે જોડાયેલા રહેવું એટલું જ જરૂરી છે. અષાઢી બીજનો આ ઉત્સવ માત્ર કૅલેન્ડર બદલવાનો દિવસ નથી, પરંતુ આપણી ‘કચ્છીયત’ને હૃદયમાં જીવતી રાખવાની નમ્ર અરજ છે.■

સન્ડે ધારાવાહિક
અનિલ રાવલ
feedback@bombaysamachar.com




ઝૈનાબ કશ્મકશમાં હતી. એ એક એવા ત્રિભેટે અટકી પડી હતી કે જે રસ્તો અપનાવે એમાં જોખમ હતું. એની સામે અકલ્પ્ય વિકરાળ હકીકત મોં ફાડીને ઊભી હતી. અજમલને પકડાવી દઉં તો અબ્બુ-અમ્મી પણ પકડાઈ જાય... હું ખુદ પણ ફસાઈ જાઉં... મારી પર ડબલ એજન્ટનો ઇલ્જામ આવે. અને જો હું ચૂપ રહું તો અજમલનું ત્રાસવાદી પગલું મને જિંદગીભર ડંખતું રહે...

અબ્બુ-અમ્મીએ ટેરરિસ્ટ ડૉ. અજમલ અન્સારીને પનાહ આપીને એને સુરક્ષિત નથી કર્યો, પોતાને અસુરક્ષિત કર્યાં છે. ઝૈનાબને એમના આ ભયંકર ગુનાના પરિણામની કલ્પના થથરાવી ગઈ. યા અલ્લાહ... તેં મને આ કેવી મુસીબતમાં મૂકી દીધી.

ઝૈનાબે સ્કેચ પર્સમાં મૂક્યો. મોં પર પાણી છાંટ્યું. બહાર આવીને કૉફી મશીનમાંથી કૉફી લઈને ટેબલ પર આવી. કામ સૂઝતું નહતું. એના દિમાગમાંથી ડૉ. અજમલ અન્સારીનો સ્કેચ હટતો નહતો... વિચારો પીછો છોડતા ન હતા, પણ ઑફિસનો ઓવરટાઇમ ઓવર થિંકિંગ માટે ન હતો. કાંઈક તો માર્ગ કાઢવો પડશે. ઝૈનાબે કૉફીની સિપ મારી. એ ડૉ. અજમલ અન્સારી તથા અબ્બુ-અમ્મીના અસલી ચહેરા જોવા ઝડપથી કામ આટોપવા લાગી ગઈ.

***********************

પુરોહિતનો પોસ્ટમૉર્ટમનો રિપોર્ટ તૈયાર થઈ ગયો હતો. સરકારી હૉસ્પિટલના ડૉ. જૈને પોલીસ, રાઘવ અને પુરોહિતના પુત્ર ધનરાજને એમની કેબિનમાં બોલાવ્યા. ડૉક્ટર જૈને ટેબલ પર મૂકી રાખેલો પોસ્ટમૉર્ટમનો રિપોર્ટ પોલીસને આપ્યો.

‘હાર્ટ અટેક સે મોત હુઈ હૈ... થોડી દેર મેં આપકો ડેડબૉડી સોંપ દી જાયેગી...’

ડૉ. જૈને બોલીને રાઘવની સામે જોયું. ધનરાજની આંખોમાં આંસુ આવ્યાં.

‘પુરે બેજલમેડ મેં મેરે પાપા કા કોઈ દુશ્મન નહીં... ઉસકા કોઈ મર્ડર કરે યે મૈં માન હી નહીં સકતા થા.’ બધા બહાર નીકળ્યા. ધનરાજ એની મા અને વાઇફ પાસે જઈને કહેવા લાગ્યોઃ ‘મુઝે માલૂમ થા કી રિપોર્ટ ક્લીન હોગા. પાપા કી નેચરલ ડેથ... હાર્ટ એટેક સે હુઈ હૈ...’ એ બોલ્યો. મા ધનરાજને વળગીને રડવા લાગી.

‘મૈં અભી આયા’ કહીને રાઘવ બે ટકોરા મારીને ડૉ. જૈનની કેબિનમાં ગયો.

‘સર, દુસરા રિપોર્ટ...?’ એણે પૂછ્યું.

‘દુસરા રિપોર્ટ...? એક હી થા જો પોલીસ કો દિયા.’ ડૉ. જૈને કહ્યું. રાઘવ મુંઝાયો. શું પુરોહિતનું મોત ખરેખર હાર્ટ એટેકથી થયું છે? રાધાએ કહ્યું કે એને મર્ડરની શંકા છે એટલે તો ઉદયપુરની સરકારી હૉસ્પિટલમાં મેં બધી ગોઠવણ કરી... એણે ડૉ. જૈનની સાથે બીજી કોઈ વાત કરવાનું યોગ્ય ન લાગ્યું. રાઘવ થૅન્ક યુ કહીને બહાર નીકળી ગયો.

‘મૈં દુસરી બાર પૂછ કર આયા. પોલીસ કો શક થા એસા કૂછ નહીં હૈ.’ રાઘવે પુરોહિતની ફૅમિલી પાસે જઈને કહ્યું. થોડીવાર પછી રાઘવ, બેજલમેડની પોલીસ, ઇરાવતી, ધનરાજ અને સાન્વી ઍમ્બ્યુલન્સમાં બેજલમેડ પાછાં જઈ રહ્યાં હતાં. રાઘવ આખે રસ્તે બીજા પોસ્ટમૉર્ટમ રિપોર્ટના રહસ્યના વિચારમાં ખોવાયેલો હતો.

*******************

રાઘવના ગયા પછી ડૉ. જૈને એક કૉલ લગાડ્યો.

‘હેલો, ડૉ. જૈન બોલ રહા હૂં. દુસરા પોસ્ટમૉર્ટમ રિપોર્ટ તૈયાર હૈ. કલેક્ટ કરને કે લિયે કિસી કો ભેજ દેના.’

‘કોડવર્ડ જય ગોપાલા... વો આદમી જય ગોપાલા બોલેગા... ઉસકો રિપોર્ટ દેના.’

‘ઓકે.’ ડૉ. જૈન બોલ્યા... રાધાએ થૅન્ક યુ કહીને ફોન કાપી નાખ્યો.

***********************

ઍમ્બ્યુલન્સ બેજલમેડના પાદરમાં પહોંચી અને બેજલમેડથી એક ટૅક્સી ઉદયપુર જવા નીકળી. બંને ક્રૉસ થયા... ઉદયપુર જતી ટૅક્સીમાં દેવીપ્રસાદજી બેઠા હતા. ડૉ. જૈનનો કૉલ આવ્યો ત્યારે રાધા દેવીપ્રસાદજીના ઘરે બેઠી હતી.

‘દેવીપ્રસાદજી, તમારે જ જવું પડશે,’ રાધાએ કહ્યું હતું.

‘રાધા, રાઘવ પાસે રિપોર્ટ કેમ ન મગાવી લીધો?’ દેવીપ્રસાદજીએ પૂછેલું પણ ખરું.

‘એ હું તમને અત્યારે નહીં કહી શકું... સમય આવ્યે તમને ખબર પડી જશે,’ રાધાએ માત્ર એટલું જ કહ્યું હતું.

********************

ધનરાજ અને નિકટનાં સગાંઓ સ્મશાનયાત્રાની તૈયારીમાં હતાં. ધીમે ધીમે લોકો એકઠા થવા લાગ્યા હતા. રાઘવે રાધાને કૉલ કર્યો. પછી બંને પુરોહિતના ઘરની શેરીમાં મળ્યાં. જગદીશ પણ પહોંચી ગયો હતો.

‘રાધા, બીજો રિપોર્ટ નથી, કંઈક ગરબડ થઈ હોય એવું લાગે છે...’ રાઘવે કહ્યું.

‘ઓહ... મને હજી માન્યામાં નથી આવતું કે પુરોહિતનું નેચરલ ડેથ છે. ખેર, બીજીવાર મારું અનુમાન ખોટું પડ્યું. પહેલા તારા કેસમાં અને પછી પુરોહિતના કેસમાં,’ રાધા ખોટું પણ સહજ રીતે બોલી.

‘રાધા, મને આમાં કોઈ મેલી રમત લાગે છે,’ રાઘવે કહ્યું.

‘એમાં મેલી રમત શું હોય...? ડૉક્ટરના રિપોર્ટને સાચો માની લેવાનો...’ રાધાએ ખભા ઉછાળતાં કહ્યું.

‘દેવીપ્રસાદજી દેખાતા નથી,’ જગદીશે પૂછ્યું ને બંને વચ્ચેની વાત અધૂરી રહી ગઈ.

‘ઇમર્જન્સીમાં એમણે અચાનક અંગત કામસર ઉદયપુર જવું પડ્યું છે,’ રાધાએ કહ્યું. એટલામાં ગુપ્તાજી અને શંકર આવ્યા. સ્મશાનયાત્રા નીકળવાની તૈયારી હતી. અર્થી ઊઠી કે ગુપ્તાજી બોલ્યા : ‘શંકર, તૂમ અબ દુકાન પર જાઓ, મૈં સ્મશાન હો કર આતા હૂં.’

શંકર શબ્દ સાંભળીને રાધાના કાન ચમક્યા.

‘શંકર...?’ પુરોહિત શંકર શંભો બોલ્યો હતો. આનું પૂરું નામ શું હશે?’ રાધાને વિચાર આવ્યો.

********************

ઝૈનાબ પાસપોર્ટ ઑફિસમાંથી લગભગ દસેક વાગ્યે નીકળી. રસ્તામાં વગર કારણે એ કારનું હૉર્ન વગાડતી હતી. કોઈ પણ ઘડીએ અકસ્માત થઈ શકે એટલી સ્પીડે એ કાર ચલાવતી હતી. હકીકતમાં કારની સ્પીડ કરતાં બમણી સ્પીડે એના વિચારો દોડતા હતા. સદ્ભાગ્યે એણે સિગ્નલ તોડ્યું નહીં. જોકે, સિગ્નલ પર બાજુની સીટ પર મૂકેલા પર્સને જોતી ત્યારે એની આંખ સામે ડૉ. અજમલ અન્સારીનો સ્કેચ આવી જતો.

ઝૈનાબે ડોર બેલ વગાડી. અમ્મીએ દરવાજો ખોલ્યો.

**અબ્બુ-અમ્મીએ ટેરરિસ્ટ અજમલને પનાહ આપીને એને સુરક્ષિત નથી કર્યો, પોતાને અસુરક્ષિત કર્યાં છે.**

‘અમ્મી, કહાં હૈ ડૉ. અજમલ?’ એણે પૂછ્યું.

અમ્મીને ઘરમાં આવતાંની સાથે આ રીતે પૂછવું સમજમાં ન આવ્યું. સાથે શંકા પણ ગઈ.

‘ક્યા હુઆ..? આતે હી સીધા ઉસકે બારેં મેં ક્યું પૂછ રહી હો,’ અમ્મીએ પૂછ્યું.

‘યે ઘર, મુસાફિરખાના નહીં... ઉસકો યહાં સે જાને કે લિયે બોલના હૈ...’ ઝૈનાબે કહ્યું.

‘ક્યા હુઆ બેટા?’ બીજા રૂમમાંથી અબ્બુ પ્રવેશ્યા.

‘તેરે બોલને સે પહેલે હી વો ચલે ગયે,’ અમ્મીએ કહ્યું.

‘ચલે ગયે...?’ ઝૈનાબને ઝટકો લાગ્યો.

‘હાં, આજ દોપહર હમ દોનોં સોએ થે ઔર વો બિના બતાયે હી ચલા ગયા....’ અબ્બુએ કહ્યું.

ઝૈનાબને શંકા ગઈ. એની સામે અબ્બુ-અમ્મી નહીં, ત્રાસવાદીને પનાહ આપનારા બે જણ ઊભાં હતાં. ઝૈનાબે બંનેની આંખમાં આંખ નાખીને જોયું. બંનેની આંખોમાં કાવતરું રમતું હતું. અજમલ અચાનક આવ્યો ન હતો અને અચાનક જતો પણ નથી રહ્યો. એને બીજી કોઈ સલામત જગ્યાએ મોકલી આપ્યો છે... અને કાં તો નક્કી કંઈક મોટું થવા જઈ રહ્યું છે... કંઈક રંધાઈ રહ્યું છે અને અબ્બુ-અમ્મીની સામેલગીરી વિના આ શક્ય નથી. કોઈ પણ ભોગે અજમલને પકડવો જરૂરી છે... અબ્બુ-અમ્મીનું પછી જોયું જશે... ઝૈનાબે વિચારી લીધું.

‘અબ્બુ, મુઝે ઉસકા દિલ્હી કા પતા દો. મુઝે ઉસકી બીવી સે બાત કરની હૈ...’ ઝૈનાબે કહ્યું.

‘તુઝે ક્યા કરના હૈ અબ ઉસકે પતે કે બારે મેં જાન કર...? તૂ ચાહતી થી વો ચલા જાયે... તો વો ચલા ગયા,’ અમ્મી બોલી.

‘ચલા ગયા લેકિન કહાં...? કહાં ચલા ગયા?’ ઝૈનાબ ઉશ્કેરાઈ.

‘હમેં ક્યા માલુમ કહાં ગયા... ઔર તુમ્હે ક્યું જાનના હૈ...?’ અબ્બુએ પૂછ્યું.

‘ક્યું કી વો એક ટેરરિસ્ટ હૈ... આપને એક ટેરરિસ્ટ કો પનાહ દી હૈ...’ ઝૈનાબે પર્સમાંથી એનો સ્કેચ કાઢીને બતાવ્યો. અબ્બુ અને અમ્મીના પગ તળેથી જમીન સરકી ગઈ. ઝૈનાબને કઈ રીતે ખબર પડી. ઝૈનાબ કોણ છે... એની અસલિયત શું છે.

‘તુમ્હારે પાસ યે કહાં સે આયા...? તુમ કૌન હો.?’ અબ્બુએ પૂછ્યું.

‘મુઝે સબ પતા ચલ ગયા હૈ... આપ દોનોં આઇએસઆઇ કે લિયે કામ કરતે હો... અગર બચના હૈ તો... અજમલ કહાં ગયા હૈ યે બતા દો.’

‘તુમ કૌન હો બેટી...?’ અમ્મીએ પૂછ્યું.

‘મૈં આપકી બેટી થી, અબ નહીં હું... અજમલ કહાં હૈ?’ ઝૈનાબે કહ્યું.

‘હમેં સચ મેં પતા નહીં...’ અબ્બુ બોલ્યા.

‘પતા લગાઓ... ઔર મુઝે બોલો... મૈં દુઆ કરુંગી કી આપ દોનોં બચ જાયેં,’ ઝૈનાબે કહ્યું.

‘આજ દોપહર હમારે ઘર કી ઘંટી બજી. મૈંને દરવાઝા ખોલા. સામે એક ફકીર ખડા થા... ઉસને ચૂપચાપ મેરે હાથ મેં ઘીસા હુઆ ચમડે કા પુરાના થેલા થમા દિયા... ઔર કહાઃ ઉનકો દે દો... મૈંને દરવાઝા ખુલ્લા રખા... અજમલ કો થેલા દિયા. થોડી દેર મેં વો નિકલ ગયા... પતા નહીં કહાં ગયા...’ અબ્બુએ કહ્યું. થોડીવાર ઘરમાં સન્નાટો છવાઈ ગયો.

‘અબ્બુ, આપકા વો દૂસરા મોબાઇલ મુઝે દે દો,’ ઝૈનાબે આંચકો આપ્યો.

‘વો મોબાઇલ અજમલ લે ગયા...’ અબ્બુએ કહ્યું.

‘વાહ... ક્યા પ્લાનિંગ હૈ...? સબૂત ભી સાથ લે ગયા...’

***********************

અજમલ અમદાવાદના એક જાહેર શૌચાલયમાં ગયો. થોડીવારે એ બહાર નીકળ્યો ત્યારે એનો વેશપલટો થયેલો હતો. લઘરવઘર હાલત, મેલાં ફાટેલાં લેંઘો-ઝભ્ભો, લાંબા વાળ, વધી ગયેલી બરછટ દાઢી. પગમાં તૂટેલાં ચપ્પલ ને બગલમાં પ્લાસ્ટિકની થેલી. શૌચાલયના સફાઈ કામદાર સામે ગાંડા હોવાનો અભિનય કરતો નીકળી ગયો. થોડી ક્ષણો બાદ સફાઈ કામદારે અંદર જઈને ચેક કર્યું. અજમલે સેફ્ટી ટૅન્ક પરથી પ્લાસ્ટિકની થેલીમાં મૂકેલું પૅકેટ લઈને થેલો ત્યાં મૂકી દીધો હતો. સફાઈ કામદારે સફાઈપૂર્વક કામ પાર પાડ્યું હતું.

અજમલે થોડે આગળ જઈને પ્લાસ્ટિકની થેલીમાંથી મોબાઇલ કાઢીને કૉલ લગાડ્યોઃ

‘જનાબ...’ એ બોલ્યો.

‘જીહાદ.’ સામેથી અવાજ આવ્યો... અજમલ સૂચના સાંભળતો ચાલતો રહ્યો.

(ક્રમશઃ)■




# રણભૂમિ હવે ધરતી પર નહીં, અંતરિક્ષમાં હશે...

## આ હશે ભવિષ્યનું ‘સેટેલાઇટ વોર’

નવી કૉલમ


આજનો આધુનિક વોરરૂમ. અહીં આંગળીને ટેરવે યુદ્ધ ખેલાય છે.


આકાશમાં સેટેલાઈટ પર હુમલો થાય કે એકબીજા સાથે અથડાય ત્યારે વિનાશ વેરાય છે.

ભરત મહેતા feedback@bombaysamachar.com

‘અમે વિજ્ઞાન દ્વારા દેવો જેવા બનવાનો પ્રયત્ન કર્યો, પણ જો વિવેક નહીં વાપરીએ તો આ જ વિજ્ઞાન આપણા માટે ભયંકર પિશાચ સાબિત થશે.’

એક સમય હતો જ્યારે યુદ્ધો જમીન પર લડાતા. પછી સમુદ્રમાં યુદ્ધ જહાજો આવ્યાં. ત્યારબાદ આકાશમાં ફાઇટર જેટ્સ અને મિસાઇલોએ યુદ્ધની વ્યાખ્યા બદલી નાખી. જોકે હવે વિશ્વ એક નવા યુગ તરફ વધી રહ્યું છે જ્યાં આગામી યુદ્ધની રણભૂમિ અંતરિક્ષ બનશે. હા, હવે વાત થાય છે સેટેલાઇટ વોરની.

આ શબ્દ સાંભળતાં કદાચ કોઈ સાયન્સ ફિક્શન ફિલ્મ યાદ આવે... હકીકતમાં વિશ્વની મહાસત્તાઓએ તેની તૈયારી શરૂ કરી ચૂકી છે. ઇતિહાસ સાક્ષી છે કે યુદ્ધો હંમેશાં ક્ષેત્રો માટે ખેલાયા છે પહેલા જમીન માટે, પછી સમુદ્રના આધિપત્ય માટે અને છેલ્લી સદીમાં આકાશના કબજા માટે.. જ્યારે હવે આજે આપણે ૨૧મી સદીના મધ્ય પડાઉ પર ઊભા છીએ, ત્યારે યુદ્ધની વ્યાખ્યા ધરમૂળથી બદલાઈ રહી છે. હવે વિજયનો માર્ગ સરહદ પરની ખાઈઓમાંથી નહીં, પણ પૃથ્વીથી હજારો કિલોમીટર ઉપર ઘૂમી રહેલા કાચ અને લોખંડના ટુકડાઓ એટલે કે ‘સેટેલાઇટ્સ’ દ્વારા નક્કી થશે. આગામી યુદ્ધોમાં કદાચ લોહી નહીં વહે, પણ ડેટા વહેશે. સૈનિકોની બંદૂકો શાંત હશે, પણ પ્રોગ્રામરોની આંગળીઓ કી-બોર્ડ પર રણસંગ્રામ ખેલશે.

### સ્વાગત છે તમારું અંતરિક્ષ યુદ્ધ (Space Warfare)ના યુગમાં

જરા કલ્પના કરો કે એક સવારે તમે જાગો અને તમારો મોબાઈલ ફોન નેટવર્ક બતાવતો બંધ થઈ જાય. જીપીએસ (GPS) કામ કરવાનું છોડી દે, બેંકિંગ વ્યવહારો અટકી જાય અને ટીવી પર માત્ર ઝબકારા આવે. આ કોઈ ટેકનિકલ ખામી નથી, પણ એક શક્તિશાળી દેશ દ્વારા બીજા દેશના સેટેલાઇટ પર કરવામાં આવેલો હુમલો છે.

આજે આપણું જીવન સેટેલાઇટ પર એટલું નિર્ભર છે કે જો અંતરિક્ષમાં રહેલાં આ ઉપકરણો ઠપ્પ થઈ જાય તો આધુનિક સભ્યતા પત્તાંના મહેલની જેમ ધરાશાયી થઈ શકે. આ જ નબળાઈ હવે મહાસત્તાઓ માટે નવું હથિયાર બની છે. હવે દુશ્મનને હરાવવા માટે તેના દેશ પર બૉમ્બ ફેંકવાની જરૂર નથી; બસ તેના ‘આકાશી નેત્ર’ એટલે કે સેટેલાઇટને અંધ કરી દેવા પૂરતા છે. યુદ્ધના સમયમાં તો સેટેલાઇટ્સની ભૂમિકા વધુ ગંભીર બની જાય છે.

### આધુનિક સૈન્ય માટે સેટેલાઇટ્સ શું કરે?

દુશ્મન દેશ પર નજર રાખે, મિસાઇલ લોન્ચિંગ ટ્રેક કરે, સૈનિકોને GPS માર્ગદર્શન આપે, ડ્રોન ઓપરેશન નિયંત્રિત કરે, ગુપ્ત માહિતી મોકલે અને સેનાઓ વચ્ચે સુરક્ષિત સંચાર જાળવે. એટલે જ કહેવાય છે કે આજના યુદ્ધમાં જે દેશનું અંતરિક્ષ મજબૂત, તે દેશનું રક્ષણ મજબૂત.

### ટેક-વોર

જમીન પર લશ્કરી જવાનો નહીં, લેબમાં વૈજ્ઞાનિકો લડશે. પરંપરાગત યુદ્ધમાં સૈનિકોની સંખ્યા વિજય નક્કી કરતી હતી, પણ ‘ટેક-વોર’માં વિજય તેની થશે જેની પાસે શ્રેષ્ઠ અલ્ગોરિધમ અને સાયબર સિક્યુરિટી હશે. ભવિષ્યના આ યુદ્ધના મુખ્ય પાસા કંઈક કેવા હશે એની ઝલક ...

### ASAT (Anti-Satellite) મિસાઇલ્સ

ભારત સહિત વિશ્વના ગણ્યાગાંઠ્યા દેશોએ આ શક્તિ હાંસલ કરી છે. જમીન પરથી જ ગમે તેવા સચોટ સેટેલાઇટને તોડી પાડવાની આ ક્ષમતા ભયાનક છે.

### લેઝર ગન્સ

શારીરિક રીતે નાશ કરવાને બદલે, પૃથ્વી પરથી શક્તિશાળી લેઝર કિરણો છોડીને સેટેલાઇટના સેન્સર્સને કાયમી ધોરણે બંધ કરી દેવા.

### સાયબર એટેક

કોઈ પણ ભૌતિક નુકસાન કર્યા વગર દુશ્મનના સેટેલાઇટના કંટ્રોલ રૂમને હેક કરી લેવો અને તેનો માર્ગ બદલી નાખવો અથવા તેને નિષ્ક્રિય કરી દેવો.

### કેસલર સિન્ડ્રોમઃ વિનાશનું વરવું ચક્ર

અંતરિક્ષ યુદ્ધની સૌથી મોટી ચિંતા ‘કેસલર સિન્ડ્રોમ’ છે. જો એક સેટેલાઇટ બીજા સાથે ટકરાય અથવા મિસાઇલ દ્વારા તોડવામાં આવે તો તેના હજારો ટુકડાઓ અંતરિક્ષમાં કાટમાળ (Space Debris) તરીકે અત્યંત ઝડપે ઘૂમવા લાગે છે. આ ટુકડાઓ અન્ય જીવંત સેટેલાઇટ્સને નુકસાન પહોંચાડે છે, જેનાથી વધુ કાટમાળ પેદા થાય છે. અંતે, પૃથ્વીની આસપાસ એક એવું કચરાનું પડ બની જશે કે ભવિષ્યમાં કોઈ પણ સામાન્ય સુદ્ધાં રોકેટ અવકાશમાં મોકલવું અશક્ય બની જશે.

આજે વિશ્વની સૌથી મોટી સ્પર્ધા જમીન પર નહીં, પરંતુ અંતરિક્ષમાં ચાલી રહી છે. અમેરિકાએ તો અલગ Space Force બનાવી છે. તેનું મુખ્ય કામ જ અંતરિક્ષમાં દેશની સુરક્ષા જાળવવાનું છે. અમેરિકાની ખાનગી કંપનીઓ જેવી કે SpaceX હજારો નાના સેટેલાઇટ્સ લોન્ચ કરી રહી છે. યુક્રેન-રશિયા યુદ્ધ દરમિયાન Starlink સેટેલાઇટ ઈન્ટરનેટે યુક્રેનને મોટી મદદ કરી હતી. આ ઘટનાએ દુનિયાને બતાવી દીધું કે સેટેલાઇટ્સ હવે સીધા યુદ્ધનો ભાગ બની ગયા છે. ચીન ઝડપથી પોતાની અંતરિક્ષ શક્તિ વધારી રહ્યું છે. તે પોતાના સ્પેસ સ્ટેશનથી લઈને ચંદ્ર મિશન સુધી ખૂબ જ આક્રમક રીતે આગળ વધી રહ્યું છે. રશિયા પાસે પહેલેથી જ શક્તિશાળી મિસાઇલ અને સ્પેસ ટેક્નોલોજી છે. પશ્ચિમી દેશોનો દાવો છે કે રશિયા અંતરિક્ષમાં સેટેલાઇટ કિલર સિસ્ટમ તૈયાર કરી રહ્યું છે.

### ભારત માટે આ કેટલું મહત્ત્વનું?

ભારત માટે અંતરિક્ષ માત્ર વૈજ્ઞાનિક ગૌરવ નથી તે હવે રાષ્ટ્રીય સુરક્ષાનો પ્રશ્ન છે. ISRO અને ભારતની રક્ષા સંસ્થાઓ હવે વધુ સૈન્ય સેટેલાઇટ્સ વિકસાવી રહી છે.

ભારત પાસે આજે સરહદોની દેખરેખ માટે સેટેલાઇટ્સ, નૌકાદળ માટે મેરિટાઇમ સેટેલાઇટ્સ, નેવિગેશન સિસ્ટમ NavIC, સુરક્ષિત સંચાર સેટેલાઇટ્સ જેવી સુવિધાઓ ઉપલબ્ધ છે. ભવિષ્યમાં ભારતને અંતરિક્ષ સુરક્ષા માટે વધુ રોકાણ કરવું પડશે, કારણ કે આવનારા યુદ્ધો ડેટા અને સિગ્નલ પર આધારિત હશે.

### ભારત કેટલું સજ્જ ને આત્મનિર્ભર?

ભારત માટે આ વિષય માત્ર વૈજ્ઞાનિક કુતૂહલ નથી, પણ રાષ્ટ્રીય સુરક્ષાનો મામલો છે. ઇસરો (ISRO) અને ડીઆરડીઓ (DRDO) એ ‘મિશન શક્તિ’ દ્વારા દુનિયાને બતાવી દીધું છે કે અમે અમારા આકાશની રક્ષા કરવા સક્ષમ છીએ. જ્યારે પડોશી દેશો ટેકનોલોજીની દૃષ્ટિએ આક્રમક બની રહ્યા હોય ત્યારે ભારતે પણ અનિવાર્યપણે પોતાની ડિફેન્સ સ્પેસ એજન્સી (DSA)ને વધુ મજબૂત બનાવવી પડશે.


ભવિષ્યમાં આપણી સેનામાં માત્ર લડાયક વિમાનો જ નહીં, પણ સ્પેસ-ક્રાફ્ટ્સ અને જામિંગ ડિવાઇસીસનું મહત્ત્વ વધશે. સૈનિકની વ્યાખ્યા બદલાશે તે હવે સીમા પર બરફમાં ઊભો રહેલો જવાન જ નહીં, પણ એરકંડિશન્ડ રૂમમાં બેસીને સેટેલાઇટના સિગ્નલ્સ પર નજર રાખતો આઈટી નિષ્ણાત પણ હશે.

### શું આ શાંતિનો અંત છે?

માનવજાતની એ કરુણતા છે કે જે અવકાશને આપણે તારા અને નક્ષત્રોના સંગ્રહ તરીકે જોતા હતા તેને હવે આપણે યુદ્ધભૂમિમાં ફેરવી રહ્યા છીએ. ટેકનોલોજી આપણને સગવડ આપે છે, પણ તે આપણી સંવેદનશીલતા પણ છીનવી લે છે. ‘રીમોટ કંટ્રોલ વોર’માં બટન દબાવનારને ખબર પણ નથી હોતી કે તેણે એક પળમાં લાખો લોકોના જીવનમાં અંધકાર ફેલાવી દીધો છે.

અંતરિક્ષમાં ખેલાનારું આ ‘ટેક-વોર’ અનિવાર્ય લાગે છે, પણ તેનો ઉકેલ સંયમમાં છે. ટેકનોલોજીનો ઉપયોગ વિનાશ માટે નહીં પણ વિકાસ માટે થવો જોઈએ.

આવનારી પેઢીને આપણે કેવું આકાશ આપીશું? સેટેલાઇટ્સના કાટમાળથી ભરેલું કે જ્ઞાનના પ્રકાશથી ઝળહળતું? આ સવાલનો જવાબ આજે જ શોધવો પડશે. યુદ્ધ હંમેશાં વિનાશ લાવે છે, પછી તે જમીન પર હોય કે આભમાં, પણ જ્યારે વાત અસ્તિત્વની હોય, ત્યારે ટેકનોલોજીમાં સજ્જ રહેવું એ જ શ્રેષ્ઠ બચાવ છે. વિજ્ઞાન એ બેધારી તલવાર છે : તેને કેવી રીતે ચલાવવી એ આપણી સભ્યતાની પરિપક્વતા પર નિર્ભર છે. ■



ભરત મહેતા, સિનિયર સ્પેસ સાયન્ટિસ્ટ અને પૂર્વ ડેપ્યુટી પ્રોજેક્ટ ડિરેક્ટર (RF Systems) છે, જેમણે સ્પેસ એપ્લિકેશન્સ સેન્ટર (SAC-ISRO) ખાતે ચાર દાયકા સુધી સેવા આપી છે. તેમણે ભારતીય સેટેલાઇટ પેલોડ્સ અને સેટેલાઇટ અર્થ સ્ટેશનો માટે RF સબસિસ્ટમ્સ Design Developmentમાં કાર્ય કર્યું છે અને તેના વિકાસમાં બહોળો અનુભવ ધરાવે છે.

અંતરિક્ષ વિજ્ઞાન અને ઊભરતી ટેક્નોલોજીના પ્રખર હિમાયતી એવા ભરતભાઈ વિજ્ઞાન અને રાષ્ટ્રીય વિકાસના વિવિધ વિષયો પર નિયમિતપણે લેખનકાર્ય કરે છે.

---




# રિયલ્ટી સેક્ટરનું સંસ્થાકીયકરણ... આ સેક્ટરમાં વધી રહ્યું છે કૉર્પોરેટ રોકાણ

## વર્તમાન સમયમાં દેશનાં મોટાં શહેરોના રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં રિડેવલપમેન્ટ નામે મોટી ક્રાંતિ ચાલી રહી છે. આ તેજી કે બુલિશ માર્કેટ અર્થતંત્રને પણ નવું ઈંધણ પૂરું પાડશે

જયેશ feedback@bombaysamachar.com

મુંબઈ સહિતના દેશના ચોક્કસ મોટાં શહેરોમાં સૌથી વધુ ચર્ચામાં કોઈ શબ્દ હોય તો એ છે ‘રિડેવલપમેન્ટ’. દેશનાં અનેક મોટાં શહેરોમાં વધતી જતી વસ્તી સાથે મકાન-ઘરની માગ વધતી જતાં બિલ્ડર્સ-ડેવલપર્સ માટે નવી તકોનું નિર્માણ થયું છે, એટલું જ નહીં, આ સક્ટરમાં રોકાણ માટે પણ નવો માહોલ બન્યો છે, જેને લીધે વિદેશી ઇન્વેસ્ટર્સ તેમ જ ભારતીય કૉર્પોરેટ્સ રિયલ એસ્ટેટમાં ધ્યાન વધારી રહ્યા છે.

લોઢા, હીરાનંદાની ઉપરાંત ગોદરેજ અને લાર્સન તો આ ક્ષેત્રમાં જૂના ખેલાડી રહ્યા છે એમાં હવે વેદાંતા ગ્રૂપ પણ તેમાં સક્રિય થયું છે. અહીં નોંધપાત્ર વાત એ છે કે વ્યક્તિગત અને પેઢીગત બિલ્ડર્સને સ્થાને હવે આ સેક્ટરનું ઇન્સ્ટિટ્યૂલાઇઝેશન (સંસ્થાકીયકરણ) થઈ રહ્યું છે જેની વ્યાપક અને ગહન અસરો થશે એ નક્કી છે. ખાસ કરીને પારદર્શકતા અને કમ્પલાયન્સ (કાયદાનું પાલન)નું સ્તર સુધરતાં રોકાણનો માર્ગ તેમ જ આકર્ષણ વધુ વિસ્તરી શકે છે.

યુએસ-ઈરાન યુદ્ધના પરિણામે આપણા દેશના અર્થતંત્ર સહિત ઘણાં સેક્ટરે સહન કરવાનું આવ્યું, પરંતુ રિયલ એસ્ટેટ સેક્ટર એવું રહ્યું જેણે આ સમયમાં વિકાસ કર્યો, અનેક મકાનો અને શહેરોનાં સ્વરૂપ બદલાઈ રહ્યાં છે. ડિમાંડ અને ભાવના ટ્રેન્ડને ધ્યાનમાં રાખી આ ક્ષેત્રમાં વિદેશી તેમ જ સ્થાનિક રોકાણપ્રવાહ પણ વધતો રહ્યો છે. આમ શા માટે અને કઈ રીતે સમજવું મહત્ત્વનું છે.

### લક્ઝરી હાઉસિંગની ડિમાંડ

વાતનો આરંભ દેશની આર્થિક રાજધાની મુંબઈથી કરીએ. મુંબઈ રિડેવલપમેન્ટને મામલે હાલ નંબર વનના સ્થાને છે, જ્યાં હાલ હજારો હાઉસિંગ સોસાયટીઝના રિડેવલપમેન્ટ પ્રોજક્ટ્સ ચાલી રહ્યા છે. સ્લમ રિડેવલપમેન્ટ ઉપરાંત ચાલીઓવાળાં મકાનોથી માંડી જૂનાં મકાનો નવા આકાર પામવા સાથે આધુનિકતા પણ પ્રાપ્ત કરી રહ્યા છે. મુંબઈ પછીના ક્રમે દિલ્હી, બેંગ્લુરુ, પૂણે, હૈદરાબાદ અને કોલકતા છે. મુંબઈના સબર્બ (પરાંઓ)ની તો તસવીર અને તકદીર જ બદલાઈ રહી છે.

જોકે સપ્લાય વધવાને કારણે ભાવ ઘટવા જોઈએ તેને બદલે મુંબઈમાં ઘરો-ઑફિસોના (હાઉસિંગ અને કમર્શિયલ પ્રૉપર્ટીઝ)ના ભાવ વધતા જાય છે. લાઇફસ્ટાઇલને લીધે અહી કૉસ્ટ ઑફ લિવિંગ પણ વધતું જાય છે. જાણકારોના મતે એફૉર્ડેબલ હાઉસિસની ગતિ ધીમી રહી છે, જ્યારે કે લકઝરી હાઉસિસની માગ વધી રહી છે. નોંધનીય વાત એ પણ ખરી કે રિઅલ યુઝર્સની ડિમાંડ વધી રહી છે. નોકરીઓની વૃદ્ધિ, વિકસતું ઇન્ફ્રાસ્ટ્રક્ચર, હોમલોનના એકંદરે હળવા વ્યાજદર પણ ડિમાંડ માટે કારણ બન્યા છે. લોકોને દેવું કરીને પણ લકઝરી ઘર સ્વરૂપે ઘી પીવું છે. વધુમાં બાંધકામ સહિત વિવિધ સંબંધિત ચીજોના સતત વધતા ભાવોને લીધે ડેવલપર્સ-બિલ્ડર્સને ભાવ ઘટાડવાનું પોષાય એમ નથી એવી દલીલ તે બધા પોતે જ કરી રહ્યા છે. હાલ તો મોટાં શહેરોમાં રિડેવલપમેન્ટ જ મુખ્ય સપ્લાયનો માર્ગ બન્યો છે.

### ગુજરાતમાં પણ...

દેશના સૌથી વાઇબ્રન્ટ ગણાતા રાજય ગુજરાત પર દૃષ્ટિ કરીએ તો મુંબઈની તુલનાએ હજી બહુ પાછળ છે એટલે કે પ્રારંભિક તબક્કામાં કહી શકાય. જોકે અમદાવાદમાં રિડેવલપમેન્ટનું જોર ઝડપી બનતું જાય છે.

અત્યાર સુધીમાં સેંકડો રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ્સ આકાર લઈ રહ્યા છે. એમાંથી ઘણા આકાર પામી પણ ચૂક્યા છે. ગુજરાત હાઉસિંગ બોર્ડ પણ ખાનગી ક્ષેત્ર સાથે મળી આ સેક્ટરમાં સક્રિય બન્યું છે. અહી લાંબા ગાળાની તકો ઉજ્જવળ જણાય છે. અહીં પણ વાસ્તવિક ગ્રાહકોની માગ રોકાણ કે સ્પેક્યુલેટિવ માગ કરતાં વધુ છે. ભાવો એકંદરે સ્થિર અને મજબૂત રહ્યા છે તેમાં ઘટાડાની શક્યતા ઓછી હોવાનું જણાવતાં આ સેક્ટરનો અગ્રણી વર્ગ કહે છે.

સ્ટીલ, સિમેન્ટ, ઍલ્યુમિનિયમ સહિત અન્ય મટિરિઅલ્સના વધેલા ભાવોને લીધે ડેવલપર્સ વર્ગ ભાવ ઘટાડવા તૈયાર નથી, જેને લીધે વેચાણ મંદ પડે છે, પણ ભાવોમાં કડાકાની સંભાવના ઓછી છે.

સુરતમાં રિડેવલપમેન્ટ ગતિ પકડી રહ્યું હોવાના અહેવાલ છે, જ્યારે વડોદરા અને રાજકોટ આ બંને શહેર અમદાવાદની સરખામણીએ ધીમી ગતિએ આગળ વધી રહ્યાં છે. ખરેખર તો ગુજરાત મુંબઈના માર્ગે છે, પરંતુ મુંબઈની તુલનાએ ગુજરાતની જરૂરિયાત અને ઝડપ ઓછી જણાય છે. એ ખરું કે આમાં અમદાવાદ અપવાદ છે. અહી પૉપ્યુલર એરિયાનાં જૂનાં મકાનોમાં રહેતા લોકોને સારી તકો મળવાની આશા છે. આગામી દસકામાં ગુજરાતમાં રિયલ એસ્ટેટ સેક્ટર વધુ વાૉઇબ્રન્ટ બને એવી ધારણા સાચી પડી શકે છે. આમ પણ ગિફ્ટ સિટીએ તસવીર બદલી છે.

---



હેં... ખરેખર!

પ્રફુલ શાહ feedback@bombaysamachar.com

# રે ગ્રિસર એટલે શક્યતા ને શંકા વચ્ચે કાયમનો લાપતા આદમી

ગતાંકથી શરૂ


અમેરિકાના પેન્સિલવેનિયા રાજ્યના ૫૯ વર્ષના રહેવાસી રે ગ્રિસર (Ray Gricar) ૨૦૦૫ની ૧૫મી એપ્રિલે એવા ગાયબ થયા કે ન પૂછો વાત. આજકાલ પ્રામાણિકતા, ભાઈચારો, નૈતિકતા, આદર્શવાદ, આંખની શરમ, પારદર્શિતા, તટસ્થતા અદૃશ્ય થઈ ગયાં છે એ રીતે ગ્રિસરનો ન અતોપતો મળ્યો કે ન કોઈ સગડ સુધ્ધાં હાથ લાગ્યા.

પોલીસ સહિતની એકેએક એજન્સીઓની તપાસ અને પૂછપરછમાં સમ ખાવા પૂરતું કંઈ જ હાથ ન લાગતાં અંતે આ લાપતા આદમીને ૨૦૧૧માં સેન્ટર કાઉન્ટીના અધિકારીઓએ તેમને મૃત જાહેર કર્યા હતા. કલ્પના કરી જુઓ કે અમેરિકા જેવા વિકસિત અને સાધનસંપન્ન દેશમાં છ-છ વર્ષ જરાય માહિતી ન મળે એ કેવું ગજબનાક. જોકે ભારતથી તદ્દન વિપરીત આજે પણ પેન્સિલવેનિયા સ્ટેટ પોલીસ આ કેસની તપાસ કરી રહી છે. એટલું જ નહિ આ મામલામાં કોઈ પણ માહિતી આપનારા માટે પૂરા પાંચ હજાર ડૉલરનું ઇનામ જાહેર કરવામાં આવ્યું છે.

રે ગ્રિસરના લાપતા થવા અને તેમની ભાળ મેળવવા માટે અપનાવાયેલા તપાસના મુખ્ય સિદ્ધાંતોમાં થોડા ઊંડા ઊતરીએ તો આ કિસ્સો અલગ પરિપ્રેક્ષ્યમાં જોઈ શકાશે.

કાયદા અમલીકરણ એજન્સીઓએ તેમની ગુમશુદગીની તપાસમાં ત્રણ મુખ્ય સંભાવનાઓ પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું.

પહેલી શક્યતા એ હતી કે ગ્રિસરે આત્મહત્યા કરી હોય. આમ માનવા પાછળનો એકમાત્ર અને સબળ તર્ક એ સ્વીકારાયો હતો કે ૧૯૯૬ના મે મહિનામાં તેમના મોટા ભાઈ પણ આવી જ રીતે ગાયબ થઈ ગયા હતા. તેમના કમ્પ્યુટરના સર્ચ ઇતિહાસમાં હાર્ડ ડ્રાઇવનો નાશ કરવા અને પાણીથી બચાવવા સંબંધિત માહિતી મળી હતી, જેના કારણે આત્મહત્યાની શંકા વધુ ગાઢ બની. કેવો માની ન શકાય એવો યોગાનુયોગ? પરતું લાશ કેમ ન મળી? અને કૉમ્પ્યુટર હાર્ડ ડિસ્ક ક્યાં? શા માટે ગાયબ કરી?



ગ્રિસર કેસમાં બીજી શક્યતા દેખાઈ સ્વેચ્છાએ ગાયબ થવાની. કેટલાક લોકોનું માનવું હતું કે તેમણે પોતાની નિવૃત્તિ પહેલાં પોતાની મરજીથી પોતાનું જીવન છોડીને ક્યાંક બીજી જગ્યાએ નવી શરૂઆત કરી. દોસ્તો, ગર્લફ્રેન્ડ અને દીકરી સહિત કાઈને જાણ કરવાની જરૂર કેમ ન લાગી? અને કૉમ્પ્યુટર હાર્ડ ડિસ્કમાં એવું તે શું હતું કે એ ગાયબ કરી દેવી પડી?

ત્રીજી શક્યતા એ જોવાઈ કે ગ્રિસર કોઈ ગુનાહિત ષડયંત્રનો ભોગ બન્યા હોય એટલે કે એમનું ખૂન થયું હોય. એક તર્ક પર સધાયેલી સહમતી અનુસાર, એક કડક સરકારી વકીલ તરીકે તેમણે ઘણા ખતરનાક ગુનેગારો અને ગેંગોને સજા અપાવી હતી. આથી કોઈએ વેર વાળવા એમનું ઢીમ ઢાળી દીધાની શક્યતાને સાવ નકારી શકાય નહીં. અહીં ફ્રી લાશ અને કૉમ્પ્યુટર હાર્ડ ડિસ્ક સંબંધી સવાલો અનુત્તર રહી જાય છે. આ સંબંધી એક મહત્ત્વનો પુરાવો રેના કૉમ્પ્યુટરમાંથી પણ મળ્યો હતો. રેના બ્રાઉઝિંગ ઇતિહાસમાં બહાર આવ્યું હતું કે તેમણે ઘણી વખત હાર્ડ ડ્રાઇવનો નાશ કેવી રીતે કરવો એ વિશે સર્ચ કર્યું હતું.

એક વકીલ, એક દીકરીના પિતા અને સારી સંપત્તિના માલિક રેના ગાયબ થયાના બીજા દિવસે તેમની કાર અને સેલ ફોન તેમના ઘરથી ૫૫ માઇલ દૂર એક નદીના કિનારેથી મળી આવ્યાં હતાં. અને થોડા મહિનાઓ બાદ રેનું લૅપટૉપ તેમજ હાર્ડ ડ્રાઇવ નદીના કિનારે મળી આવ્યાં હતાં. હાર્ડ ડ્રાઇવને ખૂબ જ ખરાબ રીતે નષ્ટ કરી દેવામાં આવી હતી.

સામાન્ય રીતે પોતાનામાં જ વ્યસ્ત રહેતા આ માણસ પોતાના ગાયબ થયાના દિવસે એક અજાણી સ્ત્રી સાથે જોવા મળ્યા હતા, જે તેમની ગર્લફ્રેન્ડ નહોતી. જ્યાં તેમની કાર મળી આવી હતી ત્યાં સિગારેટની રાખ પણ મળી હતી. જ્યારે આશ્ચર્યજનક વાત એ હતી કે રે સિગારેટ પીતા જ નહોતા.

શું એમના ગાયબ થવામાં ગર્લફ્રેન્ડ, દીકરી, અજાણી મહિલા કે અન્ય કોઈ કારણરૂપ હશે? એક એક કડી જોડતાની ચેષ્ટાથી લાગે કે જાણે રે ગ્રિસર કાઈ સશક્ત સસ્પેન્સ થ્રિલરનું ભેદી પાત્ર ન હોય. (સંપૂર્ણ)■

સર્જકના સથવારે
રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com

# જીહા, આદિલ તો તખલ્લુસ માત્ર છે નામ-ધંધો-ધર્મ ને જાતિ ગઝલ...

આદિલ મન્સૂરી નામે ગઝલચમત્કારની વાત આગળ વધારીએ. આદિલ પહેલાં ગુજરાતી ગઝલ મુખ્યત્વે પ્રેમ, વિરહ, મિલન અને શૃંગારની આસપાસ ફરતી રહી. આદિલે આ બધું તો કોઠે પાડીને પોતાની આગવી સૂઝથી આધુનિક માનવીની એકલતા, હયાતીની વેદના, નગરજીવનની વિટંબણા, બટકણા સંબંધો, પરાયાપણું, આંતરિક ખાલીપો અને સમય સાથેની દોડ જેવા નવીન વિષયોનો ઉમેરો કર્યો. આનાથી ગુજરાતી ગઝલમાં આધુનિક ચેતનાનો પ્રવેશ થયો.

આદિલ પોતાની ભાષાથી પણ જુદા પડે છે. એમ કહી શકાય કે એમના ઉર્દૂના અભ્યાસને લઈને એમણે ગુજરાતી ભાષાને ઉર્દૂની નજાકત અને સંગીતમયતા સાથે જોડીને નવી અભિવ્યક્તિ આપી. વિશિષ્ટ પ્રદાન માટે વિશેષતાઓ જરૂરી છે. ભાષા સરળ, સંકેતાત્મક, પ્રતીકાત્મક, કલાત્મક, સંક્ષિપ્ત અને અર્થગંભીર છે. એમણે સાબિત કર્યું છે કે ઓછા સરળ શબ્દોમાં પણ ગહન ભાવ વ્યક્ત થઈ શકે છે.

પેઢી દર પેઢી કલ્પનો અને પ્રતીકો બદલાતાં રહે છે. પરંપરાગત ગઝલમાં જોવા મળતાં ગુલાબ, ગુલશન, સાકી, સુરા, શમા, શબનમ, પરવાના, દીપક, મય, મયખાનું, ગમે-જિંદગી જેવાની સામે આદિલ આપે છેઃ રસ્તો, અરીસો, બારી, દીવાલ, ધૂળ, શહેર, ટ્રાફિક, મૌન, અંધકાર અને ન્યૂ યોર્ક નામે ગામ જેવા આધુનિક પ્રતીકોનો પ્રયોગ કર્યો. આ નવાં પ્રતીકોએ ગુજરાતી ગઝલને સમકાલીન જીવન સાથે વધુ નજીકથી જોડીને નવી દૃષ્ટિ આપી.

પરંપરા અને પ્રયોગશીલતાનો એમણે સમન્વય કર્યો. આદિલે ગઝલનું મૂળ સ્વરૂપ જાળવી રાખ્યું અને સાથે વિષય તથા અભિવ્યક્તિમાં નવીનતા લાવી, મત્લા, મક્તા, કાફિયા, રદીફ અને છંદની પરંપરા જાળવીને તેમણે આધુનિક સંવેદના અને વિચારધારાને ગઝલમાં સ્થાન આપ્યું. પરંપરા અને પ્રયોગનો


આદિલ મન્સૂરી

આ સંતુલિત સમન્વય તેમની મોટી સિદ્ધિઓમાંનો એક છે.

ઉર્દૂ સાહિત્યના ઊંડા અભ્યાસને કારણે તેમની ગઝલોમાં ઉર્દૂની સંગીતમયતા, નજાકતા અને તત્ત્વચિંતન જોવા મળે છે. તેમણે ગુજરાત ગઝલને ઉર્દૂની કાવ્ય પરંપરાથી સમૃદ્ધ બનાવી અને બંને ભાષાઓ વચ્ચે સર્જનાત્મક સેતુ રચી આપ્યો.

એમની રચનાઓમાં જોવા મળતાં મુખ્ય લક્ષણોની વાત કરીએ એમાં આધુનિક સમસંવેદના, પ્રતીકવાદ, અસ્તિત્વવાદી ચિંતન, નગરચેતના, કલ્પનની તાજગી, ભાષાનો સંયમ, ઊંડું તત્ત્વચિંતન, મૌસિકી, મૌન અને સંકેતોની કલા અને વૈશ્વિક અનુભવના દર્શન થાય છે.

આમ આદિલ મન્સૂરીએ ગુજરાતી ગઝલને પરંપરાની સીમાઓમાંથી બહાર કાઢીને આધુનિક જીવનના ધબકાર અને આંતરિક સંઘર્ષની કાવ્યભાષા આપી. તેમણે પ્રયોજયેલી નવીનતાએ ગુજરાતી ગઝલને વધુ આકર્ષક બનાવી આધુનિક ગઝલ અને કાવ્યને નવી દિશા આપનાર સર્જક તરીકે સદાય જીવંત રહેશે.

આદિલ ગઝલની સાથે ગુજરાતી કવિતાનું સગપણ કરાવે છે. ગઝલનાં બાહ્યતત્ત્વોના ચોકઠાની બહાર છલાંગ મારીને ઊફરો ચાલે છે. શરૂઆતની ગઝલમાં પરંપરાના તંતુઓ નિભાવીને મુખરિત ગઝલો આપે છે. જેમ કેઃ

જ્યારે પ્રણયની જગમાં શરૂઆત થઈ હશે,
ત્યારે પ્રથમ ગઝલની રજૂઆત થઈ હશે.
ઘૂંઘટ ખૂલ્યો હશે અને ઊઘડી હશે સવાર,
ઝૂલ્ફો ઢળી હશે ને પછી રાત થઈ હશે.

ઝૂલ્ફોના અંધકારનો રેશમસ્પર્શ અકબંધ રાખીને 'ન્યૂયોર્ક નામે ગામ'માં શાયર મુખર થાય છે પણ મુખરિત થયા વગરઃ

**ઝૂલ્ફોના અંધકારની પહેલી જ રાત છે**
**ને સ્પર્શ આરપારની પહેલી જ રાત છે.**

આપણે સૌ જાણીએ તેમ ગઝલ એ ઊર્મિપ્રધાન કાવ્ય છે અને જે કહેવાનું છે તે ફક્ત બે પંક્તિઓમાં સમાવી લેવાનું છે. આથી શાયર સંકેત અને ઈશારાથી પ્રતીકો દ્વારા કહે છે. આદિલ શરૂઆતથી જ જીવનને અખિલાઈમાં જોવાનો પ્રયત્ન કરે છે. એમની પાસે એક ચોક્કસ સૌન્દર્યલક્ષી નજર છે. ગઝલો કરતાં કાવ્યોમાં સમગ્રતા અને જીવનદર્શનની વ્યાપકતાભરી સમગ્રતા વધારે જોવા મળે છે. એ જીવનનું વિવેચન નથી કરતો પણ અરીસો ધરે છે. એ બિંબ-પ્રતિબિંબની પળોજણમાં નથી પડતો પણ સાર તત્ત્વને સંગોપીને સરળ બાનીમાં રસળતું કરે છે.

આદિલ પચંમહાભૂત એટલે આકાશ, વાયુ, અગ્નિ, પાણી અને પૃથ્વીના વિવિધ સ્વરૂપોનો વિનિયોગ કરીને પંચેન્દ્રિય- કાન, નાક, જીભ, આંખ અને ત્વચાનું સાયુજ્ય પ્રગટ કરે છે. પવન કહો, વાયુ કહો કે સમીર કહો કે હવા કહો પરંતુ કવિ હવાની અને ખુશ્બૂની જુગલબંદીને વિસારે પાડીને વાત કરી શકે નહીં. આદિલની રચનાઓમાં પવન-વાયુતત્ત્વ કેવી રીતે આવે છે તે જાણવું રસપ્રદ બની રહેશેઃ

વ્હેલી સવારે બાગમાં ડોકાય છે પવન
ખુશ્બૂની રોજ ચોરી કરી જાય છે પવન.

* * *

**એ પગરવ હોય કે ધડકન હૃદયની,**
**હવાઓ કાન દઈને સાંભળે છે.**

* * *

**લઈ જાય છે સુગંધ હવા એ વિચારથી,**
**ફૂલો દબાઈ જાય ના ખુશ્બૂના ભારથી.**

* * *

**જો આપનો પડછાયો પડી જાય જરા પણ,**
**નક્કી પછી રંગીન બની જાય હવા પણ**

* * *

**પવન શુષ્ક પર્ણો હઠાવી જુએ છે**
**વસંતોની અહીંયાં કબર હોય જાણે**

* * *

**હવે વરસાદ તો થંભી ગયો ને,**
**છતાં પાલવ હવાનો નીતરે છે**

* * *

**આગ, પાણી ને હવા દેખાય છે**
**ખાલી ખાલી શૂન્યતા દેખાય છે**

* * *

**ચારે તરફ એ મારાં ઉડાવે છે ચીંથરાં**
**સંજોગોનો પવન શું હજી સમજે સઢ મને**

* * *

**શેકાતી મકાઈની મહેકથી**
**છલકે છે પવનના ફેફસાં**

* * *

પાણીની સપાટી પર લસરતો લસરતો આવતો પવન
કાંઠાની રેતમાં પગ મૂકતાં જ ખૂંપી ગયો.

પાંચ તત્ત્વોથી નાતો બાંધીને કવિ આકાશમાંથી બ્રહ્માંડ સુધીની સફર ખેડે અને 'તદ્દૂરેતદન્તિકે'-નો પ્રતિઘોષ પાડે છે આ રીતેઃ

**તેજ, વાયુ, જળ, ધરા ને અનંત આભ**
**આ,**
**સર્વ દૂર દૂર ને સર્વ પાસ પાસમાં**

* * *

**હું જ્યારે ન હો તો આ બ્રહ્માંડમાં**
**આ બ્રહ્માંડ મારા કહ્યામાં હતું**

* * *

**ત્રણેય કાળ ને બ્રહ્માંડ છે હથેળીમાં**
**કશુંય બહાર નથી અર્પુ આચમન કોને**

* * *

**આગ, પાણી અને હવા સામે**
**માનવી એકલો બધા સામે**

આદિલે ભાવની એકધારી પ્રવાહિતા જાળવીને એકાત્મતા અને સળંગતા દાખવતી રચનાઓ આદિલે આપી છે. સૂરજના તેજનો કવિ અંધકારનો અફીણી છે. આદિલનો પ્રિય વિષય અંધકાર છે. એમણે 'અંધારું' શબ્દને રદીફ બનાવીને સાત ગઝલનું એક ગઝલસપ્તક આપ્યું છે અને નોંધે છે કે... 'મત્લઅ, મકતઅ, રદીફ, કાફિયાની જાળવણી સાથે ભાવ કે વિષય સાતત્યના આંતર પ્રવાહથી સંકળાયેલી સાત ગઝલોનું ગુચ્છ... સેવન ઈન વન, સમસ્ત ભાવવિશ્વમાં આ પહેલવહેલો પ્રયોગ છે કદાચ.'

અંધકાર અને તેજની જુગલબંધીમાંથી અનેક નવા નવા અર્થ પરિમાણો નીપજાવવાના આદિલના આ બારીક નકશીકામના કેટલાંક ઉદાહરણો જોઈએ તેના પરથી ખ્યાલ આવશે.

**સૂરજનો ચહેરો જોઈને એ નીકળી પડ્યો**
**'આદિલ' શરીરમાં હતો છાયાનો અંધકાર**

* * *

**કશુંય કહેવું નથી સૂર્ય કે સવાર વિશે**
**તમે કહો તો કરું વાત અંધકાર વિશે**

* * *

**સૂરજમાં અંધકારના પડઘા શમી ગયા**
**ને રાતમાં સવારના પડઘા શમી ગયા**

* *

**પડઘાના અંતરો કદી કાપી શકાય ના**
**ઊંડાણ અંધકારનું માપી શકાય ના**

* * *

**સૂર્ય ઊગે છે સૂર્ય ડૂબે છે**
**ક્યાં કદી આથમે છે અંધારું**

* * *

**અશ્રુ કાજલ ભરેલ આંખોમાં**
**કે પછી ઓગળે છે અંધારું**

કવિને નાતો શબ્દનો છે, શબ્દની સાથે પનારો છે. કવિતામાં શબ્દ એકલો લય નથી, પરંતુ ઊંડી સંવેદના છે. વાણીમાં સૂર્યનું તેજ ભરીને કહેવાતા જ્ઞાનના કે અજ્ઞાનના અંધકારને ભેદવાનું કામ શબ્દ કરે તો એ કવિનો શબ્દ બને છે. જીવનના સત્ત્વને, મર્મને અને સત્યને પામવા માટે કવિનો શબ્દ ક્યારેક ઓછો ઊતરે તો પણ એ અર્થ સાથેનું અનુસંધાન જાળવે છે. લાગણીની, ભાવના, સંવેદનાની અને તીવ્રતાની અભિવ્યક્તિ કરવા માટે આદિલ શબ્દો પાસેથી ધાર્યું કામ લઈ શકે છે. એ ચિત્રાત્મક બને છે, વાચાળ બને છે, ધારદાર અને ચોટદાર બને છે. શબ્દની તાકાત અને શબ્દના વિન્સાયસની વાતનો મર્મ આદિલ સમજે છે અને અનેક રચનાઓમાં સમજાવે પણ છેઃ

**શબ્દ જે તુજ હોઠ પર આવ્યા હતા**
**એ તો મારા મૌનના પડઘા હતા**

* * *

**ને મૌન દ્વારા વાત હું સમજાવી ના શક્યો**
**લેવો પડ્યો ન છૂટકે આધાર શબ્દનો**

* * *

**અર્થોનાં જંગલો તો સળગતાં રહ્યાં અને**
**વસ્તીની વચ્ચે વાણીનો વહેવાર પણ હતો.**

* * *

**આજ સકલ બ્રહ્માંડ શબ્દનું ઝૂલ્યું ખૂલ્યું ખૂલ્યું**
**આજ મૌનનું બંધ શિવાલય ખૂલ્યું.**

આદિલ શબ્દની ચમત્કૃતિમાં માને છે પણ શબ્દ રમતમાં સરતો નથી. એ પ્રશ્ન પૂછે છે પોતાની જાતને કે 'શબ્દની બહાર સાંભળું કોને' શબ્દના પતંગિયા ઉડાવવાની વાત શું છે. અર્થ વગરના શબ્દ તોરણો લટકાવીને કવિતાના ટોડલા સજાવી શકાય નહીં એવી જાણ હોવાથી એ કહે છેઃ

**ખાલી શબ્દોને શું કરવાના કશા અર્થ વગર**
**હાથ બાંધીને હવે હાથમાં તલવાર ન આપ**

* * *

**પુરાયા અર્થસિંહ તો સરકસના પાંજરે**
**શબ્દોની ખાલી બોડમાં પડઘાય છે ડણક**

ગઝલની બાનીનું પોત જુદા પ્રકારનું હોય છે. એમાં શબ્દની શાલિનતા અને શબ્દની બળકટતા સાથે સાથે રાખીને ભાવને અભિવ્યક્ત કરવાનો હોય છે. ગીત, છાંદસ અને અછાંદસ લખતા લખતા ગઝલો તરફ વળેલા કેટલાક કવિઓએ ગીતનુમા ગઝલો આપી છે અને ગઝલનુમા ગીતો આપ્યા છે.

આદિલની ગઝલની સરળતા જેટલી પ્રવાહી છે એટલી જ અનેક અર્થછાયાઓથી સભર સભર છે. ચિનુ મોદીએ નોંધ્યું છે કે આદિલને સમજવા માટે એમનાં અછાંદસ કાવ્યો પણ તપાસવા જ રહ્યાં. અમદાવાદના અને અમેરિકાના ભાવવિશ્વમાં ફરક છે.

આદિલ મન્સૂરીના મને ગમતાં શેરથી સમાપન કરું છુંઃ

**રસ્તામાં એટલી ખાધી છે ઠોકરો**
**મંઝિલ સુધી પહોંચતા પગભર બની ગયો**

* * *

**ટહુકે છે કમખેભર્યા મોર દિલમાં**
**ને ઊડીને રંગો ભરે છે નજરમાં**

* * *

**જી હા આદિલ તો તખલ્લુસ માત્ર છે**
**નામ, ધંધો, ધર્મ ને જાતિ ગઝલ** ■

સુખનો પાસવર્ડ
આશુ પટેલ
feedback@bombaysamachar.com

# બીજા માટે પણ વિચારો... માત્ર સ્વકેન્દ્રી ન બનો !

સોશ્યલ મીડિયા પર કડવાશ ફેલાવતાં વીડિયોઝ વધુ માત્રામાં મુકાતા હોય છે, પણ હજી ય ઘણા માણસો એવા છે જે સોશ્યલ મીડિયાનો સદુપયોગ કરતાં હોય. આવો જ એક પ્રેરક વીડિયો થોડા દિવસો અગાઉ જોવા મળ્યો. સંજય અપ્પન નામના એક બિનગુજરાતીએ 'ઇન્સ્ટાગ્રામ' પર એક શૅર કરેલા વીડિયોમાં કહેવાયેલી વાત મને ગમી ગઈ એટલે વાચકો સાથે શૅર કરવાનું મન થયું. હવે પછીના શબ્દો સંજય અપ્પનના છે...

કૃષ્ણ ભગવાન અને અર્જુન એક વાર એક રસ્તા પર ચાલીને જઈ રહ્યા હતા ત્યાં તેમની નજરે એક એક ભિખારી પડ્યો. તે ભીખ માગી રહ્યો હતો. એ જોઈને અર્જુનને તેની દયા આવી ગઈ. તેણે કૃષ્ણ ભગવાનને પૂછ્યું કે 'આ તમે શું બનાવ્યું? એવા માણસો જ કેમ બનાવ્યા જે ભીખ માગે છે.'

કૃષ્ણ ભગવાન સાંભળ્યું ના સાંભળ્યું કરીને આગળ ચાલતા થયા. જોકે અર્જુન એ ભિખારીને બોલાવે છે અને કહે છે કે 'ભાઈ, તું ભીખ કેમ માગે છે?'તો તે ભિખારીએ જવાબ આપ્યો કે 'મારી પાસે પૈસા નથી એટલે હું ભીખ માગી રહ્યો છું.'

અર્જુને કહ્યું, 'હું તને મદદ કરું છું. તારે ભીખ માગવાની જરૂર નહીં પડે.'

'ભિખારીએ કહ્યું, 'મારે મજબૂરીમાં ભીખ માગવી પડે છે. તમે મદદ કરશો તો હું ભીખ નહીં માગું.'




અર્જુને તેને એક સોનામહોર આપતાં કહ્યું, 'આ લે સોનામહોર. હવે ક્યારેય ભીખ ન માગતો.'

ભિખારીએ તેનો આભાર માનતાં કહ્યું, 'હવે હું મારા વતનમાં પાછો જતો રહીશ અને આ સોનામહોર વેચીને જે પૈસા આવશે એમાંથી એક બહુ મોટું ઘર બનાવીશ.'

ભિખારીએ સોની પાસે જઈને એ સોનામહોર વેચી. તેને મોટી રકમ મળી. તે ખુશ થતો-થતો જતો હતો ત્યાં એક લૂંટારો તેની સામે આવી ગયો. તેણે તેની પાસેથી બધા પૈસા લૂંટી લીધા અને તેને લાત મારીને ભગાવી દીધો.

બીજા દિવસે કૃષ્ણ ભગવાન અને અર્જુન ફરી એ રસ્તેથી પસાર થયા. તેમણે જોયું કે તે માણસ ભીખ માગી રહ્યો છે!

અર્જુનને ગુસ્સો આવી ગયો. તેણે કહ્યું, 'કાલે મેં તને એક સોનામહોર આપી હતી તોય તું ફરી પાછો ભીખ માગવા લાગ્યો!'

ભિખારીએ કહ્યું, 'તમે કાલે મને એક સોનામહોર આપી હતી, પણ હું એ વેચીને પૈસા લઈને જતો હતો ત્યાં એક લૂંટારો આવ્યો. તેણે મને બહુ માર્યો અને લૂંટી લીધો.'

અર્જુને શાંત પડતાં કહ્યું, 'ઠીક છે જે થઈ ગયું એ થઈ ગયું, પણ આજે હું તને અત્યંત મૂલ્યવાન હીરો આપું છે. એ સોનામહોરથી અનેકગણો વધુ કીમતી છે. લે, આ રાખ.'

ભિખારી બહુ ખુશ થઈ ગયો અને વિચારવા લાગ્યો કે આ વખતે હીરો લઈને સીધો ગામમાં જ જતો રહું. આ હીરો વેચીને ખૂબ પૈસા આવશે. હું ગામડે જઈને બહુ મોટું ઘર બનાવીશ.'

તે હીરો સાચવીને સીધો ઘરે પહોંચી ગયો. તેણે વિચાર્યું કે આ હીરાને એક માટલામાં છુપાવી દઉં છું. તેનું મન શાંત થઈ ગયું.

હવે બન્યું એવું કે તેની પત્નીએ નદીએ પાણી ભરવા જવાનું હતું. ઘરમાં કેટલાંય માટલાં હતાં, પણ તેને થયું કે આ માટલું જ લઈ જાઉં. પતિએ જેમાં હીરો છુપાવ્યો હતો એ માટલું જ લઈ ગઈ અને નદીમાં માટલું નાખ્યું અને ડાયમંડ નદીમાં પડી ગયો!

હવે તે પાછો ભીખ માગવા લાગ્યો. ફરી વાર અર્જુન અને કૃષ્ણ ભગવાન તેની નજીકથી પસાર થયા. કૃષ્ણ ભગવાને કહ્યું,'બે દિવસથી તને જોઉં છું. અહીં આવ. તેમણે તે ભિખારીને બે પૈસા આપ્યા અને અર્જુનને કહ્યું, 'ચાલ.'

જોકે અર્જુનને કુતૂહલ થયું એટલે તે ભિખારીની પાછળ ગયો. તેને એ જોવું હતું કે આ ભિખારી સાથે શું થાય છે. તે ભિખારી કૃષ્ણ ભગવાને આપેલા પૈસા લઈને જતો હતો ત્યાં સામે એક માછલીવાળો માછલીઓ પકડીને આવતો હતો. તેની ટોપલીમાં ઘણી માછલીઓ હતી, પણ એક માછલી તડપતી હતી.

ભિખારીએ વિચાર્યું કે આ બે પૈસાથી હું અમથો પણ કશું નહીં કરી શકું. આ બે પૈસા આને આપી દઉં અને તડપતી માછલી લઈને નદીમાં નાખી દઉં. આ બે પૈસાને કારણે કોઈ તો ખુશ રહેશે. તેણે બે પૈસા આપીને તડપતી માછલી ખરીદી લીધી અને એને નદીમાં નાખી દીધી. તેણે એ માછલીને નદીમાં નાખી ત્યાં જ માછલીના મોઢામાંથી પેલો હીરો બહાર આવ્યો. છે.

માછલીના મોઢામાંથી ડાયમંડ બહાર આવ્યો એ જોઈને ભિખારી બૂમો પાડવા લાગ્યો, 'મને મળી ગયો, મને મળી ગયો!'

એ જ વખતે જેણે તેને લૂંટી લીધો હતો તે લૂંટારો ત્યાંથી પસાર થતો હતો. તેને લાગ્યું કે આ માણસ મને જોઈને જ બૂમો પાડે છે કે 'મળી ગયો, મળી ગયો.'

તે ડરીને ભિખારી પાસે જઈને બોલ્યો કે 'ભાઈ, આટલી બૂમો ન પાડ. તું બૂમો પાડીશ તો ગામવાળા મને મારશે. તને તારી સોનામહોર જોઈએ છે ને? આ લે તારી સોનામહોર!'

આમ પેલા ભિખારીના હાથમાં હીરો પણ આવી ગયો અને સોનામહોર પણ આવી ગઈ.

અર્જુને તે જોયું એટલે તે કૃષ્ણ ભગવાન પાસે ગયો અને તેણે તેમને પૂછ્યું કે 'તમે આ કેવી રીતે કર્યું?' કૃષ્ણ ભગવાને હસીને કહ્યું, 'તેં તેને સોનામહોર આપી. તેણે પોતાના માટે વિચાર્યું, તેં તેને હીરો આપ્યો તો પણ તેણે પોતાના માટે જ વિચાર્યું, પણ મેં તેને બે પૈસા આપ્યા એ પછી તેણે બીજા માટે વિચાર્યું. તેણે બીજા માટે વિચાર્યું એટલે મેં તેના માટે વિચાર્યું!'

ooo

સંજય અપ્પનની વાત અહીં પૂરી થાય છે, પણ આખી વાતનો સાર એ છે કે આપણે બીજા માટે વિચારીએ ત્યારે ઉપરવાળો પણ આપણા માટે વિચારતો થઈ જાય છે. માણસે સ્વકેન્દ્રી બનવાને બદલે બીજાઓ માટે વિચારવું જોઈએ. ■

મિજાજ મસ્તી
સંજય છેલ
feedback@bombaysamachar.com

# આંસુભરી યે ડગર જીવનપથ કી... રંગરંગની રુદનકળા!

*ટાઇટલ્સઃ*

***આંખમાં આંસુ ન હોત તો આત્મામાં મેઘધનુષ ક્યાંથી થાત? (છેલવાણી)***

**'એક આંસુ બની ગયું ચંદ્ર,**
**આંખો થઈ ગઈ ભૂરી ભૂરી,**
**ને સાગરનાં તળિયે છીપલાં શોધવા ચાલ્યું...**
**પાંપણના ભીના કિનારા,**
**ધુમાડા બની ગયા છેવટે તોયે દુખ રહી ગયું ભૂખ્યું.'**

આ કવિતા દંતકથા સમાન ક્રિકેટર સચિન તેંડુલકરના કવિ પિતા રમેશ તેંડુલકરની છે.

સામાન્ય રીતે રવિવારે આપણે હળવા મૂડમાં હોઇએ પણ આંસુ વિશે હળવા થવાય એવી વાતો કરીએ. આંસુ એક અલગ જ વિષય કે અધ્યાય છે. કમબખ્ત જિંદગી કાંદા જેવી છે. આપણે એનાં એક એક પડ ઉખેડતાં જવાનું અને રડતાં જવાનું. બંગાળી લેખક જ્યોતિર્મય દત્તના નાટકમાં એક સંવાદ આવે છે કે ભગવાન બુદ્ધને આ જન્મની પ્રેમિકામાં, ગયા જન્મની પ્રેમિકાનાં ચહેરાનાં આંસુ દેખાતાં!

ખરેખર તો રડવાથી મોટું કોઇ હથિયાર નથી. આ વાત સાસરામાં રિસાયેલી સ્ત્રીઓ, ચૂંટણી વખતે રિઝવવા નીકળેલા નેતા અને ફિલ્મ રિલીઝ વખતે અભિનેતાઓ બરોબર સમજે છે.


આંસુ, એક એવી ચાવી છે કે જેનાંથી ભલભલાં તાળાં ખૂલી જાય. પબ્લિકનાં દિલનાં દરવાજા પણ ઉઘડી જાય!. ઘણાંયે લેખકો-કવિઓ કરુણરસને વાપરી વાપરીને કરિયર બનાવે છે. ભાઈ-બહેનનાં મળવા-બિછડવાનાં 'ભરત-મિલાપ' ટાઈપનાં દૃશ્યોવાળી સત્યકથાઓ તો ગોડાઉન ભરાઈ જાય એટલી બધી છે. પતિ-પત્ની કે પ્રેમિકાઓનાં વિરહમાં રડીરડીને કવિ-લેખકોએ એટલાં કાગળ કાળાં કર્યાં છે કે અમને થાય છે કે જગતનાં બધાં જંગલ એ કાગળો બનાવવામાં જ અડધાં થઈ ગયાં હશે.

આ બધા વચ્ચે મૃત્યુ પણ પાછી એવી જ ઘટના છે જે સૌથી ફાસ્ટ અને ઇન્સ્ટંટ સૌને રડાવી મૂકે છે. કોણ જાણે કેમ પણ નરસિંહ મહેતાનાં 'કુંવરબાઈનાં મામેરા'ની વાત વાંચી કે જોઈને અમને હંમેશાં રડવું આવે છે.

ગુજરાતી કવિ નરસિંહરાવ દીવેટીયાએ સ્વજનોનાં મૃત્યુ પછી ખૂબ કરુણ કાવ્યો લખેલાં અને 'આ વાદ્યને કરુણરસ વિશેષ ભાવે!' એવું કૈંક કહેલું. મહાન શાયર ગાલિબનાં અગિયાર સંતાનો મરી ગયેલાં અને લખેલુંઃ 'દિલ હી તો હૈ ના સંગ-ઓ-ખિસ્ત, દર્દ સે ભર ના જાયે ક્યું?'

કવિઓ કે ચિંતકોની સ્ટાઈલમાં કહીએ તો આસું ક્યારેય 'મે આય કમ ઇન' કહીને નથી આવતાં.

અરે, અમે તો કહીએ છીએં કે નેતા કે અભિનેતાઓને રડતાં જોઈને આપણને ધરપત થવી જોઈએ કે- હાશ, હજી એ લોકો નોર્મલ છે! નેતાઓનાં આંસુઓ એવાં કમાલના હોય છે કે કોઇકને રડાવી મૂકે છે તો કોઇકને હસાવી મૂકે છે.



ગયા વર્ષે 'સિતારે ઝમીં પર' ફિલ્મનાં પ્રમોશનમાં આમિર ખાને એના છૂટાછેડા અને પારિવારિક વગેરે અનેક અંગત વાતો યાદ કરીને આંસુડાં સાર્યા હતાં. જો કે એક વર્ષમાં એ આંસુડાં સૂકાઈ પણ ગયા અને હવે ખુશી ખુશી એણે ત્રીજા લગ્ન પણ કરી લીધાં છે. એટલે રડવું, એક એવી ફોર્મ્યુલા છે જે હંમેશાં સફળ કે પછી પ્રચલિત તો થાય જ છે. કોઈક જાહેરમાં રડીને માન મેળવે છે, કોઈક જાહેરમાં રડીને મજાક બની જાય છે! ઈન શોર્ટ, જાહેરજીવનમાં તો આંસુ ઇન્સ્ટંટ વેંચાય છે!

*ઇન્ટરવલઃ*

***મુજ હાસ્યને દિવાનગી લોકો ભલે સમજે,***
***જ્યાં જઈને રડું એવી નથી કોઈ જગા યાદ! (મરીઝ)***

નોર્મલી લોકોને હસાવનાર માણસ સદા ખુશખુશાલ હશે એવી ધારણા હોય છે, પણ ના...એવું જરાયે નથી. હસતા માણસના ચહેરા પાછળનાં મોહરામાં અનેક આંસુઓ છૂપાયા હોય છે.

હોલિવૂડના કોમેડિયન અને ફિલ્મ સ્ટાર રોબિન વિલિયમ્સે ૨૦૧૪માં આપઘાત કર્યો હતો. એને બાયપોલર ડિસઓર્ડર નામની માનસિક બીમારી હતી. એને વારેવારે ડિપ્રેશન કે હતાશાના એટેક આવતા. ત્યારે આ ચર્ચા શરૂ થયેલી કે હાસ્ય કલાકારને ડિપ્રેશન કેવી રીતે આવી શકે? એ તો આખી

દુનિયાને હસાવે છે! દુનિયાને હસાવનાર જોકરનાં આંસુ કોઈ ને દેખાતાં નથી. કદાચ જોકર આંસુ વહાવીને પણ લોકોને હસાવવા માગે છે. કદાચ આ દોરંગી દુનિયામાં એક જોકરના આંસુ જેવી પવિત્ર વસ્તુ કોઇ નથી. થોડાં વર્ષો પહેલાં રાજસ્થાનના કોઇ ન્યાયાધિશે કહ્યું હતું કે મોર બ્રહમચારી પક્ષી છે અને મોરનાં આંસુ પીને ઢેલ પ્રેગ્નંટ થાય છે! હવે આવાં સામાચારો આવવા માંડે ત્યારે અમારાં જેવાં ગરીબ વ્યંગકાર કે લેખકોની શું જરૂર પડે?

ગમે એટલો પાવરફૂલ માણસ હોય પણ 'મર્દ કો દર્દ નહીં હોતા' એવાં ડાયલોગ ફિલ્મમાં જ શોભે. આ ધરતી પર તો રામ અને કૃષ્ણ જેવા દેવતા પણ પોતાની માતાના પ્રેમ સામે રડી પડેલાં તો નેતા શું ચીજ છે? લતા મંગેશકરે 'અય મેરે વતન કે લોગો' સ્ટેજ પર ગાયેલું ત્યારે નેહરુજીને રડવું આવી ગયેલું. પુત્ર સંજય ગાંધીના મૃત્યુ વખતે ઇંદિરા ગાંધીએ પણ આંસુ છૂપાવવા કાળાં ગોગલ્સ પહેરીને ચલાવેલું. માતા, ગરીબી અને સંઘર્ષ એ બધાં કમાલનાં તત્ત્વો છે. માને યાદ કરી રડવામાં કવિ લેખકોની જેમ નેતાઓ પણ અપવાદ નથી. ઘણીવાર જ્યારે નેતાઓ સ્ટેજ પર ભાષણોમાં પોતાની વાત કરતાં વારે વારે રડે છે ત્યારે એમનાં વિરોધીઓને એમાં વધુ પડતો ડ્રામા લાગે છે, પણ અમને તો એ બહુ ગમે છે. ભલે પ્રજા માટે નહીં પણ પોતાના માટે તોયે નેતાઓનું દિલ સંવેદનશીલ હોય છે.

ઇનશોર્ટ, કોઈ નેતા-અભિનેતા રડે તો એમાં બહુ શંકા કરવા જેવું નથી, કારણ કે ભલભલા વિદ્વાનો, ફિલોસોફરો અને દેવતાઓ આંસુનાં એટેકથી બચી નથી શક્યાં. આમે ય ભારત ઇમોશનલ દેશ છે. ભક્તો ભગવાન સામે પોક મૂકીને રડે છે. ભગવાન ખુદ પાછાં અવતાર લઈને માનવીય સંબંધોમાં રડે છે. જે દિવસે આ દેશમાં આંસુ પર ટેક્સ લગાડવાનો શરૂ થઈ જશે ત્યારે ભારતની તિજોરી લબાલબ છલકાઈ જશે!

*એન્ડ ટાઈટલ્સઃ*

***આદમઃ રડે છે કે કાંદા કાપે છે?***
***ઇવ : બેઉ.*** ■

મિલકતની નોંધપોથી

નજમુદ્દીન મેઘાણી (એડવોકેટ)
feedback@bombaysamachar.com

નવી કૉલમ

# પાવર ઓફ એટર્ની - કુલમુખત્યારનામું રદ કઈ રીતે થઈ શકે ?
## શું છે કાયદાકીય જોગવાઈ...



મૂળ સૌરાષ્ટ્ર અને સુરતમાં જન્મેલા નજમુદ્દીન મેઘાણીએ પ્રાથમિક શિક્ષણ સામાન્ય શાળામાં પ્રાપ્ત કર્યા પછી બી.એસ.સી.ની ડિગ્રી મેળવી વિજ્ઞાન સ્નાતક બન્યા.

ત્યારબાદ અનેક પ્રકારના આર્થિક સંકટ વચ્ચે પણ તેમણે પોતાના સપનાઓ છોડ્યા નહીં અને વકીલાતનો અભ્યાસ પૂર્ણ કરીને એડવોકેટ તરીકે પદવી પ્રાપ્ત કરી છે. મિલકતના ટાઈટલ વેરિફિકેશન, દસ્તાવેજોની તૈયારી અને રજિસ્ટ્રેશન તથા જમીન અને રેવન્યુ કાયદા અંગે સચોટ માર્ગદર્શન અને કન્સલ્ટન્સીનું મહત્ત્વપૂર્ણ કાર્ય પણ કરે છે. આ ક્ષેત્રમાં એમણે અનન્ય સફળતા મેળવી છે.

આજે ૭૦૦થી વધુ લેખ કોલમ લખનારા નજમુદ્દીન મેઘાણી એક ઉત્તમ જાહેર વક્તા પણ છે.

આપણા રોજિંદા જીવન વ્યવહારમાં ઘણીવાર પાવર ઓફ એટર્ની એટલે કે કુલમુખત્યારનામું જેવા શબ્દો સાંભળવા મળે છે માટે એ વિશે જાણકારી મેળવી લઇએ.

સામાન્ય રીતે પાવર આપનારના નામથી અને તેના વતી તેના કોઇ કાર્યો કરવા માટે પાવર આપનાર પોતાના દસ્તાવેજમાં જે વ્યક્તિની નિમણૂંક છે તેને એટર્ની યાને પાવર લેનાર તરીકે ઓળખાવી શકાય. આમ કેટલાંક કામ કરવા માટે પાવર આપનાર કોઇ અન્ય વ્યક્તિની તરફેણમાં (એટર્નીની તરફેણમાં) એ કાર્યો કરવા અને એટર્ની તરીકે પોતાની સહી કરી શકવા અંગેની સત્તા આપવામાં આવે છે. આ રીતે સત્તા આપતા દસ્તાવેજને પાવર ઓફ એટર્ની તરીકે ઓળખાય છે.

પાવર ઓફ એટર્નીના દસ્તાવેજ બે પ્રકારના હોય છે. (૧) જનરલ પાવર ઓફ એટર્ની




(૨) સ્પેશ્યલ પાવર ઓફ એટર્ની.

જનરલ પાવર ઓફ એટર્નીના પાવર આપનાર દ્વારા નિશ્ચિત વિષય સંબંધી જનરલ બાબતો અંગે પાવર આપનાર વતી સહીઓ યા કાર્યો કરવાની સત્તા પાવર લેનાર યાને એટર્નીને આપવામાં આવે છે. જ્યારે સ્પેશ્યલ પાવર ઓફ એટર્નીના લેખમાં પાવર આપનાર દ્વારા નિશ્ચિત વિષય સંબંધી ખાસ પ્રકારના ચોક્કસ અને વિશિષ્ટ કાર્યો અંગે પાવર આપનાર વતી વહીવટ, વ્યવસ્થા કરવાની સત્તા આપવામાં આવે છે.

પાવર ઓફ એટર્નીમાં જણાવેલ હેતુ જ્યાં સુધી પૂર્ણ થાય યા સમાપ્ત થાય અથવા તેવો હેતુ પૂર્ણ કરવો અશક્ય બને ત્યાં સુધી પાવર ઓફ એટર્નીનો લેખ ચાલુ રહી શકે યાને અસ્તિત્વ ધરાવી શકે છે...

પાવર આપનાર અને પાવર લેનાર વચ્ચે માલિક (પ્રિન્સિપલ) અને એજન્ટ તરીકેના સંબંધ હોય છે યાને બંને વચ્ચે એજન્સીનો સંબંધ ઉત્પન્ન થાય છે. આથી સ્વભાવિક રીતે પાવર આપનાર મૃત્યુ પછી તે બન્નેની વચ્ચે થયેલ પાવર ઓફ એટર્નીનો લેખ આપોઆપ રદ થયેલો ગણાય.

**પાવર ઓફ એટર્ની રદ કરવા માટેની કાયદાકીય જોગવાઇ**

સામાન્ય સંજોગોમાં પાવર ઓફ એટર્ની યાને કે કુલમુખત્યારનામું રદ કરવા માટે કોઇ મોટી કે અટપટ્ટી કાર્યવાહી નથી. જે વ્યક્તિએ પાવર ઓફ એટર્ની આપ્યો હોય તે પોતાની ઇચ્છા મુજબ પોતાને મરજીમાં આવે તે સમયે પરત ખેંચી શકે છે યાને કે રદ કરી શકે છે. એમાં પાવર ઓફ એટર્ની લેનારની સહી કે સંમતિની જરૂર નથી. અમુક ખાસ સંજોગો સિવાય દરેક પાવર ઓફ એટર્ની રદ થવાને પાત્ર ગણાય છે, પાવર ઓફ એટર્નીએ પાવર આપનારની ઇચ્છા અને મરજી પર આધારીત છે, ઘણીવાર પાવર ઓફ એટર્નીના લખાણ પર ઇરરીવોકેબલ પાવર ઓફ એટર્ની લખેલા હોય છે, પરંતુ અપવાદરૂપ અને ખાસ સંજોગોમાં ઇરરીવોકેબલ પાવર ઓફ એટર્ની લખવા માત્રથી પાવર રદ ન થઇ શકે કે પરત પાછો ન ખેંચાય એવું નથી. ઇરરીવોકેબલ પાવર ઓફ એટર્ની પણ ખાસ વિશિષ્ટ સંજોગો સિવાય પાવર આપનાર પોતાની ઇચ્છા તથા મરજીમાં આવે તે સમયે પરત ખેંચી શકે છે, કે રદ કરી શકે છે.

પાવર ઓફ એટર્ની જો જમીન કે મિલકતના વહીવટ, વ્યવસ્થા માટે લખી આપેલ હોય તો તેથી તેવી જમીન કે મિલકતમાં પાવર લેનારનું હિત કે હક્ક, અધિકાર ઉત્પન્ન થતાં નથી. જે પાવર આપનાર જ્યારે પાવર રદ કરે કે પરત ખેંચે એટલે તુરત જ તેવી જમીન -મિલકત પરત્વે પાવર લેનારના વહીવટ, વ્યવસ્થા કરવાની સત્તાનો અંત આવે છે.

પાવર ઓફ એટર્નીની સામાન્ય સંજોગોમાં કોઇ મુદ્દત હોતી નથી યાને પાવર ઓફ એટર્ની આપોઆપ રદ થતો નથી, પરંતુ પાવર ઓફ એટર્ની આપનાર જો ગુજરી જાય તો તેવો પાવર આપોઆપ રદ ગણાય. એ પછી તેવા પાવર ઓફ એટર્ની દ્વારા પાવર ઓફ એટર્ની લેનાર દ્વારા કરવામાં આવેલ કાર્યો ગેરકાયદેસર અને રદ ગણાય.

આ પ્રમાણે સામાન્ય સંજોગોમાં પાવર ઓફ એટર્ની લેનાર ગુજરી જાય તો પાવર ઓફ એટર્ની આપોઆપ રદ થયેલ ગણાય. પાવર ઓફ એટર્ની લેનારના ગુજરી જવાથી પાવર ઓફ એટર્નીના અંત આવેલ ગણાય. સામાન્ય સંજોગોમાં પાવર ઓફ એટર્ની લેનારના ગુજરી ગયા બાદ તેના વારસદારોને તેવા પાવર ઓફ એટર્ની દ્વારા કાર્યો કરવાનો હક્ક, અધિકાર પ્રાપ્ત થતા નથી. પાવર ઓફ એટર્ની લેનારના હક્કો, સત્તા વારસાગત નથી એટલે કે પાવર ઓફ એટર્ની લેનાર ગુજરી ગયા બાદ તેવા પાવર ઓફ એટર્ની દ્વારા મળેલી સત્તા અને અધિકાર તેના વારસદારોને પ્રાપ્ત થતી નથી. ■

કેનવાસ

અભિમન્યુ મોદી
feedback@bombaysamachar.com

# આસ્થાનું શિલ્પ - જળનું તત્ત્વજ્ઞાનઃ આકાશથી પાતાળ તરફની કલાત્મક સફર એટલે વાવ!

**માણસની** આધ્યાત્મિક યાત્રાને સમજવા માટે તેના સ્થાપત્યનો અભ્યાસ કરવો બહુ રસપ્રદ છે. આપણે ત્યાં જ્યારે પણ આસ્થાના પ્રતીક સમાન કોઈ સ્થાપત્યનું નિર્માણ થયું ત્યારે મોટાભાગે ઇમારતના શિખરને આકાશ તરફ ઊંચે લઈ જવાનો પ્રયાસ થયો. મંદિરની ધજા હોય, મસ્જિદનો મિનારો હોય કે ચર્ચની ટોચનું શિખર હોય આ બધું જ દર્શાવે છે કે માણસ પોતાના ઈશ્વરને ઉપર આકાશમાં શોધે છે. પ્રકાશ અને ઊંચાઈ તરફ જવાની આ માણસની સહજ વૃત્તિ છે.

જોકે, ભારતના પશ્ચિમ પટ્ટામાં, ખાસ કરીને ગુજરાત અને રાજસ્થાનની ભૂમિ પર એક એવું અનોખું અને વિપરીત સ્થાપત્ય વિકસ્યું, જેણે આકાશ ભણી જવાને બદલે ધરતીના ગર્ભમાં ઊંડે ઊતરવાનું પસંદ કર્યું. આ સ્થાપત્ય એટલે 'વાવ'. વાવ એ માત્ર પાણીનો સંગ્રહ કરવા માટે ખોદાયેલો કોઈ સામાન્ય કૂવો કે ટાંકી નહોતી, એ પાતાળ તરફ જતું એક એવું ભૂગર્ભ મંદિર હતું, જેણે જળને ઈશ્વર માનીને તેની પ્રતિષ્ઠા કરી.

વાવના સ્થાપત્ય પાછળનું તત્ત્વજ્ઞાન સમજવા જેવું છે. મંદિર આકાશ તરફ જાય છે, જે ગૌરવ, સિદ્ધિ અને પ્રકાશનું પ્રતીક છે. જ્યારે વાવ ધરતીની અંદર ઊતરે છે ત્યારે એ નમ્રતા, સ્વીકાર અને શાંત અંધકારનું પ્રતીક છે. ગુજરાત-રાજસ્થાન જેવા સૂકા પ્રદેશોમાં જ્યાં વર્ષના મોટા ભાગના મહિનાઓમાં ગ્રીષ્મનો આકરો તાપ પડતો હોય, ત્યાં પાણી એ માત્ર ભૌતિક જરૂરિયાત નહોતી, પણ એ જીવનનો પર્યાય હતું. આકરા તાપમાં તપતી ધરતીની નીચે છુપાયેલા એ શીતળ જળ સુધી પહોંચવાની પ્રક્રિયાને આપણા પૂર્વજોએ એક યાત્રાનું રૂપ આપી દીધું. વાવનાં પગથિયા ઊતરવાં એ કોઈ સામાન્ય ક્રિયા નહોતી, એ પ્રખર તાપમાંથી શીતળતા તરફ, કોલાહલમાંથી નીરવ શાંતિ તરફ અને બહારની ભૌતિક દુનિયામાંથી પોતાની ભીતરની દુનિયા તરફ જવાની એક મનોવૈજ્ઞાનિક પ્રક્રિયા હતી.

જ્યારે તમે કોઈ ભવ્ય વાવનાં પગથિયાં ઊતરવાની શરૂઆત કરો છો ત્યારે એક અદ્ભુત અનુભવ થાય છે. જમીનના સ્તર પર આંખોને આંજી દેતો સૂર્યપ્રકાશ હોય છે અને હવામાં ઉષ્મા હોય છે, પરંતુ જેમ જેમ તમે એક એક માળ નીચે ઊતરતા જાઓ છો તેમ તેમ તાપમાન ઘટતું જાય છે. સૂર્યનો સીધો પ્રકાશ એક રહસ્યમય અર્ધ-અંધકારમાં ફેરવાવા લાગે છે. વાવની દીવાલો પર કંડારેલાં શિલ્પો જાણે એ શાંતિમાં તમારી સાથે મૌન સંવાદ કરતાં હોય તેવું લાગે. છેક નીચે, સાતમા કે આઠમા માળે પહોંચો ત્યારે જે નીરવ શાંતિનો અનુભવ થાય છે તે કોઈ પણ ધ્યાન કેન્દ્ર કરતાં ઓછો નથી હોતો. ત્યાં તળિયે સ્થિર પડેલું જળ માત્ર તરસ નથી છીપાવતું, પણ માણસના અશાંત મનને એક પ્રકારની અગાધ સ્થિરતા પ્રદાન કરે છે. આ એક એવી જગ્યા


રાણકી વાવ

હતી જ્યાં ધરતીએ પોતાનો ખોળો ખોલીને માણસને આશ્રય આપ્યો હતો.

આ સ્થાપત્યનું સામાજિક પાસું પણ એટલું જ સુંદર હતું. જૂના સમયમાં પાણી ભરવા જવું એ સ્ત્રીઓ માટે માત્ર શારીરિક શ્રમ નહોતો, પણ એ તેમનો સામાજિક મુક્તિનો સમય હતો. ઘરની ચાર દીવાલો અને સામાજિક બંધનોમાંથી થોડી વાર બહાર નીકળીને, વાવના એ ઠંડાં પગથિયાં પર બેસીને સ્ત્રીઓ પોતાનાં સુખ-દુઃખ વહેંચતી. વાવના એ અંધારા ખૂણાઓ અને કોતરણીવાળા ઝરૂખાઓએ પેઢીઓ સુધી અનેક રહસ્યો, આંસુઓ અને હાસ્યને પોતાનામાં સાચવી રાખ્યાં છે. વાવની ભૌમિતિક રચના એવી હતી કે તેમાં પ્રકાશ અને પડછાયાની સતત એક રમત ચાલતી રહે. તળિયે રહેલું જળ જ્યારે ઉપરના ખલ્લા આકાશનું પ્રતિબિંબ પોતાનામાં ઝીલતું ત્યારે જાણે પાતાળ અને આકાશ વચ્ચે કોઈ અદૃશ્ય સેતુ રચાઈ જતો. નીચે ઊભા રહીને ઉપર જોતાં જે ચોરસ આકાશ દેખાય તે માણસને પોતાની લઘુતાનો અહેસાસ કરાવવા માટે પૂરતું હતું.

આજે આપણી પાસે ઘરમાં જ નળ ખોલતાંની સાથે પાણી આવી જાય છે. આધુનિકતા અને યંત્રોએ આપણને સુવિધા ચોક્કસ આપી છે, પણ પાણી સાથેનો આપણો પેલો જીવંત અને આધ્યાત્મિક નાતો તોડી નાખ્યો છે. આજે જળ એ માત્ર પાઇપલાઇનમાંથી વહેતી એક વપરાશની વસ્તુ બની ગયું છે. તેને પામવા માટે હવે આપણે કોઈ પગથિયાં ઊતરવા પડતાં નથી કે નથી એ જળ સુધી પહોંચતાં પહેલાં કોઈ શિલ્પો કે મૌનમાંથી પસાર થવું પડતું. સુવિધાની આ આંધળી દોટમાં આપણે જળ પ્રત્યેનો આદર અને વાવના એ અદ્ભુત સ્થાપત્યએ શીખવેલી નમ્રતા બંને ગુમાવી બેઠા છીએ.

આજે જ્યારે સમય કાઢીને કોઈ જૂની ખંડિત વાવનાં પગથિયાં ઊતરીએ ત્યારે એ સૂકા પડી ગયેલા તળિયામાંથી એક અવાજ ચોક્કસ સંભળાય છે. એ સ્થાપત્ય આપણને યાદ અપાવે છે કે ઈશ્વરને પામવા માટે કે મનની શાંતિ શોધવા માટે હંમેશાં ઊંચા શિખરો સર કરવાની કે ઘોંઘાટ કરવાની જરૂર નથી હોતી. ક્યારેક પોતાની ભીતર ઊંડા ઊતરવું, અંધકાર અને એકાંતનો સ્વીકાર કરવો અને અહંકારનાં પગથિયાં ઊતરીને નમ્રતાના તળિયે જવું વધુ જરૂરી હોય છે. વાવ એ માત્ર પથ્થરોની ગોઠવણ નથી, એ માણસને પોતાનાં મૂળિયાં અને પ્રકૃતિ સાથે જોડી રાખતું એક અસાધારણ ફિલોસોફિકલ કાવ્ય છે, જે આજે આધુનિકતાના કોલાહલમાં ક્યાંક સાવ મૂગું બની ગયું છે.

પાટણની વિશ્વવિખ્યાત 'રાણકી વાવ' હોય, અડાલજની કલાત્મક 'રૂડાબાઈની વાવ' હોય, અમદાવાદની 'દાદા હરિની વાવ' હોય કે પછી જૂનાગઢની ખડકો ચીરીને બનાવેલી 'અડી-કડી વાવ' હોય ગુજરાતની ધરતી પર પથરાયેલાં આ સ્થાપત્યો માત્ર પાષાણનું બાંધકામ નથી, પણ આપણા પૂર્વજોએ જળને અર્પણ કરેલું મહાકાવ્ય છે. જ્યારે પણ આ વાવનાં પગથિયાં પર બેસવાનો મોકો મળે ત્યારે એના અંધારા ખૂણાઓમાં સચવાયેલો પેલો મૌન સંદેશો સાંભળવાનો પ્રયાસ કરજો.

આ સ્થાપત્યો મૂગા મોઢે કહે છે કે જે સંસ્કૃતિ પાણીને 'તીર્થ' માનીને તેને પામવા પાતાળ સુધી ઊતરી શકતી હતી તે સંસ્કૃતિનાં મૂળિયાં ક્યારેય છીછરાં ન હોઈ શકે. આ વાવોના તળિયે ભલે આજે સમય જતાં પાણી સુકાઈ ગયું હોય, પણ તેનાં પગથિયાં પર કંડારાયેલી નમ્રતા અને જળ પ્રત્યેની આસ્થાની ભીનાશ આપણી ભીતર હંમેશાં અકબંધ રહેવી જોઈએ. ■

સિક્કાની ત્રીજી બાજુ

જયવંત પંડ્યા
feedback@bombaysamachar.com

## આપ કે આસપાસ કોઈ રહેતા હૈ...?
# તમારા પડોશીને તમે કેટલા સારી રીતે ઓળખો છો?

**શહેરમાં શક્ય નથી, પણ ગામડાના લોકો વિશે એમ કહેવાય છે કે ત્યાં રહેતા બધા લોકો એકબીજાની છઠ્ઠી જાણતા હોય. આમ છતાંય અપવાદરૂપ ગામમાંય એવું બને કે પાડોશીને પારખવામાં એ થાપ ખાઈ જાય. જાણો, આવા ચોંકાવનારા કિસ્સા...**

**સૌરાષ્ટ્રમાં** કોઈ નવા લોકો પડોશમાં રહેવા આવે એટલે એની આખી કુંડળી મીઠી રીતે કાઢી લેવામાં આવે. અને આ કામ સ્ત્રીઓનું. તમારું શું નામ? તમે ક્યાંના? પરિવારમાં કેટલા લોકો? અને મારા ભાઈ શું કરે છે? ત્યાંથી માંડીને તમારી બેબી માટે હવે તમે જોવાનું શરૂ કર્યું હશે, નહીં? આમ પૂછી-પૂછીને બધી માહિતી કઢાવી લેવામાં આવે.




અમદાવાદ, સુરત, વડોદરા, મુંબઈ જેવાં મહાનગરોમાં આપણી બાજુમાં કોણ રહે છે તે આપણને ખાસ ખબર નથી હોતી, પરંતુ શું ગામડામાં પણ બધાને ખબર હોય છે ખરી કે તેમની બાજુમાં કોણ રહે છે? તો ઉત્તર છે ના. એવા બે વ્યક્તિની વાત કરવી છે જે પડોશી તરીકે રહ્યા હશે, પરંતુ તેમનો સાચો પરિચય થયો ત્યારે બધા ચોંકી ગયા.

પહેલી વાત છત્તીસગઢના બલૌદાબાજાર જિલ્લાના ખાર્વે ગામની છે. અહીં ફેબ્રુઆરીથી મે ૨૦૨૬ના ચાર મહિનામાં એક પછી એક આઠ વ્યક્તિનું મોત થયું... લોકોને એમ કે એ બીમાર હશે તેથી મરી ગયા, પણ પહેલું મૃત્યુ થયું, બીજું થયું આમ કરતાં આઠમું થયું એટલે ગામના લોકોને શંકા ગઈ. તેમણે પોલીસ ફરિયાદ કરી.

તેમણે સ્થાનિક રહેવાસી રામસહાય જયસ્વાલ પર શંકા વ્યક્ત કરી. આ ફરિયાદના લીધે પોલીસે વિગતવાર તપાસ કરવી પડી અને અજય દેવગનની 'દૃશ્યમ'ને આંટી મારે તેવી વાત એમાંથી બહર આવી... એમાં એવું બહાર આવ્યું કે રામસહાય જયસ્વાલે પહેલાં શ્વાન પર ઝેરનો પ્રયોગ કર્યો હતો. તેમાં સફળ થયો તે પછી તે પીડિતોને ઝેરયુક્ત દારૂ પીવડાવતો, પણ પેલા આઠ લોકોને મારી નાખવાનું કારણ?

રામસહાયને કોઈની સાથે જૂનો વિવાદ હતો. કોઈની સાથે જમીનનો ઝઘડો હતો. કોઈની સાથે દેવા-ઉધારી (ઋણ)ની તકરાર હતી. અરે, કોઈની સાથે સામાન્ય જીભાજોડી પણ થઈ હોય તો પણ આ ભાઈ પેલાને ટપકાવી દેતો.

ટૂંકમાં, કારણ અલગ-અલગ એટલે તેને સાઇકો કિલર પણ ન કહી શકાય. લોકોને પહેલાં રામસહાય પર શંકા જ નહોતી પડી, કારણ એ હતું કે ગામમાં રામસહાયની છાપ સારા અને સહાય માટે સદા તત્પર માણસની હતી. તેમાંય પીડિતને પોતે જ દારૂ પીવડાવે અને પછી તેનું સ્વાસ્થ્ય કથળે એટલે હૉસ્પિટલ પણ તે જ પહોંચાડે. તેની અંતિમ ક્રિયામાં પણ તેના પરિવારજનોની પડખે ઊભો રહે. ટૂંકમાં, સારા પડોશીની છાપ તેની હતી. હવે તમે જ કહો, તેના પર કોણ શંકા કરે?

આવા એક બીજા પડોશીની કથા તમિળનાડુના સોક્કાલિંગપુરમ્ન ગામના ૬૧ વર્ષના એક ભાઈની છે. તેમનું નામ મુતુ માસ્ટર. તે ચેન્નાઈમાં રસોઇયા તરીકે કામ કરતા હતા. બીડીઓ ફૂંકે.

૨૦૨૨માં આ ભાઈએ તેમની ઓળખ છતી કરી કે તે તો સ્ત્રી છે! તો આ મહિલા પુરુષ તરીકે કેમ રહેતી હતી?

મુતુ માસ્ટર તરીકે લગભગ ૩૭ વર્ષ રહેલી મહિલાનું મૂળ નામ પેચ્ચિયમ્મલ છે. લગ્નના પંદર જ દિવસમાં તે વિધવા થઈ ગયાં, પરંતુ પતિ થકી તે ગર્ભવતી થયાં. એક છોકરીને જન્મ આપ્યો. તેમની વય હશે વીસ વર્ષ. ઘર ચલાવવા ટુટિકોરિનની કોલસાની ફૅક્ટરીમાં પેચ્ચિયમ્મલ કામ કરવા લાગી. એક રાત્રે એક ટ્રક ડ્રાઇવરે તેને પરાણે ટ્રકમાં ખેંચી જવાનો પ્રયાસ કર્યો, જેમાં તે સફળ ન ગયો. તે પછી પચ્ચિયમ્મલે પોતાના મહિલા રૂપને વિદાય આપી દીધી. તેણે બીજા દિવસે શર્ટ અને ધોતી લીધાં અને બની ગઈ મુતુ માસ્ટર. (રાજ કપૂરની 'મેરા નામ જોકર'નો મીનુ માસ્ટર યાદ છે ને?)

એ પછી ટુટિકોરિનમાં ઘણો સમય તેણે રસોઇયા તરીકે કામ કર્યું. તે પછી ત્રણ વર્ષ ચેન્નઈમાં તે રહી અને પછી કટ્ટુનૈક્કનપટ્ટી નામના ગામમાં તે તેની દીકરી સાથે રહેવા ગઈ. તેની દીકરી સાત વર્ષની થઈ ત્યારે જ તેને ખબર પડી કે તે જેને પિતા (અપ્પા) ગણે છે તે મુતુ માસ્ટર જ તેની 'અમ્મા' છે. તે પહેલાં તે એમ માનતી હતી કે તેની માસી તેની માતા છે, પરંતુ દીકરીએ જાહેરમાં તેની માતાને મુતુ માસ્ટર જ કહ્યા રાખ્યું. તેની ઓળખ છતી ન કરી.

આ દરમિયાન મુતુએ વૃદ્ધોને પેન્શન માટે યાચિકા ન કરી હોત તો કદાચ તેમની સાચી ઓળખ કોઈને ખબર ન પડી હોત, પણ એણે અરજી કરી અને હકીકત બહાર આવી . જોકે મુતુ માસ્ટરની પાસે પોતે સ્ત્રી છે તેવું પુરવાર કરવા કોઈ પુરાવા માટે હાલમાં આધાર કાર્ડ જેવો કોઈ સરકારી દસ્તાવેજ નથી માટે હાલમાં તેને પેન્શન તો 'મુતુ માસ્ટર' તરીકે મળશે. ભવિષ્યમાં એ તબીબી પરીક્ષણ પછી પુરવાર કરાવે કે એ પુરુષ નહીં, પણ એક સ્ત્રી છે ત્યારે એની ખરી ઓળખનો નિવેડો આવશે... ■

ફોકસ

નિધી ભટ્ટ
feedback@bombaysamachar.com

# કાશ્મીરી ચટાઈ છે આ મહિલાની આવકનું સાધન

**હાથવણાટથી** ઘાસની બનેલી ચટાઈઓ હવે કાશ્મીરનાં અનેક ઘરોમાંથી અદૃશ્ય થઈ ગઈ છે. કાશ્મીરની આ જ પરંપરાગત ચટાઈઓને પુનર્જીવન આપ્યું છે ત્યાં રહેતાં ગુલામ હસન અને તેમની દીકરી તાન્ઝીલાએ. તેમણે કાશ્મીરની મહિલાઓને પગભર ઊભી કરવાનું બીડું ઉઠાવ્યું છે. સાથે જ વિસરાઈ ગયેલી એ ચટાઇઓને ફરીથી લોકોનાં ઘરોમાં સ્થાન અપાવી રહ્યાં છે.

આજનાં મોડર્ન યુગમાં લોકો હવે સ્ટાઇલિશ ટાઇલ્સ, ડિઝાઇનર કાર્પેટ્સ અને વિદેશી ચીજ-વસ્તુઓથી પોતાના ઘરને આધુનિક લુક આપે છે. એવામાં આપણી પરંપરાગત કલાકૃતિ વિસરાતી જાય છે. એક સમય એવો હતો જ્યારે કાશ્મીરનાં દરેક ઘરોમાં હાથેથી બનાવેલી ચટાઈઓ લોકોના સ્વાગત માટે જમીન પર પાથરવામાં આવતી હતી. જોકે સમયની



સાથે એ બધું ભૂતકાળ થવા લાગ્યું છે.

એને કારણે કારીગરોની કળા પર પણ માઠી અસર પડી છે.

જોકે એ જ પરંપરાગત કળાને જીવંત રાખવાનો પ્રયાસ કરી રહ્યા છે ગુલામ હસન. આ ચટાઈ બનાવવા માટે તેઓ મહિલાઓને ટ્રેઇનિંગ આપે છે. આ ચટાઈઓ ચોખાના સૂકા ઘાસથી બનાવવામાં આવે છે. આ ચટાઇની વિશેષતા એ છે કે એ શિયાળામાં ઘરને હૂંફાળુ રાખે છે અને ગરમીમાં ઠંડક આપે છે.

૨૦૦૦ની સાલ સુધી તો કાશ્મીરના દરેક ઘરમાં આવી ચટાઈઓ મળી આવતી હતી, પરંતુ લાઇફસ્ટાઇલ બદલાતાં અને ફેક્ટરીમાંથી આવતા સસ્તાં માલને કારણે આવી ચટાઈ હાંસિયા પર ધકેલાઈ ગઈ. આ ચટાઈની ડિમાન્ડ ઘટતાં લોકોએ હવે આજીવિકા માટે પર્યાય શોધવાનું શરૂ કરી દીધું હતું. આવી રીતે સદીઓ જૂની આ ચટાઈ એક ખૂણામાં ધૂળ ખાવા લાગી.

નવી પેઢી શિક્ષિત થવા માંડી, નોકરી માટે શહેરો તરફ પ્રયાણ કર્યું અને ડિજિટલ ક્ષેત્રે કરીઅર બનાવવાને કારણે ખૂબ ઓછાં લોકોએ આ કળાને જકડી રાખી છે.


એથી શ્રીનગરમાં વસતાં આ પરિવારે મક્કમ નિર્ધાર કર્યો કે આપણી આ કળા ખોવાઈ ન જાય. ગુલામ હસન અને તેમની દીકરી તાન્ઝિલાએ છેલ્લાં થોડાં વર્ષોથી આ કળામાં નવા પ્રાણ પૂર્યા છે. એના માધ્યમથી સ્થાનિક લોકોને આવકનું માધ્યમ મળ્યું છે.

એક નાનકડાં ઘરથી શરૂ થયેલી આ મોહિમ હવે ધીમે ધીમે સમાજમાં આગળ વધી રહી છે. ૨૪ વર્ષની તાન્ઝિલાએ તેના પિતાનું નિરીક્ષણ કરીને આ કળા શીખી છે. આ જોઈને તો પાડોશીઓએ પણ તેમની પાસે આવીને આ કળા શીખવાનું શરૂ કર્યું. તાન્ઝિલાના પિતાની મહેનતને કારણે તેમની પાસે આ ચટાઇનું પ્રોડક્શન વધવા માંડ્યુ. તેમણે ગ્રાહકો સાથે સીધો સંપર્ક કર્યો અને યુવાનોને પણ આ કળા શીખવા માટે આકર્ષિત કર્યા.

આજે તેમનું ઘર એક ટ્રેઇનિંગ સેન્ટર બની ગયું છે. તેમનો પ્રયાસ ન ફક્ત કારીગરો માટે આવકનું સાધન બન્યું પરંતુ એક સમયે કાશ્મીરનો અવિભાજ્ય અંગ રહેલી આ કળાને પણ નવજીવન મળ્યું. ■

## વિજ્ઞાનઃ કેવો હતો મહાત્મા ગાંધીનો પ્રતિભાવ...

Mahatma Gandhi visiting Raman at the Indian Institute of Science




'અવાક અને દિગ્મૂઢ થઈ ગયેલા મારા જેવા ગામડિયા માટે અહીં કોઈ સ્થાન નથી.'

આજથી બરાબર ૧૦૦ વર્ષ પહેલાં (૧૨ જુલાઈ - ૧૯૨૭) આમંત્રણને માન આપી બેંગ્લોર સ્થિત ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સની મુલાકાતે આવેલા મહાત્મા ગાંધીના આ શબ્દો છે. ઇન્સ્ટિટ્યૂટમાં બનેલી ઘટનાઓ પ્રકાશિત કરનારી એક પુસ્તિકામાં આ જાણકારી ઉપલબ્ધ છે. વિજ્ઞાન જ્યારે વિસ્મય વધુ પમાડતું હતું એ સમયની આ વાત છે. 'ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ'ની વિશાળ પ્રયોગશાળા અને વીજળીનાં સાધનો (લૅબોરેટરીઝ ઍન્ડ ઇલેક્ટ્રિકલ એપરેટ્સ) જોઈ આશ્ચર્યચકિત થયેલા ગાંધીજીએ વિદ્યાર્થીઓ સમક્ષ કરેલી રજૂઆતનો સાર આ પ્રમાણે છે:

'લાખો લોકોના શ્રમને કારણે આ સંસ્થાની ઇમારત ઊભી થઈ શકી છે. ટાટા અને મૈસુરના રાજાએ કરેલી આર્થિક મદદની રકમ પણ લાખો ગરીબોએ પાડેલા પરસેવાની જ નીપજ છે. મારી દરખાસ્ત છે કે ઇન્સ્ટિટ્યૂટમાં થનારાં સંશોધનોનો મુખ્ય ઉદ્દેશ ગરીબોના કલ્યાણ માટેનો હોવો જોઈએ.'

અહીં થયેલા વિજ્ઞાનનાં વિવિધ સંશોધનનો ઘણો લાભ સામાન્ય જનતાને થયો છે. છેલ્લાં ૧૦૦ વર્ષમાં ફિઝિક્સ ઍન્ડ મટીરિયલ્સ (નોબેલ પ્રાઇઝ વિજેતા સી. વી. રમણનું 'રામન ઇફેક્ટ' સંશોધન), મોલેક્યુલર બાયોફિઝિક્સ, સ્પેસ સાયન્સ (સતીશ ધવન અને 'ઈસરો'), મેડિસિન્સ ઍન્ડ બાયોટેક્નોલૉજી (ડીએનએની મદદથી કૅન્સર સેલને અવરોધવું) સહિત અનેક માનવ ઉપયોગી સંશોધનો આ સંસ્થાના નેજા હેઠળ થયાં છે.

રસપ્રદ વાત છે કે ૧૨ જુલાઈ ૧૮૯૮ના દિવસે બ્રિટિશ રસાયણશાસ્ત્રી વિલિયમ રામઝીએ પોતાના વિદ્યાર્થી મોરિસ ટ્રેવર્સ સાથે નોબલ ગેસ ઝેનોનની ડિસ્કવરી કરી હતી. આ ગેસ માનવજાત માટે ઘણો ઉપયોગી સાબિત થયો. જોગાનુજોગ ટાટા તરફથી ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સની સ્થાપનામાં સહયોગ કરવા વિલિયમ રામઝીને કહેણ ગયું. રામઝી પોતે ન આવ્યા, પણ મોરિસ ટ્રેવર્સને મોકલી આપ્યો. મિસ્ટર ટ્રેવર્સ ઇન્સ્ટિટ્યૂટના પ્રથમ ડિરેક્ટર નિમાયા અને સંસ્થાના પ્રારંભિક વિકાસમાં પાયાનું કામ કર્યું.




### અવકાશી ચાંચિયો... ફ્રિગેટ બર્ડ



પ્રકૃતિના નિયમો હોય છે અને એ અનુસાર સજીવ-નિર્જીવ પદાર્થોની ગતિ થતી હોય છે, જેમ કે ગુરુત્વાકર્ષણનો નિયમ જેમાં હાથમાં રાખેલો કોઈ પણ પદાર્થ છોડી દેતાં એ પૃથ્વી પર પડે છે. એ જ રીતે કેમિસ્ટ્રી અને બાયોલૉજીના અનેક સિદ્ધાંત નિયમ હોય છે, જેનો પરિચય આપણને દૈનિક જીવનમાં થતો રહે છે. વૈજ્ઞાનિક ચાર્લ્સ ડાર્વિને 'સર્વાઇવલ ઑફ ધ ફિટેસ્ટ'નો સિદ્ધાંત આપ્યો જેમાં પર્યાવરણ, પરિસ્થતિ અને પડકારો અનુસાર પોતાને ઢાળી શકતો જીવ ટકી જાય છે, જે એવું નથી કરી શકતા એ ધીરે ધીરે નામશેષ થઈ જાય છે. ટાપુ વિસ્તારમાં રહેતું અને સમુદ્ર પર કલાકોના કલાક પાંખો વધુ ફફડાવ્યા વિના ઉડાઉડ કરી શકતું ફ્રિગેટ બર્ડ ડાર્વિનના સિદ્ધાંતનું સમર્થન કરે છે. આ પક્ષીની એક સમસ્યા એ છે કે એનો ખોરાક દરિયાઈ જીવ - વિવિધ પ્રકારની માછલી છે. આ જીવ પાણીની અંદર રહેનારા કે ક્યારેક સપાટી પર તરનારા છે એટલે ખોરાક મેળવવા ફ્રિગેટ બર્ડ માટે પાણીની સપાટી સુધી આવવું જરૂરી છે અને જરૂર પડે એમાં ડૂબકી પણ મારવી પડે. જોકે અહીં સમસ્યા એ છે કે એનાં પીંછાં પાણીના સંપર્કમાં આવતાં એમાં પાણી ભરાઈ જાય છે. એને કારણે એનું વજન વધી જાય છે અને એટલે હવામાં ઊડવું મુશ્કેલ કે જીવલેણ બની જાય છે. આ પરિસ્થિતિમાં ભોજનનો પ્રબંધ કેમ કરવો? ફિશિંગ બોટમાં પડી રહેલી માછલીઓ કે કિનારે તણાઈ આવેલી જેલીફિશ અથવા કરચલો ખાઈ ગુજારો કરી લે છે. જોકે, આ રીતે ખોરાક હંમેશાં ન મળે એટલે આ ફ્રિગેટ બર્ડ હવાઈ ચાંચિયો બની જાય છે. મોમાં ખોરાક સાથે ઊડી રહેલા અન્ય દરિયાઈ પક્ષીનો પીછો કરી તેમના પર એવી રીતે હુમલો કરે છે જેના કારણે એ પક્ષીઓના મોઢામાં રહેલો શિકાર નીકળી જાય છે અને એ પાણીમાં પડે એ પહેલાં ચતુર ફ્રિગેટ બર્ડ એ ઝડપી લઈ ઓહિયાં કરી જાય છે. કુદરત પણ કેવી કેવી કમાલ દેખાડે છે, ખરુંને!

### ફૂલોં કે રંગ સે, દિલ કી કલમ સે...



વિશ્વવિખ્યાત નાટ્યકાર વિલિયમ શેક્સપિયર ગુલાબ - રોઝ વિશે વાત કરે (What's in a name? That which we call a rose / By any other name would smell as sweet) કે 'ટાઈટેનિક' ફિલ્મની જેક ડોસનની પ્રેમિકા રોઝ હોય કે બાગ બગીચામાં ખીલતું ગુલાબ હોય... નામરૂપ જૂજવા અંતે તો રોઝ જ હોય. આપણે ત્યાં ફૂલોના રાજા તરીકે ઓળખાતું ગુલાબ યુરોપમાં ફૂલોની રાણી તરીકે પ્રખ્યાત છે. પ્રેમ વ્યક્ત કરવા ગુલાબનો ઉપયોગ રાજા-મહારાજાઓના સમયથી ચાલતો આવ્યો છે. લાલ રંગને પ્રેમનું પ્રતીક માનવામાં આવે છે અને એટલે જ પ્રેમ વ્યક્ત કરતી વખતે મોટે ભાગે લાલ રંગનું ગુલાબ પસંદ કરવામાં આવે છે. ગુલાબ સ્વીકાર્યા પછી સાચવી રાખવાનું મન અનેક લોકોને થાય છે.

હવે આ ફૂલ વધુ સચવાય અને અનુભવનો સમય વધુ લંબાય એ માટે વૈજ્ઞાનિકોએ પ્રયત્નો કર્યા છે. અનેક પ્રયોગ અને તારણ પછી સંશોધકોની દલીલ છે કે ગુલાબની નવી જાત વિકસાવી શકાય એમ છે. ખુશ્બુ, એનું બંધારણ, એની ખીલવાની વિશાળ ક્ષમતા ગુલાબનાં ફૂલોની કેટલીક લાક્ષણિકતા છે. આ બધી ખાસિયત અને લક્ષણને ધ્યાનમાં રાખીને જ ગુલાબનો ઉછેર થાય છે. અલબત્ત, ગુલાબના રંગો કેમ સીમિત રહે છે અથવા અમુક પ્રકારના ગુલાબની ચોક્કસ પ્રકારની જ સુવાસ હોય એવા ગુલાબ કેમ તૈયાર નથી કરી શકતા એ અંગે સંશોધકો પ્રકાશ નથી પાડી શક્યા. જોકે, હવે વધુ સુગંધી, વધુ રંગીન અને વધુ સમય સુધી ટકી શકે એવા ગુલાબનાં ફૂલ તૈયાર કરી શકાશે એવો વિશ્વાસ વૈજ્ઞાનિકો દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો છે. પ્રેમનું પ્રતીક ગણાતા આ ફૂલના રંગસૂત્રોમાં ફેરફાર કરીને નવી વરાયટી લાવવામાં સફળતા મળશે એવી માન્યતા દૃઢ બની છે.

### ગર્લફ્રેન્ડની-ફ્રેન્ડની વાઈફની-પાડોશણની ઉંમર જાણવી છે?



એજ ઇઝ જસ્ટ અ નંબર - ઉંમર તો એક આંકડો છે. ઉત્સાહ અને ઉમંગ હોય તો ઉંમર જખ મારે એવી ફિલોસોફી તમારા કાને પડી હશે. સાથે સાથે તમે એ પણ વાત સાંભળી હશે કે પુરુષનો પગાર અને સ્ત્રીની ઉંમર ક્યારેય ન પૂછાય. બંને વાતમાં હકારમાં ડોકું ધુણાવ્યું હોવા છતાં નવી ગર્લફ્રેન્ડની કે ફ્રેન્ડની સ્માર્ટ વાઇફની કે સોસાયટી ફંક્શનમાં ફાંકડા લાગતા શ્રીમતી (અન્યનાં)ની ઉંમર જાણવાની તમને - ના, કોઈ પણ પુરુષને ચટપટી થતી હોય તો એ સમજી શકાય એવી વાત છે.

'તમારી ઉંમર શું' એવો સીધો સવાલ તો કરી જ ન શકાય, કરવો પણ ન જોઈએ. તેમ છતાં ઉંમર જાણવા મળે તો? મોજેમોજ, તમે કહેશો. ગણિત અને ખાસ તો આંકડાની અજાયબીથી એ શક્ય બને છે. માની લઈએ કે ફ્રેન્ડની વાઇફની ઉંમર જાણવી છે. કોઈ દિવસે ડિનરનો પ્રોગ્રામ બન્યો હોય ત્યારે મેનુમાંથી આઇટમ ઑર્ડર કર્યા પછી તમારે ફ્રેન્ડની વાઇફને કહેવાનું કે આપણે એક નંબર ગેમ રમીએ, મજા આવશે. લગભગ તો ના નહીં પાડે. એને કહેવાનું કે તારા મોબાઇલ નંબરના છેલ્લા બે અંક (ધારો કે ૯૦ છે)ને બે વડે ગુણી નાખ. જવાબ આવશે ૧૮૦. હવે એમાં પાંચ ઉમેરો. ૧૮૦ + ૫ = ૧૮૫. બરાબર? સરવાળો કર્યા પછી મળેલી રકમને ૫૦ સાથે મલ્ટીપ્લાય (ગુણકાર) કરવા કહો. એ કરવાથી જવાબ મળશે ૯,૨૫૦. આ રકમમાં ૧,૭૭૬ ઉમેરવા કહો. સરવાળો કરવાથી ૧૧,૦૨૬ મળે. આ છેલ્લી રકમમાંથી એનું જન્મવર્ષ માઇનસ (બાદબાકી) કરવા કહો. માની લ્યો કે જન્મવર્ષ ૧૯૬૦ છે તો જવાબ મળશે ૯૦૬૬. હવે તમારે ફ્રેન્ડની વાઇફને કહેવાનું કે ૯૦ તારા મોબાઈલ નંબરના છેલ્લા બે અંક છે અને ૬૬ તારી ઉંમર છે... અલબત્ત, દરેકના અંતિમ જવાબ અલગ અલગ હશે, પણ તમે ઉંમર જાણી ગયા છો એ જાણી મિત્રપત્ની કાં તો શરમાઈ જશે અથવા ગુસ્સો કરશે અથવા તો 'પ્લીઝ કોઈને કહેતો નહીં' એમ કહેશે. અને સ્માઇલિંગ ફેસ સાથે તમારે કહી દેવાનું 'શ્યૉર, ગૉડ પ્રૉમિસ.' ■

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી

feedback@bombaysamachar.com

## એક કામનાં ચાર કામ



એક હતા શેઠ. શેઠની જેમ ઠાઠમાઠથી રહેતા હતા. હવે આવા શેઠ હોય એને ત્યાં નોકર તો હોવાનો જ. જોકે, અનેક શેઠના કેસમાં બનતું હોય છે એમ આ શેઠનો નોકર અક્કલનો સાવ ઓથમીર હતો. ચીંધ્યું કામ જ કરી જાણે. કામ પાર પાડતી વખતે પોતાની અક્કલ જરાય ન ચલાવી જાણે. શેઠ જો એને કહે કે ફલાણી વસ્તુ કબાટના ઉપલા ખાનામાંથી લઈ આવ. ભાઈસાહેબ જાય, કબાટ ખોલી ઉપલા ખાનામાં શોધે, પણ જો શેઠે કીધેલી વસ્તુ જડે નહીં તો નીચલા ખાનામાં તપાસ કરવાને બદલે 'શેઠ એમાં તો નથી' એમ પાછો આવીને કહે. એકવાર શેઠે એને પાનબીડાંનો સામાન લેવા મોકલ્યો. એકવાર જઈ માત્ર પાન લઈને પાછો આવ્યો. ત્યાર બાદ ચૂનો, કાથો અને સોપારી માટે અલગ અલગ ધક્કા ખાધા. એક ધક્કે કરવાના કામ માટે તેણે ચાર ધક્કા ખાધા. આ જોઈ શેઠે એને સમજાવ્યું કે 'ચીંધેલું એક કામ તો કોઈ પણ કરી શકે. પણ એક કામ કીધું હોય ને પોતાની અક્કલ વાપરી બીજાં ચાર કામ પણ સાથે કરતો આવે એ ખરો ડાહ્યો - ચતુર કહેવાય. તને પાનનો સામાન લાવવાનું કીધું હતું, પણ પાનની સાથે કાથો, ચૂનો, સોપારીનો ખપ તો પડે ને. એ વિચાર કરી બધું એકસાથે લેતો આવ્યો હોત તો હોશિયાર કહેવાત.' નોકરના મનમાં આ વાતની ગડ બેસી ગઈ. એણે ગાંઠ વાળી કે હવેથી એક કામ ચીંધ્યું હોય ત્યારે ચાર કરી લાવવાં અને હોશિયારની ગણતરીમાં આવવું.

એક દિવસ શેઠાણીએ એને બોલાવીને કહ્યું કે 'શેઠને મૂળા ખાવાની ઇચ્છા થઈ છે. બજાર જઈ સરસ મજાના બશેર મૂળા લઈ આવ.' હોશિયારમાં ખપવા લાગ શોધતા નોકરે વિચાર્યું કે એક કામમાં ચાર કામ કરી બતાવવાનો આ મોકો છે. બુદ્ધિ દોડાવી પહેલા બજારમાંથી મૂળા ખરીદ્યા. પછી વિચાર કર્યો કે શેઠને મૂળા બહુ ભાવે છે એટલે વધારે પડતા જ ખાશે. એટલે એમને પિત્ત થશે અને માંદા પડશે અને વૈદને ઘરે બોલાવવા પડશે. ઘરે કોઈ સાજુંમાંદું હોય ત્યારે ઘરે આવતા વૈદને અત્યારે જ કહેતો આવું એટલે મારો ધક્કો બચે.

મૂળા લઈને ઘરે જવાને બદલે એ પહોંચ્યો વૈદ પાસે. વૈદરાજને કહ્યું કે 'વધુ પડતા મૂળા ખાવાથી શેઠને પિત્ત થયા છે. એમની દવા કરવા ઘરે જજો.' બે કામ થતાં રાજી થયેલા નોકરે ફરી ભેજું દોડાવ્યું. એને વિચાર આવ્યો કે દવા કરવાથી પણ શેઠ સાજા નહીં થાય, કારણ કે જીભનો ચટકો હોવાથી પથ્ય પાળશે નહીં. એટલે રોગ વકરશે અને શેઠ ગુજરી જશે. લાવ, ન્યાતીલાઓને પણ ખબર આપતો જાઉં એટલે એક ધક્કે ત્રણ કામ થઈ જાય. બધા સગાંવહાલાંને ઘરે ફરી વળ્યો અને કહ્યું કે 'વધુ પડતા મૂળા ખાવાથી શેઠને પિત્ત થયા અને દવા કરવા છતાં સાજા ન થયા અને ગુજરી ગયા. અંતિમ સંસ્કાર માટે જઈ આવજો.'

આટલું કામ પતાવી ઘરે પાછા ફરવાનો વિચાર કરતો હતો ત્યાં ખ્યાલ આવ્યો કે ખાંપણ (મૃતદેહ પર ઓઢાડવાનું સફેદ કપડું) તો જોઈશે જ. એને માટે બીજો આંટો થશે. લાવ ને ભેગાભેગું લેતો જાઉં. પછી કોઈ આંગળી નહીં ચીંધે કે મારામાં એક કામ સાથે ચાર કામ કરવાની આવડત નથી. ખાંપણ ખરીદી મૂળા સાથે ઘરે પહોંચ્યો ત્યારે ઘરમાં તો ધમાલ મચી ગઈ હતી..

શેઠ લહેરમાં બેઠા હતા ત્યારે આવેલા વૈદરાજે ગંભીરતાથી તબિયતના સમાચાર પૂછ્યા. શેઠને નવાઈ લાગી અને ચિંતા કરવાનું કારણ પૂછ્યું. વૈદે ખુલાસો કર્યો કે 'તમારો નોકર કહી ગયો કે વધુ પડતા મૂળા ખાવાથી શેઠને પિત્ત થયા છે.' આ વાતચીત ચાલતી હતી ત્યાં દરવાજે કોઈ પોક મૂકીને રડ્યું હોય એવો અવાજ આવ્યો. શેઠાણી બહાર આવ્યા તો જોયું કે શેઠના પિતરાઈ માથે ફાળિયું ઓઢી શેઠના નામની પોક મૂકતા હતા. કારણ પૂછતાં ભાઈ એટલું જ બોલ્યા કે 'નોકરે ખબર આપી કે શેઠે વધારે પડતા મૂળા ખાધા, વૈદની દવા કરી, પણ પથ્ય પાળ્યું નહીં એટલે રામશરણ થયા છે. બહુ માઠું થયું, પણ તમે આવે વખતે શણગાર સજીને કેમ બેઠાં છો? શરમ નથી આવતી?' થોડીવારમાં તો કાકા, મામા, ભાણેજ, ભત્રીજા, સાસરિયા સુધ્ધાં આવી પહોંચ્યા. ન્યાતીલા ભેગા થઈ ગયા અને હૈયાફાટ રુદન શરૂ થઈ ગયાં. અંદર બેઠેલા શેઠના કાને રોકક્કળ પહોંચી અને બારીમાંથી ડોકિયું કરી ત્રાડ નાખી કે 'આ શું ધમાલ માંડી છે? હું તો જીવતોજાગતો બેઠો છું. બધા કેમ રડો છો?'

એટલામાં એક હાથમાં મૂળાની ઝોળી અને બીજા હાથમાં ખાંપણ સાથે નોકર આવ્યો. બહુ ખુશ હતો, કારણ કે કામ એક ચીંધ્યું હતું ને ચાર કરી આવ્યો હતો. શેઠ શાબાશી આપશે અને બક્ષિસ પણ આપશે એવો એને વિશ્વાસ હતો. જોકે, શેઠે એને અંદર બોલાવી ધમકાવી નાખ્યો. નોકરને બહુ માઠું લાગ્યું. મનમાં થયું કે શેઠની શિખામણ અનુસાર એક કામની સાથે ચાર કામ કર્યા તોય અપજશ મળ્યા. ગુણની દુનિયામાં કદર નથી. આટઆટલું દિમાગ ચલાવ્યું તોય શેઠ કેમ નારાજ થયા એ નોકરને સમજાયું જ નહીં. એણે મનમાં નક્કી કરી લીધું કે શેઠ હોય જ અવળચંડા. ચીંધ્યું કામ કરો તોય દુઃખ અને એકનાં ચાર કામ કરો તો પણ દુઃખ.

ભાષા વૈભવ

### એક કહેવત - અનેક સ્વરૂપ



ભોજન અને એમાંય ભાવતાં ભોજન ગુજરાતીઓને મનગમતી અને સંતોષ આપનારી વાત છે. ઋતુ પ્રમાણે જમણ અને ફળફળાદિ આરોગવામાં ગુજરાતી પ્રજા માહેર હોય છે. ખોરાક સંબંધિત કહેવતો પણ ઘણી હોય છે. છતની હોય છે અને અછતની સુધ્ધાં હોય છે. ખાવાના સાંસા ત્યારે પરોણાના વાસા કહેવત તમે સાંભળી હશે, એના વિશે જાણતા હશો. પોતાના જ ઘરમાં ખાવાના સાંસા (અન્ન કે આર્થિક ભીડ) હોય એવી હાલતમાં પાછા પરોણા (મહેમાનો) રહેવા માટે આવી પહોંચે ત્યારે સ્થિતિ વધારે કફોડી બને છે. આ કહેવત મુશ્કેલીમાં વધુ મુશ્કેલી આવી પડવી અથવા ગરીબીમાં અધિક ખર્ચ થવાની પરિસ્થિતિ દર્શાવે છે. દુકાળમાં અધિક માસ કહેવતમાં પણ આ જ ભાવ પ્રગટ થાય છે ને. આ જ ભાવાર્થને સુપેરે પ્રગટ કરતી અન્ય કહેવત છે એકાદશીના ઘરે શિવરાત્રીબાઈના પરોણા. અગિયારસના ફરાળની માંડ વ્યવસ્થા થઈ હોય ત્યાં મહેમાન આવીને કહે કે હું પણ ફરાળ કરીશ ત્યારે કેવી હાલત થાય. ભરતામાં ભરાય કહેવત મુશ્કેલીનું વર્ણન કરે છે. ભરાઈ પડવું એટલે ફસાઈ જવું કે સપડાઈ જવું. એ તકલીફમાં વધારો થવો એ આ કહેવતનો ભાવાર્થ છે. ઘરમાં કોઠીએ જાર ત્યારે પીરસણાની બહાર. ઘરમાં અનાજની કે અન્નની અખૂટ સંપત્તિ હોય ત્યારે બહાર લોકોને જમાડવામાં કે મદદ કરવામાં કોઈ જ વાંધો ન આવે. આ કહેવત ઘરમાં રહેલી આર્થિક સધ્ધરતા અને ઉદારતા વ્યક્ત કરે છે. ભાગ્યશાળીને ઘેર ભૂત રળે કહેવતમાં પણ આ જ ભાવાર્થ છે. બે અંતિમ પરિસ્થિતિ વ્યક્ત કરતી જાણવા જેવી કહેવત છે ભરતામાં ભરાય ને ખાલીમાં ટીપું પણ ન પડે. સારા દિવસોમાં લોકો ટોળે વળે અને માઠા દિવસોમાં ચકલું પણ ન ફરકે એવી વાત છે. જેની ગાંઠે નાણાં એને નિત્ય ટાણા પણ એ ભાવાર્થ વ્યક્ત કરતી કહેવત છે. હવે બે વિરુદ્ધ પરિસ્થિતિ પણ સમાન ભાવાર્થવાળી કહેવતો જોઈએ. નોતરું આવે ત્યારે સીધું પણ આવે. કાલે જમશું શું એવી હાલત હોય ત્યારે કોઈ ઠેકાણેથી જમવાનું આમંત્રણ મળી જાય તો લહેર થઈ જાય ને. હવે આ કહેવત જુઓ કે ઘરમાં આટો ન હોય ત્યારે મેમાન આવે. મતલબ કે પોતાને ખાવાના સાંસાં હોય એવી પરિસ્થિતિમાં મહેમાન જમવા માટે ટપકી પડે. ■

ટૅક વ્યૂહ

વિરલ રાઠોડ

feedback@bombaysamachar.com

## વૉટ્સઍપ પર ચૅટજીપીટી સાથે ચૅટિંગનો રોમાંચ

### સર્ચ કરવું હવે એકદમ સરળ બની ગયું છે

છેલ્લાં ત્રણ વર્ષમાં આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સ (AI)એ દુનિયાનાં અનેક ક્ષેત્રમાં ધરમૂળથી પરિવર્તન લાવી દીધાં છે. ખાસ કરીને મલ્ટિમીડિયાની દુનિયામાં ધરમૂળથી પરિવર્તન લાવી દીધું છે. ખાસ કરીને સર્ચ કરવાની શૈલી બદલાઈ રહી છે. મેટાની પ્રોડક્ટ વૉટ્સઍપ, ઇન્સ્ટાગ્રામ અને ફેસબુકમાં અનેક એવી સવલતથી યુઝર્સ માટે મોટી સરળતા ઊભી થઈ રહી છે. મેટાએ પોતાનું એક AI ચૅટબોટ તૈયાર કર્યા બાદ એ ફીચર ઑટોમૅટિક રોલઆઉટ પહેલા વૉટ્સઍપ પર કર્યું હતું. એ પછી ઇન્સ્ટાગ્રામના સર્ચ બૉક્સમાં ફેરફાર થયો અને આખરે ફેસબુક પર થતું ફોટો સર્ચ ઑપ્શન બંધ થઈ ગયું.

અત્યારે ફેસબુક સર્ચમાં ડિફૉલ્ટ સર્ચ વીડિયો તરીકે રીઝલ્ટ આપે છે. ચૅટજીપીટી આવ્યા બાદ દેશ-દુનિયાને જનરેટિવ AIની તાકાતનો અંદાજો આવ્યો. બારીકીથી જાણે સ્ક્રિન પર નકશીકામ કર્યું હોય એવું ડિટેઇલિંગ, કલર્સ, ફીચર્સ, ક્લેરિટી અને એક્યુરેસી (ચોક્કસાઈ)ની દુનિયાથી ઇમેજ અને વીડિયોમાં અસાધારણ પરિવર્તન આવ્યું. એક સમયનું ગિબલી આર્ટ હવે સામાન્ય બની ગયું.




AIથી ગત વર્ષે મોટી ગિફ્ટ એ મળી કે દરેક ટુલ્સ હવે પોર્ટેબલ બન્યાં અને ઍપ્લિકેશન રૂપે આવ્યાં. હજુ કેટલીક સાઇટ પર એક્સેસ માટે લૉગઇનની જરૂર પડે છે, પણ ઍપ્સ ફીચર્સથી ક્રાંતિ આવી એમ કહેવામાં કંઈ ખોટું નથી. ઍપ્લિકેશનથી એઆઈની શરૂઆત કરવામાં મેટાનું AI ફીચર ભલે પ્રથમ ગણાય પણ સફળતા આ દિશામાં પહેલા ઓપન AIની પ્રોડક્ટ ચૅટજીપીટીને મળી છે. અમેરિકા અને કૅનેડા જેવા આ એક ચૅટબોટ નથી પણ લોકોના દૈનિક જીવનમાં ચૅટનો સાથી બની રહ્યું છે. દૈનિક ધોરણે સવારે ગુડમૉર્નિંગથી લઈને શેડ્યુલિંગ સુધી અને નાના-મોટા સર્ચ કરવાથી લઈને રેટિંગ ચેક કરવા સુધી ચૅટજીપીટીએ સ્થાન કાયમી કરી લીધું છે. એમાં પણ વૉટ્સઍપ સાથે કનેક્ટ થતાં હવે કામ લેવું આસાન બની ગયું છે. બસ, મર્યાદા એટલી છે કે વૉટ્સઍપ સાથે મર્જ થયેલા ચૅટજીપીટીમાં કોઈ મલ્ટિમીડિયાનું સર્જન થતું નથી. માત્ર ટેક્સ્ટ ઇન્ફોર્મેશન જ મળી રહી છે.

ઓપન AI કંપનીએ આ પ્રોજેક્ટને ૧-૮૦૦ ચૅટજીપીટી એવું નામ આપ્યું હતું. એક એક્સપરિમેન્ટલ પ્રોજેક્ટ હતો, જેમાં કંપનીને સારી એવી સફળતા મળી. સૌથી મોટો યુઝર્સ વર્ગ અમેરિકા અને કૅનેડા જેવા મોટા દેશમાંથી મળ્યો. જ્યાં મોટાભાગનું ટેક ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઍપ્લિકેશન બેઝ છે. ચૅટજીપીટીને વૉટ્સઍપ સાથે મર્જ કરવા માટે ઇન્ટરનેટ બ્રાઉઝર પર ચૅટજીપીટી વૉટ્સઍપ સર્ચ કરવાનું છે. એ પછી પહેલું જ પેજ ઑફિશિયલ વેબસાઇટનું આવશે. જેમાં ૧-૮૦૦ ચૅટજીપીટી લખેલું વંચાશે. આ પછી વૉટ્સઍપમાંથી સ્ક્રિન પર આવેલો ક્યુઆરકોડ સ્કૅન કરવાનો છે. આટલું કર્યા બાદ એક નવું ચૅટબૉક્સ ખૂલશે જેમાં ઉપર બ્લુ ટિક સાથે ચૅટજીપીટી લખેલું હશે, પ્રોફાઇલ પિક્ચર તરીકે એનો લોગો જોઈ શકાશે. આ સિવાય વેબસાઇટની સ્ક્રિન પર ક્યૂઆર કોડ સિવાય લિંક પણ આપેલી છે. આ લિંક પણ ડાયરેક્ટ વૉટ્સઍપમાં ખૂલશે. આ સિવાય ૧-૮૦૦-૨૪૨-૮૪૭૮ નંબર પર ડાયરેક્ટ મેસેજ કરીને ચૅટજીપીટી ચાલુ કરી શકાય છે. અત્યારે કંપનીએ પોતાની લેટેસ્ટ ઍપ્લિકેશન લૉન્ચ કરી દીધી છે. જેમાં અનેક એવાં ફીચર્સ આપવામાં આવ્યાં છે. મેસેજ ચૅટજીપીટી સાથે જ થશે એની ખાતરી આપવા માટે કંપનીએ પ્રોફાઇલ અને એકાઉન્ટ ટાઇપમાં જ બ્લુ ટિક આપી દીધું છે. આ ફીચર એટલું જ સરળ છે જેટલું વૉટ્સઍપ એક મિત્ર સાથે ચૅટ કરવું. કોઈ પણ સવાલ પૂછવાથી માંડીને સિટીની બેસ્ટ રેસ્ટોરાં સર્ચ કરવી હવે વૉટ્સઍપ થકી જ સરળ બન્યા છે. આ ઉપરાંત કોઈને સરળતાથી પ્રોફેશનલ લૅન્ગ્વેજમાં જવાબ આપવામાં પણ મદદ કરશે.

એક સર્વેમાંથી એ વિગત સામે આવી છે કે અનેક લોકોએ આ ફીચરનો ઉપયોગ પોતાનું અંગ્રેજી સુધારવા માટે કર્યો છે. ઘણા ફ્રેઝ, સ્પેલિંગ, વાક્યરચના અને ગ્રામર સુધારવા માટે આ ફીચરનો ઉપયોગ થયો છે. આ પાછળનું કારણ એ છે કે સરળ પ્રેઝન્ટેશન અને સમજાય એવી ભાષા. ફ્રૉડથી બચવા માટે એક વાત એ યાદ રાખવાની છે કે ચૅટજીપીટી ક્યારેય સામેથી મેસેજ નહીં કરે અને ફોન તો ક્યારેય નહીં કરે. એટલે આ નામથી કોઈ મેસેજ કે કૉલ આવે તો એલર્ટ રહેવાનું છે. યુઝર્સ સામેથી મેસેજ કરીને વાત કરી રહ્યા છે. આ ફીચર રોલ આઉટ કરવાનો કંપનીનો મુખ્ય હેતુ દરેક યુઝર્સને AI સાથે જોડવાનો રહ્યો છે. મલ્ટિમીડિયા, મેમરીઝ, ફોટો જનરેશન અને બીજી કૉન્ટેન્ટ માટે વેબસાઇટનો ઉપયોગ કરીને એમાં લૉગઇન કરવું અનિવાર્ય છે. બીજી તરફ હવે સતત એક જ પ્રકારના ડેટા ઇનપુટ પર જુદા-જુદા ફૉર્મેટનું સજેશન ચૅટજીપીટી પોતે જ આપી દેશે. આનાથી વધારે વિકલ્પો મળી રહેશે અને કામ પણ આસાન થશે. ■

**આઉટ ઑફ બોક્સ**

*ચૅટજીપીટી સાથે વાતચીત કરતા હોવ તો થોડું ધ્યાન રાખજો, ચૅટ લિમિટ પૂરી થયા બાદ તે ઑટોમૅટિક નૉટિફિકેશન મોકલી દેશે. આ પછી ચૅટબૉક્સ ખૂલશે પણ મેસેજ નહીં થાય.*

## હાસ્ય વિનોદ

નવી કૉલમ

વિનોદ ભટ્ટ
feedback@bombaysamachar.com

# વક્તા - શ્રોતા ને સંચાલક

**વર્ષો** પહેલાં હાસ્યલેખક સ્ટીફન લિકૉકનો એક લેખ વાંચ્યો હતોઃ ‘વી હૅવ વિથ અસ ટુનાઇટ’ (હાઉ ઇટ ફિલ્સ ટુ બી એ લૅક્ચરર). ભાષણ કરવા જતાં કેવા ટ્રેજિ-કૉમિક અનુભવો થાય છે એનું લિકૉકે મનોરંજક આલેખન કર્યું છે. ઉ. ત. સભાનો સંચાલક જાહેર કરે કે આજે ઘણી કંગાળ હાજરી છે. અમે જોકે ક્લબના તમામ સભ્યોને વેળાસર જાણ કરી હતી કે આજે આપણી ક્લબમાં સ્ટીફન લિકૉક પધારવાના છે, તે છતાં મોટા ભાગના સભ્યોએ આજે ઘેર રહેવાનું પસંદ કર્યું છે. અલબત્ત, વક્તાને હું ખાતરી આપું છું કે અમારી આઉલ ક્લબમાં તે ફરી વાર પ્રવચન માટે આવશે ત્યારે તેમને આજના મુકાબલે ઘણું ઑડિયન્સ મળશે. વચ્ચે એક જાહેરાત કરવાની છે, જે સભ્યોએ હજી સુધી પોતાની ફી ભરી ન હોય તે કૃપા કરી આજે ભરી દે, જેથી આપણે હવે પછી વધુ સારા વક્તાઓને બોલાવી શકીએ.

*

સ્ટીફન લિકૉક તો ખરેખર એક મહાન હાસ્યકાર હતો. તેની સાથે આપણે કોઈ હાસ્યલેખકની તુલના કરીએ તો તે હાસ્યાસ્પદ ઠરે, પણ તેના સમયની ક્લબો, ઑડિયન્સ અને હોદ્દેદારો જે હતાં તે આજેય છે ને કદાચ સો વર્ષ પછી પણ હશે. આ કારણે હાસ્યલેખકોનાં ભાષણ અંગેના અનુભવો લગભગ સરખા જ ટ્રેજિ-કૉમિક હોય છે.

એક સંસ્થામાં આ લખનાર વક્તા હતો. કાર્યક્રમની શરૂઆત કરતાં સેક્રેટરીએ કહ્યું : ‘સજ્જનો અને સન્નારીઓ, અમે તમને વરસેદા’ડે ૧૨-૧૩ કાર્યક્રમો આપવાનું પ્રૉમિસ આપ્યું હતું, એમાં એકાદ-બે મિમિક્રીના કાર્યક્રમો પણ થશે. આપણો આ પહેલો જ કાર્યક્રમ છે. શરૂઆત કોઈ બૌદ્ધિક લેખકને બદલે રમૂજી લેખકથી કરવી એવું સજેશન ભગુભાઈએ કર્યું, પણ એમાં પ્રથમ ગ્રાસે જ મક્ષિકા જેવું થયું. ભગુભાઈની સાળીના દિયેરનો છોકરો તારક મહેતાના ભાણિયાનો ફ્રેન્ડ થાય છે એટલે એની જોડે તારક મહેતાને કહેવડાવ્યું કે અમારી સંસ્થામાં ભાષણ કરવા આવે, પણ તારકે ગ્રહણ વખતે સાપ કાઢ્યો - તબિયત બગાડી કાઢી. એટલે પછી તેના વિકલ્પ તરીકે કોણ કોણ ચાલી શકે એનું લિસ્ટ બનાવવા બેઠા, ગમે તેવા માણસને તો બોલાવાય નહીં, એમાં સંસ્થાની આબરૂનો સવાલ ઊભો થાય, એટલે બે મિમિક્રી આર્ટિસ્ટને પુછાવ્યું તો તેમણે પાંચ હજાર રૂપિયા માગ્યા. એક કલાક હસાવવાના પાંચ હજાર? ભગુભાઈ કહે ના અપાય. ઠીક છે, પચ્ચીસ-પચાસ રૂપિયાનો સવાલ હોય તો ખિસ્સામાંથી આપી દેત. પછી આપણી સંસ્થાનું એકાઉન્ટ લખતા શાહભાઈએ જણાવ્યું કે તમે કહેતા હો તો વિનોદ ભટ્ટને બોલાવીએ, એ કદાચ નભી જશે. એકાદ-બે વાર તેમને સાંભળ્યા છે, આપણે તો જ્યાં ત્યાં હાસ્યનો એક પ્રોગ્રામ જ કરવો છેને! અને મુખ્ય વાત એ કે તે કશું લેતા નથી, એટલે આપણને સાવ મફતમાં પડશે. અડધો-પોણો કલાકમાં તે પાંચ-છ વખત તો હસાવશે જ. જોકે તેમના એકલા પર આટલી મોટી જવાબદારી નાખી શકાય નહીં. હસવાની તો આપણીય ફરજ બની રહે.

અને મને જણાવતાં આનંદ થાય છે કે આપણે આજે વિનોદ ભટ્ટને મેળવી શક્યા છીએ. આપણને તે ચોક્કસ હસાવશે એવી મને શ્રદ્ધા છે, પણ એ માટે તમારા બધાનો સહકાર પણ એટલો જ જરૂરી છે. આપણા આજના હાસ્ય-વક્તા વિનોદ ભટ્ટની જાણ માટે જણાવવાનું કે ગયે વર્ષે અમે એક ગાવાવાળાને તેની મંડળી સાથે બોલાવ્યો હતો. આમ તો ન બોલાવત, પણ અમારી સંસ્થાના પાયાના સ્થાપક ભાણજીભાઈનો તે ભાણેજ-જમાઈ થતો હતો ને ભાણજીભાઈની એવી ઇચ્છા પણ હતી. એ ગાયકને પૂછ્યું કે શું લેશો? તમારો કોઈ ચાર્જ-બાર્જ? તેણે કહ્યું કે આ તો મારું ઘર કહેવાય, તમે મને કાર્યક્રમ આપવા બોલાવો છો એ જ મારું બહુમાન છે, સ્વજનો પાસેથી તો શું લેવાનું હોય? પણ કાર્યક્રમ પત્યા બાદ તેણે અગિયાર હજાર રૂપિયા માગ્યા. મેં તેને પૂછ્યું કે ભાઈ, તમે તો કશું નથી લેવાનું એવું કહેતા હતા, તો તેણે મને સામે પૂછ્યું કે અમદાવાદમાં રહો છો ને ગુજરાતી ભાષા નથી સમજતા? આ તો કહેવાની એક રીત હોય છે. બાકી મફતમાં તે કોઈ તમને પ્રોગ્રામ આપતું હશે? ને તેય પાછું અમદાવાદમાં? મેં જાતે તેને સમજાવવા કોશિશ કરી કે અમારી તો સેવા-સંસ્થા છે. સંસ્થા પાસે પૂરી સભ્યસંખ્યા પણ નથી એટલે અમે માગી-ભીખીને ડોનેશન લાવીને સંસ્થા ચલાવીએ છીએ. ત્યારે તેણે નફફટાઈથી મને સંભળાવ્યું કે માગવા માટે મારા નામે બે ઘર વધારે ફરજો, પણ અગિયાર હજારથી ઓછી પાઈ પણ હું લેવાનો નથી... એટલે ત્યારથી આ સંસ્થાએ નક્કી કર્યું છે કે અહીં કાર્યક્રમ આપવા આવનાર સાથે તેને શું આપવાનું છે એ કરતાંય શું નથી આપવાનું તેની ચોખવટ કરી લેવી, જેથી કોઈ ગેરસમજ ન થાય. મિત્રો, વિનોદભાઈને પણ આપણે એ જ શરતે લાવ્યા છીએ કે આપણે તેમને માઇક અને ઑડિયન્સ સિવાય બીજું કશું જ આપવાના નથી. વિનોદભાઈ, બરાબર છે ને?

વક્તા તરીકે વિનોદભાઈ આજે સફળ જશે જ એમ કહેવું કવેળાનું ગણાશે, હા એ માટે આપણે તેમને શુભેચ્છા ચોક્કસ આપી શકીએ અને આગળ તેમની સાથે કરેલી ચોખવટ બદલ તે માઠું નહીં લગાડે એવી મને શ્રદ્ધા છે, પણ હાસ્યવક્તાઓ ને મિમિક્રિવાળાઓ પૈસા માટે અમારા જેવી સેવા-સંસ્થાઓને બહુ તંગ કરતા હોય છે. મિત્રો, તમે તો જાણો છો કે બે વર્ષ પહેલાં આપણે હિન્દી ફિલ્મના એક કૉમેડિયન-વિલનને ‘ફંડ-રેઝિંગ પ્રોગ્રામ’ માટે બોલાવ્યો હતો, પણ છેલ્લી ઘડીએ તે વિલન જ નીકળ્યો. આવવાની ના પાડી દીધી. અમે મુંબઈ ગયા, તેને પ્લેનની જવા-આવવાની ટિકિટ મોકલી હતી, કામા હોટેલમાં રહેવાની સગવડ પણ કરી આપી હતી. હવે! વિલન ન આવ્યો તો કંઈ નહીં, એને બદલે કોઈ કૉમેડી-લેખકને પકડીએ. વિનોદભાઈને યાદ હશે કે એ વખતે અમે તમારોય સંપર્ક કર્યો હતો, પણ તમે અન્ય રોકાણોને લીધે ના પાડી હતી. પછી અમે એક બીજા રમૂજી લેખક પાસે ગયા. કહ્યું કે આમની વાત આમ છે, પેલો કૉમેડિયન કમ વિલન છેલ્લી ક્ષણે ફસકી પડ્યો એટલે અમે એક વિકલ્પ તરીકે તમારી પાસે આવ્યા છીએ. અમને નિરાશ ના કરશો. એ રમૂજી લેખકે તો ગંભીર અવાજે કહી દીધું કે રૂપિયા ત્રણ હજાર આપો તો આવું.

‘ત્રણ હજાર? એટલા બધા? આમ તો તમે બસો-અઢીસોમાં આવો છો.’ અમારામાંના એક જણે દલીલ કરી.

‘જુઓ આ સ્પેશિયલ વર્ધી છે, નોટિસ પણ ટૂંકી છે. વૉશિંગ કંપનીવાળાય અર્જન્ટ ડિલિવરીના વધુ પૈસા નથી લેતા? અને ત્રણ હજારમાંય તમને તો ફાયદો જ છે ને? જો એ ઍક્ટર આવ્યો હોત તો જવા-આવવાનું પ્લેન ભાડું, હોટેલનો ખર્ચ, ખાવા ને ખાસ તો પીવાની સગવડ પણ કરવી પડત - એ તમને કેટલામાં પડત?’ દલીલ સામે દલીલ, આપણા ભગુભાઈએ એ વખતે મારા કાનમાં કહેલું કે પેલો કૉમેડિયન-કમ વિલન હતો, એ વિલન-કમ કૉમેડિયન છે, બાળો ત્રણ હજાર, ગરજે ગધેડાનેય બાપ કહેવો પડશે. અમે કહ્યું કે ભલે, તમને ત્રણ હજાર આપીશું. ત્યારે તે આગળ વધ્યો. કહ્યું : ‘ટૅક્સીના ત્રણસો જુદા થશે.’

‘પણ અમે તો તમને કારમાં લાવવા-લઈ જવાના છીએ.’

‘એ તો તમારે આપવા જ પડશે,’ તેણે ભારપૂર્વક કહ્યું, આ મારું ધોરણ છે. બોલો, આપવા પડ્યા. ભાષણ કરવાના તે કંઈ પૈસા લેવાતા હશે? ને તે પણ એક સેવા-સંસ્થા પાસેથી? લેખકની સમાજ તરફ કોઈ જવાબદારી ખરી કે નહીં? જોકે વિનોદભાઈ આ બાબતમાં મૅનેજેબલ છે. અમે તેમને મળવા ગયા. તારીખ માગી તો તે બોલ્યા કે હું તો હવે રિટાયર્ડ થઈ ગયો છું એટલે કાયમ ફ્રી જ હોઉં છું, તમને અનુકૂળ હોય એ તારીખે બોલાવજો, આવીશ. મેં તેમને પૂછ્યું કે તમે રિક્ષામાં આવી જશો કે અમારે લેવા આવવું પડશે? તેમણે તરત જ કહી દીધું કે તમે લેવા આવશો તો ગમશે, પણ જો તમને ફાવે તેમ ન હોય તો પછી મારી રીતે બસ કે રિક્ષામાં આવી જઈશ. મને એ ગમ્યું. જેમ સારા લેખક બનવું એ ઈશ્વરાધીન છે તેમ સારા સફળ વક્તા થવું એ પણ કુદરતની દેન છે. બધા પાસે વક્તૃત્વશક્તિ એકસરખી ન પણ હોય, પરંતુ દરેક વક્તાનો વ્યવહાર તો જે તે સંસ્થાને અનુકૂળ હોવો જોઈએ. વિનોદભાઈનો વ્યવહાર સારો છે, વક્તા તરીકે તે ગમે તેવા હોય, આપણે તેમને સ્વીકારી લીધા છે.’

*

ખેડા જિલ્લાના એક ગામમાં ભાષણ કરવા જવાનું થયું. લગભગ પંદર મિનિટ બોલ્યો, છતાં એક પણ શ્રોતા હસે નહીં. આથી ધીરે ધીરે હું નર્વસ થવા માંડ્યો. મારી બાજુમાં બેઠેલા એક વડીલને મેં પૂછ્યું કે આ લોકોને થયું છે શું? કેમ હસતા નથી? ગામમાં કોઈ મરણ-બરણ થયું છે? ‘હા’, તેમણે માહિતી આપી : ‘રૂના એક વેપારી ગુજરી ગયા. બહુ મોટા દાનવીર હતા. ગામની ભાગોળે પરબ, પરબડી ને હવાડા બનાવવા તેમણે દાન આપ્યું હતું. જોકે તેમના મર્યાને આજે છ મહિના થઈ ગયા.’ ‘ગામ હજીય એમનો શોક પાળે છે?’ મેં પૂછ્યું, એટલે મારા હાથમાંથી માઇક લઈ તેમણે શરૂ કર્યું : ‘ઉકાભાઈ બુઝુર્ગ હતા. ૮૯ વર્ષે પાછા થયા, તે પાંચમાં પુછાતા. તેમને લીધે ગામ ઊજળું હતું, એ બધુંય સાચું, પણ તેમના ઘરવાળાઓએ તો પંદર દિવસમાં જ શોક મૂકી દીધો હતો, માટે કૃપા કરી તમે પણ એ ભૂલી જાઓ. અંગ્રેજીમાં કહ્યું છે ને કે શો મસ્ટ ગો ઑન? આજે આપણને આ ભાઈ હસાવવા આવ્યા છે. તેમના ભાષણમાં હસવા જેવું તો મનેય નથી લાગતું, પણ આપણે બધાએ વ્યવહારે હસવું જોઈએ. શહેરની પેલી કઈ, હા લાફિંગ ક્લબમાં જઈને લોકો ખોટેખોટું હસે છે એ જ રીતે તમેય હસો, એમાં આપણા ગામનું ગૌરવ છે. આ વરસે વરસાદ જોઈએ એવો થયો નથી, રોગચાળાથી ગામનાં ઘણાં ઢોરઢાંખર મરી ગયાં છે. કમર તોડી નાખે એવી મોંઘવારીને લીધે આપણું જીવવું હરામ થઈ ગયું છે. મેં તો કેશુભાઈને કહ્યું હતું કે આવા કપરા કાર(ળ)માં હસીશું તો ભૂંડા લાગીશું, હસવાનો કાર્યક્રમ આવતી સાલ પર જવા દો, પણ એ ન માન્યા. જીદે ચડ્યા કે દાસભાઈ, આપણાં લાગ્યાં તો આપણે જ ભોગવવાનાં છે. એટલે ભાઈઓ ને બહેનો, આટલી વાર હસી લો, એવું હશે તો ફરી વાર આવા ખિખિયાટા કરાવનારને નહીં બોલાવીએ’ પણ એમ હસી પડવાથી ગામમાં ખોટો દાખલો બેસશે એવી સમજથી કોઈ હસ્યું નહીં.

*

અને હવે પછીનો કિસ્સો કાલ્પનિક હોત તો મને વધારે ગમત, પણ સાચો છે. એક સેવા-સંસ્થાના ઉત્સાહી હોદ્દેદારે મારો પરિચય કરાવવાનું માથે લીધું હતું. પરિચયમાં તેમણે બોલવાનું શરૂ કર્યું : તેમનું નામ વિનોદભાઈ ભટ્ટ છે. તે હાસ્ય-કલાકાર છે, કૉમેડિયન છે. (બાજુમાં બેઠેલા બીજા એક સજ્જને તેમનો ઝભ્ભો ખેંચી, તેમને સુધારતાં કહ્યું જે માઇકમાં પણ સંભળાતું હતું, કૉમેડિયન નહીં, કૉમેડી લેખક.’ ત્યારે પરિચય આપનારે તેમની સામે જોઈ છાસિયું કરતાં ચોખવટ કરી કે એ બધું એક જ કહેવાય. જાત તો તુંબડાની જ ને!) તે ‘જનસત્તા’માં ટુચકા લખે છે. (ફરી પાછા પેલા સજ્જને તેમનો ઝભ્ભો ખેંચતાં કહ્યું કે સારાભાઈ, જનસત્તા નહીં, ‘સંદેશ’.... ‘સંદેશ.’ તેમની સામે જોઈ આ વખતે છણકો કરતાં સારાભાઈએ જણાવ્યું કે તેમને ત્યાં ‘સંદેશ’ નથી આવતું. સેવંતીલાલ આ રીતે ઝભ્ભો ખેંચીને મને પરેશાન ના કરો, મારી લિંક તૂટી જાય છે). તે ભારતભરમાં પ્રસિદ્ધ છે ને ગુજરાત તેમ જ અમદાવાદમાં પણ તે જાણીતા છે. તેમણે થોડાંક પુસ્તકોય લખ્યાં છે. (પછી મારી સામે જોતાં સારાભાઈએ પૂછ્યું : પેલું ‘મળેલા જીવ’ - ‘બળેલા જીવ’ તમે લખેલું? મેં ડોકું ધુણાવી ના પાડી એટલે તે બોલ્યા : ‘તો ઠીક’) અને રણજિતરામ નામના કોઈ માણસે તેમને લખવા માટે ‘રણજી ટ્રોફી’ કે એવું કશુંક આપ્યું છે.

આ વાંચ્યા પછી મિત્રો, તમને પણ થશે કે સ્ટીફન લિકૉકે ભલે ખાંડ ખાધી હોય કે તેને ત્યાં જ વિશિષ્ટ પ્રકારનું ઑડિયન્સ ને ખાસ પ્રકારના ચૅરમૅનો હતા, પણ એવું નથી. અહીં તો એનાથીય ટપી જાય એવા વક્તાઓ, શ્રોતાઓ અને સંચાલકો પણ મળી આવે તેમ છે. ■




# દિલ બહલાને કે લિયે ખયાલ અચ્છા હૈ - લિ. સેલ્ફી!

જૂઈ પાર્થ feedback@bombaysamachar.com

વર્ષ ૨૦૦૮, હું એક મહિનો લંડન ફરવા ગઈ હતી, એકલી! હા, સોલો ટ્રિપ્સ એ સમયે ટ્રેન્ડમાં નહોતી અને હોય તો એને સોલો ટ્રિપ કહેવાય એ મને ખબર નહોતી. અજાણ્યો દેશ, ઔપચારિકતાનું ખૂબ મહત્ત્વ, કોઈની પણ સાથે ઓળખાણ કરી/કાઢી વાતો ના કરાય, વાતે વાતે થૅન્ક યુ, સૉરી કહેવાનું થાય, એસ્કેલેટર પર જમણી બાજુ ઊભા રહેવાનું , જેથી ડાબી બાજુથી જેને ઉતાવળ  હોય તે જઈ શકે, નિયમો મુજબ સખત શિસ્તમાં રહેવાનું, અમુક જગ્યાએ ઓપન શૂઝ નઈ પહેરવાનાં અને આમ લિસ્ટ ઘણું લાંબું છે.

જે સ્કૂલ ફ્રેન્ડના ઘેર રોકાઈ હતી તેણે પહેલા જ દિવસે કહ્યું હતું કે ‘અહીંયા અજાણ્યા લોકોના ફોટા ના પડાય, આપણે કોઈ સ્થળનો ફોટો પાડતા હોઈએ અને કોઈ બહુ નજીક ઊભું હોય તો તેની પરમિશન લઈને ફોટો પાડજે...’ આ બધું જ મનમાં ભરીને હું પહેલા દિવસે એકલી ફરવા નીકળી.

ક્યાંક થોડો સંકોચ હતો કે કદાચ કોઈ ભૂલ થઈ જશે તો? કે પછી આ દેશનાં નિયમાનુસાર વર્તન નહીં થાય તો? આમ ને આમ એ દિવસે મારા જેવા કોઈ મુસાફરને પણ મારો ફોટો પાડી આપવાનો કહેવાની હિંમત ના ચાલી અને હું ઝાડ પાન, સાવ ઓછી ભીડ વાળી ટ્યુબ, કોઈ ના દેખાતું હોય તેવાં સ્ટેશનના ફોટા પાડીને ઘેર પાછી આવી.

બીજા દિવસે નવી જગ્યા ને નવા અનુભવોની તૈયારી હતી, પણ જે ફોટામાં હું પણ હોઉં એવા ફોટા કોણ પાડશે તે દ્વિધા તો હતી જ. અચાનક એક આઇડિયા સૂઝ્યો. કૅમેરાનો લેન્સ પોતાની તરફ કરી, કૅમેરા પકડ્યો હોય તે હાથ શક્ય હોય એટલો લાંબો કરી, ક્લિકનું બટન દબાવી દેવું. જાતે જ પોતાના ફોટા પાડતી થઈ એટલે દિવસે દિવસે હાથ સાફ થતો ગયો અને ફોટા પણ સરસ પડવા માંડ્યા. તે વખતે ફોનમાં બે કે ચાર મેગાપિક્સેલના કૅમેરા લક્ઝરી હતા. મને પપ્પાએ કેનનનો કૅમેરા આપ્યો હતો ફોટા કેવી રીતે પાડવા બરાબર શિખવાડીને. આ હતી પોતાના ફોટા જાતે પાડવાની મારી પર્સનલ શરૂઆત. ત્યાં સુધી આ રીતે ફોટા પાડવાનો ક્યારેય વિચાર નહોતો આવ્યો. સોશ્યલ મીડિયાનું ચલણ વધતાં આ પ્રક્રિયા સેલ્ફી તરીકે ઓળખાય છે તે ખબર પડી.

કહેવાય છે કે સૌ પ્રથમ સેલ્ફી સન૧૮૦૦ની આસપાસ લેવામાં આવી હતી, જોકે દુનિયામાં સૌથી પહેલી સેલ્ફી કોણે લીધી તે આજે પણ ચર્ચાનો વિષય છે, પરંતુ ‘ગિનિસ બુક ઑફ વર્લ્ડ રેકૉર્ડ્સ’ મુજબ રોબર્ટ કોર્નેલિઅસ સેલ્ફી લેનાર પ્રથમ વ્યક્તિ હતી. ત્યાર બાદ સ્માર્ટફોન વિના સેલ્ફી માટે જોસેફ બાયરન નામ આવે કે જેમણે સન ૧૯૦૯માં પોતાની કંપનીની છત પર બૉક્સ કૅમેરાથી પોતાનો ફોટો પાડ્યો હતો અને આ કૅમેરા મોટા ભાગે કોડાકનો હોવાનું અનુમાન છે. આ ઘટનાનાં થોડાં વર્ષો પછી અરીસાવાળી સેલ્ફી જે હવે ખૂબ પ્રચલિત છે તે પહેલી વાર ગ્રાન્ડ ડચેસ એનાસ્તાસિયાએ ૧૯૧૪માં કોડાક બ્રાઉની વાપરીને લીધી હોવાનું મનાય છે. કહેવાય છે કે ગ્રુપ સેલ્ફીનું શ્રેય પણ બાયરનને જાય છે કે જે ૧૯૨૦માં એ જ છત પર તેના સહકર્મચારીઓ સાથે ગયા અને ગ્રુપ  સેલ્ફી લીધી હતી.

એક ઑસ્ટ્રેલિયન વ્યક્તિ હોપીએ વર્ષ ૨૦૦૨માં સેલ્ફી શબ્દનો પ્રયોગ સૌ પ્રથમવાર કર્યો હતો. તેણે પોતાનાં હોઠ પર વાગ્યાની હાલતનો ફોટો એબીસી ફોરમ પર મૂકી લખ્યું હતું એ આ ફોટો ધુંધળો છે કેમ કે નશાની હાલતમાં હું ફ્લાઇટનાં પગથિયાં પર પડી ગયો હતો. અને આ હતો સેલ્ફી શબ્દનો પહેલવહેલો પ્રયોગ. આ પછી સેલ્ફી શબ્દની ખ્યાતિ વધતી ગઈ અને લોકો વધુ ને વધુ સેલ્ફી લેવા માંડ્યા. જોકે સેલ્ફીની રમતને આજે વધુ પ્રચલિત કરવામાં સોશ્યલ નેટવર્કિંગ સાઇટ તેમ જ સોશ્યલ મીડિયાનો પણ મોટો ફાળો છે.

એક તરફ સેલ્ફીની બોલબાલા તો બીજી તરફ સામાન્ય માણસના જીવનમાં તેનું આગવું સ્થાન પણ છે.  ખ્યાતનામ લોકો, રમતવીરો, અવકાશયાત્રીઓ વગેરેને પણ સેલ્ફીનું એટલું જ ઘેલુ લાગ્યું અને છેવટે ૨૦૧૩માં સેલ્ફી શબ્દને ડિક્શનરીમાં તેની વ્યાખ્યા સાથેનું સ્થાન મળ્યું. અને હાલનાં સમયમાં જોઈએ તો નાનાં બાળકો પણ સેલ્ફી લેતાં હોય છે અને એ પણ સ્માર્ટફોનમાં. સેલ્ફી લેવાની આવડતનો સૌથી મોટો ફાયદો એ કે કોઈને ફોટો પાડી આપવા કહેવું નથી પડતું, પણ જેમ દરેક સારી વસ્તુનાં સારાં નરસાં બંને પાસાં હોય તેમ સેલ્ફીનાં પણ હોય.

સોશ્યલ મીડિયા પર મળતી તત્કાલ પ્રસિદ્ધિ, સ્માર્ટફોનના આધુનિક કૅમેરા, કૃત્રિમ રીતે સુંદરતા વધારતાં ફિલ્ટર્સ વગેરેના કારણે સામાન્ય લોકોમાં સેલ્ફીનો ક્રેઝ પુષ્કળ જોવા મળે છે. એક ફોટો સારો ના આવે તો બીજો, બીજો નહીં તો ત્રીજો, ઍન્ગલ, ફિલ્ટર બધું બદલી બદલીને, અલગ અલગ જગ્યાઓ પર લોકોને બસ સેલ્ફી લેવી હોય છે. એટલી હદે કે જ્યાં સુધી ફોટો બરાબર ના આવે ત્યાં સુધી અલગ અલગ કૉમ્બિનેશન્સ અજમાવતાં જ રહે છે. અને જો મનગમતી  સેલ્ફી ના આવે તો અપસેટ થઈ જવાય છે અને છેવટે સેલ્ફીનો શોખ ઑબ્સેશન અન્ય મનોવિકારમાં પરિણમે છે. આ માટે જ સપ્રમાણ કરેલા કે અપનાવેલા શોખ આપણને મદદરૂપ થાય છે. જ્યારે શોખ જીદ કે અહંકારનું સ્વરૂપ લે છે ત્યારે જે તે વ્યક્તિને જ સહન કરવું પડે છે. કેટલાક ગંભીર કેસમાં સેલ્ફીના ઑબ્સેશનના કારણે લોકોએ જીવ ગુમાવ્યાનું પણ બહાર આવ્યું છે. આમ, શોખ મનોવિકાર ના બને તે ધ્યાન રાખવાની જવાબદારી આપણી છે, પોતાના માટે અને પોતાના પરિવાર માટે પણ - તો, ચલ બેટા સેલ્ફી લે લે રે - તો સેલ્ફી વિશે **બોલો, તમે શું કહો છો?** ■

## કરિયર

નરેન્દ્ર કુમાર
feedback@bombaysamachar.com

# કરિયરમાં સફળતાનું રહસ્ય છે એક સારા શ્રોતા બનવું...

**તાજેતરમાં** જ ભારતીય ક્રિકેટના સફળ કૅપ્ટનોમાંના એક ગણાતા મહેન્દ્ર સિંહ ધોનીએ પોતાના એક ઇન્ટરવ્યૂમાં કહ્યું હતું કે ‘હું એક ખૂબ સારો લિસનર છું. ભલે હું ઘણા વિષયો પર બોલવા માટે સક્ષમ ન હોઉં, પરંતુ હું દરેક વિષયને સાંભળવામાં સહજ અનુભવું છું.’ પોતાના વિચારો સમજાવતાં મહેન્દ્ર સિંહ ધોનીએ એમ પણ સૂચવ્યું કે જે વિષયમાં તમારી જાણકારી ઓછી હોય, તેમાં તમે એક સારા શ્રોતા બની જાઓ એ વધુ જરૂરી બની જાય છે.

સાંભળવામાં આ વાત મામૂલી લાગી શકે છે, પરંતુ એવું નથી. આ વાત એટલી ખાસ છે કે જો આને સફળતાનો ‘સિક્રેટ મંત્ર’ કહેવામાં આવે તો પણ તે અતિશયોક્તિ નહીં ગણાય. જો ધોની પોતે ન પણ કહે, તો પણ તેની સાથેના લોકો કહે છે કે ધોની ખૂબ ઓછું બોલે છે, પરંતુ કોઈ પણ વાતને તે ખૂબ જ ધ્યાનથી સાંભળે છે.

ખરેખર તો આજના સમયમાં એવા લોકોને શોધવા ખૂબ જ મુશ્કેલ છે, જેઓ વધારે બોલવાને બદલે મોટાભાગે શાંત રહે છે, કારણ કે આજના યુગમાં દરેક વ્યક્તિ બોલવા માગે છે, દરેક વ્યક્તિ પોતાનો અભિપ્રાય આપવા માગે છે, કારણ કે દરેક વ્યક્તિ દરેક સમયે પોતાની જાતને સાબિત કરવાના પ્રયત્નમાં રહે છે, પરંતુ દુનિયાના સફળ લોકોની એક ખાસ આદત હોય છે, તેઓ બોલવા કરતાં સાંભળવામાં વધુ રસ ધરાવે છે. આ આદત તેમને માત્ર ગંભીર અને સન્માનનીય જ નથી બનાવતી, પરંતુ પોતાની આ જ આદતને કારણે આવા લોકો વધુ સારા નિર્ણય લેનારા, વધુ સારા ટીમ પ્લેયર અને વધુ સારા ટીમ લીડર બને છે.



**સાંભળવું આટલું મહત્ત્વનું કેમ છે?**

આ એક સ્વાભાવિક સવાલ છે કે આખરે સાંભળવું આપણા જીવનમાં આટલી મહત્ત્વની ભૂમિકા કેમ ભજવે છે? ખરેખર તો સાંભળવું એ એક કૌશલ્ય છે. આમાં તમે માત્ર સામેવાળી વ્યક્તિની વાત, તેના ભાવો અથવા તેની સમસ્યાને જ નથી સાંભળતા, પરંતુ આ બધી પ્રક્રિયા દરમિયાન તમે તેના અંગત અનુભવોને પણ સાંભળો છો અને તેનાથી ઘણું બધું શીખવાનો પ્રયત્ન પણ કરો છો.

નિષ્ણાતો કહે છે કે જ્યારે આપણે કોઈ વાતને ધ્યાનથી સાંભળીએ છીએ ત્યારે તેના ત્રણ ફાયદા થાય છેઃ પહેલો એ કે આપણને નવી માહિતી મળે છે. બીજું ભૂલો થવાની શક્યતા ઓછી થઈ જાય છે. અને ત્રીજો ફાયદો આપણે જેની વાત ધ્યાનથી સાંભળીએ છીએ, તેની સાથે આપણા સંબંધો ખૂબ સારા બને છે. કરિયરમાં આ ત્રણેય બાબતો ખૂબ જ મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

**સાંભળનારા લોકો ઝડપથી શીખે છે**

જે લોકો અન્ય વ્યક્તિને મહત્ત્વ આપીને તેને ધ્યાનથી સાંભળે છે તેઓ ખૂબ જ ઝડપથી શીખે છે. યાદ રાખો, કોઈ પણ વ્યક્તિ બધું જ નથી જાણતી હોતી. નોકરીના શરૂઆતના દિવસોમાં તો લગભગ દરેક કર્મચારીએ સંસ્થામાં પહેલેથી હાજર કર્મચારીઓ પાસેથી નાની-નાની બાબતો શીખવી પડે છે. આવા સમયે જો કોઈ નવો કર્મચારી સાંભળે ઓછું અને બોલે વધારે, તો તે પોતાના સાથી કર્મચારીઓ પાસેથી શીખવાની તક ગુમાવી બેસે છે. ધોનીની વાત આ બાબતમાં બિલકુલ સાચી છે કે જે વિષયમાં આપણી જાણકારી ઓછી હોય, તેના પર જબરદસ્તીથી પોતાનો અભિપ્રાય આપવા કરતાં વધુ સારું એ છે કે ધ્યાન લગાવીને નિષ્ણાતોને સાંભળવામાં આવે અને સમજવામાં આવે કે આખરે તે વિષય કે બાબત શું છે? ખરેખર તો આવો અભિગમ કોઈ પણ વ્યક્તિને માત્ર નવી વસ્તુઓ શીખવા માટે જ પ્રેરિત નથી કરતો, પરંતુ તેની શીખવાની ગતિ પણ વધારે છે. કોઈ નવા કર્મચારી અને અનુભવી કર્મચારી વચ્ચેનો સૌથી મોટો તફાવત જ્ઞાનનો નથી હોતો, પરંતુ શીખવાની ઇચ્છાનો હોય છે.

**સારા લિસનર ભૂલો કેમ ઓછી કરે છે?**

ઑફિસમાં મોટાભાગે ગેરસમજો અધૂરી માહિતીને કારણે નહીં, પરંતુ સંવાદના અભાવને કારણે ઊભી થાય છે. બૉસે કોઈ દિશાનિર્દેશ આપ્યા, કર્મચારી કંઈક બીજું જ સમજ્યો અથવા તેણે ધ્યાનથી ન સાંભળ્યું; પરિણામે અધૂરા ધ્યાને સાંભળેલા નિર્દેશોના આધારે કરાયેલું કામ બિનજરૂરી તો બને જ છે, સાથે જ જે લોકો બૉસની વાત ધ્યાનથી નથી સાંભળતા તેમણે કાં તો પહેલાં કરેલા કામની જગ્યાએ નવું કામ કરવું પડે છે અથવા તો સાચું કામ ન કરી શકવા બદલ ઠપકો સાંભળવો પડે છે. જે લોકો ઑફિસમાં બૉસની કે અન્ય કોઈની પણ વાત ખૂબ ધ્યાનથી સાંભળે છે તેઓ માત્ર ઑફિસના દિશાનિર્દેશોને જ વધુ સારી રીતે નથી સમજતા, પરંતુ કઈ વ્યક્તિ સાથે, કયા સમયે, કેવું વર્તન કરવું જોઈએ, તે વાતને પણ સારી રીતે સમજે છે. કેટલાક લોકોની આદત હોય છે કે જ્યારે કોઈ મહત્ત્વની વાત ચાલી રહી હોય ત્યારે તે વાત પૂરી થાય તે પહેલાં જ તેનાથી સંબંધિત પ્રશ્નો પૂછવાનું શરૂ કરી દે છે. આવા સમયે મોટા ભાગે તેઓ પૂરી વાત સારી રીતે સાંભળી શકતા નથી અને યોગ્ય રીતે સમજી શકતા નથી. ઘણીવાર આવા લોકો પોતાના માટે તો ખરા જ, પણ અન્યો માટે પણ મુશ્કેલી ઊભી કરે છે, કારણ કે તેમના લીધે બીજા લોકો પણ મહત્ત્વની વાત યોગ્ય રીતે સાંભળી શકતા નથી. ઘણીવાર આવા લોકો એક જ વાત માટે વારંવાર પ્રશ્નો પૂછે છે અને જરૂર પડ્યે સ્પષ્ટીકરણ માગે છે. આવી સ્થિતિમાં, મોટાભાગે એક જ વાત ફરીથી કહેનારી વ્યક્તિ ચીડાઈ જાય છે અને તે તમારા પ્રત્યે સારો ભાવ નથી રાખતી. આનાથી ગેરસમજો પેદા થાય છે. લોકોને એવું લાગે છે કે ફલાણી વ્યક્તિ મારી ઈર્ષ્યા કરે છે અથવા મને શાંતિથી જીવવા નથી દેતી; જ્યારે હકીકત એ હોય છે કે તે વ્યક્તિએ પોતે જ સાચા સમયે પોતાની યોગ્ય પ્રતિબદ્ધતા દર્શાવી હોતી નથી.

**સાંભળવું એ ટીમ લીડરની પહેલી શરત છે**

જે લોકો કોઈ વાતને ધ્યાનથી સાંભળે છે, તેમને તે વાત ઝડપથી અને વધુ સારી રીતે સમજાય છે. તેથી આ ગુણ ખાસ કરીને એવા લોકોમાં ખૂબ જરૂરી હોય છે જેમણે બીજા લોકો પાસેથી કામ લેવાનું હોય છે અથવા બીજા શબ્દોમાં કહીએ તો જેઓ ટીમ લીડર હોય છે, કારણ કે જે વ્યક્તિ કોઈ વાતને વધુ સારી રીતે સમજે છે, તે જ બીજી વ્યક્તિને સારી રીતે સમજાવી શકે છે. યાદ રાખો કે સમસ્યાનો ઉકેલ ત્યારે જ સાચી રીતે મળે છે જ્યારે આપણે તે સમસ્યાને ગંભીરતાથી અને ધ્યાનપૂર્વક સાંભળીએ છીએ. ઘણા લોકોની આદત હોય છે કે તેઓ કોઈ સમસ્યાને પૂરેપૂરી સાંભળ્યા વગર જ તેનો ઉકેલ આપવા લાગે છે. આવી પરિસ્થિતિમાં તેઓ પોતે તો ગૂંચવાઈ જ જાય છે, સાથે જ બીજા લોકોને પણ મૂંઝવણમાં મૂકે છે. તેથી ટીમ લીડર હોવાની પહેલી શરત એ છે કે તમે માત્ર કોઈ વાતને ખૂબ ધ્યાનપૂર્વક સાંભળો એટલું જ નહીં, પરંતુ તેટલી જ ગંભીરતા અને ફોકસ સાથે બીજાને જણાવો પણ ખરા. જે વ્યક્તિ વાતને ધ્યાનપૂર્વક અને પૂરા મનથી સાંભળે છે, તે ખૂબ જ સરળતાથી સમસ્યાના મૂળ સુધી પહોંચી જાય છે. તેથી તેની સલાહ અને નિર્ણય અસરકારક હોય છે.■

# મહારાષ્ટ્રમાં બદલાશે મુખ્ય પ્રધાનનો ચહેરો!

## બચ્ચુ કડુએ એકનાથ શિંદેને ગણાવ્યા યોગ્ય નેતા

મુંબઈઃ મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસ કેન્દ્રીય કેબિનેટમાં ગયા પછી રાજ્યમાં સમગ્ર વહીવટ ચંદ્રશેખર બાવનકુળેના હાથમાં આવી જશે, તેવો દાવો સંજય રાઉતે કરતાં ભારે ચર્ચા જાગી છે. જો કે, એકનાથ શિંદે ફરી મુખ્યપ્રધાન બનશે નહીં, તેવો દાવો પણ રાઉતે કર્યો છે. સંજય રાઉતના આ નિવેદનના રાજકીય વર્તુળોમાં પ્રત્યાઘાતો પડવા લાગ્યા છે. બીજી તરફ, ધારાસભ્ય બચ્ચુ કડુએ પોતાની ઈચ્છા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, ‘‘અમને કેન્દ્રમાં દેવેન્દ્રભાઉ અને મહારાષ્ટ્રમાં એકનાથ શિંદે જ જોઈએ.‘‘ આ સાથે જ તેમણે એમ પણ ઉમેર્યું કે, આ ફેરફાર આગામી કેટલાક મહિનાઓમાં જોવા મળી શકે છે.

થોડા દિવસો પહેલા કોંગ્રેસના નેતા પૃથ્વીરાજ ચવ્હાણે દાવો કર્યો હતો કે દેવેન્દ્ર ફડણવીસને કેન્દ્રીય પ્રધાનમંડળમાં સ્થાન મળી શકે છે. સંજય રાઉતે પણ પૃથ્વીરાજ ચવ્હાણના દાવાને સમર્થન આપ્યું હતું. પરંતુ તેમણે કહ્યું હતું કે દેવેન્દ્ર ફડણવીસ પછી એકનાથ શિંદેને મુખ્યપ્રધાન પદ નહીં મળે.

સંજય રાઉતના નિવેદન પર ટિપ્પણી કરતા બચ્ચુ કડુએ જણાવ્યું હતું કે, ’મહારાષ્ટ્રમાં એકનાથ શિંદે જ રહેવા જોઈએ. દેશમાં દેવેન્દ્ર ફડણવીસ હોવા જોઈએ, એવી અમારી અપેક્ષા છે. સંજય રાઉતની ભવિષ્યવાણી ક્યારેય

(જુઓ પાનું ૪) ▸▸

# રામ મંદિરના દાનની ‘ચોરી’

## સિદ્ધિવિનાયક મંદિર ભ્રષ્ટાચારના આરોપો પર એકનાથ શિંદેએ મનસે પર સવાલ ઉઠાવ્યા

મુંબઈઃ તાજેતરમાં જ વિધાનભવનમાં નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને શરદ પવાર વચ્ચે મુલાકાત થઈ હતી. તેના પર તેમજ ઉદ્ધવ ઠાકરેના રામરક્ષા આંદોલન અને સિદ્ધિવિનાયક મંદિર ભ્રષ્ટાચારના કેસ પર એકનાથ શિંદેએ નિવેદન આપ્યું હતું. નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ જણાવ્યું હતું કે, ‘‘અમારી મહાયુતિ સરકાર હંમેશા ખેડૂતોની પડખે મક્કમતાથી ઊભી રહી છે. ખેડૂત જ્યારે પણ મુશ્કેલીમાં આવ્યો છે, ત્યારે તેની પાછળ ઊભા રહેવાનું કામ અમે કર્યું છે. અમે હંમેશા કહીએ છીએ કે, રાજ્યની તિજોરી પર પહેલો અધિકાર ખેડૂતનો છે. ગુરુવારે અંતિમ અઠવાડિયાના પ્રસ્તાવમાં મુખ્યપ્રધાને દેવા માફીની જે શરતો હતી, તે શરતો હટાવી દીધી છે. ૫૦ હજારથી ઉપરની શરત હટાવી દેવામાં આવી છે. લાખો ખેડૂતોનું બે લાખ રૂપિયા સુધીનું દેવું માફ થવાનું છે. ખેડૂતો માટે આ મોટા રાહતના સમાચાર છે.’’

નાગપુરના ‘રામરક્ષા આંદોલન’ પર કટાક્ષ કરતા શિંદેએ કહ્યું કે જનતાએ નકાર્યા પછી તેમને રામ યાદ આવ્યા છે.

જો રામ કા નહીં, વો કિસી કામ કા નહીં’. હિંદુત્વ એ કંઈ આપણે ટી-શર્ટ બદલીએ તેમ બદલી શકાતું નથી. તે મનમાંથી હોવું જોઈએ. અયોધ્યા મંદિરની ટીકા કરનારા

(જુઓ પાનું ૪) ▸▸

## ભ્રષ્ટાચારના આરોપોની તપાસ પહેલા કેમ ન કરવામાં આવી?ઃ સુપ્રિયા સુળે

નાશિકઃ અયોધ્યા, ઉજજૈન અને મુંબઈના સિદ્ધિવિનાયક મંદિર જેવા ધાર્મિક સ્થળોએ કથિત ગેરરીતિઓની સંપૂર્ણ તપાસ કેમ કરવામાં આવી નહીં એવો સવાલ રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પક્ષ (એનસીપી - એસપી)નાં કાર્યકારી પ્રમુખ સુપ્રિયા સુળેએ કરી મંદિરોમાં કથિત ભ્રષ્ટાચારને અત્યંત શરમજનક ગણાવ્યો છે. એક દિવસ પહેલા મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની સરકાર હેઠળ પ્રખ્યાત સિદ્ધિવિનાયક મંદિરમાં થયેલી કથિત લૂંટનો મુદ્દો ઉઠાવ્યો હતો.

નાશિકમાં સંવાદદાતાઓને સંબોધતા સુળેએ કહ્યું હતું કે ભગવાન રામ અને અન્ય મુખ્ય ધાર્મિક સ્થળો સાથે સંકળાયેલાં સ્થળોએ ભ્રષ્ટાચાર અસ્વીકાર્ય છે. જો મંદિરોમાં ભ્રષ્ટાચાર થઈ રહ્યો હોય તો એ ખૂબ જ શરમજનક બાબત છે. જો આરોપો સાચા હોય તો હું કહીશ કે આ સૌથી હીણ બાબત છે. અયોધ્યા, ઉજજૈન અને સિદ્ધિવિનાયક (મુંબઈનું મંદિર) જેવા ધાર્મિક સ્થળોએ અનિયમિતતાના આરોપોની સંપૂર્ણ તપાસ કેમ ન કરવામાં આવી ?’

રામ મંદિરમાં દાનની ઉચાપતના આક્ષેપો સામે આવ્યા બાદ ૭ જૂને વિવાદ થયો હતો. ઉત્તર પ્રદેશ સરકારે રચેલી એસઆઈટી દ્વારા રજૂ કરવામાં આવેલા પ્રાથમિક અહેવાલના આધારે રામ મંદિરમાં દાન તરીકે મળેલી રોકડ અને કિંમતી વસ્તુઓની ગણતરી સાથે સંકળાયેલા આઠ લોકોની ધરપકડ કરવામાં

(જુઓ પાનું ૪) ▸▸

# મધ્ય રેલવેનો આજે મેગાબ્લોક

મુંબઈઃ મધ્ય રેલવે દ્વારા રેલવેના એન્જિનિયરિંગ અને મેન્ટેનન્સ માટે દરેક વિકેન્ડ પર હાર્બર ઉપનગરીય કોરિડોર પર મેગાબ્લોક હાથ ધરવામાં આવશે. પ્રવાસીઓને હાલાકી ન ભોગવવી પડે તેના માટે ટ્રેન રૂટોને અલગ અલગ લાઈન પર ડાઇવર્ટ કરવામાં આવે છે, આ રવિવારે મધ્ય રેલવે દ્વારા મેઈન લાઈન અને હાર્બર લાઈન પર મેગાબ્લોક રહેશે.

આ બ્લોક મુખ્ય લાઈન સીએસએમટી અને વિદ્યાવિહાર વચ્ચે અપ અને ડાઉન સ્લો લાઈન અને હાર્બર લાઈન પર સીએસએમટી અને ચુનાભટ્ટી/બાંદ્રા વચ્ચે અપ અને ડાઉન લાઈન પર અમલમાં મુકવામાં આવશે.

મધ્ય રેલવેના જણાવ્યા અનુસાર, સીએસએમટી-વિદ્યાવિહાર વચ્ચે અપ અને ડાઉન સ્લો લાઈન પર સવારે ૧૦.૫૫ વાગ્યાથી બપોરે ૩.૫૫ વાગ્યા સુધી મેગાબ્લોક રહેશે.

આ સમયગાળા દરમિયાન સીએસએમટીથી ઉપડતી ડાઉન સ્લો લાઈનને સીએસએમટી અને વિદ્યાવિહાર વચ્ચે ડાઉન ફાસ્ટ લાઈન પર ડાઇવર્ટ કરવામાં આવશે. આ ટ્રેનો સ્લો લાઈન પરના ભાયખલા, પરેલ, દાદર, માટુંગા, સાયન અને કુર્લા જેવા સ્ટેશનો (જુઓ પાનું ૪) ▸▸

### રેલવે મુસાફરો માટે રાહતના સમાચાર

## ટ્રેનો રદ થવાને પગલે મુંબઈ-પુણે રૂટ પર ૨૦૦થી વધુ એસટી બસો દોડશે

મુંબઈઃ મહારાષ્ટ્રના કર્જત-લોનાવાલા સેક્શન પર ભારે વરસાદ અને ભૂસ્ખલનના લીધે મુંબઈ-પુણે રેલવે રૂટ પર આશરે ૩૦ જેટલી ટ્રેનો રદ્દ થતા પ્રવાસીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. જેના પગલે હવે રાજ્ય પરિવહન બસ સેવા શરૂ કરીને પ્રવાસીઓને આ મુશ્કેલીમાંથી રાહત આપવાનું કાર્ય કર્યું છે. રાજ્ય માર્ગ પરિવહન નિગમ દ્વારા મુંબઈ-પુણે વચ્ચે દૈનિક ૨૦૦ થી પણ વધારે બસના ફેરા કરવા માટે નો મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

આ વિશેષ સેવા અંતર્ગત મુંબઈ-પુણે વચ્ચે નિયમિત ચાલતી ૩૧૨ જેટલી શિવનેરી બસના ફેરા સિવાય ૨૦૦ થી પણ વધારે સામાન્ય બસો દોડાવવામાં આવશે, જેના લીધે સામાન્ય પ્રવાસીઓને વિકલ્પ મળી શકે.

પરિવહન વિભાગે દરેક સંબંધિત ડેપો અને બસ સ્ટેશનને સ્પષ્ટ નિર્દેશ આપ્યા છે કે જો સ્ટેશન પર મુસાફરોની વધારે ભીડ વધશે, તો તાત્કાલિક અસરથી વધારે બસો દોડાવવામાં આવશે. આ વિષમ (જુઓ પાનું ૪) ▸▸

## એસઆઈટી વિશ્વસનીય ન હોવાથી સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળ તપાસની માગ

મુંબઈઃ કૉંગ્રેસના નેતા કન્હૈયા કુમારે અયોધ્યામાં રામ મંદિરમાં કથિત દાન ચોરીને મોટું પાપ લેખાવી પૂજા સ્થળનું સંચાલન કરતા ટ્રસ્ટને તાત્કાલિક વિસર્જન કરવાની માગ શનિવારે કરી હતી. આ મામલાની તપાસ કરી રહેલી સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી)ની વિશ્વસનીયતા પર પણ પ્રશ્ન ઉઠાવી સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળ તપાસની માગ કરી હતી.

મુંબઈમાં પત્રકાર પરિષદને સંબોધતા કન્હૈયા કુમારે જણાવ્યું કે ચોરી થઈ છે. મંદિરમાં મહા પાપ થયું છે. ચોરી માટે જવાબદાર લોકોને પકડવા જ જોઈએ. તેમણે આરોપ કર્યો હતો કે છેતરપિંડીના કેસમાં સંડોવાયેલી વ્યક્તિ ‘એસાઈટી’નું નેતૃત્વ કરી રહી છે. ચોરી સામે રક્ષણ આપવા માટે ચોરનો વિશ્વાસ કરી શકાય? બિલાડીને દૂધની રક્ષા કરવાનું કહી

(જુઓ પાનું ૪) ▸▸

## શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટનું વિસર્જન કરોઃ કૉંગ્રેસ

ભોપાલઃ કોંગ્રેસે શનિવારે શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટને વિસર્જન કરી સંતો સાથે એક નવી સંસ્થાની રચના કરવાની તેમજ અયોધ્યા રામ મંદિરમાંથી દાનની કથિત ચોરીની સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળ તપાસની માગણી કરી હતી. પક્ષએ એમ પણ કહ્યું હતું કે શાસક પક્ષ ભાજપએ ભગવાન રામ સાથે દગો કર્યો છે અને રાજકીય લાભ માટે ભગવાનનો ઉપયોગ કર્યો છે.

કોંગ્રેસના પ્રવક્તા અતુલ લોંઢે પાટીલે ભોપાલમાં સંવાદદાતાઓને જણાવ્યું હતું કે હવે ભાજપ રામ મંદિર સાથે જોડાયેલી કથિત નાણાકીય ગેરરીતિઓને છુપાવે છે. અમે ટ્રસ્ટને વિસર્જન કરવાની માંગ કરીએ છીએ. સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળ સુપ્રીમ કોર્ટના વર્તમાન ન્યાયાધીશ દ્વારા તપાસ થવી જોઈએ.’ પ્રવક્તાએ દાવો કર્યો હતો

(જુઓ પાનું ૪) ▸▸

## નાગપુરમાં બ્રિક્સ પરિવહન પ્રધાનોની બેઠકના અધ્યક્ષ ગડકરી

નાગપુરઃ કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરી શનિવારે નાગપુરમાં બ્રિક્સ પરિવહન પ્રધાનોની બેઠકમાં ટકાઉ પરિવહન, માળખાગત સુવિધાઓ અને સ્વચ્છ ગતિશીલતા પર ચર્ચાનું નેતૃત્વ કરશે. આ બે દિવસીય બેઠકનું આયોજન ભારતના બ્રિક્સ અધ્યક્ષપદ હેઠળ ‘સ્થિતિસ્થાપકતા, નવીનતા, સહકાર અને ટકાઉપણું માટે નિર્માણ’ થીમ હેઠળ કરવામાં આવી રહ્યું છે. ‘બ્રિક્સ’ના સભ્ય દેશો - બ્રાઝિલ, રશિયા, ઇન્ડોનેશિયા, ભારત, ચીન, દક્ષિણ આફ્રિકા, ઇજિપ્ત, ઇથોપિયા, ઈરાન અને સંયુક્ત આરબ અમીરાતના પ્રતિનિધિઓ ટકાઉ પરિવહન, લોજિસ્ટિક્સ સ્થિતિસ્થાપકતા અને મલ્ટિમોડલ કનેક્ટિવિટી પર ચર્ચામાં ભાગ લેશે.

### મૃત યુનિયન નેતાના નિવાસસ્થાને રેઈડ

## ૫.૨૬ કરોડની રોકડ, સોનું-ચાંદી, હથિયાર અને ૬,૩૫૦ કારતૂસો જપ્ત

છત્રપતિ સંભાજીનગરઃ છત્રપતિ સંભાજીનગરમાં મૃત ભૂતપૂર્વ યુનિયન નેતાના નિવાસસ્થાને રેઇડ પાડવામાં આવી હતી, જેમાં ૫.૨૬ કરોડની રોકડ, સોનું-ચાંદી, હથિયાર તેમ જ ૬,૩૫૦ કારતૂસો જપ્ત કરવામાં આવી હતી, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

૧૯૮૦ અને ૧૯૯૦ના યુનિયન નેતા બાબા ફરઝાનના મિત્મિતા નિવાસસ્થાને શુક્રવારે પોલીસે રેઇડ પાડી હતી. બાબા ફરઝાન વિરુદ્ધ ચાર ક્રિમિનલ કેસ દાખલ હતા અને ડાયાબિટીસને કારણે ગયા મહિના તેનું મોત થયું હતું.

ડેપ્યુટી પોલીસ કમિશનર (ક્રાઇમ) શશિકાંત સાતવે કહ્યું હતું કે અમે ૫.૨૬ કરોડની બિનહિસાબી રોકડ, ૧૫૧ ગ્રામ સોનું અને ૩.૯ કિલોગ્રામ ચાંદી, ૧૨ અને ૦.૨૨ બોરની ચાર રાઇફલ અને બે પિસ્તોલ ઉપરાંત કારતૂસો જપ્ત કરી હતી. છમાંથી ચાર હથિયારનાં લાઇસન્સ (જુઓ પાનું ૪) ▸▸

## કેતનના પિતાએ રાષ્ટ્રપ્રમુખ પાસે ન્યાય માગ્યો

### સુનાવણી ફાસ્ટ ટ્રેક કોર્ટમાં કરાવવા વિનંતી

પુણેઃ લોનાવલાના લોહગડ કિલ્લા પરથી ખીણમાં ધકેલી કેતનની નિર્દયતાથી હત્યા કરનારાઓને જલદી સજા મળે તે માટે તેના પિતા વિશાલ અગરવાલે રાષ્ટ્રપ્રમુખ દ્રૌપદી મુર્મુને ભાવનાત્મક પત્ર લખ્યો છે. કેતનનો કેસ ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ચલાવી વહેલો ન્યાય અપાવવાની વિનંતી તેમણે પત્ર દ્વારા કરી છે.

વિશાલ અગરવાલે રાષ્ટ્રપ્રમુખને પત્ર લખીને પુત્રને જલદી ન્યાય અપાવવાની માગણી કરી છે. કેસની સુનાવણી ફાસ્ટ ટ્રેક કોર્ટમાં હાથ ધરીને આરોપીઓને આકરામાં આકરી સજા (જુઓ પાનું ૪) ▸▸

## ગુટકાની તસ્કરી માટે ‘હાઈટેક’ યુક્તિઃ રિમોટનું બટન દબાવતાં જ કારની નંબર પ્લેટ ઢંકાઈ જતી

નાશિકઃ પ્રતિબંધિત ગુટકાની ગેરકાયદે હેરફેર માટે તસ્કરોએ પોલીસથી બચવા ‘હાઈટેક’ યુક્તિ અજમાવી હતી. પોલીસ અને સીસીટીવી કૅમેરાથી બચવા માટે આરોપી રિમોટનું બટન દબાવે એટલે નંબર પ્લૅટ પર તરત કાળો પડદો પડી જતો, જેને કારણે નંબર પ્લૅટ ઢંકાઈ જતી. નાશિકના ગામવાસીઓની સતર્કતાને કારણે કાર સાથે આરોપી પકડાઈ ગયો હતો.

નાશિકની દેવળા પોલીસે પકડી પાડેલા આરોપીની ઓળખ હેમંત પવાર તરીકે થઈ હતી. જોકે મુખ્ય ગુટકા તસ્કર કુણાલ ફરાર હોવાથી પોલીસ તેની શોધ ચલાવી રહી છે. કુણાલ વિરુદ્ધ દેવળા, વણી અને દિંડોરી પોલીસ સ્ટેશનમાં ગુટકાની હેરફેર સંબંધી પાંચ ગુના નોંધાયેલા હોવાનું પોલીસનું કહેવું છે. સૂત્રોના જણાવ્યા મુજબ બુધવારની રાતે નાશિકના દેવળા તાલુકામાં આવેલા વિઠેવાડીની આહેર વસ્તી નજીક અર્ટિગા કાર શંકાસ્પદ રીતે ફરતી ગામવાસીઓએ જોઈ હતી. રહેવાસીઓએ ભેગા થઈ કારને રોકી હતી. કારમાંથી અંદાજે પાંચ લાખ રૂપિયાનો ગુટકા મળી આવ્યો હતો. કારમાં હાજર પવારને રહેવાસીઓએ પકડી પોલીસને સોંપ્યો હતો.પોલીસે કારનું નિરીક્ષણ કરતાં તેની આગળ-પાછળની બન્ને નંબર પ્લૅટ પર વિશેષ પ્રકારની બનાવટ નજરે પડી હતી. પૂછપરછમાં આરોપીએ આપેલી માહિતીથી પોલીસ પણ ચોંકી ગઈ હતી. આરોપીઓએ એવી ટેક્નોલૉજી ફિટ કરી હતી કે તેનું રિમોટ કન્ટ્રોલ કારમાં બેસેલી વ્યક્તિ પાસે રહેતું. ટોલ નાકા કે કોઈ પરિસરમાંના સીસીટીવી કૅમેરામાં ઝડપાઈ જવાનું જોખમ હોય તો તરત રિમોનું બટન દબાવવામાં આવતું. બટન દબાતાં જ બન્ને નંબર પ્લૅટ કાળા પડદાથી ઢંકાઈ જતી હતી. પોલીસથી બચવા પણ તેનો ઉપયોગ કરાતો. નંબર પ્લૅટ નજરે ન પડતાં પોલીસ કારને ટ્રેસ કરી શકતી નહોતી. ■

### પુણેમાં ઈમારત ધરાશાયી

## ૭૨ કલાક બાદ પણ બચાવ કામગીરી શરૂઃ કાટમાળ નીચે આઠ લોકો ફસાયા હોવાની આશંકા

પુણેઃ પુણે શહેરના મોશી ખાતે આવેલી ત્રણ માળની ઇમારત પર કચરાનો મોટો ઢગલો પડ્યાની ઘટનાના ૭૨ કલાક બાદ પણ બચાવ કામગીરી ચાલી રહી હોઇ સત્તાવાળાઓએ એક પડકારજનક ઑપરેશનમાં ઉપરના સ્લેબને લગભગ તોડી નાખ્યો છે.

કાટમાળ હેઠળ હજી આઠ લોકો ફસાયા હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એનડીઆરએફ) અને અન્ય એજન્સીઓ દ્વારા હાથ ધરાયેલા ઑપરેશનમાં સ્પેશ્યલાઇઝ્ડ ડિમોલિશન મશીન્સ સહિત લગભગ પંદર એક્સકેવેટર્સનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

એનડીઆરએફની ટીમ શનિવાર મોડી રાત સુધીમાં બચાવ કામગીરી પૂર્ણ કરવાના પ્રયાસ કરી રહી છે.

ધરાશાયી થયેલી ઇમારતની આસપાસ કચરો અને કાટમાળનો ઢગલો એકઠો થઇ ગયો છે, જેને કારણે ભારે ઉપકરણોને સુરક્ષિત રીતે ચલાવવા માટે ખૂબ ઓછી જગ્યા છે, એમ અધિકારીએ જણાવ્યું હતું.

પિંપરી-ચિંચવડ ઇન્ડસ્ટ્રિયલ ટાઉનશિપના મોશી ખાતે કચરામાંથી વીજળી ઉત્પાદન કરવાના પ્લાન્ટની ઉપર બાંધવામાં આવેલી ઇમારત બુધવારે બપોરે ધરાશાયી થઇ હતી, જેમાં આશરે ૧૮ લોકો કાટમાળ હેઠળ ફસાઇ ગયા હતા.

બચાવ કામગીરી શરૂ થયાના ૭૨ કલાકમાં નવ લોકોને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા હતા, જ્યારે કાટમાળ નીચેથી એક વ્યક્તિનો મૃતદેહ મળી આવ્યો હતો.

છેલ્લા બે દિવસમાં કોઇ પણ વ્યક્તિને જીવિત બહાર કાઢવામાં આવી ન હોવાથી કાટમાળ નીચે ફસાયેલા લોકોના પરિવારજનો ધીરજ ગુમાવી રહ્યા છે. (પીટીઆઇ)■

## થાણેમાં મુશળધાર વરસાદના પગલે ટીએમટીને ૨૭ લાખ રૂપિયાનું ભારે નુકસાન, પ્રવાસીઓની સંખ્યામાં ઘટાડો

થાણેઃ મહારાષ્ટ્ર રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસોમાં પડેલા ભારે વરસાદે કેટલાક શહેરોમાં જળબંબાકારની સ્થિતિ ઊભી કરી હતી. જેમાં થાણેમાં પણ ભારે વરસાદના લીધે જનજીવન અસ્તવ્યસ્ત થયું હતું. આ સાથે જ થાણે મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટને ભારે ફટકો પડ્યો હતો, અને મુશળધાર વરસાદના પગલે ભારે આર્થિક નુકસાન થયું હતું. પરિવહન વિભાગના તાજેતરના આંકડાઓ મુજબ પ્રવાસીઓની સંખ્યામાં થયેલા નોંધપાત્ર ઘટાડામાં જાહેર પરિવહન સંસ્થાને પાંચ દિવસના ગાળામાં ૨૭ લાખ રૂપિયા જેટલી આવકનું નુકસાન થયું હતું.

રામ મારુતિ રોડ, નૌપાડા, કલવા, મુંબ્રા, દિવા અને વંદના સિનેમા જેવા મુખ્ય વિસ્તારો જળમગ્ન બન્યા હતા. આ સાથે જ મુખ્ય બજારોમાં ઘૂંટણસમાં પાણી ભરાઈ ગયા હતા. ઘોડબંદર રોડ ફ્લાયઓવર પર પાણી ભરાયેલા ખાડાઓ પડ્યા હતા જેના લીધે વાહનોની અવરજવરમાં અવરોધ ઊભો થયો હતો. જેના કારણે સ્થાનિકોને ઘરમાં રહેવાની ફરજ પડી હતી.

આ સાથે જ સર્વત્ર જળબંબાકારના લીધે શહેર જાણે થંભી ગયું હતું. આ પરિસ્થિતિની સીધી અસર ટીએમટીની દૈનિક આવક પર પડી હતી. જે સામાન્ય રીતે સરેરાશ ૨૫ લાખ રૂપિયાથી વધારે હોય છે. ૩ જુલાઈએ સંસ્થાએ ૨૫,૩૪,૮૨૨ લાખ રૂપિયાની સ્થિર આવક નોંધાવી હતી. પરંતુ ૪થી જુલાઈએ આ આવક ઘટીને ૨૦,૪૪,૩૩ લાખ રૂપિયા થઈ હતી, અને ૫ જુલાઈએ આ આવક ઘટીને ૧૪,૧૩,૪૨૫ લાખ રૂપિયાના સાપ્તાહિક નિમ્નસ્તરે પહોંચી હતી. ત્યારબાદના દિવસોમાં આવકમાં ક્રમશઃ સુધારો જોવા મળ્યો હતો. જેમાં ૬ જુલાઈએ ૧૭,૪૯,૭૯૫ લાખ રૂપિયા, ૭ જુલાઈએ ૨૨,૪૦,૦૬૪ લાખ રૂપિયા અને ૮ જુલાઈએ ૨૪,૩૭,૫૭૮ લાખ રૂપિયાની આવક નોંધાઈ હતી. સદ્નસીબે ભારે વરસાદમાં ઘટાડો થતા જ પ્રવાસીઓની અવરજવરમાં ઝડપથી નોંધપાત્ર વધારો જોવા મળ્યો હતો. ૯ જુલાઈએ ટીએમટીએ ૨૯,૦૬,૨૯૧ લાખ રૂપિયાની મજબૂત આવક નોંધાવી હતી. ■

## માનખુર્દ-મહારાષ્ટ્ર નગર ફ્લાયઓવરના બંને આર્મ આવતા વર્ષે ખુલ્લા મુકાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ માનખુર્દ-મહારાષ્ટ્ર નગર ટી જંકશનમાં સવાર-સાંજના પીકઅવર્સમાં થતા ટ્રાફિક તેમ જ મુંબઈથી વાશી વચ્ચે આવતા-જતા વાહનોને ભારે ટ્રાફિકની સમસ્યાનો સામનો કરવો પડે છે, તેની અસર ઘાટકોપર સુધીના ટ્રાફિકને થતી હોય છે.

આ ટ્રાફિકની સમસ્યાથી છુટકારો આપવા માટે પાલિકા માનખુર્દ મહારાષ્ટ્ર નગર ફ્લાયઓવરના બે આર્મ(ફ્લાયઓવર) બનાવી રહી છે, જેનું કામ ૩૧મે, ૨૦૨૭ સુધીમાં પૂર્ણ કરીને તેને વાહનવ્યવહાર માટે ખુલ્લો મૂકવામાં આવવાનો હોવાનું પાલિકાએ જણાવ્યું હતું.

એ સિવાય બહુપ્રતિક્ષિત વિદ્યાવિહારમાં બની રહેલા રેલઓવર બ્રિજનું કામ આવતા મહિને પૂરું થઈને તેને વાહનવ્યવહાર માટે ખુલ્લો મૂકવામાં આવવાનો છે. માનખુર્દ મહારાષ્ટ્ર નગર ટી જંકશન પર નિયમિત રીતે સવાર અને રાતના પીકઅવર્સના સમયે મોટા પ્રમાણમાં ટ્રાફિકની સમસ્યા સર્જાતી હોય છે.

તેના પરિણામે સ્થાનિક રહેવાસીઓ સહિત મુંબઈથી વાશી તરફ જતા અને વાશીથી મુંબઈ તરફ આવતા વાહનચાલકોને ભારે ટ્રાફિક જૅમની સમસ્યાનો સામનો કરવો પડે છે. એ સાથે જ ઘાટકોપરથી માનખુર્દ અને માનખુર્દથી ઘાટકોપર આ રોડ

(જુઓ પાનું ૪) ▸▸

## લાતુર-ધારાશિવમાં સોયાબીનના પાક પર ગોકળગાયનો આતંક, ખેડૂતો ચિંતિત

છત્રપતિ સંભાજીનગરઃ મહારાષ્ટ્રના લાતુર અને ધારાશિવ જિલ્લાના ખેડૂતો માટે હવે ગોકળગાય નવી આફત બનીને આવી છે, કારણ કે તે સોયાબીનના કુમળા છોડને ખાઈ રહી છે. આ સમસ્યા ખાસ કરીને નદી અને અન્ય જળાશયોની નજીક આવેલા ખેતરોમાં વધુ ગંભીર છે.

શનિવારે સુપરિન્ટેન્ડેન્ટ એગ્રીકલ્ચર ઓફિસર મહેશ તીર્થકરે જણાવ્યું હતું કે, આ ગોકળગાય રાતના સમયે બહાર આવે છે અને સોયાબીનના નવા ઉગેલા કુમળાં પાંદડા ખાઈ જાય છે.

તેમણે જણાવ્યું હતું કે, આ સમસ્યા હાલમાં ધારાશિવ અને લાતુરના પાંચથી સાત ગામોમાં જોવા મળી રહી છે. નદી અને અન્ય જળાશયોની નજીકનાં ખેતરોમાં અથવા જ્યાં પાણી ભરાઈ જવાની સમસ્યા હોય તેવા વિસ્તારોમાં આ ગોકળગાય જોવા મળી રહી છે. અમે ખેડૂતોને ખેતરની સરહદો પર અને ખેતરની અંદર ‘મેટાલ્ડિહાઈડ’ની ગોળીઓ રાખવા માટે કહી રહ્યા છીએ. મેટાલ્ડિહાઈડ એ એક ઓર્ગેનિક સંયોજન છે જેનો મુખ્ય ઉપયોગ ગોકળગાય અને શંખલા જેવા જીવોને મારવા માટે થાય છે અને ખેતીવાડી તેમજ બાગાયતી હેતુઓ માટે તેનો વ્યાપકપણે ઉપયોગ કરવામાં આવે છે. તીર્થકરે ભારપૂર્વક જણાવ્યું હતું કે, આ સમસ્યાનો ઝડપી ઉકેલ લાવવો જરૂરી છે. આ બંને જિલ્લાના ખેતરોમાં આતંક મચાવનારી ગોકળગાય કદમાં ઘણી મોટી છે અને તેઓ ક્યાંથી આવી છે તે અંગે હજુ સુધી કોઈ માહિતી મળી નથી. લાતુરના રેણાપુર તાલુકાના વડાલ ગામના ખેડૂત બલિરામ આબરબંદેએ જણાવ્યું હતું કે, ગોકળગાયે તેમના ત્રણ એકરના પ્લોટમાં રહેલા સોયાબીનના ૭૫ ટકા પાકને ખાઈને નષ્ટ કરી દીધો હતો.

અન્ય એક અધિકારીએ જણાવ્યું હતું કે, ‘‘ખેડૂત પરિવારો સૂર્યાસ્ત પછી આ ગોકળગાયને પકડવા માટે એકઠા થઈ રહ્યા છે. આ ગોકળગાય રાતે જ બહાર આવે છે. તેઓ જમીનમાં ૪-૫ ઈંચ ઊંડે ઈંડાં મૂકે છે, તેથી આગામી વાવેતર પહેલાં ખેતરોમાં ઊંડી ખેડ કરવાની જરૂર છે.’’■




# બેલ્જિયમના ગોલકીપરે એક ભૂલ કરી અને સ્પેન પહોંચી ગયું સેમિ ફાઇનલમાં

લૉસ ઍન્જેલસઃ ભૂતપૂર્વ ચેમ્પિયન સ્પેને શુક્રવારે મોડી રાત્રે ફિફા વર્લ્ડ કપની ક્વૉર્ટર ફાઈનલમાં બેલ્જિયમને છેલ્લી મિનિટોના રોમાંચક મુકાબલામાં ૨-૦થી હરાવીને સેમિ ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો જેમાં સ્પેનનો મુકાબલો ફ્રાન્સ સામે (મંગળવારે મધરાત બાદ ૧૨.૩૦) થશે.

સ્પેન અને બેલ્જિયમની ટીમ શુક્રવારની ક્વૉર્ટર ફાઇનલમાં ૮૭મી મિનિટ સુધી ૧-૧ની બરાબરમાં હતી અને એ મુકાબલો એક્સ્ટ્રા ટાઈમમાં જવાની તૈયારીમાં જ હતો. જોકે ૮૮મી મિનિટમાં સબસ્ટિટ્યૂટ ખેલાડી મિકેલ મેરિનોને બેલ્જિયમના ગોલકીપરની એક ભૂલને લીધે ગોલ કરવા મળી ગયો હતો. એ ગોલની મદદથી સ્પેને ૨-૧ના વિજય સાથે સેમિમાં એન્ટ્રી મેળવી હતી. મેરિનો ૮૬મી મિનિટમાં મેદાન પર ઊતર્યો હતો અને બે મિનિટમાં તેણે ગોલ કરીને સ્પેનને જિતાડી દીધું.

૮૮ મિનિટમાં સ્પેનના ખેલાડીઓ જબરદસ્ત આક્રમણ પર હતા અને એમાં સ્પેનના પાઉ કયૂબાસીની કિકમાં બૉલને બેલ્જિયમના રિઝર્વ ગોલકીપર સેને લામેન્સે કબજામાં લીધો હતો, પરંતુ બૉલ તેના હાથમાંથી છૂટી ગયો હતો અને રીબાઉન્ડમાં મેરિનોને આસાનીથી ગોલ કરવા મળી ગયો હતો. બેલ્જિયમના મુખ્ય ગોલકીપર થિબાઉ કોરટુઆને ૭૧મી મિનિટમાં ઈજા થઈ હતી અને તે મેદાનની બહાર જતો રહ્યો હતો. તેના સ્થાને સેને લામેન્સને ગોલકીપિંગની જવાબદારી સોંપવામાં આવી હતી અને તેની ભૂલને લીધે બેલ્જિયમે પરાજય જોવો પડ્યો.




બેલ્જિયમની ટીમને ગોલકીપરની આ એક ભૂલ ભારે પડી ગઈ અને સ્પેન ત્રીજી વખત વર્લ્ડ કપની સેમિ ફાઇનલમાં પહોંચવામાં સફળ થયું. સ્પેન ૨૦૧૦માં નેધરલૅન્ડ્સને ફાઇનલમાં હરાવીને ચેમ્પિયન બન્યું હતું.

શુક્રવારની મુખ્ય મૅચમાં ફર્સ્ટ હાફમાં સ્પેન વતી ફેબિયન રૂઈઝે અને ૪૧મી મિનિટમાં બેલ્જિયમ વતી ચાર્લ્સ ડી કેટેલેરેએ ગોલ કર્યો હતો. ■

### છેલ્લી ક્વૉર્ટર ફાઇનલ મૅચ

આર્જેન્ટિના વિરુદ્ધ સ્વિટ્ઝરલૅન્ડ
(આજે સવારે ૬.૩૦)

### વર્લ્ડ કપનું અંતિમ શેડ્યૂલ

પ્રથમ સેમિ ફાઇનલ
ફ્રાન્સ વિ. સ્પેન
(મંગળવારે મધરાત બાદ ૧૨.૩૦)

### બીજી સેમિ ફાઇનલ

નોર્વે-ઇંગ્લૅન્ડના વિજેતા વિ. આર્જેન્ટિના/સ્વિટ્ઝરલૅન્ડના વિજેતા
(બુધવારે મધરાત બાદ ૧૨.૩૦)

### ત્રીજા સ્થાન માટેની મૅચ

(૧૮મી જુલાઈએ મધરાત બાદ ૨.૩૦)
ફાઇનલ
(૧૯મી જુલાઈએ મધરાત બાદ ૧૨.૩૦)

# સ્પેનમાં બિલ્લાર્ડા રમતની ટૂર્નામેન્ટ શરૂ થઈઃ અરે! આ તો આપણા ગિલ્લી-ડંડા



મૅડ્રિડઃ બે દિવસથી સોશ્યલ મીડિયામાં એક વીડિયો વાઇરલ થયો છે જેમાં બતાવવામાં આવ્યું છે કે સ્પેનમાં બિલ્લાર્ડા નામની ટૂર્નામેન્ટ શરૂ થઈ ચૂકી છે. જોકે આ વીડિયો ડાઉનલૉડ કર્યા પછી એમાંની એક સ્પર્ધકે હાથમાં જે ડંડો હતો એ નીચે રાખ્યો ત્યાં જ ખ્યાલ આવી ગયો કે આ તો ભારતની પ્રાચીન 'ગિલ્લી-ડંડા'ની રમત છે અને એ ભારતના લગભગ દરેક નાગરિકે નાનપણમાં આ રમતની મોજ માણી હોય છે. ગયા મહિને સ્પેનમાં 'લિગા ગેલગા દ બિલ્લાર્ડા' નામની ચૅમ્પિયનશિપ શરૂ થઈ ત્યારે 'એક્સ' પર અને બીજા મીડિયામાં એનો ખૂબ પ્રચાર થયો હતો અને જાણે એવો દાવો કરવામાં આવતો હતો કે આ નિર્દોષ રમત સ્પેનની ઉપજ છે. આ રમત જર્મની સહિત યુરોપના બીજા દેશોમાં પણ રમાય છે. કેટલાક વિદેશીઓનું એવું પણ કહેવું હતું કે 'બિલ્લાર્ડા જેવી જ ગિલ્લી-ડંડા નામની રમત ભારતમાં પણ રમાય છે.' ભારતમાં ગિલ્લી-ડંડા ઇન્ટરનૅશનલની પણ વર્ષોથી સ્થાપના થઈ છે.

### ગિલ્લી-ડંડાનો ઈતિહાસ, પદ્ધતિ અને ફાયદા

જોકે પળવારમાં ભારતના કેટલાક ખેલકૂદપ્રેમીઓએ સ્પષ્ટતા કરી દીધી હતી કે આ રમત એટલે કે ગિલ્લી-ડંડાનો ભારતમાં જ ઉદ્ભવ થયો હતો અને પછીથી એ સ્પેનમાં બિલ્લાર્ડા નામે પ્રચલિત થઈ હતી. કહેવાય છે કે ગિલ્લી-ડંડાની રમત ૨,૫૦૦ વર્ષથી (મૌર્ય સામ્રાજ્યના સમયકાળથી) ભારતમાં રમાય છે. એમાં સામાન્ય રીતે ડંડો ૧૮થી ૨૪ ઇંચનો અને ગિલ્લી ત્રણથી છ ઇંચની હોય છે. આ રમત સામાન્ય રીતે મેદાનોમાં અથવા ગલીઓમાં રમાય છે. એમાં નાના ખાડામાં કે પથ્થર પર ગિલ્લી ગોઠવવામાં આવે છે, ડંડો એ ગિલ્લીના આગળના ભાગ પર ફટકારવામાં આવે છે અને હવામાં ઉછળેલી ગિલ્લી નીચે પડે એ પહેલાં એને ડંડાથી બને એટલી જોરથી ફટકારવામાં આવે છે કે જે વધુમાં વધુ દૂર જાય. ગિલ્લી જ્યાં પડે ત્યાં સુધીનું અંતર એ જ ડંડાથી માપવામાં આવે છે અને એ પૉઇન્ટને આધારે સ્પર્ધકોમાં વિજેતા નક્કી કરવામાં આવે છે. જો સ્પર્ધક ગિલ્લીને મારવામાં નિષ્ફળ જાય કે તેની ગિલ્લીનો કૅચ ઝીલવામાં આવે તો તે આઉટ ગણાય છે. આ રમતમાં સ્પર્ધકે આંખ-હાથનો સારો તાલમેલ રાખવો પડે છે. આ રમત બાળકોને સક્રિય રાખવામાં મદદરૂપ થાય છે.

### ગિલ્લી આવી ગઈ ક્રિકેટના ત્રણ સ્ટમ્પ્સ પર!

કેટલાકે તો ટી-૨૦ ક્રિકેટની આઇપીએલની જેમ ગિલ્લી-ડંડા (બિલ્લાર્ડા)માં પણ લીગ ટૂર્નામેન્ટ શરૂ કરવાનું સૂચન કર્યું હતું. એક વાત તો અહીં ખાસ ઉલ્લેખ કરવાનો કે ક્રિકેટ, બેઝબૉલ અને સૉફ્ટબૉલ જેવી રમતના પાયામાં ગિલ્લી-ડંડાની રમત છે એમ કહીએ તો ખોટું નથી. જોકે હવે ભારતમાં ગિલ્લી-ડંડા ભાગ્યે જ રમાતા હશે. આ રોમાંચક રમત હવે માત્ર ક્રિકેટના ત્રણ સ્ટમ્પ્સ પરની બે બેલ્સ સુધી સીમિત થઈ ગઈ છે એમ કહીએ તો પણ ચાલે. ■

# જૉકોવિચનું સપનું ફરી તૂટ્યુંઃ યાનિક સિનરે ઈટલી માટે નવો ઈતિહાસ રચ્યો

લંડનઃ પચીસમા વિક્રમજનક ગ્રૅન્ડ સ્લૅમ ટાઈટલની થોડાં વર્ષોથી તલાશ કરી રહેલા સર્બિયાના નોવાક જૉકોવિચે શુક્રવારે ફરી એકવાર નિરાશ થવું પડ્યું હતું. વિમ્બલડનની સેમિ ફાઇનલમાં ઈટલીના વર્લ્ડ નંબર વન યાનિક સિનરે તેને હરાવીને સતત બીજી વખત આ ટૂર્નામેન્ટની ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. વિમ્બલડનની સિંગલ્સની ફાઇનલમાં એક કરતાં વધુ વખત પહોંચનાર સિનર પ્રથમ ઈટાલિયન ખેલાડી બન્યો છે.

૨૦૨૫ની સાલના વિજેતા ૨૪ વર્ષીય સિનરનો ૩૯ વર્ષીય જૉકોવિચ સામે શુક્રવારે ૬-૪, ૬-૪, ૬-૪થી વિજય થયો હતો. આજની ફાઇનલમાં સિનરનો મુકાબલો જર્મનીના ૨૯ વર્ષીય ઍલેક્ઝાન્ડર ઝવેરેવ સામે થશે. ઝવેરેવે સેમિ ફાઈનલમાં વાઇલ્ડ કાર્ડ એન્ટ્રીથી વિમ્બલડનમાં રમનાર બ્રિટનના આર્થર ફેરીને ૭-૬ (૭-૦), (૬-૨), (૬-૪)થી હરાવ્યો હતો.

સિનર સામે હારી જવાને કારણે જૉકોવિચ વિક્રમજનક આઠ વખત વિમ્બલ્ડનનું સિંગલ્સનું ટાઈટલ જીતવાના રોજર ફેડરરના રેકૉર્ડની બરાબરી કરવાથી પણ વંચિત રહી ગયો હતો.

### ચેક રિપબ્લિકની બે ખેલાડીએ દેશની પરંપરા જાળવી

વિમ્બલડન ચેમ્પિયનશિપમાં ગઈ કાલે મહિલાઓની ફાઇનલમાં ચેક રીપબ્લિકની બે ખેલાડી (કૅરોલિના મુહોવા અને લિન્ડા નોસ્કૉવા) એકમેક સામે રમવાની હતી. ચેક રિપબ્લિકના ઈતિહાસમાં આવું પહેલી વખત બન્યું. ચેક રિપબ્લિક વતી અગાઉ રમી ચૂકેલી નામાંકિત મહિલા ખેલાડીઓમાં માર્ટિના નવરાતિલોવા, હાના માંડલિકોવા, યાના નોવોટના, પેટ્રા ક્વિટોવા, માર્કેટા વોન્ડ્રોસૉવા અને બાર્બોરા ક્રેચિકોવાનો સમાવેશ હતો.



### ઝવેરેવ સામે સિનરનો રેકૉર્ડ ખૂબ સારો

ચાર ગ્રૅન્ડ સ્લૅમ ટાઇટલ જીતી ચૂકેલા સિનરની શુક્રવારે ૯૯મી ગ્રૅન્ડ સ્લૅમ મૅચ હતી. આજની ફાઈનલ તેની ૧૦૦મી ગ્રૅન્ડ સ્લૅમ મૅચ બનશે. ઝવેરેવ સામે સિનરનો રેકૉર્ડ બહુ સારો છે. સિનરે તેને ૧૪માંથી ૧૦ મૅચમાં હરાવ્યો છે. ■

# વિમ્બલ્ડનમાં સચિન-અંજલિ સાથે શુભમન ગિલ, ફૅન્સે કહ્યું, 'સાસુ, સસરા અને જમાઈ એક સાથે'

લંડનઃ ભારતના ટેસ્ટ અને વન-ડે કેપ્ટન શુભમન ગિલ, ટીમ ઈન્ડિયાના પૂર્વ દિગ્ગજ બૅટ્સમૅન સચિન તેંડુલકર અને તેની પત્ની અંજલિ સાથે શુક્રવારે વિમ્બલ્ડનના રૉયલ બૉક્સમાં સાથે બેઠેલા જોવા મળ્યા હતા. ટેનિસની રમતનો આનંદ માણતા આ ત્રણેયની તસવીર સોશ્યલ મીડિયા પર ખૂબ વાઇરલ થઈ રહી છે. આ સાથે જ કેટલાક લોકોએ અવનવી કમેન્ટ્સ પણ કરી છે. એક યુઝરે કહ્યું કે 'સાસુ, સસરા અને જમાઈ એક સાથે બેઠાં છે.'



### યુઝર્સે કરી કમેન્ટ્સ

શુભમન ગિલે વિમ્બલ્ડનમાં ખૂબ જ સ્ટાઇલિશ અંદાજમાં એન્ટ્રી કરી હતી. તેણે હળવા કથ્થઈ (લાઇટ બ્રાઉન) રંગનું બ્લેઝર, બ્લુ શર્ટ, ટાઈ અને કાળા ચશ્મા પહેર્યા હતા. તેનો આ લુક ફૅન્સને ખૂબ જ પસંદ આવ્યો. બીજી તરફ, સચિન તેંડુલકરે નેવી બ્લુ સૂટ અને અંજલિ તેંડુલકરે ઓલિવ ગ્રીન ડ્રેસમાં પોતાની હાજરી નોંધાવી હતી.

આ ફોટો સામે આવ્યા બાદ સોશિયલ મીડિયા યુઝર્સે કમેન્ટ સેક્શનમાં સારા અને શુભમનના કથિત સંબંધોને લઈને કમેન્ટ્સ કરી હતી. જેમાં મોટાભાગના યુઝર્સે લખ્યું કે, 'હવે તો સંબંધ પાકો થઈ ગયો છે' અને 'સસરા-જમાઈની જોડી સારી લાગી રહી છે'. ઉલ્લેખનીય છે કે, ગિલ અને સારાએ ક્યારેય પોતાના સંબંધોને લઈને ખુલીને કોઈ વાત નથી કરી. સોશિયલ મીડિયા પર બંનેના સાથે હોવાના સમાચાર અવારનવાર ચમકે છે.

તમે પણ આવી અફવા સાંભળી જ હશે કે ગિલ દિગ્ગજ તેંડુલકરની પુત્રી સારા તેંડુલકરને ડેટ કરી રહ્યો છે, પરંતુ આ વાતની આજ દિન સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ થઈ શકી નથી. આ જ અફવાને કારણે લોકોએ સચિન તેંડુલકર અને તેની પત્ની અંજલિને ગિલના સસરા અને સાસુ ગણાવ્યા હતા.

### શું છે સારા અને શુભમનનું સત્ય?

સોશ્યલ મીડિયા પર અવારનવાર ફૅન્સ વચ્ચે શુભમન ગિલ અને સારા તેંડુલકરના સંબંધોની ચર્ચા થતી રહે છે. બંને તરફથી ક્યારેય આ વાતની પુષ્ટિ કરવામાં આવી નથી અને ન તો આ અફવાઓને ખોટી ગણાવવામાં આવી છે. ઘણી વખત બંનેની એક જ રેસ્ટોરાંની તસવીરો સામે આવી છે, જેના કારણે ફૅન્સે અટકળો લગાવવાનું શરૂ કરી દીધું હતું. આ સિવાય અવારનવાર મેદાન પર ફૅન્સ સારાનું નામ લઈને શુભમનને ચીડવતા પણ જોવા મળે છે.

### ઈંગ્લૅન્ડ વન-ડે સિરીઝ માટે તૈયારીમાં વ્યસ્ત ગિલ

મંગળવાર, ૧૪ જુલાઈથી ભારત-ઇંગ્લૅન્ડ વચ્ચે ત્રણ મૅચની વન-ડે સિરીઝની શરૂઆત થશે. વન-ડે સિરીઝમાં શુભમન ગિલની કેપ્ટનશીપવાળી ટીમ ઈન્ડિયામાં વિરાટ કોહલી અને રોહિત શર્મા જેવા દિગ્ગજ ખેલાડીઓ રમતા જોવા મળશે. ■

# લૉર્ડ્સમાં ભારતીય મહિલા ટીમને ઐતિહાસિક વિજય મેળવવાની તક

### ૧૧૫ રનની સરસાઈ પછી સારી સ્થિતિમાંઃ પેસ બોલર ક્રાંતિ ગૌડની પાંચ વિકેટ

લંડનઃ ઇંગ્લૅન્ડમાં ભારતના પુરુષ ક્રિકેટરો કરતાં મહિલા ખેલાડીઓ સારું રમી રહી છે અને દેશનું નામ રોશન કરી રહી છે, કારણકે તેમણે લૉર્ડ્સમાં મહિલાઓ માટે ૧૫૦ વર્ષના ઇતિહાસમાં પહેલી જ વખત આયોજિત ટેસ્ટ મૅચ (બપોરે ૩.૩૦ વાગ્યાથી લાઇવ)માં શનિવારના બીજા દિવસે યજમાન ઇંગ્લૅન્ડની ટીમને પ્રથમ દાવમાં માત્ર ૧૭૦ રનમાં ઑલઆઉટ કરીને ૧૧૫ રનની બહુમૂલ્ય સરસાઈ મેળવી હતી અને પછી બીજા દાવમાં પણ હરમનની ટીમ સંગીન સ્થિતિમાં હતી.

આ ટેસ્ટ ચાર દિવસની છે જેમાં ભારતે હવે બીજા દાવમાં ઝડપથી બને એટલા વધુ રન બનાવીને યજમાન ટીમને પડકારરૂપ લક્ષ્યાંક આપવો જોઈએ. આ મૅચ જીતીને લૉર્ડસના ઇતિહાસમાં પોતાનું નામ સુવર્ણ અક્ષરે લખાવવાનો ભારતીય ટીમને સારો મોકો છે. શનિવારે આ અહેવાલ લખાઈ રહ્યો હતો ત્યારે ભારતનો બીજા દાવનો સ્કોર ૩૧મી ઓવરમાં ૧/૧૧૫ હતો અને સરસાઈ સહિત ભારતના ૨૩૦ રન હતા. વાઇસ-કૅપ્ટન સ્મૃતિ મંધાનાએ મૅચમાં બીજી હાફ સેન્ચુરી (૫૧ અણનમ) ફટકારી હતી.


સ્મૃતિ મંધાનાએ ટેસ્ટના બન્ને દાવમાં હાફ સેન્ચુરી ફટકારી.

શુક્રવારે ભારતે સ્મૃતિ મંધાનાના ૮૩ રન તેમ જ કૅપ્ટન હરમનપ્રીત કૌરના ૫૮ રન અને દીપ્તિ શર્માના ૫૭ રનની મદદથી ૨૮૫ રન બનાવ્યા હતા. જવાબમાં ઇંગ્લૅન્ડની માત્ર વિકેટકીપર ઍમી જોન્સ (બાવન રન) હાફ સેન્ચુરી ફટકારી શકી હતી.

ભારત વતી ભરોસાપાત્ર પેસ બોલર ક્રાંતિ ગૌડે ફક્ત ૩૭ રનમાં પાંચ વિકેટ લઈને તરખાટ મચાવ્યો હતો. પેસ બોલર સાયલી સતઘરેએ ૪૦ રનમાં બે વિકેટલ સ્પિનર સ્નેહ રાણાએ ૪૧ રનમાં બે વિકેટ અને દીપ્તિ શર્માએ ૧૦ રનમાં એક વિકેટ લીધી હતી. ■

# ભારત હારી ગયું, નંબર વન રૅન્ક ગુમાવીઃ બટલર-બ્રૂકની ૨૩૩ની ભાગીદારી ભારે પડી

સધમ્પ્ટનઃ ટી-૨૦ સિરીઝની પાંચમી અને અંતિમ મૅચમાં શનિવારે ભારતને મોટી મુસીબતમાં દેવા માટે ઇંગ્લૅન્ડના વિકેટકીપર જૉસ બટલર (૧૩૧ રન, ૬૪ બૉલ, આઠ સિક્સર, બાર ફોર) અને કૅપ્ટન હૅરી બ્રૂક (૯૫ અણનમ, ૪૫ બૉલ, આઠ સિક્સર, ચાર ફોર) વચ્ચેની બીજી વિકેટની ૨૩૩ રનની વિક્રમજનક ભાગીદારી જવાબદાર હતી. બ્રિટિશ ટીમે બૅટિંગ મળ્યા બાદ ૨૦ ઓવરમાં ત્રણ વિકેટે ૨૫૭ રન બનાવીને ભારતને ૨૫૮ રનનો તોતિંગ લક્ષ્યાંક આપ્યો હતો.

ભારતે આઠ વિકેટે ૨૦૧ રન બનાવ્યા અને ૫૬ રનથી હારી ગયું.

આ પાંચમા મુકાબલા પહેલાં જ નક્કી થયું હતું જો ભારત આ મૅચ પણ હારશે તો ૦-૪ના વાઇટવૉશ સાથે ટી-૨૦માં વર્લ્ડ નંબર-વનની રૅન્ક ગુમાવી દેશે અને ઇંગ્લૅન્ડ સર્વોપરિ થઈ જશે અને ખરેખર એવું જ થયું.

દરમ્યાન ઇંગ્લૅન્ડે બૅટિંગ મળ્યા પછી ૨૦ ઓવરમાં ત્રણ વિકેટે ૨૫૭ રન બનાવ્યા હતા. ભારતીય બોલર્સમાં શિવમ દુબેએ બાવીસ રનમાં બે વિકેટ અને ૩૮ રનમાં એક વિકેટ લીધી હતી. સ્પિનર અક્ષર પટેલને ૬૩ રનમાં અને પેસ બોલર પ્રિન્સ યાદવને ૬૦ રનમાં વિકેટ નહોતી મળી.

### વૈભવના સ્થાને સૅમસન, પણ ફરી ફ્લૉપ ગયો

ઇંગ્લૅન્ડે છેલ્લી ટી-૨૦માં ભારતને ૨૫૮ રનનો જે તોતિંગ લક્ષ્યાંક આપ્યો છે એના બોજ તળે દબાઈ ગયેલી ટીમ ઇન્ડિયાએ પંચાવન રનમાં પહેલી બે વિકેટ ગુમાવી દીધી હતી. અભિષેક શર્મા ફક્ત ત્રણ રન બનાવીને જોફ્રા આર્ચરને વિકેટ આપી બેઠો ત્યાર બાદ સંજુ સૅમસને ૧૪ બૉલમાં બે છગ્ગા અને ત્રણ ચોગ્ગાની મદદથી ૨૭ રન બનાવ્યા બાદ સૅમ કરૅનના બૉલમાં વિકેટ ગુમાવી હતી. વૈભવ સૂર્યવંશીના સ્થાને સૅમસનને ફરી ટીમમાં સ્થાન અપાયું, પણ તે લાંબી ઇનિંગ્સ ન રમી શક્યો. ટૂંકમાં, ભારતનો ટૉપ-ઑર્ડર ફરી ધાર્યા જેવું પર્ફોર્મ ન કરી શક્યો. ઇશાન કિશન (૫૬ રન) અને કૅપ્ટન શ્રેયસ ઐયર (૨૮ રન) અનુક્રમે આદિલ રાશીદ અને લિઆમ ડૉસનને વિકેટ આપી બેઠા હતા. ■



# ૧૯૮૨માં ચેલ્સી ફૂટબૉલ ક્લબને એક પાઉન્ડમાં ખરીદનાર કેન બેટ્સનું નિધન



વિશ્વવિખ્યાત ચેલ્સી ફૂટબૉલ ક્લબને ૧૯૮૨ની સાલમાં ફક્ત એક પાઉન્ડમાં ખરીદનાર આ ક્લબના ભૂતપૂર્વ માલિક કેન બેટ્સનું ૯૪ વર્ષની વયે અવસાન થયું છે. ૧૯૮૨માં આ ક્લબ પ્રચંડ દેવામાં ડૂબેલી હતી અને ફૂટબૉલની સ્પર્ધામાં એની ટીમ ખૂબ ખરાબ હાલતમાં ત્યારે કેન બેટ્સે એક પાઉન્ડમાં ખરીદીને મોટા પાયે રોકાણ કર્યું હતું અને આ ક્લબને ફરી સક્રિય બનાવીને ટોચની ક્લબોમાં લાવીને મૂકી દીધી હતી તેમ જ ટીમને મોટી ટ્રોફીઓ અપાવવામાં પણ માલિક અને માર્ગદર્શક તરીકે તેમની મહત્ત્વની ભૂમિકા હતી.

# ભારતની તીરંદાજ પ્રીથિકાએ વિશ્વની ૧૧મા ક્રમની પ્લેયરને હરાવી



સ્પેનના મૅડ્રિડમાં આયોજિત આર્ચરી વર્લ્ડ કપના ચોથા તબક્કામાં ભારતની ટીનેજ તીરંદાજ પ્રીથિકા પ્રદીપે તૂર્કીની વર્લ્ડ નંબર-ઇલેવન હૅઝલ બુરુનને હરાવીને બ્રૉન્ઝ મેડલ જીતી હતી. વિશ્વ કપમાં આ તેનો પ્રથમ મેડલ છે.

૧૭ વર્ષની પ્રીથિકાએ આ અગાઉ કમ્પાઉન્ડ ટીમ સ્પર્ધામાં ભારતીય ટીમને સિલ્વર મેડલ અપાવવામાં મોટું યોગદાન આપ્યું હતું. ■

# શિકાગોના પ્રોત્સાહક અહેવાલ છતાં નિરસ વેપારે આયાતી-દેશી તેલમાં ટકેલું વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં ૮૩ સેન્ટનો સુધારો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં સપ્તાહના અંતને કારણે હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે વેપારો નિરસ રહેતાં હાજરમાં દેશી તથા આયાતી તેલના ભાવમાં સાંકડી વધઘટે ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ સિકોફનાં જુલાઈ ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૪૭૦ અને ઑગસ્ટના પહેલા પખવાડિયે ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૬૫, ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના રૂ. ૧૪૭૮, પતંજલિ ફૂડ્સના ૧૦ દિવસમાં ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૪૬૫, જુલાઈ ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૮૦ અને જુલાઈ તથા ઑગસ્ટ ડિલિવરી શરતે સન રિફાઈન્ડના રૂ. ૧૬૭૫, એડબ્લ્યુએલના જુલાઈ તથા ઑગસ્ટ ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૪૪૫ અને સપ્ટેમ્બર ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૫૦, એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૬૦ અને ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના રૂ. ૧૪૫૫ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો.

આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૫૦૦ ગૂણીની આવક સામે મંડીમાં વેપાર મણદીઠ રૂ. ૧૧૫૦થી ૧૫૭૫માં અને રાજકોટ મથકે ૮૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૧૫૦થી ૧૫૮૦માં થયા હતા. તેમ જ ગોંડલ ખાતે આજે સિંગતેલના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૧૬૦૦માં, વૉશ્ડ કૉટનના રૂ. ૧૫૦૦થી ૧૫૦૫માં અને કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૫૪૦થી ૧૫૪૫માં થયા હતા. તેમ જ આજે રાજકોટ ખાતે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૫૫૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૬૦૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.

આજે હાજર બજારમાં ૧૦૦ કિલોદીઠ આરબીડી પામોલિનના રૂ. ૧૪૭૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૭૦, સન રિફાઈન્ડના રૂ. ૧૬૭૫, સિંગતેલના રૂ. ૧૬૩૦ કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૫૯૦ અને સરસવના રૂ. ૧૬૬૦ના મથાળે ટકેલા રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# લડાઈમાં સામાન્ય માણસનું અસાધારણ કર્તવ્ય

**ઓપિનિયન**
**સી. એ. પ્રકાશ દેસાઈ**

આજકાલ તો ચારે તરફ યુદ્ધનું વાતાવરણ જ છે અને જયારે યુદ્ધ ચાલતું હોય ત્યારે સરકાર પાસે જેટલા રિસોર્સિંગ હોય તે યુદ્ધના ખર્ચમાં જ વપરાતા હોય છે ત્યારે માત્ર સરકાર નહીં પણ પ્રજાની ખુમારી અને દેશદાઝની પરીક્ષા હોય છે અને તે સર્વ પ્રથમ જોવા મળેલુ બીજા વિશ્વ યુદ્ધ દરમ્યાન.

બીજા વિશ્વયુદ્ધ (WWII) દરમિયાન હેડલાઇન્સ ભલે જનરલો, વડા પ્રધાનો અને યુદ્ધની વ્યૂહરચનાઓથી ભરેલી રહેતી હતી, પરંતુ આ યુદ્ધ આખરે 'સામાન્ય માણસ'ની અથાગ મહેનત અને શાંત સહનશક્તિને કારણે જ જીતી શકાયું હતું.

આખો સમાજો 'હોમ ફ્રન્ટ્સ' (ઘરેલું મોરચા)માં બદલાઇ ગયા હતા. લાખો સામાન્ય નાગરિકો - જેમણે કયારેય હાથમાં બંદૂક પકડી ન હતી - તેમણે વૈશ્વિક અર્થતંત્રને નવું રૂપ આપ્યું, સેનાઓને જીવંત રાખી અને પોતાના સમુદાયોને ભાંગી પડતા બચાવ્યા.

***ઘરેલું અન્ન ક્રાંતિવિક્ટરી ગાર્ડન્સ :***

વ્યાવસાયિક ખેતીવાડીની વ્યવસ્થા ખોરવાઇ જવાને કારણે અને સૈનિકો માટે મોટા પાયે અનાજ ડાયવર્ટ કરવામાં આવતાં, સ્થાનિક સ્તરે ખોરાકની ભારે અછત ઊભી થઇ.. આનો ઉકેલ સામાન્ય નાગરિકોએ પોતાના ઘરના આંગણામાંથી જ શોધી કાઢયો.

– ***સામુદાયિક ખેતી :*** સરકારોએ નાગરિકોને ઉપલબ્ધ હોય તેવી તમામ જગ્યાઓ-જેમ કે ઘરના આંગણા, શાળાના મેદાનો, જાહેર બગીચાઓ અને એપાર્ટમેન્ટની અગાશીઓ પર 'વિક્ટરી ગાર્ડન્સ' (વિજય બગીચાઓ) બનાવવા પ્રોત્સાહિત કર્યા.

***કદ અને વ્યાપ :*** અમેરિકા અને બ્રિટન જેવા દેશોમાં સામાન્ય લોકોએ શાકભાજી, ફળો અને મસાલાઓનું અસાધારણ ઉત્પાદન કર્યું. થોડા સમયમાં જ માત્ર અમેરિકામાં જ બે કરોડથી વધુ વિક્ટરી ગાર્ડન્સ બની ચૂકયા હતા. જે દેશમાં વપરાતા કુલ શાકભાજીના અંદાજે ૪૦ ટકા શાકભાજી પૂરા પાડતા હતા. આ ભગીરથ પ્રયાસને કારણે સરકારી અને વ્યાવસાયિક ખેતીનો માલ વિદેશમાં લડતા સૈનિકો સુધી પહોંચાડવો સરળ બન્યો.

***ઔદ્યોગિક શ્રમિકોનું પરિવર્તન :***

યુદ્ધ લાયક ઉંમરના લાખો પુરુષોને લશ્કરમાં ભરતી કરી લેવામાં આવ્યા હોવાથી, વૈશ્વિક ઉદ્યોગોમાં મજૂરોની ભારે અછત ઊભી થઇ. આ એવો સમય હતો જયારે હથિયારો અને વાહનોનું ઉત્પાદન ઝડપથી વધારવું અનિવાર્ય હતું.

– ***ભારે ઉદ્યોગોમાં મહિલાઓ :*** લાખો મહિલાઓ એવા કામોમાં જોડાઇ જે અગાઉ માત્ર પુરુષો જ કરતા હતા – જેમ કે રીવેટિંગ (ધાતુ જોડવાનું કામ), મશીનિસ્ટ, વેલ્ડર અને લાકડા કાપવાનું કામ. 'રોઝી ધ રીવેટર' (Rosie the Riveter) જેવું સાંસ્કૃતિક પ્રતીક આ બદલાવ દર્શાવે છે. ૧૯૪૦થી ૧૯૪૫ વચ્ચે સંરક્ષણ કારખાનાઓમાં મહિલા શ્રમિકોની સંખ્યામાં અભૂતપૂર્વ વધારો થયો.

***લોકશાહીનું શસ્ત્રાગાર :*** સામાન્ય ફેકટરી કામદારોએ દિવસ-રાત જોયા વગર કમરતોડ શિફટમાં કામ કર્યું. તેમના સામૂહિક શ્રમના પરિણામે હજારો વિમાનો, ટેન્કો અને માલવાહક જહાજો તૈયાર થયા. આ પ્રચંડ ઉત્પાદન ક્ષમતા સામે ધરી રાષ્ટ્રો (જર્મની-જાપાન)ના ઉદ્યોગો ક્યાંય ટકી શકયા નહીં.

***ભારતીય ઉપખંડનુ અમૂલ્ય યોગદાન :*** પશ્ચિમી ઇતિહાસના પુસ્તકોમાં ભલે આની ઓછી ચર્ચા થતી હોય, પરંતુ અખંડ ભારતના સામાન્ય માણસનું યોગદાન અતિ વિશાળ અને બહુપરિમાણીય હતું.

***સૌથી મોટી સ્વૈચ્છિક સેના :*** ૨૫ લાખથી વધુ ભારતીય પુરુષો બ્રિટિશ ઇન્ડિયન આર્મીમાં સ્વેચ્છાએ જોડાયા. જે માનવ ઇતિહાસની સૌથી મોટી ઓલ-વોલન્ટીયર (સ્વૈચ્છિક) સેના હતી. આમાં સામાન્ય ખેડૂતો, મજૂરો અને ગ્રામીણ યુવાનો હતા. જેઓ ઉત્તર આફ્રિકા, ઇટાલી અને બર્મા (મ્યાનમાર)ના ગીચ જંગલોમાં બહાદુરથી લડયા.

***આર્થિક અને ભૌતિક જીવાદોરી :*** ભારતમાં સામાન્ય મજૂરો, કાપડ ઉદ્યોગના કામદારો અને ખેડૂતોએ મિત્ર દેશોની સેના માટે લાખો ટન અનાજ, લાકડા, સ્ટીલ અને યુનિફોર્મનું કાપડ પૂરું પાડવા સખત મહેનત કરી, ભારતના નાના ગૃહઉદ્યોગોએ લશ્કરી તંબુ, ધાબળા અને ચામડાના બૂટ બનાવવાનું શરૂ કર્યું, જે એશિયા અને મધ્ય પૂર્વમાં લશ્કરી સપ્લાય ચેઇન માટે કરોડરજ્જુ સમાન સાબિત થયું.

***સાર્વત્રિક રેશનિંગ અને કરકસરભર્યું જીવન :***

બીજા વિશ્વયુદ્ધમાં જીવવા માટે લોકોએ રોજિંદી જીવન શૈલીમાં મોટો બદલાવ કરવો પડયો હતો. કોઇ પણ વસ્તુનો બગાડ કરવો એ સામાજિક ગુનો ગણાતો અને સંસાધનોની બચત એ નાગરિક ફરજ બની ગઇ હતી.

***રેશનિંગની શિસ્ત :*** પરિવારોએ ખાંડ, માખણ, માંસ, કોફી અને ગેસોલિનના મર્યાદિત કવોટા (નિયંત્રિત જથ્થા) માં જીવવાનું સ્વીકારી લીધું. ગૃહિણીઓએ મર્યાદિત સામગ્રીમાં પરિવારનું પોષણ કરવા માટે ભારે સર્જનાત્મકતા દાખવી.

**ભંગાર એકત્રિત કરવાની ઝુંબેશ :**

સામાન્ય નાગરિકો ખાસ કરીને બાળકોએ ગલીએ ગલીએ ફરીને ભંગાર ભેગો કરવાની ઝુંબેશ ચલાવી. તેમણે નકામું લોખંડ, જૂના રબરના ટાયર, ટીનના ડબ્બા અને રસોઇમાં વપરાયેલું વધારાનું તેલ / ચરબી (જેમાંથી વિસ્ફોટક માટે ગ્લિસરીન બનતું હતું) એકઠું કર્યું. લાખો ઘરોની આ નાની-નાની બચતે સંરક્ષણ ઉદ્યોગોને કટોકટીના સમયે કાચો માલ પૂરો પાડયો.

આમ બીજા વિશ્વયુદ્ધે સાબિત કર્યું કે આધુનિક યુદ્ધ માત્ર લશ્કરી તાકાતથી નહીં, પરંતુ આર્થિક અને તાર્કિક (Logistical) મોરચે લડાતું હોય છે. અંતિમ વિજય એ લાખો સામાન્ય નાગરિકોનો હતો જેમણે પરિસ્થિતિને અનુકૂળ થઇ, અસંખ્ય મુશ્કેલીઓ વેઠી અને ઉત્પાદનનું ચક્ર સતત ચાલુ રાખ્યું અને આ એક સનાતન સત્ય છે જે અત્યારે ગલ્ફના યુદ્ધમાં જોવા મળે છે.

જેમાં મંદિરો અને દેરાસરો આ યુદ્ધમાં અસરગ્રસ્ત લોકો અમે પ્રવાસીઓને અન્ન અને આશ્રય બન્ને પ્રદાન કરે છે તેથી જ કહેવાય છે ને કે 'આઇ કેન નોટ ડુ ઓલ ધ ગુડ ધેટ વર્લ્ડ નીડઝ, બટ વર્લ્ડ નીડઝ ઓલ ધ ગુડ ધેટ આઇ કેન ડુ.' ■

# વિદેશી હૂંડિયામણની અનામતમાં ૭.૨૬ અબજ ડૉલરનો ઉછાળો

મુંબઈઃ ગત ત્રીજી જુલાઈના રોજ પૂરા થયેલા સપ્તાહે દેશની વિદેશી હૂંડિયામણની અનામત ૭.૨૬ અબજ ડૉલર ઉછળીને ૬૭૪.૧૯૩ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહે અનામત ૫.૬૫૪ અબજ ડૉલરના ઘટાડા સાથે ૬૬૬.૯૩૩ અબજ ડૉલરની સપાટીએ રહી હતી.

ગત ૨૭મી ફેબ્રુઆરીના રોજ પૂરા થયેલા સપ્તાહે દેશની અનામત વધીને ૭૨૮.૪૯૪ અબજ ડૉલરની સર્વોચ્ચ સપાટીએ પહોંચી હતી, પરંતુ ત્યાર બાદ મધ્ય પૂર્વના દેશોમાં ભૂરાજકીય તણાવ સપાટી પર આવતાં ક્રૂડતેલના ભાવમાં ઉછાળો આવ્યો હતો અને ક્રૂડતેલના ભાવ વધી આવતાં ઘણાં સપ્તાહ સુધી ડૉલર સામે રૂપિયો દબાણ હેઠળ રહ્યો હતો અને સ્થાનિક બજારમાં ગબડતાં રૂપિયાને અટકાવવા રિઝર્વ બૅન્ક દ્વારા ડૉલરમાં વેચવાલી રહેતી હોવાથી અનામતમાં ઘસારો આવ્યો હતો.

દરમિયાન સમીક્ષા હેઠળના સપ્તાહમાં કુલ વિદેશી હૂંડિયામણમાં મુખ્ય હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્ક્યામતો ૪.૫૧ અબજ ડૉલર વધીને ૫૪૫.૫૭૮ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. નોંધનીય બાબત એ છે કે વિદેશી ચલણી અસ્કયામતોમાં સપ્તાહ દરમિયાન ડૉલર ઉપરાંત યુરો, પાઉન્ડ અને યેન જેવા અન્ય ચલણો સામે રૂપિયામાં સપ્તાહ દરમિયાન થયેલી વધઘટને પણ ધ્યાનમાં લેવામાં આવતી હોય છે.

વધુમાં સપ્તાહ દરમિયાન સોનાની અનામત ૨.૬૬૯ અબજ ડૉલર વધીને ૧૦૫.૨૦૫ અબજ ડૉલરના સ્તરે, ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ૬.૫ કરોડ ડૉલર વધીને ૧૮.૬૨૩ અબજ ડૉલર અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામત પણ ૧.૫ કરોડ ડૉલર વધીને ૪.૭૮૭ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્કે આંકડાકીય માહિતીમાં ઉમેર્યું હતું. ■

# પશ્ચિમ એશિયાના ભૂ-રાજકીય તણાવથી સોના-ચાંદીની તેજીને બ્રેક

## સપ્ટેમ્બરમાં ફેડરલ રિઝર્વ વ્યાજદર વધારે તેવી ૬૯ ટકા શક્યતા

**કોમોડિટી**
**રમેશ ગોહિલ**

વૈશ્વિક બજારમાં આગલા સપ્તાહે ક્રૂડતેલના ભાવઘટાડાની સાથે વૈશ્વિક બજારોમાં ફુગાવાલક્ષી દબાણ હળવું થતાં સોના અને ચાંદીના ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું. જોકે, ગત સપ્તાહે અમેરિકાએ સ્ટ્રેટ ઑફ હોર્મુઝ દરિયાઈ માર્ગથી પસાર થતાં ત્રણ જહાજો પર હુમલા કર્યા હોવાથી અમેરિકાએ પુનઃ ઈરાન પર હુમલાઓ શરૂ કર્યા હતા અને તેના વળતા જવાબમાં ઈરાને પણ અમેરિકાના અખાતના સહયોગી દેશો પર હુમલા કરતાં ફરી પશ્ચિમ એશિયામાં ભૂરાજકીય તણાવ સપાટી પર આવતાં ક્રૂડતેલના ભાવમાં ઘટ્યા મથાળેથી સુધારો આવ્યો હતો અને ક્રૂડતેલના ભાવ વધતાં ફુગાવો વધવાની અને વધતા ફુગાવાને અંકુશમાં રાખવા કેન્દ્રવર્તી બૅન્કો વ્યાજદરમાં વધારો કરે તેવી શક્યતા પ્રબળ બનતાં સોના અને ચાંદીની તેજીને બ્રેક લાગી હતી. આમ ગત સપ્તાહે વૈશ્વિક બજારમાં જોવા મળેલી બેતરફી વધઘટને પગલે સ્થાનિક ઝવેરી બજારમાં પણ વધુ ભાવઘટાડાના આશાવાદે બન્ને કિંમતી ધાતુઓમાં માગ નબળી પડી હતી અને વિશ્વ બજાર પાછળ ભાવમાં સાપ્તાહિક ધોરણે ઘટાડો નોંધાયો હતો. નોંધનીય બાબત એ છે કે ગત સપ્તાહના અંતે સીએમઈ ફેડ વૉચ ટૂલ પર અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી સપ્ટેમ્બર મહિનામાં વ્યાજદરમાં વધારો કરે તેવી ૬૯ ટકા શક્યતા બજાર વર્તુળો મૂકી રહ્યા હતા.

ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ગત સપ્તાહના આરંભમાં હાજરમાં વેરારહિત ધોરણે ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ૧૦ ગ્રામદીઠ ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત ત્રીજી જુલાઈના રૂ. ૧,૪૬,૩૪૪ના બંધ સામે સાધારણ નરમાઈ સાથે રૂ. ૧,૪૫,૫૧૨ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં રૂ. ૧,૪૨,૩૫૦ અને ઉપરમાં રૂ. ૧,૪૫,૫૮૩ની રેન્જમાં રહ્યા બાદ અંતે સાપ્તાહિક ધોરણે રૂ. ૨૯૭૬ અથવા તો ૨.૦૩ ટકા ઘટીને રૂ. ૧,૪૩,૩૬૮ની સપાટીએ બંધ રહ્યા હતા. તે જ પ્રમાણે ૯૯૯ ટચ ચાંદીના વેરારહિત ધોરણે કિલોદીઠ ભાવ આગલા સપ્તાહના અંતના રૂ. ૨,૩૩,૮૫૮ના બંધ સામે ઘટીને રૂ. ૨,૩૩,૮૧૨ની સપાટીએ ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન ઉપરમાં રૂ. ૨,૩૩,૧૫૮ સુધી પહોંચ્યા બાદ અંતે સપ્તાહના અંતે સૌથી નીચી રૂ. ૨,૨૦,૩૯૦ની સપાટીએ બંધ રહ્યા હતા અને સાપ્તાહિક ધોરણે કિલોદીઠ રૂ. ૧૩,૪૬૮નો અથવા તો ૫.૭૫ ટકાનો ઘટાડો નોંધાયો હતો.

આગલા સપ્તાહે સોના અને ચાંદીના ભાવમાં સુધારાતરફી વલણ રહ્યા બાદ ગત સપ્તાહે ભાવમાં બેતરફી વધઘટે અથડાઈને બે સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. વાસ્તવમાં જ્વેલરી ઉત્પાદકોએ વધુ ભાવઘટાડાના આશાવાદે ખરીદી મોકૂફ રાખી હોવાનું મુંબઈસ્થિત એક હોલસેલરે જણાવતા ઉમેર્યું હતું કે જ્વેલરોની માગ નિરસ રહેતાં સ્થાનિકમાં ડીલરો સોનાના ભાવ વૈશ્વિક ભાવની સરખામણીમાં ઔંસદીઠ ૧૯ ડૉલર ડિસ્કાઉન્ટમાં ઑફર કરી રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહે સ્થાનિકમાં ડીલરો સોનાના ભાવ ઔંસદીઠ પાંચ ડૉલરના પ્રીમિયમથી લઈને સાત ડૉલર ડિસ્કાઉન્ટમાં ઑફર કરી રહ્યા હતા. વધુમાં મુંબઈસ્થિત એક જ્વેલરે જણાવ્યું હતું કે ગત સપ્તાહે રિટેલ સ્તરની માગ છૂટીછવાઈ રહી હતી અને તેમાં પણ ઘણાંખરા ગ્રાહકોની જૂના સોનાની સામે ખરીદીના કામકાજો વધુ રહ્યાં હતાં. આમ જૂના સોનાની સામે નવાં સોનામાં લેવાલી વધુ રહી હોવાને કારણે પણ જ્વેલરી ઉત્પાદકોની માગ શુષ્ક રહી હોવાનું તેમણે ઉમેર્યું હતું.

પ્રાપ્ત અહેવાલ અનુસાર ગત જૂન મહિનામાં ચીનની કેન્દ્રવર્તી બૅન્કની સતત ૨૦મા મહિનામાં સોનામાં લેવાલી જળવાઈ રહેતાં તેની અનામતમાં ૪,૮૦,૦૦૦ ઔંસનો ઉમેરો થતાં તેની કુલ અનામત ૭.૫૪૪ કરોડ ઔંસની સપાટીએ રહી હોવાનું ગ્રેટર ચાઈનાસ્થિત એમકેએસ પીએએમપીનાં રિજિનલ ડિરેક્ટર બર્નાર્ડ સિને જણાવતાં ઉમેર્યું હતું કે ચીનની લેવાલીને કારણે સોનાના વૈશ્વિક ભાવને ટેકો મળ્યો હતો.

એકંદરે ગત સપ્તાહે પશ્ચિમ એશિયાના ભૂરાજકીય તણાવને કારણે અમેરિકી ફેડરલ રિઝર્વની નાણાનીતિ માટે બદલાઈ રહેલી અપેક્ષાઓ તેમ જ અમેરિકી ટ્રેઝરની યિલ્ડની વધઘટને ધ્યાનમાં લેતા સલામતી માટેની માગ અને નફારૂપી વેચવાલી વચ્ચે સોના અને ચાંદીના ભાવમાં બેતરફી વધઘટ જોવા મળી હતી. ખાસ કરીને ભૂરાજકીય તણાવને કારણે આર્થિક અનિશ્ચિતતા સપાટી પર આવી હોવાથી ઔદ્યોગિક વપરાશકારોએ ચાંદીમાં નવી લેવાલીમાં સાવચેતીનો અભિગમ અપનાવ્યો હોવાથી સોનાની સરખામણીમાં ચાંદીના ભાવમાં વધુ ઘટાડો જોવા મળ્યો હોવાનું એસએમસી ઈન્વેસ્ટમેન્ટ્સ ઍન્ડ ઍડ્વાઈઝર્સના વિશ્લેષકે જણાવતાં ઉમેર્યુ હતું કે અમેરિકા અને ઈરાન વચ્ચે રાજદ્વારી સ્તરે શાંતિ માટેના પ્રયાસો થઈ રહ્યાના અહેવાલો હોવાથી આ વર્ષના અંતે ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકે તેવો આશાવાદ સેવાઈ રહ્યો છે. જોકે, અમેરિકી ફેડરલ રિઝર્વના અધિકારીઓ ભારપૂર્વક જણાવે છે કે વ્યાજદરમાં કપાતનો આધાર ફુગાવા તથા બેરોજગારીના ડેટાઓ અવલંબિત રહેશે.નોંધનીય બાબત એ છે કે ગત સપ્તાહે ન્યૂ યોર્ક ફેડના પ્રમુખ જ્હોન વિલિયમ્સે જણાવ્યું હતું કે માગ અને એઆઈ આધારિત રોકાણ દ્વારા સમર્થિત માગ આધારિત ફુગાવાની નાણાનીતિ પર અસર થાય છે. આગામી સપ્તાહ દરમિયાન રોકાણકારોની નજર અમેરિકાના રિટેલ વેચાણના, ઔદ્યોગિક ઉત્પાદનના અને ફુગાવાના ડેટાની જાહેરાત ઉપરાંત ફેડના અધિકારીઓની ટીપ્પણી પર મંડાયેલી રહેશે, એમ જણાવતા તેમણે ઉમેર્યું હતું કે અમારા મતે આગામી સપ્તાહે વૈશ્વિક બજારમાં સોનાના ભાવ ઔંસદીઠ ૪૦૫૦થી ૪૦૮૦ ડૉલર આસપાસની સપાટીએ કોન્સોલિડેટ થવાની શક્યતા છે, જ્યારે પ્રતિકારક સપાટી ઔંદીઠ ૪૨૭૫થી ૪૩૮૦ ડૉલરની રહેશે. તે જ પ્રમાણે હાજરમાં ચાંદીના ભાવ માટે અનુક્રમે ઔંસદીઠ ૫૯થી ૬૦ ડૉલરની સપાટી ટેકાની અને ૬૪.૬૦થી ૬૭.૭૫ ડૉલરની સપાટી પ્રતિકારક સપાટી પુરવાર થાય તેમ જણાય છે. વધુમાં સ્થાનિકમાં સોનાના ઓનલાઈન વાયદામાં ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧,૪૪,૦૦૦થી ૧,૪૬,૦૦૦ની રેન્જમાં અને ચાંદીના વાયદામાં ભાવ રૂ. ૨,૨૩,૦૦૦થી ૨,૩૦,૦૦૦ની રેન્જમાં રહે તેવી શક્યતા તેમણે વ્યક્ત કરી હતી.

દરમિયાન ગત સપ્તાહના અંતે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમૅક્સ વિભાગ પર હાજરમાં સોનાના ઔંસદીઠ ભાવ આગલા બંધ સામે ૦.૪ ટકા ઘટીને ૪૧૦૩.૨૩ ડૉલર અને ઑગસ્ટ ડિલિવરી વાયદામાં ભાવ ૦.૭ ટકા ઘટીને ૪૧૧૩.૭૦ ડૉલરના મથાળે રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૦.૭ ટકા ઘટીને ઔંસદીઠ ૫૯.૫૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. અમેરિકા અને ઈરાન વચ્ચે ફરી તણાવ શરૂ થયો હોવાથી કોઈ સ્ટોકિસ્ટો સોના અને ચાંદીનો સ્ટોક રાખવા રાજી ન હોવાથી સોનામાં ઔંસદીઠ ૪૧૦૦ ડૉલરની સપાટી જોવા મળી રહી હોવાનું ટીડી સિક્યોરિટીઝનાં કૉમૉડિટી સ્ટ્રેટેજી વિભાગના હેડ બાર્ટ મેલેકે જણાવ્યું હતું. ■

# ઈથેનોલ કાર્યક્રમે વર્ષ ૨૦૧૪-૧૫થી અત્યાર સુધીમાં મહામૂલા ₹ ૧.૯૦ લાખ કરોડના વિદેશી હૂંડિયામણની બચત કરી

નવી દિલ્હીઃ ઈથેનોલ મિશ્રિત પેટ્રોલના વપરાશથી વાહનના એન્જિનને નુકસાન થઈ રહ્યું છે અને માઈલેજ ઓછું મળી રહ્યું હોવાની ચિંતાઓ સામે સરકારે તેની તરફદારી કરતાં જણાવ્યું હતું કે ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ કાર્યક્રમને કારણે વર્ષ ૨૦૧૪-૧૫થી અત્યાર સુધીમાં મહામૂલા રૂ. ૧.૯૦ લાખ કરોડનાં વિદેશી હૂંડિયામણની બચત થવાની સાથે સાથે ખાંડના અર્થતંત્રમાં સુધારો થયો છે અને ખેડૂતોની આવકમાં પણ વધારો થયો છે. અત્રે ગ્રેઈન ઈથેનોલ મેન્યુફેક્ચરર્સ એસોસિયેશન દ્વારા આયોજિત એક કાર્યક્રમને સંબોધતા ખાદ્ય મંત્રાલયના સંયુક્ત સચિવ અશ્વિની શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે ઈથેનોલને કારણે દેશની ક્રૂડતેલ પરની આયાત નિર્ભરતામાં ઘટાડો થયો છે અને વધારાના પાક માટે એક નવી બજાર ઊભી થવાથી કૃષિ અર્થતંત્રમાં ઈથેનોલ હવે કેન્દ્રબિંદુ બની ગયું છે.

ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ પ્રોગ્રામના પરિણામ સ્વરૂપે વર્ષ ૨૦૧૪-૧૫થી ૨૦૨૬ સુધીમાં ૩૧૦ લાખ ટન ક્રૂડતેલનો પર્યાય ઈથેનોલનો પુરવઠો બનતાં રૂ. ૧.૯૦ લાખ કરોડ કરતાં વધુ મહામૂલા વિદેશી હૂંડિયામણની બચત થઈ છે. આ ઉપરાંત ચોખ્ખા કાર્બન ઉત્સર્જનમાં (નેટ સીઓટૂ)માં અંદાજે ૯૩૦ લાખ ટનનો ઘટાડો થયો છે.

આ કાર્યક્રમનો આરંભ શેરડી આધારિત ઈથેનોલથી થયો હતો અને તેને કારણે ખાંડ મિલોની ખેડૂતોને શેરડીની ખરીદી પેટેની ચુકવણી સમયસર થવાની પ્રતિબદ્ધતા મળી અને ખાંડ ઉદ્યોગ નાણાકીય રીતે પોસાણક્ષમ બન્યો હતો અને હવે ખાંડ મિલોની બાકી ચુકવણી અત્યાર સુધીની સૌથી નીચી સપાટીએ રહી હોવાનું તેમણે જણાવતાં ઉમેર્યું હતું કે વર્ષ ૨૦૧૪-૧૫થી ૨૦૨૦-૨૧ દરમિયાન કેન્દ્ર સરકારે અંદાજે રૂ. ૧૪,૬૦૦ કરોડની સબસિડી છૂટી કરી છે. જેમાં વધારાનો સ્ટોક ક્લિયર કરવા માટેની નિકાસ સબસિડીનો સમાવેશ થાય છે. જોકે, ત્યાર બાદ વર્ષ ૨૦૨૧-૨૨ પછી મિલોને આવી કોઈ સબસિડીની આવશ્યકતા નથી પડી કેમ કે હવે મિલો તેનો અતિરિક્ત જથ્થો ઈથેનોલના ઉત્પાદન તરફ વાળી દે છે.

વધુમાં શ્રીવાસ્તવે ઉમેર્યું હતું કે હવે મકાઈ ઈથેનોલના ઉત્પાદન માટે સૌથી મોટા ફીડ સ્ટોક તરીકે ઊભરી આવ્યું છે. જે વર્ષ ૨૦૨૪-૨૫માં તેલ માર્કેટિંગ કંપનીઓને પૂરા પાડવામાં આવતા પુરવઠામાં ૪૭ ટકા અને વર્તમાન પુરવઠા વર્ષમાં અત્યાર સુધીમાં ૩૬ ટકા હિસ્સો ધરાવે છે અને તે પરંપરાગત શેરડી આધારિત ફીડ સ્ટોક કરતાં વધુ છે. આને કારણે મકાઈના ખેડૂતોને તેના પાક માટે વધુ સારી આવક મેળવવામાં મદદ મળી છે.

તેમના જણાવ્યાનુસાર ભારતની ઈથેનોલ ઉત્પાદન ક્ષમતા જે વર્ષ ૨૦૧૩-૧૪માં લગભગ ૨૧ કરોડ લિટર હતી તે હાલમાં વધીને લગભગ ૨૦૦૦ કરોડ લિટરની સપાટીએ પહોંચી છે. તાજેતરમાં મધ્ય પૂર્વની કટોકટી વચ્ચે ક્રૂડતેલના ભાવમાં વધારો થવાથી ૨૦ ટકા ઈથેનોલ મિશ્રણથી વિદેશી હૂંડિયામણની બચત કરવામાં મદદ મળી હોવાનું તેમણે ઉમેર્યું હતું. ■

# સ્મોલ ગ્રેડની ખાંડમાં ગુણવત્તાલક્ષી સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સપ્તાહના અંતે એકંદરે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ અને રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં હાજરમાં મિડિયમ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે સ્મોલ ગ્રેડની ખાંડમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારનો સાધારણ ગુણવત્તાલક્ષી સુધારો આવ્યો હતો. તેમ જ આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. જોકે, આજે સ્મોલ ગ્રેડની ખાંડમાં અમુક માલની ગુણવત્તા સારી આવી હોવાથી તેનાં વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારના સાધારણ સુધારા સાથે રૂ. ૪૨૦૨થી ૪૨૯૬માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૩૦૦થી ૪૩૯૨માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૧૯૦થી ૪૨૨૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૨૭૦થી ૪૩૨૦માં થયાના અહેવાલ હતા. ■

# ધાતુમાં પાંખાં કામકાજે મિશ્ર વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે વૈશ્વિક અહેવાલોની ગેરહાજરી વચ્ચે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ નિરસ રહેતાં એકંદરે પાંખાં કામકાજો રહ્યા હતા.

જોકે, ગઈકાલે ચોક્કસ ધાતુઓના ભાવમાં ઉછાળો આવ્યા બાદ આજે સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને નિકલમાં કિલોદીઠ રૂ. એકથી પાંચનો ઘટાડો આવ્યો હતો, જ્યારે કોપર વાયરબારમાં નીચા મથાળેથી સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૪૫ અને ઝિન્ક સ્લેબમાં વપરાશકારોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. એક વધી આવ્યા હતા અને અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ અને સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને અનુક્રમે રૂ. ૧૨૭૫, રૂ. ૧૨૬૫ અને રૂ. ૧૧૮૩, નિકલના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને રૂ. ૧૬૨૫ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને રૂ. ૩૪૬ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે માત્ર કોપર વાયરબારમાં ઘટ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૪૫ના ચમકારા સાથે રૂ. ૧૩૫૭ના મથાળે અને વપરાશકાર ઉદ્યોગની છૂટીછવાઈ માગને ટેકે ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. એકના સુધારા સાથે રૂ. ૩૮૨ના મથાળે રહ્યા હતા.

આ સિવાય અન્ય ધાતુઓ જેમ કે કોપર આર્મિચર, બ્રાસ શીટ કટિંગ્સ, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ, લીડ ઈન્ગોટ્સ અને ટીનના ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૨૫૮, રૂ. ૯૦૦, રૂ. ૮૩૦, રૂ. ૩૦૦, રૂ. ૨૦૮ અને રૂ. ૫૨૩૩ના મથાળે ટકેલા રહ્યા હતા. ■

# આકારણી વર્ષ ૨૦૨૬-૨૭ના આવકવેરાના ૧.૭ કરોડથી વધુ રિટર્ન ફાઈલ થયા

નવી દિલ્હીઃ અત્યાર સુધીમાં આકારણી વર્ષ ૨૦૨૬-૨૭નાં આવકવેરાના ૧.૭ કરોડ રિટર્ન ફાઈલ થયા હોવાનું આવકવેરા વિભાગે આજે એક યાદીમાં જણાવ્યું હતું.

નોંધનીય બાબત એ છે કે ગત નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬નાં આવકવેરાના રિટર્ન ૧ અને ૨ (આઈટીઆર-ઈન્કમ ટેક્સ રિટર્ન-૧ અને ૨) ફાઈલ કરવાની અંતિમ તારીખ ૩૧મી જુલાઈ, ૨૦૨૬ છે.

આવકવેરા વિભાગે શનિવારે પ્લેટફોર્મ એક્સ પર જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં ૧.૭ કરોડથી વધુ કરદાતાઓએ રિટર્ન ફાઈલ કરીને પહેલેથી જ સ્માર્ટ પગલું ભર્યું છે. નોંધનીય બાબત એ છે કે આ પૈકી ૧૦ લાખ લોકોએ ગઈકાલે અથવા તો ગત શુક્રવારે જ રિટર્ન ફાઈલ કર્યું છે. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે નાના અને મધ્યમ કરદાતાઓ માટે ફોર્મ આઈટીઆર-૧ (સહજ) એ સરળ ફોર્મ છે. વ્યક્તિગત ધોરણે વર્ષે રૂ. ૫૦ લાખની આવક ધરાવનાર અને પગારદાર વર્ગ, એક હાઉસ પ્રોપર્ટી ધરાવનાર અને વર્ષે રૂ. ૫૦૦૦ની કૃષિ આવક ધરાવનાર આ સહજ ફોર્મ ભરી શકે છે, જ્યારે આઈટીઆર-૨ વ્યક્તિગત અને હિંદુ અવિભક્ત પરિવાર જેની આવક વેપાર અને વ્યવસાયમાંથી નફાની આવક ન થતી હોય, પરંતુ મૂડીગત્ આવક થતી હોય તેઓ ભરી શકે છે. ■

# ગુજરેરાનું આકરું વલણઃ જૂના પ્રોજેક્ટની ફરિયાદોનું નિવારણ બાકી હોય તેવા બિલ્ડરોના પ્રોજેક્ટ્સ રોકયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી (ગુજરેરા)એ કડક વલણ અપનાવ્યું છે. તેમની પાસે આવેલી નવા પ્રોજેક્ટની અરજીઓમાં અડધા ભાગની અરજીઓ જે બિલ્ડર્સની છે, તેમના અગાઉના પ્રોજેક્ટ્સ અંગેની ફરિયાદનું નિવારણ થયું નથી.

ગુજરેરાએ આ તમામ ડેવલપર્સને તેમના નવા પ્રોજેક્ટ્સ રજીસ્ટર કરતા પહેલા બાકી ફરિયાદો, ચૂકવવામાં ન આવેલા દંડ અને અન્ય બાકી રકમનું નિરાકરણ કરવાની ફરજ પાડીને કડક વલણ બતાવ્યું હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. છેલ્લા ૧૫ દિવસમાં, લગભગ ૧૦ નવા પ્રોજેક્ટ્સને શરતી નોંધણીઓ આપવામાં આવી હતી, જેમાં પ્રમોટરોને સંપૂર્ણ પાલન પ્રાપ્ત થાય તે પહેલાં નિર્ધારિત સમયમર્યાદામાં બાકી રહેલા મુદ્દાઓનો નિકાલ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો, એમ સૂત્રોએ જણાવ્યું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે ચકાસણીમાં ઘર ખરીદનારાઓ દ્વારા દાખલ કરાયેલી ફરિયાદો તેમજ ઓથોરિટી દ્વારા શરૂ કરાયેલા સુઓ મોટો કેસોનો સમાવેશ થાય છે. સૂત્રોએ એમ પણ જણાવ્યું હતું કે તાજેતરમાં એક બિલ્ડરના દંડની રકમ બાકી હતી. તેણે તેણે દંડ ચૂકવ્યો ત્યારબાદ જ તેના નવા પ્રોજેક્ટ્સ નોંધાયા હતા. અધિકારીએ એમ પણ જણાવ્યું હતું કે જે બિલ્ડરે વધારે નિયમોનું ઉલ્લંઘન કર્યું હોય તેમણે વધુ કડક કાર્યવાહી માટે તૈયાર રહેવું પડશે. અગાઉના પ્રોજેક્ટ્નો કબ્જો મોડો સોંપાયો હોય, બાકી રિફંડ અથવા અન્ય ફરિયાદો જો ઉકેલવામાં આવી ન નહીં હોય તો નવા પ્રોજેક્ટની નોંધણી નકારવામાં આવે તેવી પૂરી સંભાવના છે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી. ■

# સુરતમાં રાજ્ય સરકાર દ્વારા ટૂંક સમયમાં રાહત પેકેજ જાહેર કરવામાં આવશેઃ હર્ષ સંઘવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતમાં ભારે વરસાદ અને પૂરના કારણે શહેરના અનેક વિસ્તારોમાં પાણી ભરાયા હતા. અણધારી આવી પડેલી આફતના સમયે અનેક ઔદ્યોગિક તેમજ રહેણાંક વિસ્તારોમાં પાણી ભરાઈ જવાથી ઉદ્યોગો, વેપારી સ્થળો અને રોજગારને નુકસાન પહોંચ્યું છે તેવા સમયે સુરતની ધી વરાછા કો-ઓપ.બેક લિ. દ્વારા ૯% વ્યાજે રૂ. ૫ લાખ સુધીની 'ફ્લડ લોન' યોજના અને પૂર અને પાણી ભરાવા સામે સુરક્ષા આપતી નવી વીમા યોજનાઓનું લોન્ચિંગ નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીના હસ્તે કરવામાં આવ્યુ હતું.

વરાછા બેંકની મુખ્ય કચેરી ખાતે આયોજીત કાર્યક્રમમાં સંઘવીએ જણાવ્યું હતું કે, પૂરના કારણે થયેલા નુકસાનનું સાચું આકલન કરવા માટે સરકાર દ્વારા ૭૨ કલાકમાં સર્વે પૂર્ણ કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે, જેમાંથી ૮૦ ટકા કામગીરી પૂર્ણ થઈ ચૂકી છે. નાની-મોટી ઇન્ડસ્ટ્રીઝ, દુકાનો અને કોમર્શિયલ એકમોને થયેલા નુકસાનનો અહેવાલ તૈયાર થઈ રહ્યો છે. જેના આધારે રાજ્ય સરકાર દ્વારા ટૂંક સમયમાં રાહત પેકેજ જાહેર કરવામાં આવશે. દરમિયાન કેન્દ્રીય જળ શક્તિ પ્રધાન સી. આર. પાટીલના હસ્તે



પૂરગ્રસ્ત પરિવારોને સરકારી સહાય પેટે કેશ ડોલ્સ તેમજ ઘરવખરીના નુકસાન સામે આર્થિક સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સમયે જિલ્લા પ્રભારી અને રાજ્યના નાણા પ્રધાન કનુભાઈ દેસાઈ પણ હાજર રહ્યા હતા. ■

# રાજ્યની ૨૩૦ રથયાત્રાઓ શાંતિપૂર્વક પાર પાડવા મુખ્ય પ્રધાનનું માર્ગદર્શન

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં પરંપરાગત રીતે યોજાતી રથયાત્રા અંતર્ગત ભગવાન જગન્નાથજીની ૧૪૯મી રથયાત્રા આગામી અષાઢી બીજના ૧૬ જુલાઇના દિવસે ઉમંગ અને ઉત્સાહ સાથે શાંતિ, સલામતિ અને સફળતા પૂર્વક પાર પાડવા માટેની પોલીસ અને મહાનગરપાલિકા તંત્રની તૈયારીઓની ઝીણવટ પૂર્વકની સમીક્ષા ગાંધીનગરમાં ઉચ્ચ સ્તરીય બેઠક યોજીને કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્યમાં વિવિધ સ્થળો જે ૨૩૦ જેટલી રથયાત્રાઓ નીકળે છે તે શાંતિ પૂર્વક, સલામતિ-સુરક્ષાના વાતાવરણમાં પૂર્ણ થાય લોકો રથયાત્રાના દર્શન ઉલ્લાસ ભેર કરી શકે તેમજ કોઈ પણ પ્રકારના અનિચ્છનીય બનાવ ન બને તેની સંપૂર્ણ તકેદારી રાખવા પોલીસતંત્રને આ બેઠકમાં માર્ગદર્શન આપ્યું હતું.

અમદાવાદમાં રથયાત્રાના રૂટ પર આવતી જર્જરિત ઇમારતો અને મકાનો આસપાસ લોકો રથયાત્રાના દર્શન માટે ભીડ ન કરે તે માટેની ચૂસ્ત વ્યવસ્થાઓ કરવા પણ મુખ્યમંત્રીશ્રીએ મ્યુનિસીપલ કમિશ્નરને સૂચનાઓ આપી હતી.

શહેર પોલીસતંત્ર 'ઝીરો રિસ્ક' અને સંપૂર્ણ સતર્કતા તથા સજ્જતાથી ૩૧ હજારથી વધુ પોલીસકર્મીઓની સેવાઓ સાથે આ ૧૪૯મી રથયાત્રા શાંતિ પૂર્વક પાર પડે તે માટે દિવસ રાત જે મહેનત કરી રહ્યું છે તેની તલસ્પર્શી વિગતો અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રી અનુપમસિંહ ગહેલોતે પ્રેઝન્ટેશન દ્વારા આપી હતી. આ રથયાત્રામાં ૨૪૦થી વધુ ધાબા પોઈન્ટ, ૬૫ ડ્રોન, ૨૮૦૦થી વધુ બોડી વોર્ન કેમેરાથી અમદાવાદ શહેર પોલીસ યાત્રા પર નિગરાની રાખશે. યાત્રા દરમિયાન અમદાવાદ મહાનગરપાલિકાના ૧૫ મેડીકલ ઓફિસર અને ૧૦૦ આરોગ્ય કર્મીઓ, ૩૧ ફાયર વ્હીકલ અને ૨૩૭ ફાયર જવાનો પણ તૈનાત રહેશે.

૧૬ કિલોમીટર લાંબી ભગવાન જગન્નાથની આ રથયાત્રામાં ૧૦૧ ટ્રકો, ૩૦ અખાડા, ૧૮ ભજન મંડળીઓ જોડાઇને ભક્તિ સભર માહોલ બનાવશે. રથયાત્રા શાંતિ અને સૌહાર્દપૂર્ણ માહોલમાં યોજાય તે માટે રથયાત્રા અગાઉ શાંતિ સમિતિની ૬૯ મિટીંગ, મહોલ્લા સમિતિની ૭૯ બેઠક તથા ૧૭૮ જેટલી બેઠકો વિવિધ સંપ્રદાયના ધાર્મિક આગેવાનો સાથે શહેર પોલીસે કરી છે. એટલું જ નહિં, કોમી એકતાને વધુ સુદ્રઢ બનાવવા બ્લડ ડોનેશન કેમ્પ, રાત્રિ ક્રિકેટ અને વોલીબોલ મેચ, લોકડાયરા અને ઝેન-ઝી સાથે સંવાદનું પણ આયોજન કરવામાં આવેલું છે તેમ પોલીસ કમિશ્નરશ્રીએ જણાવ્યું હતું. આ સમીક્ષા બેઠકમાં મુખ્ય સચિવ શ્રી એમ.કે.દાસ, પોલીસ મહાનિદેશક શ્રી જી.એસ.,મલિક, મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવ શ્રી સંજીવ કુમાર, મ્યુનિસીપલ કમિશ્નર શ્રી બંછાનિધિ પાની, મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્ર સચિવ શ્રી ડો. વિક્રાંત પાંડે, સચિવ શ્રી ડો અજય કુમાર તથા ક્રાઇમબ્રાંચના સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી શરદ સિંઘલ સહિતના અધિકારીઓ જોડાયા હતાં. ■

# બહુચરાજી માતાજીના ભક્તો માટે મોટી ખુશખબરઃ કટોસણ રોડ બહુચરાજી રણુજ રૂટ પર સફળ સ્પીડ ટ્રાયલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના કટોસણ રોડબહુચરાજીરણુજ (૬૩ કિલોમીટર) બ્રોડગેજ રેલવેટ્રેકનું રેલવે સંરક્ષા આયુક્ત (પશ્ચિમ સર્કલ) દ્વારા ૦૯ થી ૧૧ જુલાઈ, ૨૦૨૬ સુધી સફળતાપૂર્વક સંરક્ષા નિરીક્ષણ પૂર્ણ કરવામાં આવ્યું હતું. આ મુસાફર ટ્રેન સેવાઓના પ્રારંભ તરફનું એક મહત્વપૂર્ણ અને અંતિમ તકનીકી પગલું છે, તેમ રેલવેએ જણાવ્યું હતું.

ત્રણ દિવસીય નિરીક્ષણ દરમિયાન રેલવે સંરક્ષા આયુક્તે મોટર ટ્રોલી દ્વારા સમગ્ર રેલખંડનું વિગતવાર નિરીક્ષણ કર્યું. ૧૧ જુલાઈ, ૨૦૨૬ના રોજ આ રેલખંડ પર ૧૨૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે સફળ સ્પીડ ટ્રાયલ કરવામાં આવી હતી. હવે અંતિમ સંરક્ષા મંજૂરી મળ્યા બાદ આ રેલખંડ પર મુસાફર ટ્રેન સેવાઓનું સંચાલન શરૂ કરવામાં આવશે. આ રેલવેલાઈનનું મુખ્ય સ્ટેશન બહુચરાજી ગુજરાતના મહેસાણા જિલ્લામાં આવેલું છે, જેને વિશ્વવિખ્યાત શ્રી બહુચર માતાજીના મંદિરના મુખ્ય પ્રવેશદ્વાર તરીકે વિકસાવવામાં આવ્યું છે. બહુચર માતાજીનું મંદિર ગુજરાતના અગ્રણી શક્તિપીઠોમાંનું એક છે, જ્યાં દર વર્ષે લાખો શ્રદ્ધાળુઓ દર્શનાર્થે આવે છે. શ્રદ્ધાળુઓની સુવિધાને ધ્યાનમાં રાખીને તત્કાલીન મહારાજા સયાજીરાવ ગાયકવાડે ગાયકવાડ બરોડા રેલવેનો વિસ્તાર બહુચરાજી સુધી કરાવ્યો હતો.

લાંબા સમય સુધી બહુચરાજી વિસ્તાર રેલ સંપર્કથી વંચિત રહ્યો હતો, જેના કારણે શ્રદ્ધાળુઓ, સ્થાનિક નાગરિકો તેમજ ઔદ્યોગિક એકમોને મુખ્યત્વે માર્ગ પરિવહન પર નિર્ભર રહેવું પડતું હતું. આ પરિયોજના પૂર્ણ થતાં હવે આ વિસ્તાર આધુનિક રેલવે નેટવર્ક સાથે જોડાવાનો માર્ગ મોકળો થયો છે, જેના પરિણામે ધાર્મિક પર્યટન, ઔદ્યોગિક વિકાસ તેમજ પ્રાદેશિક પરિવહન વ્યવસ્થાને નવી ગતિ મળશે, તેમ રેલવેએ જણાવ્યું હતું. ■

# એમબીબીએસ ડૉક્ટરોને પોસ્ટિંગ આપવા આઈએમએ દ્વારા આરોગ્ય પ્રધાનને અપીલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ એક તરફ ગુજરાતની મોટાભાગની હોસ્પિટલમાં તબીબી સ્ટાફની અછત છે જ્યારે બીજી બાજુ સરકાર બોન્ડ સબમિટ કરેલા ડોક્ટરોને પોસ્ટિંગ આપી રહી નથી, તેવી માહિતી એક અહેવાલ દ્વારા મળી હતી. એક અહેવાલ અનુસાર ઇન્ડિયન મેડિકલ એસોસિએશન (આઈએમએ-જીએસબી) ની ગુજરાત રાજ્ય શાખાએ આરોગ્ય પ્રધાન પ્રફુલ્લ પાનશેરિયાને પત્ર લખીને બોન્ડ સબમિટ કરનારા એમબીબીએસ ડોકટરોના પોસ્ટિંગ મામલે ધ્યાન દોર્યું હતું.

પત્ર અનુસાર મોટી સંખ્યામાં બોન્ડેડ એમબીબીએસ સ્નાતકો તેમના કોર્સ અને ફરજિયાત ઇન્ટર્નશિપ પૂરી કર્યા પછી ઘણા મહિનાઓ સુધી કામ વિના રહે છે, અને સરકારને સત્તાવાર ઓર્ડરની રાહ જૂએ છે. આ લાંબા વિલંબના પરિણામે લાયક તબીબી વ્યાવસાયિકોનો ઓછો ઉપયોગ થાય છે, તેમનો કિંમતી સમય વેડફાઈ રહ્યો છે, કારકિર્દી આગળ વધવામાં મોડું થાય છે, અને તેમના માટે નાણાકીય અને વ્યાવસાયિક અનિશ્ચિતતાનું વાતાવરણ ઊભું થાય છે.

આઈએમએના પદાધિકારીઓએ એ પણ ધ્યાન દોર્યું હતું કે ઘણી સરકારી હોસ્પિટલો, ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં, તબીબી અધિકારીઓની અછતનો સામનો કરી રહી છે. પત્રમાં ઉમેર્યું હતું કે બોન્ડેડ એમબીબીએસ ડોકટરોની સમયસર નિમણૂક મનપાવરને વડફાતું બચાવશે અને જાહેર આરોગ્ય વ્યવસ્થાને સુદ્રઢ બનાવશે.

પત્રમાં સંપૂર્ણ મેરિટ યાદી પ્રકાશિત કરવા, પારદર્શક ભરતી પ્રક્રિયા, સરકારી સેવાની માન્યતા અને કામચલાઉ એનઓસીની જોગવાઈઓ માટે અપીલ કરવામાં આવી હોવાનું અહેવાલો દ્વારા જાણવા મળ્યું હતું. ■

## બેક ટુ સ્કૂલ મિશન

# રાજ્યમાં બનાસકાંઠા જિલ્લામા ૨૯,૦૦૦થી વધુ બાળકોનો શાળામાં પુનઃપ્રવેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્ય સરકાર દ્વારા શિક્ષણના સાર્વત્રિકીકરણ અને શાળા ડ્રોપ-આઉટ દર ઘટાડવાના મક્કમ સંકલ્પ સાથે રાજ્યભરમાં 'બેક ટુ સ્કૂલ મિશન' ચલાવવામાં આવી રહ્યું છે. આ અભિયાન અંતર્ગત મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે બનાસકાંઠા જિલ્લાના તેનીવાડા ખાતે શાળામાં પુનઃપ્રવેશ લીધેલા બાળકો સાથે સંવાદ કર્યો હતો. મુખ્ય પ્રધાને શાળામાં પુનઃપ્રવેશ પામેલા ૧૨ જેટલા વિદ્યાર્થી, તેમના વાલીઓ તથા મેન્ટર્સ સાથે સંવાદ સાધ્યો હતો.

તેમણે વિદ્યાર્થીઓને નિયમિત રીતે શાળાએ જવા, ખંતપૂર્વક અભ્યાસ કરવા, આત્મવિશ્વાસ સાથે આગળ વધવા અને જીવનમાં ઊંચા લક્ષ્યાંકો પ્રાપ્ત કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

તેમણે દીકરીઓના શિક્ષણ પર વિશેષ ભાર મૂકતાં જણાવ્યું કે, સમાજના સર્વાંગી વિકાસ માટે દીકરીઓનું શિક્ષિત બનવું અત્યંત જરૂરી છે. દરેક માતા-પિતાની ફરજ છે કે તેઓ પોતાના બાળકોને નિયમિત શિક્ષણ અપાવે અને તેમના ઉજ્જ્વળ ભવિષ્ય માટે તેમને પ્રોત્સાહિત કરે.

રાજ્ય સરકારે આપેલી માહિતી અનુસાર વર્ષ ૨૦૨૩-૨૪, ૨૦૨૪-૨૫ અને ૨૦૨૫-૨૬ દરમિયાન વિવિધ કારણોસર શાળાનું શિક્ષણ અધવચ્ચે છોડી દેનારા બાળકોને ફરીથી શિક્ષણના મુખ્ય પ્રવાહ સાથે જોડવા માટે રાજ્ય સરકાર દ્વારા આ વિશેષ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.

જિલ્લામાં હાથ ધરાયેલા વ્યાપક સર્વેક્ષણ દરમિયાન કુલ ૩૭,૪૧૫ ડ્રોપઆઉટ બાળકોની ઓળખ કરવામાં આવી હતી. જેમાંથી ૨૯,૪૫૧ બાળકોનું સફળતાપૂર્વક પુનઃપ્રવેશ કરાવવામાં આવ્યો છે. પુનઃપ્રવેશ પામેલા વિદ્યાર્થીઓમાં ૧૪,૮૭૫ કુમારો અને ૧૪,૫૭૬ કન્યાઓનો સમાવેશ થાય છે. આ પૈકી ૨૩,૦૩૨ વિદ્યાર્થીઓને ગુજરાત સ્ટેટ ઓપન સ્કૂલ સાથે જોડવામાં આવ્યા છે, જ્યારે ૬,૩૬૮ વિદ્યાર્થીઓને નિયમિત શાળાઓમાં ફરી પ્રવેશ અપાવવામાં આવ્યો છે. ■

# બિલાડીના રજિસ્ટ્રેશન બાદ હવે પેટ શોપનું રજિસ્ટ્રેશન પણ ફરજિયાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરની મહાનગરપાલિકાએ ઘરમાં પાળેલી બિલાડીનું રજિસ્ટ્રેશન ફરજિયાત કર્યા બાદ હવે પાળતું પ્રાણી માટેની દુકાનો ચલાવતા લોકો માટે ફરજિયાત રજિસ્ટ્રેશનનો નિયમ સોસાયટી ફોર પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ્સ (એસપીસીએ)એ લાવ્યો છે. જે પેટ શોપનું રજિસ્ટ્રેશન નહીં થયું હોય તેને સિલ કરવામાં આવશે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી.

ગુજરાતમાં સૌપ્રથમ વખત, એસપીસીએએ શહેરભરની ૨૦ પાલતુ પ્રાણીઓની દુકાનોને ત્રીજી અને અંતિમ નોટિસ ફટકારી છે, જેમાં તેમને ગુજરાતના પશુ કલ્યાણ બોર્ડમાં નોંધણી કરાવવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. અધિકારીઓ ચેતવણી આપે છે કે પાલન ન કરવા પર કડક કાર્યવાહી કરવામાં આવશે, જેમાં સીલ મારવા સહિતની કાર્યવાહી કરવામાં આવશે. આ પગલાનો હેતુ પાલતુ પ્રાણીઓના વેપારને નિયંત્રિત કરવાનો છે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

અધિકારીઓનું કહેવું છે કે નોંધણીથી શેડ્યૂલ-૧ સંરક્ષિત વન્યજીવોના ગેરકાયદે વેચાણને રોકી શકાશે, દુકાનના પ્રાણીઓ માટે પરિસ્થિતિઓમાં સુધારો થશે અને ગ્રાહકોને ઓરિજિનલ સ્વસ્થ, સર્ટિફાઈડ પાલતુ પ્રાણીઓ મળશે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું. એક અધિકારના કહેવા અનુસાર પહેલીવાર પ્રાણીઓનું વેચાણ કરતા એકમો માટે રજિસ્ટ્રેશન ફરજિયાત બનાવવામાં આવ્યું છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે ઈન્સ્પેક્શન સમયે પેટ શોપની સ્વચ્છતા, વેન્ટિલેશન, જગ્યા, ખોરાક, પશુચિકિત્સા સંભાળ અને પ્રાણીઓના સ્વાસ્થ્ય પર ધ્યાન કેન્દ્રિત કરાશે, અને તેનો હેતુ ભીડભાડવાળી સ્થિતિમાં રાખવામાં આવેલા બીમાર પ્રાણીઓના વેચાણને રોકવાનો છે. આ માટે પોલીસફોર્સની પણ મદદ લેવામાં આવશે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું. આ સાથે તેમણે પ્રાણીપ્રેમીઓને લાયસન્સવાળી દુકાનોમાંથી જ ખરીદવાની અપીલ કરી હતી. ■

# રથયાત્રા પહેલાં ગેરકાયદે હથિયાર સાથે એક શખશ અમદાવાદથી ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે શુક્રવારે રથયાત્રા પહેલા શરૂ કરાયેલી ખાસ ઝુંબેશ દરમિયાન શહેરના નારોલ વિસ્તારમાંથી એક શખ્સને બે ગેરકાયદે હથિયારો અને એક જીવતા કારતૂસ સાથે ધરપકડ કરી હતી.

આરોપીની ઓળખ મોહમ્મદ રફીક ઉર્ફે કાનિયા અલ્તાફિર મન્સુરી તરીકે થઈ છે, જે વટવા કેનાલ રોડ પર આવેલા અલીફ નગરનો રહેવાસી છે. ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓના જણાવ્યા અનુસાર, સ્પેશિયલ ઓપરેશન ગ્રુપની ટીમોએ ગેરકાયદે હથિયારો રાખનારા લોકો અને યાત્રા દરમિયાન અશાંતિ ઊભી કરવાના શંકાસ્પદ લોકોની ઓળખ કરવા માટે શહેરભરમાં દેખરેખ, પેટ્રોલિંગ અને કોમ્બિંગ ઓપરેશન વધુ તીવ્ર બનાવ્યા છે.

પોલીસે જણાવ્યું હતું કે તેમને માહિતી મળી હતી કે નારોલ વિસ્તારમાં એક વ્યક્તિ ગેરકાયદે હથિયાર લઈને ફરી રહીછે. બાતમીના આધારે, ક્રાઈમ બ્રાન્ચની ટીમે નારાયણ પેટ્રોલ પંપ પાસે વોચ ગોઠવી અને શંકાસ્પદ વ્યક્તિને અટકાવ્યો હતો, તેવી માહિતી સૂત્રોએ આપી હતી.

તપાસ દરમિયાન, અધિકારીઓએ એક દેશી બનાવટની પિસ્તોલ, એક બંદૂક, એક જીવતો કારતૂસ અને એક મોબાઇલ ફોન જપ્ત કર્યો હતો. જપ્ત કરાયેલી વસ્તુઓની કુલ કિંમત ૪૦,૨૦૦ રૂપિયા આંકવામાં આવી હતી. આરોપી હથિયારો રાખવા માટે કોઈ માન્ય લાઇસન્સ કે પરમિટ રજૂ કરી શક્યો ન હોવાથી હોવાથી, પોલીસે તેની સામે આર્મ્સ એક્ટ અને ગુજરાત પોલીસ એક્ટની સંબંધિત જોગવાઈઓ હેઠળ એફઆઈઆર નોંધી હતી. ■

# થરાદ મામલતદાર કચેરીમાં પટાવાળો ૨૦૦ રૂપિયાની લાંચ લેતા રંગેહાથ ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બનાસકાંઠા જિલ્લાના થરાદ ખાતે આવેલી મામલતદાર કચેરીમાં ચાલી રહેલી લાંચ-રુશ્વતની પ્રવૃત્તિઓનો એસીબીની ટીમે પર્દાફાશ કર્યો હતો. એસીબીએ કચેરીના રેકોર્ડ રૂમમાં ફરજ બજાવતા કરાર આધારિત પટાવાળા કિરીટ સોનીને માત્ર ૨૦૦ રૂપિયાની લાંચ લેતા રંગેહાથ ઝડપી લીધો હતો. વાવ-થરાદ પંથકની મામલતદાર કચેરીમાં અઈઇ ની આ પ્રથમ મોટી કાર્યવાહીના પગલે સમગ્ર કચેરી પરિસરમાં સન્નાટો વ્યાપી ગયો હતો અને અન્ય કર્મચારીઓમાં પણ ભારે ફફડાટ જોવા મળ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, એક અરજદારને પોતાની જમીનની પ્રમાણિત નોંધની નકલ મેળવવાની હતી. આ સામાન્ય સરકારી કામ માટે અરજદારે મામલતદાર કચેરીનો સંપર્ક કર્યો હતો. આ દરમિયાન રેકોર્ડ રૂમમાં ફરજ બજાવતા કિરીટ સોનીએ આ પ્રમાણિત નકલ આપવાના બદલામાં અરજદાર પાસે ૨૦૦ રૂપિયાની લાંચની માંગણી કરી હતી. અરજદારે આ અંગે બનાસકાંઠા અઈઇમાં ફરિયાદ નોંધાવતા, એજન્સીએ છટકું ગોઠવ્યું હતું. અરજદારે લાંચની રકમ આપી, તુરંત જ ત્રાટકેલી અઈઇની ટીમે પટાવાળાને રંગેહાથ ઝડપી પાડ્યો હતો. અઈઇ દ્વારા આરોપી કિરીટ સોની વિરુદ્ધ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ■

# વડોદરામાં હેપ્પી બર્થડે કહેનારા વિદ્યાર્થીને શિક્ષકે ઝીંકી દીધા લાફા

(અમારા પ્રતિનિધિ તરફથી)

વડોદરાઃ શિક્ષકને આપણે માતા કરતાં પણ વધારે મહત્વ આપ્યું છે અને આથી ગુજરાતીમાં આપણે તેને માસ્તર કહીને સંબોધીએ છીએ, પણ તાજેતરમાં જ પ્રકાશમાં આવેલા અમુક કિસ્સાઓએ આ મુદ્દે સવાલ ઊભા કર્યા છે. તાજેતરમાં જ અમદાવાદની એક શાળામાં વિદ્યાર્થીને લાફો ઝીંકી દેતા કાનનો પડદો ફાટી ગયો હતો. ત્યારે હવે એક આવો જ કિસ્સો રાજ્યની સંસ્કારી નગરી વડોદરાથી પ્રકાશમાં આવ્યો છે, જ્યાં વિદ્યાર્થીએ શિક્ષકને ખાલી ''હેપ્પી બર્થડે'' કહ્યું હોવા જેવી સામાન્ય બાબતમાં રોષે ભરાય ગયેલા શિક્ષકે વિદ્યાર્થીને લાફા ઝીંકી દીધા હોવાની ઘટના સૂત્રો પાસેથી જાણવા મળી હતી.

મળતી વિગતો અનુસાર, વડોદરાની એક સ્કૂલમાં એક વિદ્યાર્થીએ શિક્ષકને ''હેપ્પી બર્થડે'' કહ્યું હોવા જેવી બાબતમાં રોષે ભરાયેલા શિક્ષકે વિદ્યાર્થીને લાફા ઝીંકી દીધા હોવાનો આક્ષેપ થયો છે. આ ઘટના બીજે દિવસે પ્રકાશમાં આવી હતી, જ્યારે આ વિદ્યાર્થીએ બીજે દિવસે શાળાએ જવાનો ઇનકાર કરી દીધો હતો અને તેની આપવીતી જણાવી હતી. આથી વાલીએ વિદ્યાર્થીને હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા અને પોલીસને પણ અરજી કરી હોવાનું જાણવા મળ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે થોડા દિવસ પહેલા જ આવી એક ઘટના અમદાવાદમાંથી પ્રકાશમાં આવી હતી. જેમાં શહેરના નિકોલ વિસ્તારમાં આવેલી સ્કૂલમાં ધો.૧૦માં અભ્યાસ કરતાં એક વિદ્યાર્થીને શિક્ષકે નજીવી વાતમાં લાફો મારતાં કાનનો પડદો ફાટી ગયો ગતો. શિક્ષકના લાફાથી વિદ્યાર્થીને ડાબા કાનમાં લોહી અને સોજો આવી જતાં સંભળાવવાનું બંધ થઈ ગયું હતું. શિક્ષક સામે વિદ્યાર્થીને ફરિયાદ નોંધાવી હતી. સ્કૂલ સંચાલકોએ લાફો મારનારા શિક્ષકને સસ્પેન્ડ કર્યો હતો. ■

# અસ્થિ વિસર્જન કરવા નીકળેલા બનાસકાંઠાના પરિવારને સોમનાથ પાસે નડ્યો અકસ્માત, ચારનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢના મજેવડી ગામ પાસે હાઈવે પર ઉભેલી એક ટ્રકની પાછળ કાર ધડાકાભેર અથડાઈ હતી. બનાસકાંઠાનો પરિવાર સોમનાથ જતો હતો ત્યારે નડેલા આ અકસ્માતમાં કારમાં સવાર ૪ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતો, જ્યારે ૪ લોકો ઘાયલ થયા હતા. એક બાળકનો આબાદ બચાવ થયો હતો, તેવી માહિતી સૂત્રોએ આપી હતી. મળતી વિગત પ્રમાણે, બનાસકાંઠાનો એક પરિવાર સોમનાથ ખાતે અસ્થિ વિસર્જન કરવા માટે કારમાં જઈ રહ્યો હતો. મજેવડી ગામ પાસે ફોર ટ્રેક રોડ પર એક ટ્રક બંધ હાલતમાં ઉભી હતી, જેમાં પાછળથી કાર ઘૂસી ગઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે કારનો આગળનો ભાગ સાવ કચડાઈ ગયો હતો. ઘાયલ થયેલા ચાર લોકોમાંથી બેની હાલત ગંભીર હોવાનું માલૂમ પડ્યું હતું અને તેમને હોસ્પિટલના આઈસીયુમાં દાખલ કરવામાં આવ્યા છે. ઘટનાની જાણ થતાં જ પોલીસ અને ૧૦૮ની ટીમ દોડી આવી હતી અને ઘાયલોને જૂનાગઢ સિવિલ હોસ્પિટલ ખસેડ્યા હતા. પોલીસે આ મામલે ગુનો નોંધીને આગળની તપાસ શરૂ કરી હતી. ■

# રેલવેની ટીમે વાલી વિના ટ્રેનમાં મુસાફરી કરતાં ત્રણ બાળકને રેસ્ક્યૂ કર્યા

અમદાવાદઃ ગુજરાત રેલ્વે પોલીસ (જીઆરપી) અને ચાઇલ્ડલાઇનના અધિકારીઓએ બિહારથી આવતી એક ટ્રેનની તપાસ કરતી વખતે કોઈપણ વડીલ કે સંબંધી વિના મુસાફરી કરતા ત્રણ બાળક મળી આવ્યા હતા. અધિકારીઓએ જણાવ્યું કે બાળકોને નિરીક્ષણ ગૃહમાં મોકલી દેવામાં આવ્યા છે જ્યારે તેમના પરિવારોનો સંપર્ક કરવાનો પ્રયાસ ચાલુ છે, તેવી માહિતી રેલવેના સૂત્રોએ આપી હતી. એક સામાજિક કાર્યકર પાસેથી મળેલી માહિતીના આધારે, દરભંગાથી અમદાવાદ જતી ટ્રેનમાં મજૂરો તરીકે રાજ્યમાં લાવવામાં આવતા બાળકો માટે તપાસ કરવામાં આવી હતી. પ્રયાસ એનજીઓના સભ્યો સાથે, ટીમે કાલુપુર રેલ્વે સ્ટેશન પર ટ્રેનના કોચની તપાસ કરી અને ૨૨ બાળક તેમના માતાપિતા વિના મુસાફરી કરતા જોવા મળ્યા. તેમની સાથે અન્ય વ્યક્તિઓ પણ હતા. તેમના ઓળખ કાર્ડ અને મુસાફરીનો હેતુ તપાસવામાં આવ્યો હતો, તેમ એક અધિકારીએ જણાવ્યું હતું. ચાઇલ્ડલાઇનના અધિકારીઓએ જણાવ્યું હતું કે શહેરમાં ટ્રેનો અને ઔદ્યોગિક એકમો પર તપાસ સાથે બાળ મજૂરી પર કડક કાર્યવાહી ચાલુ છે. ■